શ્રી

# સમકિતસાર.

શ્રી સીદ્ધાંત અનુસારે સંસોધન કરી પ્રશ્નોત્તરરૂપે

બનાવનાર


## માહાન પુરૂષ શ્રી જેઠમલજીસ્વામી.


દોહરો.

દયાધર્મ દેખાડવા ॥ વાંચો સમકિતસાર ॥
હીંસ્યા કાઢો હિતથી ॥ તો ઉતરો ભવપાર ॥

સર્વે જૈનધર્મના અભીલાખી આત/ આટે
સુધારો તથા વધારો કરી છપાવી પ્રસીદ્ધ કરનાર.


ગોંડલના રેહેનાર.

**નીમચંદ વિ. હીરાચંદ કોઠારી.**



આવૃતિ ૧ લી.

રાજકોટમધ્યે
ઠક્કર. દામોદર ગોવરધનદાસે પોતાના સ્વદેશબાંધવ
છાપખાનામાં છાપ્યું.

સંવત ૧૯૩૮ સને ૧૮૮૨.

# ઉદ્ઘોષણા.

પ્રતિમામતીયે ટીકા, ચુરણ, ભાષ, વૃતિ, પ્રકરણ, વીગેરે ગ્રંથો બનાવી તેમાં કેટલીએક બાબતની કલપીત સાખ દેખાડી કઇંક ભવ્યજીવને ફસાવી મિથ્યાતરૂપ પાસલામાં નાખ્યા ને નાખે છે. તેમાંથી નીકલવાને અર્થે તથા હવે પછી નહીં પડવાને અર્થે તેમજ સુદ્ધમારગ ઓળખવા સારૂ સંવત ૧૮૬૫ ની સાલમાં માહાનપુરૂષ શ્રી જેઠમલજીસ્વામીયે સુલ સીદ્ધાંત અનુસારે આ સમકિતસાર રચેલો છે. તેને આશરે તોંતેર વરશ થયા, પણ તેનો જોઇયે તેટલો ફેલાવ માગ દેખવામાં નહીં આવવાથી આ પુસ્તક છપાવી બાહાર પાડેલ છે.

આ પુસ્તકનો બીજો ભાગ છપાવી બાહાર પાડવા મેં વીચાર ધારેલો છે. અને તેમાં શુધ શીદ્ધાંતને અનુસારે આ પુસ્તકમાં નહીં આવેલ વીષયો દાખલ કરવા ધારેલા છે. માટે સર્વ જૈનધર્મિ સદગ્રહસ્થોને વીનંતી કરવામાં આવે છે કે, તેવા વીષયો, સંસોધન કરી જેમ બને તેમ વેળાશર મેહેરબાનીના રાહે મારા તરફ મોકલવા ખાએશ ધરાવસો એવી આશા રાખુંછું અને જેના તરફથી જે જે વીષયો. આવશે તેઓના નામ ઉપકારની સાથે પ્રગટ કરવામાં આવશે. કદી જોઇયે તેટલા વીષયોનો સંગ્રહ નહીં થસે, તોપણ. આ પુસ્તકની બીજી આવ્રતિ કાઢતી વખતે આવેલા વીષયોનો વધારો કરી મોકલનારના નામ બહાર પાડવામાં આવશે.

આ પુસ્તક ધર્મસંબધીનું છે, એટલુંજ નહીં પણ તેમાં ઠેકાણે ઠેકાણે શ્રી સીદ્ધાંતોના પાઠ આવેલા છે જેથી વાંચનાર સાહેબોયે અકાળ અસીઝાઇ, દીવો, વીગેરે જે જે વખતે-સીદ્ધાંત ન વંચાય તે તે વખત વરજીને મોઢે જતના સહીત વાંચવા ધ્યાનમાં રાખશો એવી મારી વિનંતી છે, છતાં તેથી ઉલટી રીતે વરતશો તો તેમાં થતા દોષનો ભાર તેમના શીર ઉપર છે, જેથી આશા છે કે વાંચનાર સાહેબો વીવેક રાખી વાંચવા ચુકશો નહીં.

આ પુસ્તકમાં મારાથી બનતાં સુધી સુદ્ધ કરેલ છે, છતાં કોઇ અર્થ દોષ કે હસ્ત દોષથી અથવા સરત ચુકથી જાતી, વિભક્તિ, શબ્દ, ચીન્હ વીગેરે પાઠ તથા ગદ્યમાં જે જે જગોએ ભુલ દેખાય તે જગોએ (આ ગ્રંથ કાઢવાનો મારો પેહેલો પ્રયત્ન જાણી) સુધારી વાંચવા મારી અરજ છે. અને જે જે ભુલો જે વિદ્વાનોના જાણવામાં આવે તે તે ભુલોનું સુધીપત્ર મારા તરફ મેહેરબાનીના રાહે મોકલાવાથી તે ભુલો બીજી આવ્રતિ કાઢતી વખતે સુધારવામાં આવશે. એજ વિનંતી.

**નીમચંદ વિ. હીરાચંદ કોઠારી,** ગોંડલ.

# અનુક્રમણીકા.


| બાબત. | પૃષ્ટ. |
|---|---|
| ૧ શ્રી દયાધર્મે પ્રસર્યો ભસ્મ ગૃહ ઉતર્યો તેનો વીસ્તાર. ... ... | ૧ |
| ૨ આર્યખેત્રની મર્યાદા ... ... ... ... ... ... ... | ૧૪ |
| ૩ પ્રતિમાની સ્થિતિના અધીકાર. ... ... ... ... ... | ૧૬ |
| ૪ આધાકરમી લેવાવાળાને ફળ. ... ... ... ... ... | ૧૮ |
| ૫ મુહપતિ બાંધે વાયુકા જીવની રક્ષા તે પાઠ. ... ... ... | ૧૯ |
| ૬ જાત્રા તીરથ કહ્યા તે સુત્રસાખના આળાવા. ... ... ... | ૨૦ |
| ૭ સેત્રંજો સાસ્વતો કહે છે તેનો ઉત્તર. ... ... ... ... | ૨૨ |
| ૮ કયબલીકમ્મા શબ્દના અર્થ. ... ... ... ... ... | ૨૩ |
| ૯ સીદ્ધાયતન શબ્દના અર્થ ઉત્તર. ... ... ... ... ... | ૩૪ |
| ૧૦ ગૌતમ અષ્ટાપદ ચઢયા કહે છે તેહનો ઉત્તર. ... ... ... | ૩૭ |
| ૧૧ નમોથુણંનો પાઠ સુત્રની સાખે. ... ... ... ... ... | ૪૨ |
| ૧૨ ચાર નિખેપાનો જાણપણો.... ... ... ... ... ... | ૪૩ |
| ૧૩ નમુનો દેખીને નામ સાંભળે કહે છે. તે ઉત્તર.... ... ... | ૫૩ |
| ૧૪ નમોબંભીએ લીવીએ કહે છે તેનો ઉત્તર. ... ... ... | ૫૫ |
| ૧૫ જંઘાચારણ વિદ્યાચારણનો ઉત્તર.... ... ... ... ... | ૫૬ |
| ૧૬ આણંદ શ્રાવકના આળાવાનો અર્થ. ... ... ... ... | ૬૨ |
| ૧૭ અંબડ શ્રાવકના આળાવાનો અર્થ. ... ... ... ... | ૬૫ |
| ૧૮ સાત ક્ષેત્રે ધન કઢાવે, વવરાવે તેહનો ઉત્તર. ... ... ... | ૬૬ |
| ૧૯ દ્રુપદીયે પ્રતિમા પુજી કહે છે તે ઉત્તર. ... ... ... ... | ૬૭ |
| ૨૦ સુરીયાભે તથા વજેપોળીયે પ્રતિમા પુજી કહે છે તેનો ઉત્તર.... | ૯૨ |
| ૨૧ ડાઢા પુજી કહેછે તેનો ઉત્તર. ... ... ... ... ... | ૧૧૨ |
| ૨૨ ચીત્રામણની પુત્તળી ન જોવી કહે છે તેનો ઉત્તર. ... ... | ૧૨૧ |
| ૨૩ દેહરાં પ્રતિમા કરે મંદબુધીયા દક્ષીણ દીસના નારકી થાય. ... | ૧૨૪ |
| ૨૪ સાધુ પ્રતિમાની વયાવંચ કરે કહે છે તેનો ઉત્તર. ... ... | ૧૨૭ |
| ૨૫ નંદીસુત્રમાં સર્વ સુત્રનો નોંધ તથા પ્રકરણના વિરૂદ્ધ.... ... | ૧૨૯ |
| ૨૬ સુત્રમાં શ્રાવક કહ્યા તેમાં કોઇયે પ્રતિમા પુજી ન કહી તે વિષે. | ૧૪૬ |
| ૨૭ સાવદ્ય ધરમકરણીમાં જીન આગ્ના નથી તે વિષે. ... ... | ૧૪૯ |
| ૨૮ દ્રવ્ય નીખેપા વિષે. ... ... ... ... ... ... ... | ૧૫૦ |
| ૨૯ થાપના નીખેપા વિષે.... ... ... ... ... ... ... | ૧૫૧ |

૩૦ ધર્મઅપરાધીને મારે લાભ કહે છે તે ઉત્તર. ... ... ...૧૫૩
૩૧ વીસ વૈહરમાનના નામ વિષે. ... ... ... ... ...૧૫૪
૩૨ ચૈત્ય શબ્દે સુત્રમાં સાધુ કહ્યા તે ઠામ કહેછે. ... ... ...૧૫૫
૩૩ ધર્મકરણીના ફળ કહ્યાં તે વિષે.... ... ... ... ...૧૬૧
૩૪ મહીયા શબ્દે ફુલથી પુજા કહે છે તે વિષે. ... ... ...૧૬૧
૩૫ છકાયના આરંભ નિષેધ.નો આળાવો. ... ... ... ...૧૬૨
૩૬ જીવદયા સારૂ સાચુ ખોટું બોલે કહે છે તે વિષે. ... ...૧૬૪
૩૭ આગ્નાયે ધર્મ (દયાયે નહીં) કહે છે તે વિષે. ... ... ...૧૬૬
૩૮ પુજા તે દયા કહે છે તે વિષે. ... ... ... ... ...૧૬૭
૩૯ પ્રવચનના પ્રતિનીકને હણતાં દોષ નથી કહે છે તે વિષે. ...૧૭૧
૪૦ ગુરૂ માહાવ્રતી ને દેવ અવ્રતી કહે છે તે વિષે. ... ...૧૭૩
૪૧ જીનપ્રતિમા જીનસરખી કહે છે તે વિષે. ... ... ...૧૭૩
૪૨ હીંસાધરમી અને ગોસાળામતિનો મુકાબલો. ... ... ...૧૭૪
૪૩ મુહપતિ સદાકાળ રાખવા વિષે. ... ... ... ... ...૧૭૮
૪૪ દેવતા પ્રતિમા પુજે તે લોકીકખાતે તે વિષે. ... ... ...૧૭૯
૪૫ શ્રાવક સુત્ર ન વાંચે કહે છે તે વિષે. ... ... ... ...૧૮૦
૪૬ દેવ, ગુરૂ, ધર્મ. એ ત્રણ તત્વ ઓળખવા વિષે ચોપાઈ. ...૧૮૧

## છપો.

પટ પોપટ પર દોટ, કદાપી બલી ન કરશે;
પેખી પથ્થર પર ભક્ષ, ડબલથી હરણ ન ડરશે:
મુકતા ફટક મરાળ, લપનમાં કદી ન લેવે:
કાગદ કુશામ કરાય, આય સટપટ નવ સેવે;
દંભ નજરસું દેખતાં, પહીચાને છે પસુપણે;
ક.ર.હી. કે નર સું સમજ, પ્રતિમામાં પ્રભુતા ભણે. ૧

# સમકિતસાર.

## १. श्री दआ धर्म प्रसर्यों भस्म गृह उतर्यों तेनो वीस्तार.

કેટલાએક હીંસ્યાધરમી કહેછે જે તુમેતો હમણા થયાછો તમને થયાં ત્રણસે વરસ થયાંછે એહવો કહેછે તેહનો ઉત્તર કહીએછીએ.

**जंरयणिंचणं समणे भगवं माहावीरे जाव सव्व दुख प्पहीणे तंरयणींचणं खुदाए भासरासी नाम महग्गहे दोवाससहस्सठिइ एइं समणस्स भगवउ माहावीरस्स जम्मण नखत्ते संकंत्ते तप्पभिइचणं समणाणं निग्गंथाणं निग्गथीणंय नो उदीए२ पुया सक्कारे पवत्तइ जयाणं से खुदाए जाव जम्मण नखत्ताउ विइक्कत्ताउ भविस्सइ तयाणं समणाणं निग्गथाणं निग्गथीणय उदीए२ पुया सक्कारे भविस्सइ**

અર્થ. જ. જેણી રાત્રી. સ. શ્રમણ. ભ. ભગવંત મા. શ્રીમાહાવીર. જા, જાવત. સ. સર્વ. દુ. દુખનો. પ્પ. અંત કીધો. તં. તેણી રાત્રીએ. ખુ. ક્ષુદ્ર સ્વભાવછે. ભ. ભસ્મ રાસી. ન. નામે. મ. માહાગ્રહ. દો. બેહજાર વરસની સ્થીતીએ. સ. શ્રમણ. ભ. ભગવંત. મા. શ્રીમાહાવીરને. જ. જન્મ. ન. નક્ષેત્રે. સં. સક્રમ્યો આવ્યો. ત. તે દીવસથી સ. શ્રમણ.

ની. નિગ્રંથ. નિ. નિગ્રંથીને. નો. ઉ. ઉદય. પુ. પુજા. સ. સતકારે. પ. નહીં પ્રવર્તે. જ. જીવારે. સે. તે, ખુ. ક્ષુદ્ર. જા. જાવત. જ. જન્મ. ન. નક્ષત્ર થકી. વી. અતીક્રમવો. ભ. થાશે ઉતરશે. ત. તીવારે. સ. શ્રમણ. નિ. નિગ્રંથ. નિ. નિગ્રંથીને. ઉ. ઉદય. પુ. પુજા. સ. સતકાર. ભ. હુસ્યે.

એ કલ્પસુત્રમાંહી હીંસ્યાધરમી·માનેછે તે મધ્યે પાઠ કહ્યોછે જે વેળા શ્રમણ ભગવંત શ્રીમાહાવીરસ્વામી મુક્ત ગયા તે વેળાએ ભસ્મગ્રહ ત્રીસમો બેહજાર વરસની સ્થીતીનો ભગવંતને જન્મ નક્ષત્રે બેઠો તેણે કરી બે હજાર વરશ લગે જીનમારગની સાધુ સાધવીની ઉદયર પુજા સતકાર ન થયો તે બેહજાર વરસ પુરાં થીયા કેડે જીનમારગની સાધુની સાધવીની પુજા સતકાર થીયો, હવે તે બેહજાર વરસ ક્યારે પુરાં થયાં તેનો વીચાર—શ્રીવર્ધમાનસ્વામી મુક્તે ગયા તીવાર પછી ત્રણ વરસને સાડા આઠ માસતો ચોથોઆરો હતો પછે પાંચમાઆરાના ચારસે સીંતેર વરશ લગે સવંત વીતાત ચાલ્યો પછે વીક્રમાદીતે નવો સવંત કર્યો તેહને પણ સવંત ૧૮૯૫ વરશ થીયાં આજદીન લગે ભગવંત મુક્ત ગયાને ત્રેવીસસેહને ઓગણચ્યાલીશ વરશ તે થીયા તેમાંહેથી બે હજાર વરશ તો સવંત પંદરસે એકત્રીશ થઇ ગીયા તીણસમે શ્રીસીદ્ધાંત દેખીને દયા મારગ પ્રવર્તો તીહાંથી દયા મારગ દીપતો થીઓ, એ સુત્રનો ન્યાય જોતાં થકાં તો શ્રીલુંકાગચ્છઃ સાધુનો મારગ સત્યછે.

### દોહરો.

જો ગુલામ સત પેઢીઓ ॥ તોહી ન રાખે નામ ॥
પુત્ર પછે પણ જનમીઓ ॥ તોહી પીતાને ઠામઃ ॥ ૧. ॥

તથા ભસ્મગ્રહ વરતતાં થકા કુમારપાળરાજા. વિમળસાહ. વસ્તપાળ. તેજપાળ. ઇત્યાદીક થીયા તેણે ઘણા ચૈત્ય કરાવ્યા. પણ જીનમારગ દીપતો ન કહ્યો સાંહમા મીથ્યાત્વ વધાર્યા તે માટે હમણા થયા કહેસો દયા ધરમી પ્રતે તો પણ સત્યછે, સીદ્ધાંત તો અનંત કાળના ચાલ્યા આવેછે. તે અનુસારે એ મારગ સત્યછે, જેમ ઓશવાલ વાણીઆ પહીલા તો મંસ આહારી ક્ષત્રી હતા. પછે દયાધરમી માહાજન થીયા તો તેણે સું ખોટા કાર્ય કીવો કે ભલો કાર્ય કીવો? તીમ હીંસ્યાધરમી મીથ્યાત્વ મત મુકી દયાધર્મ આદર્યો, તે ઘણુંર સારૂ કર્યુંછે તે વીચારી જોજો.

તેવારે હીંસ્યાધરમી કહે તુમે કલ્પસુત્ર નથી માનતા તો એ ભસ્મગ્રહનો પ્રસ્તાવ કીમ માન્યો? તે ઉત્તર તુમને તમારા ગ્રંથની સાખ દેખાડવા માટે કહ્યોછે. જેમ શ્રીમાહાવીરે સોમલને તથા થાવર્ચા પુત્રે સુકદેવને કહ્યો જે તુમારા બ્રાહ્મણના મતને માનો તેથી તે હવે તેહને તેહનાજ મતની સાખ દેખાડી, તીમ અમારે પણ કલ્પસુત્ર માનવા ન માનવાનો તો ઇહાં કથન નથી. એ તુમનેજ સાખ દેખાડીછે જે તુમારા મતના સાસ્ત્ર મધ્યે પણ એમ કહ્યોછે તથા સંઘપટાના કરણહાર તુમારે વૃધ થયાછે. જીનવલ્લભ ખરતર તેણે પણ સંઘપટા મધ્યે ભસ્મગ્રહક કહ્યોછે. તે સીંઘપટાની કાવ્ય લખીછે.

॥ मालणीः ॥ इह किलिं किल कालः व्याल वक्रालराल ॥ स्थिति युखिगत तत्वे प्रीति नीति प्रचारे ॥ प्रसरद नवबोधः प्र स्पुरत्का पथोध ॥ स्थिगिति सुगतिसर्ग्गैः संप्रतिप्राणवर्ग्गैः ॥ ३ ॥

એ સંઘપટાની ત્રીજી કાવ્ય કહી હવે તેનો અર્થ કહેછે. ઇહ કલીકાળ પાંચમો આરો વ્યાપ્ત હવો જે સર્પના મુખના આંતરા તેહના મુખ માહી રહેવું તે જીવને કીસ્યો સુખ જાણવો સ્થિતિ પાંચમા કાળના માનવીને પ્રીતી તુચ્છ હુસ્યે જે ભણી તત્વ દેવ ગુરૂને ધર્મ્મ દયાદીક સુદ્ધ પંથ તે ધર્મ્મમાર્ગ લોપાસે ગત થાશે પ્રીતી નીતી ગત થાશે. નવનવા કુમત પંથ પ્રગટ થાશે છકાયજીવ હણીને ધર્મ્મ પરૂપસે એહવાકુ પંથના ઉદયર હુસે મોક્ષામાર્ગ દયાધર્મ્મ લોપાશે. ॥ ૩ ॥

॥ सगधराः ॥ प्रोशर्प्प त्नस्मरासीः ग्रह सरवदसमाश्चर्यं सामाज्यपुष्पत् ॥ मिथ्यातंध्वांत रुद्धेः जगतिविरलतायातिजैनेंद्रमा-

गैं॥ संक्लीष्टं द्रष्टि मुढः प्रखल जडज नाम्ना यरक्तै जिनोक्ति ॥ प्रत्यर्थीसाधुवेषेः विषयन्निरन्नितः सोयपार्थित्यपंथाः ॥ ४ ॥

એ સંધપટાની ચોથી કાવ્ય કહી હવે તેનો અર્થ કહેછે. પ્રો. કાલકુટ સમાન ભસ્મરાસી ગ્રહ ૨૯મો દીપસ્યે તથા દસમા અછેરાતણો મહાતમ જે મોટો આશ્ચર્ય તે અનંતી ચોવીસીયે પ્રગટ થયું જે મીથ્યાત્વીના માર્ગ થોક ઉદયા અહો આશ્ચર્ય જે કુમાર્ગ હીંસ્યાધરમીનું રાજ સુરમંત્ર ધારીની દીપતી હવી નવપંચાના પ્રબલ હવા જગગુરૂકરી નવાંગે કરી પુજાય ઇમ લક્ષ્મીના સંચય થાયે કુસીલીયાદર્સણ તે જીનમાર્ગી કહાવે સુદ્ધ દયામારગ તે અલ્પ પતંગવત સંક્લીષ્ટધીષ્ટ મુંઢ હીંસ્યાપર દયાધર્મના નીંદક અજ્ઞાની કુસીલીઆ ઘણું ખળ દુર્જન જડલોક કહે એ દરસણીક દગેજીન આમ્નાયછે કુતીર્થ સાધુ વેષ ધારીછે પીણ વીખ્યકરી નારીના સંગના કરણહાર સોહયા સમાર્યા ચંદનચુએ સુગંધે કરી અચિંત તેવલી મુક્ત પંથ વાંછેછે પીણ અપિતુ તેહને ન હોઇ. ॥ ૪ ॥

॥ सार्दुल ॥ किंदिग्मोहमिताकिमंधबधिराःकिंयोगचुर्णकृता ॥ किंदैवोपहताकिमंगठगिताकिंवाग्रहीवेशिता ॥ कृत्वामूर्ध्निपदंश्रुतस्पयदमीदृष्टौसदोषामपि ॥ याव्रत्तिकुपथाजडानदधतेसूयंतिचैतकृते: ॥ १७ ॥

એ સંધપટાની સતરમી કાવ્ય કહી, હવે તેનો અર્થ કહેછે. કિં. કિંવા દીસીભુલ્યાછો કિંવા આંધળાછો, કિંવા બહેરાછો, કિંવા યોગતંત્રાદીક વાહી ચુર્ણ ભુકો વાસ ખેપ, માથે ઘાલીને લોક વસ્ય વર્તિયા કરોછો. કિંવા દૈવે હણ્યાછો જે મંદબુધી થકાં શુ દ્રષ્ટી આવરી દીસેછે કિંવા ઠગારાની પરે ઠગ્યાછો બાપડા મુગ્ધ મુરખ કુગુરૂ કુદેવના વાહયા ખટકાયજીવને હણીને હીંસ્યાએ ધર્મ કહેછે. કિંવા ગ્રહ વાસી કીધાછે. એણે વેષધારીએ

રૂષીના વેષ લઇને પારાધીનીપરે સાધુ વેષ લેઇ મૃગવત શ્રાવકને છેતરેછે, જે સુતવાણી ઢાંકીને કુપંથ પ્રકર્ણ દેખી કારણ થાપી ભસ્મગ્રહ પીડત-લોકને ભોળવેછે જે ચૈત્ય પોસાલ કરાવી અધોમાર્ગે ચાલેછે કીહાંઇ સુત-મધ્યે દેહરાં કરાવ્યાં નથી કહ્યાં. ॥ ૧૭ ॥

**जिनगृहं जैनबींब जिनपुजनं जिनयात्रा दिविधिकृतं ॥ दानं तपो व्रतादि गुरुन्नक्ति श्रुतपठनादि चादतं ॥ स्यादिह कुमत कुगुरुकुग्राह कुबोध कुदेशनाशत ॥ स्फट मनन्निमतकारि वर न्नोजन मिवविषलवनि वेशतः ॥ २० ॥**

એ સંઘપટાની વીસમી કાવ્ય કહી, હવે તેનો અર્થ કહેછે. જે દરસણીએ જૈનના દેહરાં જીન બીબપરૂપી ભરાવ્યાં તેહની પુજા ખટમર્દન કરી કરાવે છકાયનો કુટો કરાવી ધર્મ્મ પોતાને અર્થે પાંચેંદ્રી પોખવાનેકાજે ઉપાય ગચ્છ ચોરાસી નીપના. પણ એ સર્વે ભસ્મગ્રહ અસંજતીની પુજાનું અછેરાને જોગે ચાલ્યાછે જે ઠામર સ્વેતાંબર વા દિગાંબર વા. બોધના પ્રાસાદ દેહરા નીપનાછે. તે સ્વેતાંબર તીહાંથી જોઇ આવીને લોકને વીપ્રતારીને લાભ દેખાડીને ઉત્તરાધ, મારવાડ, ગુજરાત, પ્રમુખે પ્રાસાદ કરાવી ખટમર્દન ધર્મ પરૂપી ચાલતો કીધોછે દેહરાના દ્રવ્ય તથા ગુરૂ નવાંગે પુજાવીને દ્રવ્ય ભંડાર ભરાવ્યા એ અવધી માર્ગ કીધો જે દાન, તપ, વૃતાદી, ગુરૂભકિત, સૂતિ, ભણવાની પુજા, પોથી, પુંજણા એ આદી દેઇ કુમતિ કુગુરૂ કુગ્રાહ કુબોધી કુદેસના સત પ્રકારે પરૂપી ગ્રહીને ધરે રહે સોહયા સમાર્યા અગર ચંદન ચરચ્યા જીમ પ્રધાન ભોજન મધ્યે વિખના લવા ઘાલ્યા તીમ વીખ કુગુરૂના વૃંદ એહવા સુરી ગુરૂ ઉદયા કેવલ નર્ક ગામી નવ પાંચડા જાણવા. ॥ ૨૦ ॥

**॥ श्रग्धरा ॥ आकृष्टं मग्ध मीना न्वि-**

डशापिशितवःबिंबमादर्श्यजैनं ॥ तंन्नांम्ना र-म्य रूपा नपवरकमठा न्सिष्टसिध्योविधा-प्य ॥ यात्रास्नात्राद्युपायै र्नमशितक नि-शाजागरादि स्थलैश्च ॥ श्रधालु र्नामजैनौ स्थलितइव शठैर्वंच्यतोहाजिनोयं ॥ २१ ॥

એ સંઘપટાની એકવીશમી કાવ્ય કહી હવે તેનો અર્થ કહેછે. આ-કુષ્ટં. જીમ આક્રમીને માંછલાંને ગલી નાખી લોઢાને અંકુડે માંસની પેસી વલગાડીને માછલાને પાણીમાંથી કાઢીને માર્યા. તીમ જતી વેષે માછી સમાન પ્રકરણરૂપ ગલીની દોરી, લોઢાના અંકુડા તે આડંબર. માંસ પેસી તે જીન પ્રતિમાની પુજા દેખાડીને જીમ માછલાં ફાંદે પાડયાં તીમ શ્રાવકને ખટમર્દન ધર્મ બીંબ પુજા કરાવીને ચતુરગતી સંસારમાં નાખ્યા. નામ રૂપી ધરાવી ધુર્ત વિદ્યાએ કરી કદર્થના માંડીછે. જે જાત્રા સેત્રંજા ગીરનારાદીક સ્નાત્રા વીધી પુજાદીક ઉપાય વીષે રાતી જગો કરી. છલ માંડયાછે આલોયણી યુવતીને એકાંતે લઇને કુસીલકર્મ સેવેછે. એહવા સઠ ધુર્ત વીદ્યાએ કરી વંચેછે હો જૈન વેષ ધારી હાંહાં એહવાં કર્મ કીમ કરોછો તે એણે રૂપી વેષે જગત્ર સર્વ વંચ્યોછે. લોકમાંહી જગત્ર ગુરૂ ધરાવેછે. ॥ २१ ॥

॥ श्रग्धरा ॥ सेषा हुंडावसर्प्पिण्यनु स-मयरुसन्नव्यन्नावा नुन्नावा ॥ त्रिंशश्चो ग्र-ग्रहोयं खखन खमितिवर्षस्थितिर्न्नस्मरासी ॥ अत्यंचाश्चर्यमेतं जिनमतहतयेत त्स मा दुःखमाच्ये ॥ लेवंपुष्ठे पुदुष्टेब्दनुकिल म-धुना दुल्लन्नोंजैनमार्ग्र ॥ ३० ॥

એ સંઘપટાની ત્રીશમી કાવ્ય કહી, હવે તેનો અર્થ કહેછે. સેષા. એ સુરીના મત ચોરાસી ચાલ્યા. તે હુંડાસર્પ્પણીને જોગે પાંચમો આરો દુસમ સમય બીજો ભસ્મગ્રહ, ત્રીજાને જોગે ચોથું અસંજતી પુજાનું અછેરૂં દસમાને જોગે પાંચમું વાંકાનેજડ એ પાંચ જોગે કરીને ભવ્ય જીવના ભાવ હીણા પડયા ચેઇએ કહીરને પાંચે આશ્રવમાંહી હીંસ્યા-માર્ગ દેખાડયો તે ઘણું ઓગણત્રીશમો ભસ્મગ્રહ વ્યાપ્યો. શ્રીમાહાવીર દેવને જન્મ નખેત્રે બેઠો તેણે કરી ઉનમાર્ગ પ્રગટ ચાલ્યોછે સુદ્ધમાર્ગ સૌધર્મ્મસાખા ઢંકાણી ઉપરાંટામાર્ગ ચાલ્યા એ મોટા આશ્ચર્ય દીસેછે. જે શ્રીજીનેંદ્રની વાણી કેવલ એક દયામય ચાલી આવેછે. આચારંગ-પ્રમુખે સાખ્ય જે. सव्वेजीवा सव्वेभूया सव्वेसत्ता नहंतव्वा. ઇતીવચ-નાત્: માર્ગસુવો નિત્ય ચાલ્યો આવેછે. અનંત ચોવીસીની વાણી તે માર્ગ હણાણો લોકને દુઃખી કીધા જે ખટમર્દન કરીને તે દુષ્ટે પાંચેદ્રીના પોષણે ધર્મ્મ ચલાવ્યો. અહો! ભાઇ જીનમાર્ગ પામતાં દોહીલો કીધો. જે લોકોત્તરમિથ્યાત્વે વિસ્વ આવર્યો યાત્યંદની પરે ભમાડી મુક્યાછે સૂત-માર્ગ લોપાણો પરક્રર્ણની રૂચી મંડાણી. ॥ ૩૦ ॥

એ સંઘપટાને કરણહારે પણ પંચમકાળ હુડાસર્પણી અસંજય પુજા નામે દસમો અછેરો માન્યોછે. ત્રીસમા ભસ્મગ્રહનો વરતન પીણ માન્યો તીમ પાસચંદસૂરી ટબાને કરણહારે પણ હુંડાસર્પિણી દસમો અછેરો ભસ્મગ્રહ માન્યોછે. તે ભસ્મગ્રહ ઉતરે શ્રીદયામારગ દીપતો થીયો. સવંત પંદરસેંએકત્રીસેં શ્રીગુજરાત દેશે અહીમદાવાદ નગરને વીશે ઓશવા-લવંસી સાહલંકો વશે તે નાણાવટનો વ્યાપાર કરે, એકદા એક જુવાન આવ્યો તેણે મહમુદી એકના દોકડા લીધા. તે લંકેસાહે દીધા તેણે તે-હીજ દોકડાની ચીડીમાર પાશેથી ચીડીયું વેચાતી લીધી ને હણવાનેમાટે ઘેર લઇ ચાલ્યો. એહેવો વ્યાપાર અનર્થનો મુલજાણી એ વાત પ્રતક્ષ દેખી વૈરાગઉપનો સંવેગભાવ આણી નાણાના વ્યાપારનો સમ કરી પો-તાને ઘેર આવ્યા પછી સીદ્ધાંત લખવાનો ઉદ્યમ આદર્યો.

### ચોપાઈ.

સંવત પંદર ગતીસો ગયો ॥ એક સુમેત મત તીહાં થયો ॥
અહીમદાવાદ નગર મોઝાર ॥ લંકોસાહ વસે સુવિચાર ॥ ૧ ॥

જે જે દેખે રૂષીઆચાર ॥ તે ગાથાનો કરે ઉધાર ॥
ગ્રંથ અરથ મેલે તેહ ઘણો ॥ ઉદ્યમ માંડે લખવાતણો ॥ ૨ ॥
તવે તેને મળ્યો લખમસી ॥ તેણે બીહુ વાત વીચારી ઇસી ॥
સુત્રે બોલ્યો જે આચાર ॥ તે એ પાસે નહીં લગાર ॥ ૩ ॥
ભણે ગ્રંથને રાખે વેસ ॥ થાપે નીત કુડો ઉપદેશ ॥
લોક પ્રવાહે જાણે નહીં ॥ ગૂરૂ જાણી વાંદેછે સહી ॥ ૪ ॥
સુત્રેતો ગુરૂ જે ભાંખીયા ॥ સાચી જે પાળે રૂષી ક્રીયા ॥
સાધુતણો તો નામ નીગ્રંથ ॥ એતો દખીતા સગ્રંથ ॥ ૫ ॥
સાધુ ભાંખ્યાછે નિરવદ્ય ॥ એતો બોલેછે સાવદ્ય ॥
જોતીષ નિમીત પ્રકાશે ઘણા ॥ વૈદ કરે પાપ કર્મતણા ॥ ૬ ॥
નવકલ્પી નવી કરે વિહાર ॥ ખમાસમણે વોહોરે આહાર ॥
આધાકર્મિ લે અવીચાર ॥ પાપ થકી નવ ટલે લીગાર ॥ ૭ ॥
લોક ભોળવે લોભે પડ્યા ॥ રાગ દ્વેષ અહંકારે ચડ્યા ॥
એહને વાંદે લાગે પાપ ॥ એહવો સુમતિ કરે જવાપ ॥ ૮ ॥

## ॥ यत. ॥

असंजयं न वंदीजा ॥ मायरं पीयरं गुरू ॥ सेणावइ पसथारो ॥ रायाणं देवयाणिय ॥ १ ॥ पासथंवंद माणस्य ॥ नैव किति न निर्जरा होइ ॥ जायइकाय किलेशो ॥ बंधइ कम्मस्स आणइ ॥ २ ॥

**અર્થ.** અસંજતી કેતાં જેને વૃત પચખાણ નથી તેને વાંદવા નહીં તેમાં સંસાર વેહેવારમાં માત પીતા મોટેરા શેનાપતિ, શેઠ, રાજા, કુલ-દેવ, તેને પગેલાગવું પડે તો તે સંસાર વેહેવારછે. ॥ ૧ ॥ પણ જીન લીંગીછે ને પાસ્થા એટલે ભ્રષ્ટ થીયા તેને વાંદતો થકો કીરતી ન પામે. તેમ નીર્જરા પણ ન હોઇ તો સુંથાય કે કલેશ એટલે દુખ થાઇ કરમને બાંધે. ॥ ૨ ॥

## ચોપાઇ.

એ લુંકો દેખાડે લોકને ॥ લોક ઘણા સંકાણા મને ॥
ડાહ્યા તેણે વિચાર્યો ઘણો ॥ છોડયો સંગ મઠપતિતણો ॥ ૯ ॥
પુછે મઠપતિરે વાણીઆ ॥ કાંઇ કરો ડોળાં પ્રાણીઆ ॥
કુલના ગુરૂ કાં વાંદો નહીં ॥ અમે ભણાવ્યા તમને સહી ॥ ૧૦ ॥
પ્રતીબોધીને શ્રાવક કર્યા ॥ વડે તમારે અમને આદર્યા ॥
આજ તમે સું સમજો ધર્મ ॥ તેનો અમને ભાંખો મર્મ ॥ ૧૧ ॥
વલતું ઉત્તર લુંકો કહે ॥ તુમ દીઠે અમ મન નવી રહે ॥
તમે કહાવો સદગુરૂ સાધ ॥ ઘણા લગાડોછો અપરાધ ॥ ૧૨ ॥
ગુરૂ છત્રીશ ગુણે પરીવર્યા ॥ તે ગુણ તમે નવી અંગી કર્યા ॥
તો ગુરૂ જાણી કેમ વંદીએ ॥ તબ ઉત્તર દીધો લીંગીએ ॥ ૧૩ ॥
ગુણ અવગુણની વાત મતી કરો ॥ વેસ જોઇ મન નિશ્ચલ કરો ॥
જીનજીએ કહ્યો વાંદવો વેસ ॥ ગુણ હોવો મ હોવો લવલેશ ॥૧૪॥
વેસ વાંદતા સમકીત લહે ॥ ગુણ નહીં પંચમઆરે કહે ॥
એહ વાત લુંકે સાંભળી ॥ તેહને ઉત્તર આપે વળી ॥ ૧૫ ॥
વેસ તણોછે કુંણ વીસેસ ॥ જો ન કરે સુધો ઇપદેશ ॥

## ॥ गाथा. ॥

**वेसोवि अप्पमाणो ॥ असंजय पएसू-
वट्ट माणंस्स ॥ परतीती अवसेसं ॥ विष
न मारेई षजंतो. ॥ १ ॥**

## ચોપાઈ.

તબ લુંકાને કહે માતમા ॥ કાંઇ કરો ડોળો આતમા ॥
વેસતણોછે મહીમા ભલો ॥ સાખી તેહ ઉપર સાંભળો ॥ ૧૬ ॥

## ॥ गाथा. ॥

**धम्म रखइ वेसो ॥ संकइ वेसेण दि-**

खिऊ अहं ॥ ऊम गोण पडंतो ॥ रखइ राय जणवऊव. ॥ १ ॥

અર્થ.—વેસે કરીને ધર્મ રહે ને વેસને દેખીને માણસ બીએ ને વેસ જો હોય તો બીજા મારગમાં પડે નહીં કોઇએક રાજાને દ્રષ્ટાંતે જાણવું,

ચોપાઈ.

લુંકા કહે ન મનાઇ એમ ॥ વેસ એકલો તારે કેમ ॥
સાધુ ગુણે વંદાએ વેસ ॥ અવર નથી જીનનો ઉપદેશ. ॥ ૧૭ ॥

કેવલ વેસને વંદનીક જાણે તે ઉપર દ્રષ્ટાંત સાંભળો. જીમ વસ્ત્રમાંહે સાકર બાંધીને કોથલી ઉપર સાકરનો નામ લખ્યો, પછે તેમાંથી સાકર કાઢીને કડુ ભર્યો બંધણ ઉપર સાકરનો નામછે તે બંધણ છોડીને ખાયતો સ્વાદ સાકરનો આવે કે કડુનો આવે? તીમ બંધન સરખો તે ઉપરલો વેશ અને સાકર સરખા તે સાધુના ગુણ જાણવા. વીના સંજમ વેસ તે પણ બંધન સરીખોછે. બંધનનો ગુણ એટલો જે વસ્તુને રાખે તીમ વેસનો ગુણ એ જે સંજમના ગુણને રાખે પીણ ગુણ વીના વેસ વંદનીક નહીં.

ચોપાઈ.

લુંકા કહે અમે પરખ્યો ધર્મ ॥ તુમે ન જાણો તેહનો મર્મ ॥
ગુરૂ આચારી ગુણવંત દેવ ॥ અમે કરીજે તેની સેવ ॥ ૧૮ ॥
તુમે વલી જુઓ મન વિમાસ ॥ કીમહી ન રહીવો કુગુરૂ પાસ ॥
ભલો સેવવો વીખધર સાપ ॥ કુગુરૂ સેવ્યાનો બહુ પાપ ॥ ૧૯ ॥
વળી જે હીણાચારી હોય ॥ લોકા પાસે વંદાવે સોય ॥
તે પણ હોવે ઠુંઠો પાંગલો ॥ દુર્લભ બોધી ઇમ સાંભલો ॥ ૨૦ ॥

॥ गाथा. ॥

जे बंभचेर भठा ॥ पाय पाडंति बंभयारीणं ॥ ते हुती टुंट मुढा ॥ बोही पण दुल्लहा तेसिं. ॥ १ ॥

અર્થ. —જે બ્રહ્મચર્યથી ભ્રષ્ટછે અને બ્રહ્મચર્યવંતને પગે લગાડે તે ઠુંઠા, મુંગા થાઇ ને તેહને ધર્મની પ્રાપ્તી પીણ ભવાંતરે દોહેલી હોઇ.

### ચોપાઈ.

ભણ્યા ગુણ્યાના ગુણ તસ માંય ॥ લોચ કરે અલુવાણે પાય ॥
તો પણ પાસથાદીક પંચ ॥ સંગત તેહની વરજી રંચ ॥ ૨૧ ॥
ચંપકમાલ અસુચીમાં પડી ॥ તે ઉત્તમને શીર નવી ચડી ॥
તીમ પાસ્થા કરણી કરે ॥ ઉત્તમ તાસ ન વંદન કરે ॥ ૨૨ ॥
બ્રાહ્મણ ચૌદ વીદ્યાનો જાણ ॥ ચંડાલી સંગતી રહ્યો આણ ॥
તે પામે નીંદ્યા અતી ઘણી ॥ કુશીલ સંગતી એહવી ગણી ॥૨૩॥
એહવી રીત વીચારી ધણી ॥ કુગુરૂ સંગત માઠી ઘણી ॥
સુધો ધર્મ અમે આચરૂં ॥ કુગુરૂ કુદેવ સંગત પરીહરૂં ॥ ૨૪ ॥
તુમેતો નિર્ગુણ ગુણે આદર્યા ॥ દેવ આપણે હાથે ઘડયા ॥
તેહની ભક્તિ છકાયા હણો ॥ એ ઉપદેશ કહ્યો કીણતણો ॥ ૨૫ ॥
જીહાં આરંભનો ઠામ ન ભજે ॥ તીહાં સમકીતનો ગુણ ઉપજે ॥
દયાધર્મ ભાંખ્યો વિતરાગ ॥ અમે રહ્યા ઇણ વચને લાગ ॥ ૨૬ ॥
આચારંગ ચોથે અઝેણ ॥ ગણધર તીર્થંકરનો કેણ ॥
પરંપરા કહો સુધર્મતણા ॥ વિધટે બોલ તુમારે ઘણા ॥ ૨૭ ॥

કેટલાએક કહેછે જે સુધર્મ સ્વામીના અમે કેડાયત તેની પરંપરા અમ પાસેછે તેહને નીચે લખ્યા બોલ પુછવા.

### બોલ.

૧. ચેલા વેચાથા લ્યોછો. ૨. નાના છોકરાને આચાર ભણ્યા વીના દીક્ષા દીયોછો. ૩. મુલગા નામ ફેરવી નવા નામ આપોછો. ૪. કાન ફડાવોછો. ૫. ખમાસમણે વોહોરોછો. ૬. ઘોડા રથ વેલ ડોલીએ બેશોછો. ૭. ગ્રહસ્થને ઘેરે બેસી વોહોરોછો. ૮. ઘેરે જઇને કલ્પસુત્ર વાંચોછો. ૯. નીતપ્રત્યે તેહીજ ઘેરે વોહોરોછો. ૧૦. અંઘોળ કરોછો. ૧૧. જ્યોતીષ નીમત પ્રજુંજોછો. ૧૨. કલવાણી કરી દીઓછો. ૧૩. મંત્રજંત્ર આડો ઓખધ કરોછો. ૧૪. નગર મધ્યે આવતાં સામેલાં કરાવોછો. ૧૫. લાડુ પ્રતિષ્ટાવોછો. ૧૬. સાત ખેત્રે ધન કઢાવોછો. ૧૭. પોથી પુજાવોછો. ૧૮. સંઘ પુજા કઢાવોછો. ૧૯ દેહેરા પ્રતિષ્ટા કરાવોછો. ૨૦.

પજુંગુ પોથી આપી રાત જગાવોછો. ૨૧. પુસ્તક પાત્રા વેચોછો. ૨૨. [illegible] ઉપટાવોછો. ૨૩. આધાકરની પોસાળ રહોછો. ૨૪. માંડવી કરાવોછો. ૨૫ ટીપણી લખાવી રૂપીઆ લ્યોછો. ૨૬. ગોતમ પડઘો કરાવોછો. ૨૭. સંસાર તારણ તેલા કરાવોછો. ૨૮. ચંદન બાલાના તપ કરાવોછો. ૨૯. તપસ્યા કરાવી પૈસા લ્યોછો. ૩૦. સોના રૂપાની નીસરણી લ્યોછો. ૩૧. લાખાપડવે કરાવોછો. ૩૨. ઉજમણા ઢોવરાવોછો. ૩૩. પુજ ઢોવરાવોછો. ૩૪. શ્રાવક પાશે મુંડકો અપાવી ડુંગરે ચઢોછો. ૩૫. માલા રોપણ કરાવોછો. ૩૬. અસોક વૃક્ષ ભરાવોછો. ૩૭. અડોતરીશ નાત્ર કરાવોછો. ૩૮. નવા ફળ નવા ધાન પ્રતિમાને ઢોવરાવોછો. ૩૯. શ્રાવકને માથે વાસખેપ ઘાલોછો. ૪૦. નાદ મંડાવોછો. ૪૧. પદીક ચાક બાંધોછો ૪૨. વંદણા દેવરાવોછો. ૪૩. લોકોને માથે ઓઘો ફેરવોછો. ૪૪. ગાંડે ગ્રથ રાખોછો. ૪૫. મોરપીંછના ડંડાસણ રાખોછો. ૪૬. સ્ત્રીના સંઘટ કરોછો. ૪૭. પગલગે નીચી પછેડી ઓઢોછો. ૪૮. સુરમંત્ર લ્યોછો. ૪૯. કપડાં ધોવરાવોછો. ૫૦. આંબિલની ઓલી કરાવોછો. ૫૧. જતી મુવા કેડે લાડુઆ લાહોછો. ૫૨. જતી મુવા કેડે થુભ કરાવોછો.

એવા અણાચારીના કાંમ કરીને વલી ભગવંતની પરંપરા પરૂપોછો એ ઘણું અજુક્ત કરોછો. સાહલુંકે એહવાર બોલ પુછ્યા તીવારે લીંગીયા જવાબ દેવા અસમર્થ થીયા. પછે સાહમા ક્રોધવંત થીયા એહવો જાણી સાહલુંકે તે દ્રવ્યલીંગી મીથ્યાદ્રષ્ટીઓની સંગત મુકી વેગલા રહી પોતે સીદ્ધાંત વાણી ઘણા જીવ પ્રતે સમકીત પમાડતા હુવા. તેહવે સમે પાટણ મધ્યે સાહ જીવજી તથા સુરત મધ્યે સાહ રૂપજી એ આદીદે ઇત્યાદી વૈરાગી પુરૂષ હતા તેણે અનેક લક્ષોગમે ધનની રાસી મુકી સીદ્ધાંત માર્ગ પ્રમાણે સંજમ આદર્યા ઠામર સીદ્ધાંત સાખે ધર્મ ચરચા કરી ધર્મ ઉપદેશ દેઇ દયામાર્ગ દીપાવ્યો.

હીંસ્યા ધરમી કહેછે જે તુમે સાધુ કહેની પરંપરા મધ્યેછો. કેહેના કેડામાંછો તે ઉત્તર સુગડાંગ સુત્રે પેહેલે સુતખંધે બીજે અધ્યને ત્રીજે. ઉદેશે ગાથા ૨૦–૨૧–૨૨ માં કહ્યુછે જે.

अन्नवि सूपुरावि भिखुवो ॥ आएसावि

भवंति सुव्वया ॥ एआइं गुणाइं आहुते ॥ काशवस्स अणुधम्म चारीणो ॥ २० ॥ तिविहेणवि पाणमाहणे ॥ आयहिए अणियाण संवुडे ॥ एवं सिद्धा अणंतसो ॥ संपइ जे अणाग यावरे ॥ २१ ॥ एवं से ऊदाहु अणुत्तरनाणी॥अणुत्तरदंसी अणुत्तर नाणदंसणधरे अरहा नाय पुत्ते भगवं वेसालिए वियाहिए तिबेमि. ॥ २२ ॥

અર્થ.—અ. હુયાતે. ભી. હે સાધુ ચારીત્રીયા. પુ. પુર્વે જે જીન હુયાતે. આ. આગમીએ કાલે હુસ્યે જે. ભ. વર્તમાન કાલે જેછે. સુ. તીર્થંકર. એ પુર્વે કહ્યા તે. ગુ. ઉપદેશને કહીતા હવા તે સર્વ જીન. ક. રીખભ દેવના પરૂપ્યા. અ. ધર્મ્મને. ચા. પ્રવર્તાવણહારા ચાલણહારા તે ગુણ ઉપદેશ કહેછે. તિ. ત્રીનીધર. પા. પ્રાણીને ન હણે. આ. આત્માના હેતુઓ. આ. નીયાણા રહીત. સં. સંવરી સાધુ. એ. એણીરીતે એહવા સાધુ. સી. સીદ્ધ થયા. અ. ઘણા અનંતા. સં. વર્ત્તમાન સીઝેછે. જે. જેછે. અ. આગલે થાસે અ. બીજા તે પણ સીઝશે. એ. એમ ત્રણ ઉદેશે. શે. તે જેમ. ઉ. કહીતા હુવા. અ. પ્રધાન જ્ઞાનના ધણી. અ. પ્રધાન દર્શનના ધણી. અ. પ્રધાન. ના. જ્ઞાન દરસણના ધરણ હાર. અ. ઇંદ્રાદીકના પુજનીક. ના. સીધારથ રાજાના પુત્ર. ભ. જ્ઞાનવંત. વે. પ્રધાન વિસ્તીર્ણ જ્ઞાનના ધણી. વિ. કહીતા હુવા. ઈ. ઇમ હું કહુંછઊં. ૨૨

એહવે આચારે પ્રવર્તે તે શ્રીમાહાવીરના કેડાયત જાણવા. ૧

## २ आर्य खेत्रनी मर्यादा.

केटलाएक हींस्या धरमी कहेछे. जे दक्षीण दीसे तथा उत्तर दीसे तारातंबोल अरतंबोल नामे नगरछे. तीहां राजा जैनमारगीछे लोक सर्वे जैनीछे तीहां पण जैनना देहेरांछे नीत्ये पुजा प्रमुख होयछे इम पोताना मत थापवा माटे साख देखाडेछे. ते वात सुत्र वीरुद्ध करेछे. ते श्रीमजे श्रीवृतिकल्प सुत्र मध्ये कह्योछे जे.

**कप्पई निग्गंथाणं वा निग्गांथीणवा पुरथिमेणं जाव अगमगहाउं विसयाउं एतए दाहीणेणं जाव कोसंबीयाउं विसयाउं एतए पच्चथिमेणं जाव थुणाउं विस्याउं एतए ऊत्तरेणं जाव कुणाला विस्याउं एतए एतावताव आयरिए खित्ते एतावताव कप्पई नो से कप्पई एतो बाहिं तेणंपरं जथ२ नाण दंसण चरीताइं ऊवस्सप्पंतिए१ ऊदेसे.**

इम कह्यो जे पुर्वदीसे अंगदेस मगध देस लगे आर्यखेत्र ते हजु सुधी राजग्रही चंपानी नीसानी पुर्वदीसेछे. दक्षीणे कोसंबी नगरी लगे तेतो दक्षीणदीसे समुद्र नजीकछे. आगे समुद्र जगती लगेछे, तीवारे नगरीनो स्यो कारण रह्यो? पश्चिमदीशे थुभणा नगरी कही ते पण कच्छ देश लगे आर्यखेत्रछे आगे समुद्र जगती लगेछे. उत्तर दीशे कुणालादेश सावथी नगरी ते ठामे आज सालकोट नामे शेहेरछे. पहीला तो आर्यखेत्र घणो हतो साडापच्चीश आर्यदेशतो उत्तम पुरुषनी उतपति भूमीका माटे गण्याछे पण धर्ममार्ग तो विद्याधरनी श्रेणीमां पण हतो पछे कालप्रभावे घटतोर श्रीमाहावीरने वारे एटलाज आर्यखेत्रनी मरजादा बंधाणीछे

તે મરજાદાના ખેત્ર લગેજ હવે ચ્યાર તીર્થ વર્તેછે. તથા કેટલાએક નગરના નામઠામ ફરી ગીયાછે તે લોકોત્તર થકી જાણીએછીએ જીમ પાંડલીપુર તે પટણો દેસારણપુર તે મંદસોર હથણાપુર તે દલ્લી સોરીપુર તે આગ્રા. અઠીગામ તે વઢવાણ. વલી ઠાણાંગ સુત્રે પાંચમેઠાણે બીજે ઉદેશે કહ્યોછેજે.

**नोकप्पई निग्गांथाण वा निग्गंथीण वा इमाऊ अदीठाउं गणियाऊ वियंजियाऊ पंच महाणवाउं महाणइउं अंतोमास्स दुषातोवा तिखुतोवा ऊत्तरीत्तएवा संतरित्तएवा तंजहा. ॥**

અર્થ.—નો નકલ્પે. નિ. સાધુ. વા. અથવા. નિ. સાધવીને. ઈ. એ આગલ કહીસ્યે. ગ. ગણી પાંચ સંખ્યાએ. વિ. પ્રગટ કીધી. પં. પાંચ. મ. મહાર્ણવ ઘણા પાણી માટે. મ. મોટી નદીઓ. અં. તે મહી નામાંહી. દુ. બેવાર. તિ. ત્રિણવાર. ઉ. ઉતરવી કહી. સં. તરવી. તં. તે કહેછે.

૧ ગંગા. ૨ જમના. ૩ સરજુ. ૪ એરાવતી. ૫ મહી. જો આર્યખેત્ર બીજા હોવેતો તીહાં સાધુનો વીહાર કરે. તો તીહાંનીજ નદી કીમન કહી? એ સુત્રનો મેલ જોતાં નદી આટલાજ ખેત્રની વતાવી ગંગા જમના દીલ્લી આગરા પાસેછે. સરજુ અજોધ્યા પાસેછે તે પુર્વ દીસેછે એરાવતી લાહોર પાસેછે. મહી ગુજરાતમાંછે એ લેખે પણ જોતાં આર્ય ખેત્ર એહીજ જાણજો તથા ઇહાં આર્યખેત્ર ન હોવેતો ચ્યાર તીર્થ પણ એ નહીં ને ચ્યાર તીર્થ એ નહીં તો સીદ્ધાંત પણ નહીં મીથ્યાત્વી લોક અને અનાર્યખેત્ર એ હોવેતો સુત્ર ઇહાં કીહાંથકી હોવે એ લેખે તારા તંબોલ પ્રમુખ આર્યખેત્ર કહેછે તે સુત્ર વીરૂદ્ધ કહેછે. જો તારા તંબોલ આર્યખેત્ર હોવેતો નદી પણ તીહાંનીજ ગણત પણ તે તો નથી કહ્યા વળી વવહાર સુત્રની ચુલકા મધ્યે ચંદ્રગુપ્ત રાજાના સોલ સ્વપના કહ્યા તેહના અર્થ ભદ્રબાહુસ્વામીએ કહ્યા તે મધ્યે પણ ઇમ કહ્યો જે પેહેલે સ્વપ્ને કલ્પ-

વૃક્ષની ડાલ ભાંગી દીઠી. તેહનો ફલ એજે આજપછી રાજા સંજમ નહીં આદરે વલી સાતમે સ્વપ્ને કહ્યો જે ઉકરડા ઉપર કમલ ઉગ્યો દીઠો તેહનો ફલજે.

## चाउण वणाण मके वइस हथे धम्म न-विसरई.

જે ચારવર્ણમાં વાણીઆને ઘરે ધરમ રહેશે એ લખે તારા તંબોલ તે આર્યખેત્ર પણ નહીં અને રાજા જીનમારગી પણ નહીં એ વાત સુત્ર પ્રમાણે જાણવી અને કદાચીત કોઇ દેશમાં બોધમતી જૈની કહાયછે. તે તો મંસ આહારીછે મંસનોજ આહાર કરેછે જીવને સમયે સમયે નવો ઉપજતો માનેછે એહની શ્રધા અને ક્રીયા બેહુ વીપરીતછે તે માટે એહીજ આર્ય દેશ અને એહીજ સીદ્ધાંત પ્રમાંણેછે.

## जथ जथ जिण कलाण तथ तथ देसे धम्म हाणी नविरसई. ॥

એ વચન પણ ચુલીકાનોછે તથા હીંસ્યા ધરમીના તીર્થ પાહાડ આબુ. ગીરનાર શેત્રંજો ગૌડીચો સમેતસીખર તથા શીવમતના તીર્થ ગંગા, જમનાં, સરસ્વતિ, ચંદ્રભાગા, જવાલામુખી હેમાલો. બદરીકેદાર, જગન્નાથ દ્વારીકા, ગીરનાર, હીંગલાજ ઇત્યાદીક તીર્થ તે પણ હીંદુમતનાછે પણ તે આગલ કોઇ નથી કહેતા જે અમારા તીર્થ પાંચ સાત હજાર ગાઉ ઉપરેછે. તો તમારા તીર્થ અનાર્યખેત્ર મધ્યે કીહાંથી હોસ્યે જો કોઇ તીરથ તે દેસ માહીલો સુત્ર મધ્યે નામ કહ્યો હોવે તો તે દેખાડો.

### ૩ प्रतिमानी स्थितिना अधीकार.

હીંસ્યાધરમી કહેછે જે સંખેશ્વરા પાર્શ્વનાથની પ્રતિમા આઠમા ચંદ્રપ્રભવ જીનના વારાનીછે એમ કહેછે તે એકાંત સુત્ર વીરૂદ્ધ કહેછે ભગવતી સતક આઠમે ઉદેસે નવમે પાઠ કહ્યોછે જે.

सेकिंतंसमुयथंबंधेर जणं अगड तलाग नदी दह वावी पुष्करणी दीहियाणं गुंजालीयाणं सराणं सरपंतियाणं बीलपंतियाणं देवकुल सभा पव्वाय थुभ षाइयाणं फरीयाणं पागार हालग चरियदार गोपुर तोरणाणं पासाय घर सरण लेण आवणाणं सिंघाडगतिय चंउक चचर चउमुह महामापहइणं छुहा चिषिल सिलेश समुचएणं बंधे समुप्पजइ जहणेणं अंतोमुहुत्तं उक्कोसेणं संषेजकालं.

અર્થ.—હવે સું તે સમુચ્ચય બંધ કહીએ. સમુચ્ચય બંધ તે અગ્રાત સરોવર. ત. પાણી સહીત સરોવર. નદી. દ્રહ. વાવ. પુસ્પકરણી. દીર્ઘિકા. ગુંજાલીકા. સર. સરપંકતી. બી. બીલપંક્તિ. દેવકુલ. સભા. પર્વત. થુભ. ખાઇ. ફલીકા. પ્રાકાર. ગઢકોટ. અટાલક. કાંગરા. ગોપુર. તોરણ. પ્રાસાદ. ઘર. સરણ લેણ એ ઘર વીસેષ. હદશ્રેણી. સીંઘડાને આકારે. ત્રીવરો ચોવટો ઘણીગલી. ચતુર મુખરાજ. માર્ગ આદીદેઇ એહનો અર્થ પુર્વે લખ્યોછે. છોહ. ચુનો. ચીખલો. કાદી. વજલેપ વિશેષે ઉચ્ચકરી બંધ ઉપજે બંધ જોડે તે જઘન્ય તો અંતર મુહુરત રહે ને ઉતકૃષ્ટ થકી સંખ્યાતો કાલ રહે. એલખે ક્રતમ (કરી) વસ્તુ સંખ્યાતો કાલ રહે ઉપરાંત ન રહે. વલી ભરથના કરાવ્યા અષ્ટાપદના દેહરાં માહાવીરના વારા લગે અસંખ્યાતો કાલ કીમ રહ્યા? ગૌતમ સ્વામીએ એ બીંબ કીહાંથી વાંદયા? સંખેશ્વરાની પ્રતિમા અસંખ્યાતો કાલ કીમ રહી? જો દેવ પ્રભાવે રહી એ ઇમ કહે તો પણ જુઠું લાગે કેમકે દેવતા કોઇ વસ્તુની સ્થીતિ વધારવા સમર્થ નથી પૃથ્વીકાયની સ્થિતી બાવીસ હજાર વરસનીછે તે ઉપરાંત રહે

નહીં તીવારે હીંસ્યાધર્મિ કહેશે જે સેત્રંજો ગીરનાર, આબુ સમેતસીખર ચીતોડ પ્રમુખના પાહાડ લાખો વરશના આજસુધી કીમ રહ્યા? તે ઉત્તર. એ પાહાડો તો પૃથ્વી થકી લાગ્યા રહ્યાછે. પૃથ્વિ થકી આહાર રસ પુદગલ પોહોચેછે તેણે કરી રહ્યાછે. પણ કટકો કાઢી જુદો કીધો તે બાવીસ હજાર વરશ ઉપરાંત રહે નહીં. જીમ મનુષ્યના શરીર થકી લાગ્યા થકા નખ કેશ વધે પણ કાપીને જુદા કીધા પછે વધે નહીં. તે રીતે જાણજો તે માટે અસંખ્યાતા કાલનાં દેહરાં પ્રતીમા કહેછે તે સુત્ર વીરૂદ્ધ કહેછે.

## ૬ આધાકરમી લેવાવાળાને ફળ.

હીંસ્યાધરમી કહેછે જે દેવગુરૂ ધર્મને કાજે આધાકરમી આહાર દીજે તેહનો લાભછે તે સુત્ર વિરૂદ્ધ કહેછે. શ્રીઠાણાંગને ત્રીજે ઠાણે કહ્યોછે. જે ત્રણ પ્રકારે જીવ અલ્પ આઉખો બાંધે. ૧ પ્રાણતીપાત (જીવની હંસા) કરતો થકો ૨ મૃષા (ખોટું) બોલતો થકો. ૩. શ્રમણ નીગ્રંથને અપ્રાસુક અણ એખણીક (આધાકરમી) असणं (अन) पाणं (पाणी) खाइमं (सुखडी) साइमं (મુખવાસ) દેતો થકો. એહીજ આલાવે ભગવતી સુત્રમાં સતક ઉદેસે કહ્યોછે. તો આધાકરમી આહાર ઔષધ્ય ઉપાશ્રય દેતો લાભ કીહાંથકી હોસ્યે? વલી ભગવતી સતક પાંચમે ઉદેસે છઠે કહ્યોછેજે.

**अहाकम्मं अणवजेतिमणंपहारेत्ता भवइ सेणंतस्स ठाणस्य अणालोइय अपडीक्कंते कालंकरेति नथी तस्य आराहणा ॥**

**અર્થ.**—**અ.** આધાકરમી તેહ પ્રતે નિર્દોશ એહવો મનમાંહી સ્થાપણહાર હુઇ, **સે.** તેહ. **त.** તેહ સ્થાનકને, **અ.** આલોયાવીના. **અ.** પ્રતિક્રમાવીના. **કા.** કાલ મરણ પ્રતેકરે, **न.** નહીં તેહને જીન વચને વીખે આરાધક:

જે આધાકરમી આહારને નિરદોશ જાણીને ભોગવે તેહને નથી આરાધના કહિ કહ્યો. વલી ભગવતી સતક પેહલે ઉદ્દેશે નવમે કહ્યો જે શ્રમણનિ

ગ્રંથ આધાકરમી આહાર ભોગવે તે સાત કરમની ગાંઠ ગાઢીબાંધે લાંબી થીતી વધારે ઘણા પ્રદેશ વધારે તીવૃ અનુભાગકરે અનંતો કાલ સંસાર મધ્યે રૂલે તો દેણહારને પીણ લાભ કીહાંથી? અલ્પ આઊખો બાંધતો કહ્યો. માંસ ભોગીને માંસનો દાતાર બેહુ નરકગામી હોવે તેહની પેરે એ પણ જાણવો એ આલાવાના પાઠ સુત્ર થકી જોજો:

## ९. मुहपति बांधे वायुका जिवनि रक्षा ते पाठ.

હીંસ્યાધરમી કહેછે જે મુહડે મુહપતિ દીજે તે પુસ્તકને થુંક ન લાગે તેહની જતના માટે દીજેછે પણ વાયુકાયના જીવ માટે દેવી નથી કહી. મુહપતિ દીધે વાયુકાયની હીંસ્યા ટલતી નથી. એહવો કહેછે તે એકાંત સુત્ર વિરૂદ્ધ કહેછે ભગવતી સતક સોલમે ઊદેસે બીજે કહ્યોછે જે.

**गोयमा जाहेणं सक्केदेविंदे देवराया सूहु मकायं अणिजूहित्ताणं भासंभासई ताहेणं सक्केदेविंदे देवराया सावजं भासं भासई.**

**अस्यार्थटीका:यांजदासक्रेंद्र सूक्ष्मकायं वस्त्र बांधावृत मुषस्य भास मानस्यजीव संक्षणंतो निविद्यो भाषा भवति॥**

**અર્થ.**—હે ગૌતમ જીવારે સક્રેંદ્ર દેવ રાજા, સુ. હસ્તાદીકે વસ્તુ એમ વૃધ કહે અનેરા કહે. સુ. વસ્ત્ર તે પ્રતે. અણદીઆ એટલે મુખને વીષે હસ્તાદીક દીધા વીના ભાખ્યા બોલે. તીવારે સક્રેંદ્ર દેવ રાજા. સુહુ. હસ્ત તથા વસ્ત્રાદીક મુખદ્વારે દીધા બોલે.

જીવારે સક્રેંદ્ર હાથ વસ્ત્ર તેણે કરી મુખ ઢાંકીને બોલે વાયુના જીવની રક્ષા કરતો નિરવદ્ય ભાખ્યા બોલતો કહીએ. ઉઘાડે મુખે બોલતો વાયુકાયના જીવ હણતો બોલે તીવારે સાવદ્ય ભાખ્યા બોલતો કહીએ એ લખે

મુહપતિ દેઈ જતના થકી બોલતાં વાયુકાયના જીવની હીંસ્યા ટાલી એ સુત્ર સાખ જાણવી અને નાક ઢાંકવો કીહાંઇ કહ્યો નથી. અને તુમે કહોછો કે પુસ્તકની આસાતના ટાલવા માટે મુખપતિ દેવી તે ખોટો કહોછો. કેમકે પુસ્તક તો શ્રીમાહાવીર નીર્વાણ થયા પછી લીખાણાછે અને મુહપતિ તો શ્રી ગૌતમસ્વામીને હામર કહીછે તુંગીઆ નગરીના આલાવાદીકમાંહી તથા ઉત્તરાધ્યન છવીસમે ગાથા ત્રેવીસમીના પેહેલા બે પદમાં કહ્યોછો જે.

**मुहपतिय पडीलेहित्ता पडीलेहिज गु-छग ॥**

**અર્થ**—મુ. પહિલું મોહપતિનું. પ. પડી લેહીને. પ. પછે પડી લેહે. ગુ. ગુચ્છાને તે વિચારી જોજો.

६. जात्रा तीरथ कह्या ते सुत्रसाखना आलावा.

હીંસ્યાધરમી કહેછે જે સેત્રંજો. ગીરનાર. આબુ. અષ્ટાપદ. સમેતસીખર. ઇત્યાદીક પર્વતની જાત્રા કરવી. સંઘ કાઢવા તેહનો મોહોટો લાભછે એમ કહેછે. તેહનો ઉત્તર. એ પર્વત ઉપર જે તીર્થંકર સાધુ સીધ્યા તે તો વંદનીક કહ્યાછે. પણ પર્વત તો વંદનીક નથી. જીમ કોઇ વ્યવહારીયો કોઇ હાટે બેસી નાણાવટો કરે તીવારે લોક વીવહારીયાને હાટે આવી થાપણ મુકી જાય પછે કાલાંતરે વીવહારીએ તે હાટ મુકી ધણી ફારફેર થીયો તે હાટતો તેહીજછે પણ લોક વીવહારીયાનો હાટ જાણીને થાપણ કાં ન મુકે? તીમ એ પર્વતતો હાટ સમાનછે. વીવહારીયા સમાન સાધુ સીધ્યા તે છે. હવે તે પાહાડ તો સુના હાટ સમાન રહ્યાં. તીહાં હુંડીનો સકારણહાર કોઇ નહીં તે માટે અવંદનીક થીયા. તથા ભગવતી સતક અઢારમે ઉદેસે દસમે સોમલ બ્રાહ્મણને શ્રીમાહાવીર દેવે તો એ જાત્રા કરવી કહીછે. તે એ કે.

**सोमिला जंमे तव नियम संजम सझा-य झाणावसगमादिएसु जएणासेत्तंजता**

**तप१२ नियम अनेक अभिग्रह संयम१७ सझाय५ ध्यानधरमशुक्क ॥**

**અર્થ.**—સોમીલે પુછ્યું તમારે હે ભગવંત જાત્રા. ઇતિપ્રસ્ન. ત્યારે ભગવંત ઉત્તર દેછે. હે સોમીલ જે માહરે ઇહાં તપ અસનાદી બારે ભેદ નીયમ તે વીષય અભીગ્રહ વિસેસ સંજમ તે સતર ભેદે સઝાય સ્વાધ્યાય વૈયા વૃત્યાદીમે અવસ્યે રાત્રી દીવસને વીષે કરવો ઇત્યાદી રૂપ તે આવસ્યક છએ ભેદે સામાયકાદીક જે જોગ તેને વીએ જતના પ્રવૃતિ તે જાત્રા કહીએ. એટલી કરણી કરવી એ અમારે જાત્રા ઇમ કહ્યો. જે જાત્રા શ્રીમાહાવીરે સોમીલને કહી. જીમ માહાવીર તીમ રૂષભદેવ સર્વ તીર્થંકરનું જ્ઞાન દરસન સમકીત એક સરખુંછે. તીવારે રીખભદેવને પણ એહીજ જાત્રા જાણવી. પુરવે નવાણુંવાર રૂષભદેવ સેત્રંજે આવ્યા કહેછે જાત્રા કરી એ સર્વ સુત્ર વિરૂદ્ધ કહેછે. જો રૂષભદેવ એ ભાવે જાત્રા માનેછે તો ભરથને દેહરા કરાવ્યાનો ઉપદેશ કીમ દીએ? જે કાર્ય પોતે ન કરે તે કાર્યની આજ્ઞા અનેરાને કીમદે? તે વીચારી જોજ્યો.

१. વલી ભગવતી સતક વીસમે ઉદેસે આઠમે કહ્યોછે જે.

**तिथं नंते तिथंकरे तिथं गोयमा अरहा ताव नियमं तिथंकरे तिथंपुण चाऊवणाइणे श्रमण संघे पनंते तंजहा संमणा समणीउ सावय सावियाउ ॥**

**અર્થ.**—તિર્થ પ્રસ્છાવથીજ કહેછે તીર્થ ચતુર વિધ વિષે સંઘરૂપ કહીએ? અથવાં તીર્થંકર તે તીર્થ કહીએ? ઇતિપ્રસ્ન. હવે ભગવંત ઉત્તર કહેછે. હે ગૌતમ અરીહંત જાવત પહીલા તીર્થંકર તીર્થ પ્રવરતાવણહારછે પણ તીર્થ નહીં તો તીર્થ વલી ચ્યાર વર્ણ જીહાં તે ચાતુર વર્ણ કહીએ તેહ ક્ષમાદી ગુંણે કરી વ્યાપ્ત શ્રમણ સંઘ તે કહેછે શ્રમણ (સાધુ) શ્રમણી (સાધવી) શ્રાવક શ્રાવકા.

તીર્થંકર તો તીર્થના નાથ કહીએ અને તીર્થ ચ્યાર કહીએ સાધુ. સાધવી. શ્રાવક. શ્રાવકા. તેજ પણ કીહાંઈ તીર્થ અને જાત્રા પર્વતેર ભમવો તથા સંઘ કાઢવો તેહના લાભ સીદ્ધાંત મધ્યે કહ્યા નથી.

---

## ७. सेत्रंजो सास्वतो कहेछे तेनो उत्तर.

હીંસ્યાધરમી કહેછે જે સેત્રંજો પર્વત સાસ્વતોછે. તે વાત સુત્ર વીરૂદ્ધ કહેછે. તે કેમ જે ભગવતી સતક સાતમે ઉદેસે છઠે કહ્યોછે. તથા જંબુદ્વિપ પન્નતી મધ્યે કહ્યોછે જે છઠો આરો બેસસે તીવારે ભરતખેત્ર મધ્યે ગંગા સીંધુ બે નદી અને વૈતાઢ પર્વત રહેસે. સેખ સર્વ પર્વત વીછેદ જાસે તે પાઠ ઇમજછે.

**पव्वय गिरि डुंगरु थल नठी माइय वेयड्ड गिरि वजे विरावेहेति ॥**

**અર્થ.**—પ. ક્રીડા પર્વત વૈભારાદીક તરી જેહ ઉપર પાણી હોઇ ડુંગર સીલાના વૃત રેતના થલ પર્વત સમીપ ભૂમીએ ઇત્યાદીક વૈતાઢ્ય પર્વત વરજીને સર્વ ક્ષય જાસે નીઝરણ. વિ. નીઝરણ વીસેખ પાઇ.

એ પાઠ બે સુત્ર મધ્યેછે. તીહાં સેત્રંજો સાસ્વતો રહેસ્યે ઇમ નથી કહ્યો. તીવારે હીંસ્યાધરમી કહેસ્યે જે રૂખભકુટ એ પાઠ મધ્યે નાવ્યો. તે માટે રૂખભકુટ વીછેદ જાસે? તે ઉત્તર. ઇમ તો રૂખભકુટ રહેસ્યે. ગંગા સીંધુ કુટ રહેસ્યે. બોહોતેર બીલ રહેસ્યે. પીણ પર્વત મધ્યે તો એક વૈતાઢ્યહીજ રહેસ્યે. તુમે સેત્રજાને કુટ માંનોછો કે પર્વત માનોછો? અને જે રૂખભકુટ રહેસ્યે તે તો જેવોછે તેહવોજ રહેસ્યે ને સેત્રંજો તો તમે કહોછો જે હાથ ઉંચો ને સાત હાથ લાંબો રહેસ્યે. જો સાસ્વતો હોવે તો ન્યુનાધીક કીમ હોવે? તીવારે હીંસ્યા ધરમી કહેસ્યે જે ગંગા સીંધુ નદી ઘટી જાસે પણ સાસ્વતી ગણીછે. તેમ સેત્રંજો પણ જાણવો. તે ઉત્તર. ગંગા સીંધુને બેહુ પાસે પદમવર વેદીકા કહીછે. તે વીચે સાડીબાસઠ જોજનનો વીસ્તાર ગંગા સીંધુનો ખેત્ર કહ્યો તે તો સદા સાસ્વતો. કાલપ્રભાવે પાણીનો પ્રવાહ ઘટશે

પણ નદીનો ખેત્ર ધટસ્યે ઇમ નથી કહ્યો. ગંગાનો દ્રષ્ટાંત સેત્રંજા સાથે ના મીલ્યો. સેત્રંજાને પર્વત કહેછો પણ કુટતો નથી કહેતા. તે માટે સેત્રંજો અસાસ્વતો વૈત્યાઢ્ય વરજી સર્વ પર્વત વીણસસે તે મધ્યે ગણજો. સાધુ સીધ્યા માટે તીર્થ સીદ્ધ માનો તો અઢી દ્વીપતો સર્વ તીર્થ ભોમ અને સીદ્ધ ખેત્રહીજછે મસાણ ઉકરડાની ભૂમીકા તીહાં પણ અનંતા સીધ્યાછે. તે સાખ ઉવવાઇ પન્નવણા સુત્રે બે પદે કહીછે. તેમાં ઉવવાઇ સુત્રમા છેવટ અધીકારમાં ગાથા બાવીસછે તેમાંની ગાથા નવમી લખીછે.

**जथय एगोसिद्धो ॥ तथ अणंतात्रवखय विमुक्का ॥ अणोण समोगाढा ॥ पुठाव्वेय-लोगंते ॥ ९ ॥**

**અર્થ**—જ. જેણે સ્થાનકે સિદ્ધ એકછે. ત. તીહાં **અ.** અનંતા સીદ્ધ જાણવા ભવ સંસારના ક્ષય.. વિ. તે મુકાણાછે. **અ.** માંહોમાંહે. **સ.** ભલી રહ્યોછે. **પુ.** ફરસી રહ્યોછે. સઘળા એ લોકના અંતને વીખે. ૯

એ સાખી એ લખેતો સેત્રંજો સાસ્વતો કહેછે તે સુત્ર વિરુદ્ધ કહેછે.

---

## ૯. कयबलीकम्मा शब्दना अर्थ.

૧. હીંસ્યાધરમી કહેછે જે સુત્રમાં કય બલીકમ્મા સબ્દે દેવ પુજા કરવી કહેછે. તે વાત સુત્ર સાથે મલતી તથી. તે કેમજે જ્ઞાતા સુત્રે બીજે અધ્યને ધન સાર્થવાહની અસ્ત્રી ભદ્રા સાર્થવાહી પુત્ર વંચ્છાને અરથે નાગ ભુત જક્ષને પુજવા નગર બાહીર ગઈ તીહાં ઇમ કહ્યોછે જે.

**जेणेव पोखरिणी तेणेव उवागछईश्त्ता पुखरिणीए तीरेसु बहु पुफ जाव मल्लालंकारकरी ठवेईश्त्ता पुष्करिणी ऊग्गहइश्त्ता जल मझण करेइश्त्ता जल क्रीडं करेइश्त्ता**

न्हाया कय बलीकम्मा ऊल्लपडिसाडि-
गा जाइं त्तथणं ऊप्पलाइं जाव सहस्स
पत्ताइं ताइं गिन्हइरत्ता पुखरिणिऊ पच्चो-
रुहइरत्ता तं सुबहु पुफ वथ गंध मल्लालं-
कारं गिन्हइरत्ता जेणेव नागघरएयं जाव
वेसमण घरएयं तेणेव ऊवागछईरत्ता ॥

અર્થ—જે. જીહાં. પો. પોખરણીવાવ. તે. તીહાં. ઉ. આવે આવીને. પુ. પુખરણીવાવ તેહને. તી. કાંઠે. બ. ઘણા. પુ. ફુલ. જા. જાવત. મ. માલા. અ. અલંકાર. ઠ. સર્વ મુકે મુકીને. પુ. પુખરણીવાવ મધ્યે. ઉ. પઇશ પઇસીને. જ. પાણીનો. મ. મર્દન. ક. કરે કરીને. જ. પાણીની. ક્રી. ક્રીડા. ક. કરે કરીને. ન્હા. ન્હાઇ. ક. કીધા. બ. બલીકર્મ જલકો-ગરા કર્યા સુગંધી વસ્તુ વીલેપન કરી નાઇ. ઉ. તે જે સાડી પેહેરી નાહી હતી તેહની ભીની. પ. સાડી સહીત. જા. જે. ત. તીહાં. ઉ. કમલછે. જા. જાવત. સ. સહસ. પ. પત્ર. ફુલકમલ. તા. તે. ગિ. ગ્રહેગ્રહીને. પુ. તે વાવીથકી. પ. પાછી નીશરે નીશરીને. તં. તે. સુ. ઘણા. પુ. ફુલ. વ. વસ્ત્ર. ગ. ગંધ મ. માલા. અ. અલંકાર. ગી. લેઇલેઇને. જે. જીહાં. ના. નાગઘર. જા. જાવત જક્ષના. વે. વેસમણના ઘરછે. તે. તીહાં. ઉ. આવે આવીને.

ઇહાં વાવડી મધ્યે બલીકર્મ્મ કીધો તો વાવડી મધ્યે કેહેની પ્રતિમા પુજી નાગભુત તો વાવડીથી નીકલ્યા કેડે પુજયોછે.

૨ વલી જ્ઞાતા અધ્યન આઠમે મલ્લીનાથ સ્વામી પીતાને પગે લાગવા આવ્યા તીહાં કહ્યો.

न्हाया जाव बहुहिं खुजाहिं परीवुडा
जेणेव कुंन्नएराया तेणेव ऊवागछईरत्ता ॥

અર્થ.—ન્હા. ન્હાઇ. જા. જાવત. બ. ઘણા. ખુ. ખુજાદાસીએ. પ. પરીવરી. જે. જીહાં. કું. કુંભરાજા. તે. તીહાં. ઉ. આવે આવીને.

ઇહાં જાવ સબ્દ મધ્યે નાયા કય બલીકમ્મા.

**कय कोउय मंगलपायछीत्ता सुद्ध प्प-वेसाइं मंगलाइं वथाइं पवर परिहियाइं ॥**

અર્થ.—ક. કૌતક મંગલીક પાણીની અંજલી ભરી કોગરા કીધા. પા. આભ્રણ પેહેરી તીલક મસ કરી. સુ. મેલ રહીત. પ. પવીત્ર. મં. મંગલીક ભાર થોડાને મુલ ઘણો. વ. એહવાં વસ્ત્ર. પ. પ્રધાન. પ. પહીર્યા.

એટલો પાઠ જાવ સબ્દ મધ્યે આવ્યો.

૩. વલી જ્ઞાતા અધ્યન આઠમે મલ્લીનાથ સ્વામી છ રાજાને પ્રતિબોધવા મોહન ઘર મધ્યે આવ્યા તીહાં પણ કહ્યોછે જે.

**तएणं सा मल्ली विदेहा न्हाया जाव पायछीत्ता सव्वालंकार विभूसीया बहुहिं खुजाहिं जाव परिखित्ता जेणेव जालंघरए जेणेवकणगमइ पडिमा तेणेव उवागछईरत्ता.**

અર્થ.—ત. તીવારે. સા. તે. મ. મલ્લી. વિ. વિદેહ. ન્હા. ન્હાઇ. જા. જાવત. પા. આભ્રણ પેહેરી તીલક મસ કરી. સ. સર્વ સોભતા અલંકાર યુક્ત. વિ. પેહેર્યા સર્વ વિભૂષણ કીધાં. બ. ઘણી. ખુ. ખુજકાદાસી. જા. જાવત. પ. પરીવારે પરીવરી. જે. જીહાં. જા. જાલીનું ઘર. જે. જીહાં. ક. કનકસુવર્ણની. પ. પડીમા. તે. તીહાં. ઊ. આવે આવીને.

ઇહાં જાવ શબ્દ મધ્યે. કયબલીકમ્મા.

**कयकोउय मंगल पायछीत्ता ॥**

અર્થ.—ક. કૌતુક મંગલીક પાણીની અંજલી ભરી કોગળા કીધા. પા. આભ્રણ પેહેરીને તીલક મસ કરી.

એટલો પાઠછે બલીકમ્મા શબ્દે દેવ પુજાછે તો તીર્થંકરે કીયા દેવને પુજ્યો તે કહો.

૪. વલી જ્ઞાતા સોલમે અધ્યયને કહ્યોછે જે.

तएणं सा दोवइ रायवरकंन्या जेणेव मझेणघरे तेणेव उवागछईर्त्ता मंझणघरं अणुप्पविसईर्त्ता न्हाया कय बलीकम्मा कयकोउय मंगल पायछीत्ता सुद्ध प्पावेसाइ मंगल्लाइं वथाइं पव्वर परिहिया मझणघराउ पडीनिखमईर्त्ता जेणेव जिणघरे तेणेव उवागछईर्त्ता ॥

અર્થ.—ત. તીવારે. સા. તે. દો. દ્રુપદી. રા. રાજવર કન્યા. જે. જીહાં. મં. મંજણનું ઘર. તે. તીહાં. ઉ. આવે આવીને. મં. મંજન ઘરમાં. અ. પ્રવેસ કરે પ્રવેસ કરીને. ન્હા. નાહી. ક. કીધાં. બ. બલીકર્મ પીઠી પ્રમુખ્ય વીલેપન કીધાં. ક. કૌતુક. મં. મંગલીક પાણી અંજલી ભરી કોગળા કીધા. પા. આભ્રણ પેહેરીને તીલક મસ કરી. સુ. સુદ્ધ નિર્મળ. પા. ઉત્તમ. મં. મંગલીક. વ. વસ્ત્ર. પ. પ્રધાન. પ. પેહેર્યા. મ. નાહવાના ઘર થકી નીકળી નીકળીને. જે. જીહાં જી. જક્ષનું ઘર. તે. તીહાં ઉ. આવે આવીને.

એટલા પાઠ મધ્યે પહીલા નાહ્યા કહ્યો પછે બલીકમ્મા કહ્યો પછે વસ્ત્ર પેહેર્યા કહ્યા તો જોવો સ્ત્રી જાતી સ્વભાવે નગન થઇ નાવા બેઠી તીહાં કીયા દેવને પુજ્યો? નાહવાના ઘર મધ્યે કીયો દેવ હતો?

૫. વલી ભગવતી શતક નવમે ઉદેશે તેત્રીસમે દેવાનંદા બ્રાહ્મણીએ નાહવાના ઘરમધ્યે બલીકર્મ કીધો. તો નાહવાના ઘરમાં કીયો દેવ પુજ્યો?

૬. ભગવતી શતક નવમે તેત્રીશમે ઉદેશે જમાલીને અધીકારે કહ્યો.

तएणं से जमाली खत्तीयकुमारे जेणेव-

मज्जणघरे तेणेव उवागच्छईर्त्ता न्हायाकय-बलीकम्मे जहाउववाईए परिषावन्नउ त-हान्नाणियव्वं जाव चंदणो खित्तगायसरीरे सव्वालंकारे विभुसिए मज्जणघराउ पडि-निखमईर्त्ता. ॥

અર્થ—ત. તીવારે તે જમાલી ક્ષત્રીય કુમાર. જે. જીહાં. મંજનનો ઘરછે. તે. તીહાં. ઉ. આવે આવીને. ન્હા. સ્નાન કીધો કીધાં બલીકર્મ જેણે. જ. જીમ ઊવાઇ ઊપાંગને વીષે પરીષ્દા વર્ણવ કર્યો તીમ ઇહાં પણ કહીવો. જા. જાવત. ચંદન સંઘાતે લીપ્યોછે ગાત્ર શરીર જેહનો દેહ ઇત્યર્થ. સ. સર્વ અલંકારે વિભુષીત થઇને. મ. મંજન ઘરથકી. નીકલે નીકલીને. ॥ એણે નાહવાના ઘર મધ્યે કીયો દેવ પુજ્યો?

૭. વલી ભગવતી સતક સાતમે ઉદેસે નવમે વરણનાગનતુયો મંજણ ઘર મધ્યે કયબલીકમ્મા કીવો. પછે મંજણ ઘરથકી નીકલ્યો કહ્યો. એણે સ્નાનના ઘર મધ્યે કીયો દેવ પુજ્યો?

૮. વલી. રાયપસેણી મધ્યે કઠીયારે વનમાં સ્નાન કીધો બલીકર્મ પણ કહ્યો. તેણે કીયો દેવ પુજ્યો?

૯. વલી કેસી શ્રમણે કહ્યો કે હે પ્રદેસી રાજા તું મંજન ઘરમાં ન્હાઈ બલીકર્મ કરી પછે દેવ પુજવા જાય વીચમાં ભંગીયો સેતખાનામાં બોલાવે તો તું જાય? તો જોવો એણે નાહવાના ઘરમાં સું બલીકર્મ કીધો? દેવ પુજવા તો પછે ચાલ્યો તે પાઠતો જુદોછે. તે વીચારી જોજો.

૧૦. વલી કોણીક રાજા ભગવંતનો પરમ ભક્તિવંત નીતર એકલાખને આઠહજાર રૂપાનાણો ભગવંતની વધાઇમાં દેવે ને જે દીવશે શ્રીભગવંતજી ચંપાયે પધારે તીણ દીવશે સાડીબાર ક્રોડ રૂપાનાણો વધાઇનો દેવે તેને પ્રતિમા પુજતો કેમ ન કહ્યો? અને શ્રીભગવંતજીને વાંદવા ગયો તીણ દીવશે સ્નાન વીસ્તાર સહીત વરણવ્યો તીહાં કયબલીકમ્મા શબ્દ મુલગોજ નથી કહ્યો તે સું? તે નાહવાનો પાઠ સંમપુર્ણ લખેછે.

जेणेव मजण घरे तेणेव उवागछई२त्ता मझण घरं अणुप्पवेसई२त्ता समुत्तजालाउ-लाभिरामे विचित्त मणि रयण कुटिमतले रमणिजे न्हाण मंडवंसि नाना मणि रयण भत्ति चित्तंसि न्हाण पीढंसी सुह निसन्ने सुद्धोदएहिं गंधोदएहिं पुफोदएहिं सुभो-दएहिं पुणो२कल्लोणगा पवर मजंण वि-हाए मजिए तथ कोऊय सएहिं बहु विहेहिं कल्लाणग पवर मजणा वसाणे पम्हल सु-कुमाल गंध कसाइय लुहियंगे सरस सुर-हिं गोसिस चंदणाणुलित्तगत्ते अहय सुम-हग्ध दुस रयण सुसंवुए सूइ माला वणग विलेवणे आविध मणि सुवणे कप्पिय हा-रद्दहार तिसरय पालंब पलंबमाण कडिं सुत्तसुकय सोभे पिणद्धगेविविजे अंगुलेजग ललियं गय ललिय कयाभरणा वर क-डग तुडीयथंभीयभूए अहिए रुव सस्सि-रीये मुदिया पिंगुल गुलीए कुंडल उद्यो-वियाणणे मऊड दिसिरए हारोछय सुकय

रइय वछे पालंब पलंब माण पंड सु कय उ-
त्त रिजे नाणा मणी कण रयण विमल मह-
रिह निउणोवय मिशिमिसंत विरइय सू-
सिलिठ विसिठ लठ श्राविद्ध वीरवलए
किंबहुणा कप्प रुख एचेव श्रलंकिय वि-
न्नूसिये नरवइ सकोरंट मल्ल दामेणं छत्तेणं
धरिजमाणेणं चाउ चामर वालवीजीयंगे
मंगल जय सद्द कया लोए मजण घराउ
पडीनिखमईरत्ता. ॥

અર્થ.—તીવારે તે કોણીક રાજા. જે. જીહાં. મ. સ્નાન કરવાનો. ઘ. ઘરછે. તે. તીહાં. ઉ. આવે આવીને. મ. સ્નાન કરવાના. ઘ. ઘરમાંહિ. અ. પેશે પેશીને. સ. મોતીની જાલીયા સહીત. અ. ગોસાલાદીકે કીર્ણ વ્યાપ્ત તેણે. અ. મનોહરછે. વિ. નાના પ્રકારના. મ, મણી. ર. રતન તેણે. કુ. ભૂમીકાનું તળું આંગણું બાંધ્યુંછે. ર. રમણીકછે. ન્હા. સ્નાન કરવાનો. મં. મંડપ ચોકછે. ના. નાના પ્રકારના. મ. મણી. ર. રતનને. ભ. ભાંતી. ચી. ચીત્રાછે એહવા. ન્હા. સ્નાન કરવાના. પી. બાજોઠને વીષે. સુ. સુખે. નિ. બેઠાછે. સુ. સુદ્ધ સ્વભાવે. ઉ. પાણીએ કરી. ગં. સુગંધીક. ઉ. પાણીએ કરી. પુ. ફુલવાસીત. ઉ. પાણીએ કરી. સુ. તીર્થનો. ઉ. પાણીએ કરી. પુ. વારંવાર. ક. કલ્યાણકારી. પ્ર. પ્રધાન. મ. સ્નાન કરવાની. વિ. વીધે કરી. મ. નાહયો. ત. તીહાં. કો. કોતીક રક્ષાદીકનો. સ. ગોતમ. બ. ઘણા. વિ. પ્રકાર તેણે. ક. કલ્યાણકારી. પ. પ્રધાન. મ, સ્નાનના. આ. છેહડાને વીષે. પ. પુભ. સુ. સુંહાલાછે જેહના. ગં. સુગંધ. ક. રાતી સાડી તેણે કરી. લુ. લુહ્યુંછે. અં. અંગ શરીર જેહનું. સુ. સુગંધ. ગો. બાવના. ચં. ચંદન. અ. લીપ્યુંછે. અ. ગાત્ર શરીર જેહનું. અ. અખંડ ઉંદરાદીકે કરડયા નથી. સુ. અતી. મ. મુંહઘા બહુ મુલ્યાં. દુ. વસ્ત્ર. ૨.

રતન. સુ. ભલીપરે. સ. પહિરીયુંછે. શુ. મીત્ર. મા. ફુલની મોતીની માલાછે. વ. વર્ણ અબીરાદીક. વિ. વિલેપન કીધાંછે જેણે. આ. પહી-રયાછે. મ. મણીના. સુ. શોભાના આભ્રણ. ક. પહીર્યાછે. અ. અઢાર-સરાહાર. અ. નવસરાહાર. તિ. ત્રીણસરાહાર. પા. ઝુમણો. ૫. લાંબો નાભી લગે અડતો. ક. કણદોરો તેણે. શુ. ભલી કીધીછે. સો. શોભા. પિ. પહિર્યાછે. ગે. કોટને વીષે આભ્રણ જેણે. અ. આંગુલીને વીષે વેઢ વીટી આભ્રણ પહીર્યાછે. લિ. મનોહર. ગં સરીરને વીષે. લ. શોભા લીધા. ક. કીધાછે થાપ્યાછે, આ. આભ્રણ અનેરા જેણે. વ. પ્રધાન. ક. કડાં. તુ. બહીરખા તેણે. થં. થંભીતછે ભારે. અ. ભૂજા જેહની. અ. અધીક. રૂ. રૂપછે. સ. શોભાયમાન દીસેછે. મુ. મુંદ્રિકા પેહેરીછે. પી. પીલી થઇછે. અ. અંગુલી જેહની. કું. કાનના કુંડલ તેણે. ઉ. ઉદ્યોત કીધોછે. અ. મુખ જેહને. મ. મુગટે કરી. દી. દેદીપમાનછે. હા. હારે કરી. ઉ. ઢાંક્યાછે. શુ. ભલું. ક. કીધુંછે ર. રચ્યોછે. વ. હીયું જેહનું, પા. ઝુમણો. ૫. લાંબો. ૫. એક પટનો વસ્ત્ર તેણે કરી. શુ. ભલું. ક. કીધું. ઉ, ઉત્રાસણ જેણે. ના. નાનાપ્રકારના. મ. મણી ક. સુવર્ણ. ર. રતને. વિ. નિર્મલ. મ. મોટાને જોગ્ય. નિ. નીપુણ વિજ્ઞાનનો. ઉ, ઘણું. મિ. દેદીપમાન. વિ. નીપજાવ્યુંછે રચ્યુંછે. શુ. રૂડી પરે. સી. સમાધી જોડીછે. વિ. પ્રધાન. લ. મનોહર. આ. પહીર્યાછે. રૂ. વૃક્ષનીપરે. ચે. નીસ્ચે. અ. અલંકારીઊં મુગટાદીકે. વિ. સીણગાર્યોછે વસ્ત્રાદીકે. ન. મનુષ્યનો. અ. સામી રાજા. સ. કોરંટનામા વૃક્ષના. મ. ફુલની. દા. માલા સહીત. છ. મેઘાડંબર. ધ. ધરાવતો થકો મસ્તકે. જ. જયજય. સ. સબ્દ. ક. કીધાંછે. લો. લોક જેહને. મ. નાહવાના. ઘ. ઘરથકી. ૫. નીકળે નીકળીને.

એટલો સ્નાનનો વર્ણવ કીધો તે મધ્યે કયબલીકમ્મા શબ્દ મુળથીજ નથી અને શ્રીવીર વાંદવા જાવાનો અવશરછે તો બલીકમ્મા શબ્દ પ્રતિ-માની પુજા હોય તો ઇહાં અવસ્યમેવ જોઇએ.

૧૧. વલી શ્રીજંબુદ્વિપ પન્નતી મધ્યે કહ્યો શ્રીભરથેશરજી નાહાયા ત્યાં નાહવાનો વીસ્તાર કોણીકની પરેછે તો ત્યાં પણ બલીકમ્મા શબ્દ મુળથીજ નથી. તમે કહોછો જે અષ્ટાપદ ઉપર બીંબ કરાવ્યા એવા તો પ્રતિમાના રાગીછે તો બલીકમ્મા શું નહીં કરતા હોય? પ્રતિમા નહીં

પુજતા હોય? પણ એમ જાણજો જે જ્યાં વીસ્તાર સહીત સ્નાન વરણવ્યા ત્યાં કોઈ ઠામે બલીકમ્મા શબ્દ નથી કહ્યો. અને એહીજ કોણીકે તથા ભરથેશરને નાહવાનો અધીકાર સંક્ષેપે કહ્યો ત્યાં નાયા કયબલીકમ્મા ઠામર કહ્યોછે. તો એમ જાણજો જે એ બલીકમ્મા શબ્દ નાહવાનોજ વીશેષછે. ઇહાં દેવ પુજવાનો અરથ ઠરતો નથી. નાહતાં થકાં જલંજલી કુરલાકુલકુલાટ અર્થ દેવાના ઠામ લેવા મર્દન જગટણા પ્રમુખ કરવા એહીજ વિશેષ જણાઇછે બલીકમ્મા શબ્દે જીનરાજની પ્રતિમા પુજી કહેછે. તે એકાંત મીથ્યાત્વ મોહનીને ઉદયે કહેછે.

૧૨. વલી કેટલાએક કહેછે જે તુંગીયા નગરીના શ્રાવક ચાર થીવરને વાંદવા ગીયા તીહાં ટીકામાં એવો અર્થ કીધોછે જે **कय बलीकम्मे तीं स्वग्रह देवता अस्यार्थ.** પોતાના ઘરના દેવની પુજા કીધી તેનો અરથ એ જે પોતાના સંસારને અરથે ગોત્રજ દેવાદીકછે તેહને પુજ્યા. તીવારે પ્રતિમામતી કહે જે શ્રાવકને ઘરના દેવ તે જીનપ્રતિમાછે. બીજા કુળદેવને શ્રાવક સમ્યદ્રષ્ટી વાંદે પુજે નહીં. એમ જોરાવરીથી કરી જીનપ્રતિમા ઠહરાવેછે પણ મુરખ એટલું નથી જાણતા જે તીર્થંકર કેહના ઘરના દેવ હોશે? એતો ત્રીનલોકના દેવછે. અને કહેછે જે સમદ્રષ્ટી શ્રાવક બીજા દેવને કુલ પરંપરાએ પણ માને નહીં તે જુઠો કહેછે સુત્ર મધ્યે જુવો.

૧. શ્રીભરથેશરે સમદ્રષ્ટી થઇને ચક્રરતન કીમ પુજ્યો?

૨. વલી સાન્તિનાથ. કુંથુનાથ. અરનાથ એ ત્રણ જીન ચક્રી હતા તેણે ચક્રરતન પુજ્યો કે ન પુજ્યો? ભરતખેત્ર સાધતા તેર અઠમ લોકીક ખાતે તે સર્વ ચક્રીવર્તિ કરેછે તે કીધાં કે ન કીધાં?

૩. વલી ગ્નાતા મધ્યે સુઠીયા દેનતાને શ્રીકૃષ્ણ સમદ્રષ્ટી થઇને આરાધ્યો કે ન આરાધ્યો?

૪. વલી ચક્રવર્તિ માગધાદીક દેવને સાધવાને બાણ મુકે તે બાણુ મધ્યે લખેછે જે સર મર્યાદા માંહીલા દેવતા તે માહરા સેવક થાઓ.

**हंदी सुणं तुन्नवंतु ॥ बाहीरउंखलुसरस्सजे देवा ॥ नागा सुरा सुवना तेसिं षुनमो पणिवयामि ॥ १ ॥**

**અર્થ.**—**હું.** હંદીતીસત્યે. **સુ.** સાંભલ્યો તુમ્હો. **બા.** સર. ત. બાહીરલી ભાગે લ્વચાઇ અધીષ્ટાયક દેવતાછે. ખ. તે નીસ્ચે. જે. જે. દે. દેવતા. **ના.** નાગકુમાર. **અ.** અસુર કુમાર. શુ. સુવર્ણ કુમાર દેવતા. તે. તે દેવતાને કાજે. **ખુ.** નમસ્કાર હુઓ. **પ.** પ્રણાંમ નમસ્કાર કરૂંછઉં. ॥ ૧ ॥

એ ગાથામાં કહ્યો શર જાએ તીહાંથી પેહેલ પાસે જે દેવતા હોય તેહને માહરો નમસ્કાર થાઓ એ થીતીછે. તે સાચવવા માટે સાંન્તિનાથ. કુંથુનાથ. અરનાથ. એણે પણ ખંડ સાધતાં બાણ નાખતાં દેવતાને નમસ્કાર કીધોછે.

૫. વલી અભયકુમારે મેહનો ડોહલો પુરવા માટે અડમ પોસો કીધો તીહાં દેવતાનો સાહજ્ય કીમ વાંછયો?

૬. વલી આણંદ શ્રાવકને અધીકારે ઉપાસગ પેહેલે અધ્યને આગાર છો રાખ્યા જે અન્યતીર્થિને વાંદવો તથા દેવો પડે તો તે મધ્યે ૧. देवाभी उंगेणवा (દેવતાના કીણ થકી) ૨. गणाभी उंगेणवा (ન્યાતી સમુદાયને આદેસે) ૩. रायाभी उंगेणवा. (રાજાને બળાત્કારે.) ૪. वितीकंतार एणं (દુર્ભિક્ષને જોગે અટવીને જોગે) ૫. गूरूनी गहेणं (ગુરૂને પરવસ્યપણે) ૬. बलाभी उंगेणं (બળાત્કારે) એ છો કારણે સંસારની વીધી સાચવું પણ તે મધ્યે ધરમ ન જાણું ઇમ કહ્યો.

૭. વલી એ સાખતો સુત્ર મધ્યેછે જે કાર્ય વીસેખે લોકીક પક્ષે સમદ્રષ્ટીને શ્રાવકને અન્ય દેવ માનવા પડેછે.

૮. અને તે કહેસે જે असइज. શ્રાવક દેવતાને સાધ ન વાંછે તો તમે કેહોછો જે ચોવીસ તીર્થંકરના ચોવીસ જક્ષ ચોવીશ જક્ષણી રક્ષા કરેછે. વલી સાસન દેવતા સાહાય્ય કરેછે. તેહની થુઇઓ પડીકમણામાં તમે કહોછો. જ્યાર તીર્થ સાહાય ન વાંછે તો એ જક્ષ જક્ષણી કેહેની રક્ષા કરતા હોસે? વલી સેત્રંજા ઉપર ચક્રેશરી માતાને કીમ પુજોછો?

૯. તથા જતીથકાં ગોરા. કાલા ખેત્રપાળ. ભૈરવ. તથા માણીભદ્રાદી જક્ષને આરાધેછે. પોતાની તથા પક્ષની રક્ષા માટે. એ લખે તો દેવતા સાહાયવંછા માટે તમારા ગુરૂ તે પણ સમદ્રષ્ટી નથી જણાતા તે વીચારી જોજો.

૧૦. વલી દ્રુપદીએ નારદને ન વાંદયો સમદ્રષ્ટી માટે. તો શ્રીકૃષ્ણે

સમદ્રષ્ટી થઈને નારદની ભક્તિ કીમ કરી? તે સાખ ગ્નાતા. સોલમે અધ્યયને છે તે લખીછે.

तएणं से पंडुराया कछुल्ल नारयं एज-माणं पासईरत्ता पंचहिं पंडवेहिं कुंतीए देवीए सद्धिं आसणाउ अझुठेईरत्ता कछुल्ल नारयं सत्तठ पयाइं पचुगछइरत्ता तिखुत्तो आयाहिणं पयाहिणं करेतिरत्ता वंदइ न-मंसइरत्ता महरीहेणं आसणेणं ऊवंनिमं-तेइ तएणं से कछुल्लए नारए उदग परि-फासियाये दझोवरि पचुथयाये निसियाए निसियइरत्ता पंडुरायं रजेय जाव अंतेउ-रिय कुसलोदंतं पुछइ.

અર્થ.—ત. તીવારે. સે. તે. પં. પંડુરાજા. ક. કચ્છુલ. ના. નારદને. એ. આવતો થકો. પા. દેખે દેખીને. પં. પાંચ. પં. પાંડવ. કું કુંતી-દેવી. સ. સાથે. આ. આસનથકી. અ. ઉઠે ઉઠીને. ક. કચ્છુલ. ના. નારદને. સ. સાત આઠ. પ. પગ. પ. સાહમો જાઇ જાઇને. તિ. ત્રી-નવાર. આ. આત્મા નમાડી. પ્ર. પ્રદીક્ષણા. ક. કરે કરીને વં. વાંદી. ન. નમસ્કાર કરે કરીને. મ. મોટાને યોગ્ય. આ. આસન. ઉ. આમંત્રે. ત. તીવારે. સે. તે. ક. કચ્છુલ. ના. નારદ. ઉ. પાણીના. પ છાંટા ના-ખીને. દ. ડાભ ઉપરે. પ. પાથરીને. ભી. પાટલી મુકીને. ની. બેસે બેસીને. પં. પંડુરાજાને. ર. રાજને વીષે. જા. જાવત. અં. અંતઃપુરને વીષે. કુ. કુશલનો સમાચાર. પુ. પુછે.

એવી રીતે નારદની ભક્તી કીધી. દ્રોપદીએ વાંદયો નહીં, તે સમયે સમદ્રષ્ટીણી હતી તે માટે, એ કામ રૂડો કીધો. તેજીજ નારદ શ્રીકૃષ્ણ પાસે

આવ્યો. તીહાં શ્રીકૃષ્ણે પણ જાવ શબ્દ મધ્યે પંડુરાજાની પરે ભક્તિ કીધી; વાંદયો તે પાઠ ઇમજછે.

**इमंचणं कछुल्लानारए जाव समोवयई जाव निसिइरत्ता कन्हं वासुदेवं कुशलोदंतं पुछई.**

**અર્થ.**—ઇ. એહવે અવશરે. ક. કછુલ નારદ. જા. જાવત આકાશથી. સ. ઉતર્યો. જા. જાવત. નિ. બેસે બેસીને, ક. કૃસ્ન. વા. વાસુદેવ કુ. કુશળ. સમાચાર. પુ. પુછે.

એ જાવ શબ્દ મધ્યે પંડુરાજાની પરે ભક્તિ સાચવી કહી. એણે મીથ્યાત્વની ભક્તિ લોકીક રીતે કીધી કે ન કીધી?

૧૧. જ્ઞાતા અધ્યયન આઠમે મલ્લીનાથ સ્વામીએ.

**न्हाया जाव बहुहिं खुजाहिं परिवुडा जेणेव कुंभएराया तेणेव उवागछईरत्ता कुंभयस्स पायग्गहणं करेति.**

**અર્થ.**—ન્હા. ન્હાઇ. જા. જાવત. બ. ઘણી. ખુ. ખુજાદાસીએ. પ. પરીવરી. જે. જીહાં. કું. કુંભરાજા. તે. તીહાં. ઉ. આવે આવીને. કું. કુંભરાજાને. પા. પગેલાગવો. ક. કરે

જુવો તીર્થંકર દેવ મીથ્યાતી અવૃતી પીતાને પગે લાગ્યાછે કે નહીં? લોકીક મીથ્યાત્વ ખાતે જાણી જે. ને માતા પીતા તો શ્રાવકપણો મલ્લીનાથ સ્વામીએ સંજમ લીધો તેવારે આદર્યોછે. એટલી સાખ કુલદેવ લોકીક મીથ્યાત્વ સમદ્રષ્ટીને લાગેછે તે ઉપર કહી. સમદ્રષ્ટી ધર્મ હેતે મીથ્યાત્વના દેવ ગુરૂને માને નહીં. લોકીક રીતનો નીષેદ કહ્યો નહીં.

## ૯. सीधायतन सब्दना अर्थ. उत्तर.

ઢીંઢ્યાધરમી કહેછે જે, સુત્ર મધ્યે દેહરાનો નામ સીદ્ધાયતન કહેછે.

તે સીદ્ધનો ઘર જાણવો, અને પ્રતિમા તે સીદ્ધ જાણવી. તે વાત સુત્ર વીરૂદ્ધ કહેછે. જો સીદ્ધાયતન નામ ગુણનીપન માનોછો તો.

૧. ભગવતી નવમે સતકે રૂષભદત્ત બ્રાહ્મણ કહ્યો, તે રૂષભદેવનો દીધો થયો માનશો?

૨. તથા ઉત્તરાધ્યયન અઢારમે કરમ અસંજતીના કરવા મૃગ્યા મારવા માટે ગીયો, તેહનો નામ સંજતી રાજા કહ્યો, તો તે સું સંજતી થયો?

૩. તથા જીવાભીગમ મધ્યે કહ્યો. સાતમી નરકે ગયા તેહને પંચ માહા પુરૂષા કહ્યાછે, તો કાંઇ લોકોત્તરપક્ષના એ માહા પુરૂષા કહેવાસે?

૪. વીજય, વીજયંત, જયંત, અપરાજીત નામે અનુત્તર વિમાનના નામ કહ્યાં, અને તેહીજ ચાર નામે અસંખ્યાતા દ્વિપ સમુદ્રના ચાર ચાર દ્વારના નામ કહ્યાં. તે માટે અણુત્તર વિમાન થકી સ્યો સબંધ થીયો?

૫. અનુજોગદ્વાર મધ્યે નોગુણ નામના ભેદ કહ્યા. તીહાં. अमुदोये. નીર્ગુણ નામ કહ્યો તીમ ૧ રૂષભદત્ત, ૨ સંજતીરાજા, ૩ પંચમાહાપુરૂષા, ૪ અણુત્તર વિમાનના નામ, એ સરવે નોગુણ નામ તીમ સીદ્ધાયતન એ પીણ નોગુણ નામ જાણવો.

૬. ભરથાદીક એકસો સીંતેર વીજયમાં એકર ક્ષેત્રે ત્રણર તીર્થ કહ્યા. ૧ માગધ, ૨ વરદામ, ૩ પ્રભાસ, તે તીર્થ કહ્યા. માટે કાંઇ સમદ્રષ્ટીને માનવાના નથી. તીમ એ સીદ્ધાયતન શબ્દ પણ જાણવો.

૭. જો ગુણનીપન નામ સીદ્ધાયતન માનો તો કહો. એ દેહેરા મધ્યે કીયો સીદ્ધછે તે કહો. તથા તે સીદ્ધને ઘર હોવે? પ્રથમ એકતો એહીજ કહો.

૮. દ્વિપ, સમુદ્ર, દેવલોકે ચારર જીન પડીમા કહીછે. તેહના ચાર નામ સરવે ઠામ એહીજ કહેછે. ૧રૂષભાનના, ૨ વર્ધમાના, ૩ ચંદ્રાનના, ૪ વારીષેણા, એ તીર્થંકરને નામે નામ કહ્યા. તે માટે કાંઇ એ ચાર જીનની પ્રતિમા નથી. તે કીમ જે એ ચાર નામ તો અનંત કાળના ચાલ્યા આવેછે અને રૂષભ, વર્ધમાન, ચંદ્રાનના, વારીષેણા. એચાર જીન તો આ ચોવીસી મધ્યે થાયાછે એ સાંધો કેમ લાગે.

૯. પ્રતિમા સીદ્ધ અને પ્રતિમાનો ઘર તે સીદ્ધાયતન એહવો અરથ કરોછો તો તમારે કહીણ તો દ્રુપદીની પ્રતિમાનો ઘર તેહને સીદ્ધાયતન કીમ ન કહ્યો? તીહાં તો જીણ ઘરે કહ્યોછે. પ્રતિમાના વાસ માટે સીદ્ધાયતન કહીએ તો દ્રુપદીના દેહેરા મધ્યે પ્રતિમા હતી કે ન હતી? જો પ્રતિમા

ન હતી તો પુજ્યો સું? અને પ્રતિમા હતી તો સીદ્ધાયતન કીમ ન કહ્યો? તે કહો. અને સુર્યાભાદીક દેવતાના દેહેરાંછે તેહને સીદ્ધાયતન કહીને બોલાવ્યાછે તે સું ઇહાં પ્રતિમાના વાસ માટે સીદ્ધાયતન નથી કહ્યો. પરમાર્થ તો એછેજે. અસાસ્વતા દેહરાંછે, તેહને તો નાગઘરે. ભુતઘરે. જક્ષઘરે, વેસમણઘરે, કહીએ. ગ્નાતા અધ્યયન બીજે સાખછે. અને જે અનંત કાલના દેહરાંછે તેહને સ્થિવી આશ્રયને સીદ્ધાયતન સંગ્નાએ બોલાવ્યાછે અનંતકાલની સ્થિતીની જે વસ્તુ હોવે તેહને સીદ્ધ કહીએ. તેહની સાખ શ્રી અનુજોગદ્વાર મધ્યેછે તે લખીછે.

सेकिंतं दसनामे२ दसविहे पन्नंते तंजहा गोणे१ नोगुणे२ आयाणपएणं३ पडिचख-पएणं४ पहाणपएणं५ आणादीसिद्धे६ नामेणं७ अवयवेणं८ संजोएणं९ पमाणेणं१०

**અર્થ.**—સે. કોણ તે. દ. દસ નામંર. દ. દસ પ્રકારે. પ. પરૂપ્યા તં. તે કહેછે. ગો. ગુણનીપન નામ ૧. નો. અગુણનીપન નામ ૨. આ. આદી પદ કરી નામ નીપજે તે ૩. પ. પ્રતિપક્ષ ઉપરાંગે કહેછે ૪. પ. પ્રધાન વસ્તુને નામે સંજોગે નામ નીપજે ૫. અ. અનાદી કાલના સીદ્ધ સાસ્વતા નામ તે અનાદી સીદ્ધ નામ ૬. ના. પીતાદીક નામેનામ ૭. અ. કોઇક અવ્યવને સંજોગે નામ કહેવાય ૮. સં. દ્રવ્ય સંજોગે નામ કહેવાય ૯. પ. નામ થાપનાદીક ચાર પ્રકાર નામના ૧૦.

તે મધ્યે અનાદી સીદ્ધે નામ તે સું તે લખેછે

सेकिंतं अणादिएसिद्धे२ धम्मथिकाए अधम्मथिकाए आगासथिकाए जीवथि-काए पुग्गलथिकाए अद्धासमए.

**અર્થ.**—સે. કોણ તે. અ. અનાદી સીદ્ધનાં નામ. ધ. ધર્માસ્થિકાય. અ. અધર્માસ્થિકાય ૨. આ. આગાસ્થિકાય ૩. જી. જીવ ૪. પુ. પુદ્ગલાસ્થિકાય૫. અ. કાલ૬, એ ખટ (છો) દ્રવ્ય.

એ છો વસ્તુને અનાદી સીદ્ધ કહીએ, તે તમારે મતે તો છ વસ્તુને અનાદી શીદ્ધ કહી તે માટે વંદનીક થઇ. તીહાં સીદ્ધ પ્રતિમાનો આયતન ઘર તે શીદ્ધાયતન માનો, તો ઇહાં કાલ. પુદગલ. જીવ. ધર્માસ્થિ, અધર્માસ્થિ. આકાશ. પરમાણુ જીવ અનંત પ્રદેસીક ખંધ તેહને સીદ્ધ કહ્યા. માટે તે પણ વંદાસે. સીદ્ધના ઘરને વાંદસો તો સીદ્ધને કીમ નહી વાંદો? પણ ઇહાં તો સુત્ર પરમાર્થ એહીજ અર્થછે જે, અનંતા કાલની સ્થિતીછે અને સ્વયં સીદ્ધ અણકીધા થયા માટે સીદ્ધાયતન કહીએ.

તીવારે હીંસ્યાધરમી કેહેસે જે વૈતાઢયાદીક પર્વતછે તેને નવ કુટછે. તે નવ કુટ અનંતકાલનાછે. તો તે, નવને સીદ્ધાયતન કુટ કાં ન કહ્યા. સીદ્ધાયતન કુટ એકજ કીમ કહ્યો? પ્રતિમાવાલા એમ પુછે તેને ઊત્તર. અનુજોગદ્વારમાં કહ્યુંછે જે. महया सेयेती महखि. મહી કેતાં જે પૃથ્વી ઉપર સુવેછે તે માટે ભેંસાને મહીખ કહીએ તો પૃથ્વી ઉપર સર્વ મનુષ્યાદીક પશુ સુવેછે, એણે લેખે તો સર્વ મહીખ કહીએ. પણ વીવેખાણ વીન્યા ભેંસાને મહીખ કહ્યો. તથા कुंजरे जतीतो कुंजर कुंज कहीए. વન તેહને વીષે રતી પામેછે તે કુંજર કેતાં હાથી કહીએ. તો વનને વીખે મનુષ્ય સું રતી નથી પામતા? પણ કુંજર નામ તે હાથીનેજ કહીએ. તીમ નવ કુટ અનંતકાલ સીદ્ધછે, જદ્દપી દેવ દેવી અધીષ્ટીતછે તેહને દેવદેવીને નામે કુટ કહ્યા. અને ઇહાં દેવ દેવીનો વીસેસણ નથી તીહાં સીદ્ધાયતન કુટ કહ્યો. અને પ્રતિમાના વાસ માટે સીદ્ધાયતન કહીએ નહીં. શ્રી ગણધર દેવ ભુલે નહીં તે વીચારી જોજો,

## १०. गौतम अष्टापद चढया कहेछे तेहनो उत्तर.

૧. હીંસ્યાધરમી કહેછે જે ભગવંત શ્રી માહાવીરે ગૌતમને કહ્યો. જે તુમે અષ્ટાપદ પર્વત જાઓ ને ભરથના કરાવ્યા બીંબ જુહારો, જીમ તુમને કેવલ ગ્નાન ઉપજે. એ વાત સુત્ર વીરૂદ્ધ કહેછે. જંબુ દ્વીપ પન્નતી મધ્યે કહ્યો. શ્રી રૂખભદેવને કેવલ ગ્નાન ઊપજયો, તીવારે પ્રથમ દેસના દેવતા મનુષ્યને દીધી તીહાં કહ્યો.

धम्मोदेसमाणे विहरई तंजहा पुढवी-

**काईए न्नायणागमेणं पंचमहव्वयाइं स-न्नावणगाइं.**

અર્થ.— ધ. એહવો ધર્મ દેખાડતા પરૂપતા થકા. વિ. વીચરેછે. તં. કહેછે. પુ. પૃથ્વિકાય. ભા. ઇમ ભાવનાને ગમે કરીને આચારંગ સુત્રના બીજા સુત સ્કંધનું ભાવના અધ્યયન થકી. પ. પાંચ માહાવૃત. સ. પચવીશ ભાવના સહીત જાણવો.

પંચ માહાવૃત, બાર વૃત, છકાયની દયા, સલેખણા, એ ધર્મ પરૂપ્યો ઇમ શ્રી માહાવીરે આચારંગ બીજે સુતસ્કંધે ભાવના અધ્યયનમાંહે પ્રથમ ઉપદેશ એમજ દીધો.

૨. વલી ઉવવાઇ સુત્રે કોણીક રાજા આગલે પાંચમાહાવૃત, બારવૃત, સલેખણા, છકાયની દયા, એ ધર્મ પરૂપ્યો પણ કીયાંય સીદ્ધાંત મધ્યે જાત્રા, પુજા, સંઘ કાઢવા, પાહાડ પર્વતે ભમવો, પ્રતિમા ઘડાવવી, દેહરાં કરાવવાં, એ ઉપદેશ તીર્થંકરે, ગણધરે, કીહાંઇ દીધો નથી. તો ગૌતમને અષ્ટાપદ જાવો કીહાંથી કહ્યો?

૩. વલી કથા મધ્યે કહેછે જે. શ્રેણીકરાજાને નરકે જાવું ટાલવાને ચાર બોલ વતાવ્યા. ૧ કાલીકસુરીયો ભેંસા ન મારે. ૨ કપીલા દાસી સાધુને દાન દેવે. ૩ પુણીયો શ્રાવક સામાયક આપે. ૪ તું નોકારસી માત્ર પચખાણ કરે તો નરકે ન જાઇ એમ કહ્યું. પણ અષ્ટાપદ, સેત્રંજાની જાત્રા કરવી ન વતાવી.

૪. તથા શાલીભદ્રે સંજમ લીધો પણ કેટલાં ધનના દેહરાં કરાવવાં. સંઘ કઢાવવા એ ઉપદેશ ન વતાવ્યો.

૫. પ્રદેસી રાજાએ દાનશાળા મંડાવી (પોતાને છાંદે) પણ કેસીકુમારે દેહરા પ્રતિમા કરાવવાં સંઘ કાઢવાનો ઉપદેશ ન દીધો.

૬. કોણીકરાજાને પણ એ ઉપદેશ શ્રીમાહાવીરે ન દીધો.

૭. દ્વારકા બલવાનો પ્રસ્તાવ જાણીને નેમનાથે કૃષ્ણને દેહરા પ્રતિમા પુજવાનો ઉપદેશ દીધો નથી; તો ગૌતમને જાત્રા જાવાનો કીમ કહેસ્યે?

૮. ઉત્રાધ્યયન દશમે ગાથા અઠાવીસમીમાં કહ્યુંછે જે.

**वोछिंदं सिणेह मप्पणो ॥ कुमुयं सा-**

रइयंच पांणीयं ॥ से सव सिणेहवजिए ॥ समयं गोयम मापमायाए.॥२८॥

અર્થ.—વો. છેદ ટાલ. સી. સ્નેહ રાગને. અ. આત્માને. કુ. કમલ જે તે જેમ. સા. સરદ રૂતુનો. પા. પાણીને છાંડીને કમલ ઉંચો રહે તેમ તું પણ. સે. તેહ. સ. સર્વ. સી. સ્નેહે કરી રહીત થકો. સ. સમયમાત્ર પણ. ગો. હે ગૌતમ. મા. મ થા પ્રમાદી (પ્રમાદ ન કર.) ૨૮.

એમાં કહ્યું જે આપણે સ્નેહ ઘણા કાલનો છે. તે તું નિવાર. જીમ કેવલ ઉપજે ઇમ કહ્યો, પણ જાબા જાવો નથી કહ્યો.

૮. વલી ભગવતી સતક ચઉદમે ઉદેસે સાતમે કહ્યો જે.

रायगिहे जाव परीसा पडीगया गोयमादि श्रमणे नगवं महावीरे नगवं गोयमं एवं वयासी चिरसं सिठासि मे गोयमा चिरसंमु ओसि मे गोयमा चिरपरी चयोंसी मे गोयमा चिरजूसि तौसि मे गोयमा चिराणु गत्तोसि मे गोयमा अणंत्तरं देवलोए अणंतरं माणुसे नवे किपरं मरणकायरुस नेहाइत्तो चुयादो वितुला एगठा अविसेस मणाणत्ता नविसामो.

અર્થ.—રા. રાજગૃહ નગરને વીષે તીહાં ભગવંત શ્રીમાહાવીર સ્વામી ગૌતમને કેવલ જ્ઞાનની અપ્રાપ્તીએ કરી સ્વદયા જાણી ગૌતમને આસ્વાસન નીમીતે આમંત્રી તેડીને આપને અને ગૌતમને હુણહાર તુલ્યતા પ્રતે કેવાને અરથે એ કહેછે. હે ગૌતમ આમંત્રણે શ્રમણ ભગવંત શ્રી માહાવીર ગૌતમ પ્રતે આમંત્રી એમ કહે અતીતકાલ લગી સ્નેહ થકી

મુજસું સંબંધ છે ઇસંચીષ્ટ છે. હે ગૌતમ ઘણા કાલ લગી મુઝપ્રતે પ્રસંસાછે. હે ગૌતમ ઘણા કાલ લગી ચલી ચલી દેખવે મુઝને સોં પરીચય છે. હે ગૌતમ ઘણું ચીરંકાલ લગી સેવ્યા પ્રતીતીત પાત્ર છે. હે ગૌતમ ચીરંકાલનો મારે પુઠે આલ્યોછે. હે ગૌતમ ઘણેકાલે અનુકુલવૃતિ ભાવથકી અનુગામી છે. હે ગૌતમ અંતર રહીત દેવભાવને વીષે તીહાંથકી પણ અનંતરો મનુષ્ય ભવને વિષે એટલે ત્રીપૃદ વાસુદેવને ભવે ગૌતમનો જીવ સારથી હતો. ઘણું સું કહીએ મરણ થકી પછે કાયકાયના ભેદ હેતુથકી એહ પ્રત્યક્ષ મનુષ્યના ભવથકી એહુ ચવીને દોવીતી આપ દોન્યુનુતુલ્ય સરીખા હુશે. તીયોગ તીહાં તુલ્ય સામાન્ય જીવ દ્રવ્ય એહુના એકહીજ અર્થ કહેતાં પ્રયોજનછે. એહુને અનંત સુખ પ્રયોજનપણાથકી અથવા નાહા કહીતાં એક ક્ષેત્ર આશ્રીત એહુ સીદ્ધક્ષેત્રની અપેક્ષાએ વીસેખ રહીત જીમ હુવે તીમ અનાનાત્વં નાનાપણા રહીત એહુના તુલ્ય જ્ઞાનાદી પર્યાય હુસ્યે ઇત્યર્થ.

ઇમ કીવો કે હે ગોતમ તાહરે મુઝથકી ઘણા ભવનો સ્નેહ છે. ઇહાંથી ચવ્યાં એહુ મુક્તિ જાસું તીહાં એહુ તુલ્ય થાસું પણ સુત્ર પાઠે અષ્ટાપદ જાવો ઇમ નથી કહ્યો. એહની ટીકા મધ્યે અષ્ટાપદ જાવો કહ્યો છે, તીવારે કહીએ જે ટીકા તો મુલ સુત્ર પાઠનો અરથ છે. એ જાત્રા જાવો બતાવ્યો તે ક્યા મુલ પાઠ ઉપર તે પાઠ દેખાડો. જો પાઠમાં જાત્રા જાવાનો નામ નથી તો ટીકામાં કીહાંથી આવ્યો?

૯. હીંસ્યા ધરમી કહેછે જે, સુર્યની કીરણ પકડી અવીલંબીને ચડયા તે વાત ખોટી છે. કીરણના પુદગલ તો વીસ્સા કહ્યા છે. ઉત્રાધ્યયન અઠાવીસમે ગાથા બારમી કહીછે તે લખેછે.

**सदंधयार उज्जोउ ॥ प्पहा छायातहे-इवा ॥ वन्न गंध रस फासा ॥ पुग्गलाणंतु लखणं ॥ १२ ॥**

અર્થ.—સ. સૂભ સૂભ સબ્દ અહંકાર. ઉ. ઉદ્યોત રતનાદીકનો. પ. પ્રભાકાંતી ચંદ્રાદીકની. છા. છાયા સીતલી. આ. આતપ સુર્યાદીકનો પ્રસન્નતાવડ. એ. એ કહ્યું તે સમુચે. વ. વર્ણ ૧૨. ગં. ગંધ ૮. ર. રસ ૩. ફા. ફરસ ૧૭. પુ. પુદગલાસ્થિકાયનો વલી લ. એ ૨૭ પ્રમોલરૂપ લક્ષણ જાણવો એ છ દ્રવ્યના ગુણ, લક્ષણ કહ્યા. ૧૨.

કીરણ તાપના પુદગલને કોઈ દેવતા સરખોપણ પકડવાને સમર્થ નહીં, જીમ પાણીની ધારા પકડીને કોઇ ચડી ન સકે તીમ.

૧૦. વલી સમવાયંગ સુત્રે કહ્યો જેઃ જંઘાચારણ સાધુ રતન પ્રભાથી.

## सतस्स जोयण सहस्साइं उढं गता तउ पछा तिरियं गइ पव्वतइ.

અર્થ.—સતર હજાર જોજન ઊંચા ઉતપતિને પછે તીરછી ગતી કરે પણ જંઘાચારણ સરખા પણ સુર્યની કીરણ પકડવા સમર્થ નહીં તો કીરણ પકડીને ચડયા કહેછે તે એકાંત જુઠું બોલેછે.

૧૧. વલી અઠાવીસ લબધીના નામ કહેછે.

૧. આમોસહી. ૨. વિપોસહી. ૩. ખેલોસહી. ૪. જલોસહી. ૫. સવ્વોસહી. ૬. સંભિન્ન સોતીયા. ૭. અવ્વધીનાણી. ૮. રૂજુમતિ. ૯. વિપુલમતિ. ૧૦. ચારણ. ૧૧. આસીવિષ. ૧૨. કેવલ. ૧૩ ગણધર. ૧૪. પુર્વધર ૧૫. અરીહંત. ૧૬. ચક્રવર્ત્તિ. ૧૭. બલદેવ. ૧૮. વાસુદેવ. ૧૯. ખીરાસવા મહુયાસવા સપીયાસવા અમીયાસવા. ૨૦. બીજબુધી. ૨૧. કોઠબુધી. ૨૨. પાદાનુંસારણી. ૨૩. તેજોલેસ્યા. ૨૪. સીતલ લેસ્યા. ૨૫ આહારક. ૨૬. વૈક્રીય. ૨૭. અખીણમાણશી. ૨૮. પુલાક.

એ અઠાવીસ લબધી કહી, તે મધ્યે સુર્યકીરણ પકડે તે કહી લબધી થકી?

૧૨. ભગવતી મધ્યે કહ્યો, સકખાઇ અસંવડ અણગાર લબધી ફોરવે તેહને પ્રાયશ્ચિત કહ્યોછે. પ્રાયશ્ચિત લીધા વીન્યા કાળ કરેતો વીરાદ્ધક કહ્યો. વલી સતક વીસમે ઉદેસે તથા બીજા પણ ઘણે ઠામે લબધી ફોરવતાં પ્રાયશ્ચિત કહ્યો છે. જે વાતે વિરાદ્ધિક થાય તે ઉપદેશ ભગવંતજી ગૌતમને કીમ દેવે? વળી કહે કીરણ પકડ્યા વિના ચઢાઈ નહીં તો, પંનરસેં તાપસ બેસી કીમ રહ્યા હતા. તથા ગૌતમના સાધુ શી રીતે ચઢ્યા? સર્વે તો લબધીધારી હુતા નહીં.

૧૩. વળી હીંસ્યાધરમી કહેછે જેઃ પંનરસે તાપસ કેવળી થયા, એ પણ સુત્ર વિરૂદ્ધ કહેછે. સીદ્ધાંત શ્રીભગવતી સતક પાંચમે ઉદેસે ચોથે કહ્યો જેઃ સાતમા દેવલોકના દેવતાયે ભગવતની પાસે આવીને પુછયો જે ભગવંત તમારા કેટલા સાધુ કેવળ પામીને મુક્તિ જાશે. તીવારે ભગવંતે કહ્યો.

# मम सत्तंतेवासी सयाइं सीझीस्संति.

મારા સાતસે કેવળી મુક્તિ જાશે; પણ અધીકા નથી કહ્યા. વળી કલ્પ-સુત્રમાં પણ ભગવતને સાતસેં કેવળીની સંપદા કહી.

૧૪. કદાચીત હીંસ્યાધરમી કહે જે: એ પંદરશેં કેવળી તો ગૌતમની સંપદામાં હતા તે માટે સાતસેમાં ન ગણ્યા, એ પણ જુઠું. ગૌતેમને શિષ્ય તો ઠામ ઠામ સીદ્ધાંત મધ્યે પાંચસેંહ કહ્યા છે. અને કલ્પ સુત્રમાં પણ પાંચસેં સાધુ ગૌતમને અને સુધર્મા સ્વામીને કહ્યા છે.

૧૫. તથા કૃતમ વસ્તુની સ્થિતિ સંખ્યાતા કાલની સુત્રપાઠે ભગવતી મધ્યે કહીછે. તો ભરથના કરાવ્યાં બીંબ શ્રીમાહાવીરના વારા લગે કીમ રહે? અને ગૌતમ કીમ વાંદે?. તે વીચારી જોજો.

## ११. नमोथुणंनो पाठ सुत्रनी साखे.

હીંસ્યાધરમી નમોથુણં કહેછે તેહને છેડે.

# जियभयाणं ॥ जेअअईआसिद्दा ॥ जेअविस्संतणागएकाले ॥ संपइअवट्टमाणा ॥ सव्वेतिविहेणंवंदामी ॥ १ ॥

**અર્થ.**—જી. સાત પ્રકારના ભય રહીત. જે. જે અતીતકાલે તીર્થંકર થઇ સીદ્ધ પર્યાયપણું પામ્યા. જે. જે અનાગત કાલે તીર્થંકર પર્યાય પામી સીદ્ધપણું પામશે. સ. સંપ્રતીતે હમણાં વર્ત્તમાનકાલે જે સીદ્ધ થાયછે, એટલે વર્ત્તમાને જે મહાવીદેહમાં છદમસ્થપણે વીચરેછે તે. સ. સર્વ તીર્થંકરપ્રતે. તિ. મન વચનને કાયાએ ત્રીવીધે કરી. વં હું વાંદુછું. ૧.

એટલો અધીકો પાઠ કહેછે. તે વાત સુત્ર વીરૂદ્ધછે. આવતા કાલના તીર્થંકર હજુસુધી અવીરતી અપચખાણી ચ્યારે ગતી મધ્યે હોવે તે કીમ વંદાએ? પણ એમ જાણે જે ગુણ રહીત આવતા કાલના તીર્થંકર દ્રવ્ય નીખેપેછે, તે વાંદવા માનીએ તો ગુણ રહીત થાપના નીખેપો વાંદતા શેહેલ થાઇ, પણ ઇમ નથી. ઠામ ઠામ સીદ્ધાંત મધ્યે નમોથુણં ઇંદ્રે કીધાં, તથા ઉવવાઇ મધ્યે રાજા કુણીકે કીધાં. અંબડને સીખ્યે કીધાં. રાયપસેણી મધ્યે

સુરીયાભે કીધાં. રાયપસેણી મધ્યે રાજા પરદેશીયે કીધાં. ભગવતી મધ્યે ખંધક મુનીએ કીધાં. ગ્નાતા મધ્યે અરણક શ્રાવકે કીધાં, એમ અનેક ઠામે નમોથુણં કહ્યાંછે, તીહાં સીદ્ધને નમોથુણં કહ્યો તીહાં છેલો પદ ठाणं सपत्ताणं કહ્યો અને અરીહંતને નમોથુણં કહ્યો તીહાં છેડે ठाणं संपावीओ काम्मस એટલા લગે કહ્યો, સેષ પદ કોઇ સુત્રમાં નથી કહ્યાં, તે માટે પ્રખેપીને વધાર્યાંછે.

વલી હીંસ્યાધરમી કહેછે જેઃ નમોથુણંતો ઇંદ્રનો કહ્યો થીયોછે. સીદ્ધાંતતો ગણધરના મુખ વીના છોડાય નહીં. રૂખભદેવ ગર્ભમાં ઉપના તીવારે ઇંદ્રે પોતાના મનથકી જોડયો નથી. પુર્વે ભવના સમદ્રષ્ટી સાધુ હતા તે પંડીત મરણ કરી ઇંદ્રપણે ઉપના તે સું નમોથુણાદીક ઘણા પદાર્થ જાણતા નં હુતા? તથા માહાવીદેહ ખેત્રે સાસ્વતા નમોથુણાછે કે નથી તે જોવો. જીહાં વીદ્યમાન જીનછે તીહાંકણે कांमस्स એ અંતપદ છે સેષ પદ નથી. એટલાં પદ નવાં કેમ જોડ્યાછે?

## १२. च्यार निंखेपानो जाणपणो.

હીંસ્યાધરમી કહેછે જેઃ સ્યાર નીખેપા સુત્ર મધ્યે કહ્યાછે. ૧ નામ નીખેપો. ૨ સ્થાપના નીખેપો. ૩ દ્રવ્ય નીખેપો. ૪ ભાવ નીખેપો. તે માટે સ્થાપના નીખેપો માંનીએછીએ એમ કહેછે, તે વાત સુત્ર વીરૂદ્ધ કહેછે. શ્રીઅનુજોગદ્વાર મધ્યે સુત્રે સ્યાર નીખેપા કહ્યાછે તે સત્યછે, પણ સ્યાર નીખેપા વંદનીક તો કહ્યા નથી. એક ભાવ નીખેપો વંદનીક કહ્યોછે.

**नामजिणाजिण नामा ॥ ठवणानिक्षेपोजिणंदपडीमाउ ॥ दव्वजिणाजिणसरीर॥ नावजिणाजिणआरिहंता. ॥ १ ॥**

એ સ્યાર નીખાપાનો સ્વરૂપ કહ્યો, હવે સ્યાર નીખેપાનો અર્થ વીસ્તારીને સુત્ર અર્થરૂપ કહેછે. અનુજોગદ્વાર મધ્યે પ્રથમ સ્યાર નીખેપા આવસ્યક ઉપર દેખાડ્યાછે. પછે સુત્ર શબ્દ ઉપર દેખાડ્યા છેઃ પછે ખંધ શબ્દ ઉપર દેખાડ્યા છે. પછે જે જે વસ્તુ જગત મધ્યે વરતેછે તે તે વસ્તુ ઉપર ઉતારવા. એ કહી મુક્યો છેઃ તે અનુસારે.

## ૧. અરીહંત શબ્દના ચાર નીખેપા કહેછે.

૧ નામઅરીહંત. ૨ થાપનાઅરીહંત. ૩ દ્રવ્યઅરીહંત. ૪ ભાવઅરીહંત.

૧. તીહાં નામ અરીહંત તે માતા પીતાયે પુત્રનો નામ રૂખભો, સાંતો, નેમો, વીરો, વર્ધમાન, જીનદત્ત, જીનરક્ષક, જીનપાલક, એહવા અરીહંતને નામે નામ દીધાં જીમ અરહણએ સમણોવાસએ ઇત્યાદીક નામ. અરીહંતનામ શરીખપણા માટે નામ અરીહંત, પણ અરીહંતના ગુણ રહીતપણા માટે (અવંદનીક) વાંદવા જોગ નથી.

૨. થાપનાઅરીહંત તે અરીહંતના શરીર સરખો આકાર કીધો. કાષ્ટ, પાખાણ, માટી, ચીત્રામ, ચુંથરા, પીતલ, ધાતુ, પ્રમુખનો તેહને વીશે અરીહંતનો ભાવ આરોપ્યો, પીણ અરીહંતના ગુણ નથી તે માટે અવંદનીક જીમ મલ્લીનાથ સ્વામીયે પોતાની મુરતી કરાવી. તથા ૧ રૂખભાનના. ૨. વર્ધમાના. ૩. ચંદ્રાનના. ૪. વારીખેણા. પર્વતે, દેવલોકે, સાસ્વતી કહીછે. પીણ ગુણ રહીતપણા માટે વાંદવા જોગ્ય નથી.

૩. ધ્રવ્યઅરીહંતના પાંચ ભેદ. ૧ જાણગસરીર. ધ્રવ્યઅરીહંત. ૨ ભવીયસરીર ધ્રવ્યઅરીહંત. ૩ લોકીક ધ્રવ્યઅરીહંત. ૪ કુપ્રાવચનીક ધ્રવ્ય અરીહંત. ૫ લોકોત્તર ધ્રવ્યઅરીહંત. નામ, સ્થાપનાઅરીહંતનો અર્થ શુગમ્ય.

૧. શ્રીઅરીહંતદેવ મુક્તિ ગયા તેહનું શરીર પડ્યુંછે. તે શરીર જાણગસરીર ધ્રવ્યઅરીહંત કહીયે. જીમ એ ઘૃતનો ઘડો હતો તીમ.

૨. તથા ગ્રહવાસે વસતા અરીહંત હજીસુધી અરીહંતના ગુણ આગમીકાળે આવશે. હજીસુધી આવ્યા નથી, તે ભવીય સરીર ધ્રવ્યઅરીહંત.. જીમ એ ઘૃતનો ઘડો હોસ્યે, પણ હજી થીયો નથી તીમ.

૩. તથા લોકીક ધ્રવ્યઅરીહંત તે સત્રુને વાસીને જીતો તે ચક્રી, વાસુદેવ, રાજાદીક.

૪. તથા કુપ્રાવચનીક ધ્રવ્યથકી અરીહંત તે ચોત્રીશ અતીસય વીના દેવ કહાવે, હરી, હર, બ્રહ્માદીક તે.

૫. તથા લોકોત્તર ધ્રવ્યઅરીહંત, તે ગોસાલા પ્રમુખ; જીનસાસનમાંહી કેવલજ્ઞાન વીના અરીહંત કહેવાણા, તે લોકોત્તર ધ્રવ્યઅરીહંત એ પાંચ ભેદ ધ્રવ્યઅરીહંત નીક્ષેપાના કહ્યા.

૪. ભાવઅરીહંત તે લોકોત્તરપક્ષે કેવલજ્ઞાનાદી સર્વ ગુણ સહીત વરતેછે તે વંદનીક વાંદવા જોગ્ય છે, એ અરીહંત પદના ચાર નીક્ષેપા કહ્યા.

### ૨. હવે ગુરૂ આચાર્ય પદના ચ્યાર નીખેપા કહેછે.

૧ નામઆચાર્ય. ૨ થાપનાઆચાર્ય. ૩ દ્રવ્યઆચાર્ય, ૪ ભાવઆચાર્ય.

૧. નામઆચાર્ય તે કોઇ જીવ તથા અજીવનો નામ આચાર્ય દીધું તે નામઆચાર્ય.

૨. થાપનાઆચાર્ય તે કાષ્ટ, પાખાણ, પીતલ, ચીત્રામ, ચુંથરાનો કરી આચાર્યપણે માન્યો, તે થાપનાઆચાર્ય. એ નામને થાપનાઆચાર્ય ગુણ રહીતપણા માટે અવંદનીક.

૩. દ્રવ્યઆચાર્યના પાંચ ભેદ. ૧ જાણગશરીર દ્રવ્યઆચાર્ય. ૨ ભવીયશરીર દ્રવ્યઆચાર્ય. ૩ લોકીક દ્રવ્યઆચાર્ય. ૪ કુપ્રાવચનીક દ્રવ્યઆચાર્ય. ૫. લોકોત્તર દ્રવ્યઆચાર્ય એ પાંચ ભેદ. હવે તેની સમજણ કહેછે.

૧. તીહાં ગુણવંત ગુરૂયે કાલ કીધો, તેહનો શરીર પડયોછે. તે શરીર નામ જાણગશરીર દ્રવ્યઆચાર્ય, જેમ એ ઘૃતનો ઘડો પુર્વે હતો તેમ.

૨. શરીરનો ધણી કાલાંતરે આચાર્યપણો પામશે, પણ હજી પામ્યો નથી. તે ભવીયશરીર દ્રવ્યઆચાર્ય. જેમ એ ઘૃતનો ઘડો થાસે તેમ.

૩. લોકને બોંહોતેર કળા શીખાવે તે લોકીક દ્રવ્યઆચાર્ય.

૪. ત્રણશે ત્રેસઠ પાખંડીના ગુરૂ, તે કુપ્રાવચનીક દ્રવ્યઆચાર્ય.

૫. જીનમારગ મધ્યે હીણાચારી, છકાયની દયા રહીત, પાંચ માહાવૃત રહીત, આધાકરમી આદી દશ દોષ આહાર ઉપધ્ય, ઉપાશ્રય શેવે; તે લોકોત્તર દ્રવ્યઆચાર્ય એ પાંચ દ્રવ્યઆચાર્ય કહ્યા, પીણ ગુણ વીના અવંદનીક.

૪. ભાવઆચાર્ય તે લોકોત્તરપક્ષના સાધુ સતાવીશ ગુણ સહીતઃ કેસી, ગૌતમ, સુધર્મ, જંબુ, પ્રમુખ તે ભાવઆચાર્ય ગુણવંત, વંદનીક. એ ગુરૂ આચાર્યના ચાર નીખેપા કહ્યા.

### ૩. હવે ધર્મ શબ્દના ચાર નીખેપા કહેછે.

૧ નામધર્મ. ૨ થાપનાધર્મ. ૩ દ્રવ્યધર્મ. ૪ ભાવધર્મ. તેનો વીસ્તાર.

૧. નામધર્મ તે કોઇક જીવ અજીવનો નામ ધર્મ, ધર્મદાસ, ધર્મચંદ, ધર્મસી, નામ દીધો તે નામધર્મ અવંદનીક.

૨. થાપનાધર્મ તે ધર્મવંતનો. આકાર આલેખ્યો. કાષ્ટ, પાખાણ, ધાતુ, ચીત્રામ, ચુંથરાદીકનો તે થાપનાધર્મ. ગુણ વીના અવંદનીક.

૩. દ્રવ્યધર્મના પાંચ ભેદ, ૧ જાણગશરીર, દ્રવ્યધર્મ ૨ ભવીયશરીર દ્રવ્યધર્મ. ૩. લોકીક દ્રવ્યધર્મ. ૪ કુપરાવચનીક દ્રવ્યધર્મ. ૫ લોકોત્તર દ્રવ્યધર્મ.

૧. ધર્મવંતનો શરીર જીવ વીના પડયો હોય તે જાણગશરીર ધ્રવ્ય ધર્મ. જેમ એ ઘૃતનો ઘડો હતો તેમ.

૨. એણે સરીરે આગલી કાલે એહને ધર્મના ગુણ આવશે, પણ હજુ આવ્યા નથી. તે ભવીય શરીર ધ્રવ્યધર્મ, જેમ એ ઘૃતનો ઘડો થાશે પણ હજી લગે થીયો નથી તેમ.

૩. લોકીક ધ્રવ્યધર્મ તે ગામ, નગર, દેશ, ન્યાત, જાત, કુલનો, જીત આચાર પાલે તે લોકીક ધ્રવ્યધર્મ.

૪. કૃપરાવચનીક ધ્રવ્યધર્મ તે ત્રણશેં ત્રેસઠ પાખંડીના મત દાનધર્મ, સુચીધર્મ, જાત્રા, સ્નાન, શ્રાધ, જાગ, હોમ, દેવ દેવીના દેહરાં ઇત્યાદીક કુપરાવચનીક ધ્રવ્યધર્મ.

૫. લોકોત્તર ધ્રવ્યધર્મ તે ગોસાલામત, જમાલીમત તેહનો ગ્નાન, દર્શન, ચારીત્ર, પર્વ પ્રમુખ ને છકાયનો વધકરી ધર્મ માને તે.

૪. ભાવધર્મના બે ભેદ. ૧ સુતધર્મ ગ્નાન દર્શનરૂપ. ૨ ચારીત્ર ધર્મ વીરતી તપરૂપ સાધુ ને શ્રાવકનો આચાર, આરંભ પરીગ્રહ રહીત વીખય કખાય રહીત એ ભાવધર્મ લોકોત્તર તે વંદનીક.

એ દેવ, ગુરૂ, ધર્મના ચાર નીક્ષેપા કહ્યાછે, ઇમજ જાવ આવસ્યક પ્રમુખ ઘણા પદાર્થના ચાર નીક્ષેપા અનુજોગદ્વાર સુત્રમાં કહ્યાછે, તે મધ્યે એક ભાવ નીક્ષેપો લોકોત્તર પક્ષનો વંદનીક. સેખ ભેદ અવંદનીક જાણવા.

૧. હવે કોઇ હીંસ્યાધરમી કહેશે જે તીર્થંકરના ચાર નીખેપા વંદનીક છે. તે અમે વાંદીએછીએ. તેનો ઉત્તર. જો તીર્થંકરનો નામનીક્ષેપો વાંદવો તો તીર્થંકરને નામે અનેક પુરૂષછે. રૂખભો, સાંતો, નેમો, વીરો, વર્ધમાન, એહને તીર્થંકરના નામના શરીખપણા માટે વાંદતા કેમ નથી? તેવારે હીંસ્યાધરમી કહેશે જે, લોગશ મધ્યે ચોવીશ તીર્થંકરના નામ લીજેછે. તે નામ નીખેપો વાદીએછીએજતો. તે ઉત્તર. લોગશ મધ્યે ચોવીશ તીર્થંકરના નામ લીજે તેતો નામ સંગ્નાછે તે નામ નીખેપો નથી અનુજોગદ્વાર મધ્યે કહ્યોછે જે.

**नामाणी जाणि काणिय ॥ दव्वाणय पजवाणंवा ॥ तेसिं आगम निहस ॥ नामतिपरुवियासन्ना. ॥ १ ॥**

અર્થ.—ના. નાંમ. જા. જે કોઇક. દ. જીવ અજીવ ધ્રવ્યના. ગુ. ગ્નાનાદીકા અનેક રૂપાદીકા ગુણના. પ. નારકાદીકના અનેક, કૃષ્ણપણાદીક નામ. જીવના નામ જીવજંતુ આત્મા પ્રાણી ઇત્યાદીક આકાશ નામ આકાસભં તારા પથવ્યોમ અંબર ઇત્યાદી ગુણ નામ ગ્નાન બુદ્ધિ બોધ તથા રૂપ, રસ, ગંધ, સ્પર્શ, ઇત્યાદીક તથા પર્યાય નામ નારકી ત્રીયંચ નરદેવ તથા એક ગુણ કૃસ્ન ઇત્યાદીક. આ. આગમ ગ્નાનરૂપણી જે કસોટીને વીખે નામ પદવી સંગ્નારૂપણી જીમ સોનું, રૂપું, કસોટીએ પરખે તીમ સોના રૂપા સરખા જીવ પદાર્થ પરખીને કીજે, નામાદીકનું ગ્નાન તે કસોટીછે.

લોગસ મધ્યે નામછે, તે તો મુક્તિ ગયા ભાવ સીદ્ધ નીખેપા મધ્યે વરતેછે. એ નામ નીખેપો નહીં. તીર્થંકરના નામ અનેરી વસ્તુ મધ્યે પામીએ, તે વસ્તુ નામ દ્વારે તીર્થંકર નામ થકી મીલે તે વસ્તુને નામ નીખેપો કહીએ. તે માટે તુમારે મતે જીન નામે જે પુરૂષ હોય તે સર્વ તુમારે વંદનીક જોઇએ. તેહને કીમ નથી વાંદતા? જીવારે ચોવીશ જીનવર વરતતા હતા તીવારે નામ તો એહીજ હતા. પીણ નામ નીખેપો ન કહીએ સાક્ષાત ભાવ નીખેપો હતો. રૂષભાદીકનો નામ રૂષભાદીક તો તે નામ નીખેપો નહીં, તે નામ સંગ્ના કહીએ, જે અનેરાનું નામ રૂષભાદીક કહેવાય તેહ વસ્તુનું નામ નીખેપો કહીએ, તે તમે કાં વાંદતા નથી?

૨. તેથી નજીક થાપના નીખેપો તેતો તમે માનોછો. તેહની ચરચા આગલે કહેવાશે, પેહેલા ધ્રવ્ય નીખેપાની લખેછે.

૧. તમે કહોછો જે, ભરથેશરે ત્રીડંડીઆને ચરમ તીર્થંકર થાતો જાણીને વાંદયો. એ ધ્રવ્ય જીન વંદનીક થયો, પણ એ વાત તો સીદ્ધાંત મધ્યે કીહાંય કહી નથી. સીદ્ધાંત મધ્યે અંતગડ સુત્રે પાંચમે વર્ગે શ્રીકૃષ્ણને નેમનાથ સ્વામીએ કહ્યો જે.

**एवं खलु तुमं देवाणुप्पिया तच्चाउ पुढवीउ उजलोयाउ नरगाउ अणंतरं उव्वट्टित्ता इहेव जंबुद्दीवेर भारहेवासे पुंडेसु जणवएसु सतदुवार नयरे बारसमो अम-**

म्मो नाम अर्हा नविस्सह तथ तुम्मं बहुरं वासाइं केवली परियागं पाउणित्ता सिझिहिति तएणं से कन्हे वासुदेवे अरहउ अरिठनेमी अंतिए एयमठं सोचा निग्रम्म हठ तुठे अफोडेइरत्ता तिवइछेदिईरत्ता सींहनायं करेईरत्ता.

અર્થ.—એ. એમ. ખ. નીશ્ચે. તુ. તમે. દે. હે દેવાનુંપ્રીય. ત. ત્રીજી. પુ. પ્રથવી. ઉ. ઉજલી સુષ. ન. નરકથકી. અ. આંતરા રહીત ઉ. નીકલીને. ઈ. એહીજ. જં. જંબુદ્વિપે૦ર. ભા. ભરથ ખેત્રે. પુ. પુંડ. જ. દેશને વીખે. સ. સયદ્વાર. ન. નગરને વીખે. બા. બારમો. અ. અભમ. ના. નામે. અ. તીર્થંકર. ભ. થાઇશ. ત. તીહાં. તુ. તમે. બ. ઘણા. વા. વરશની. કે. કેવલીની. પ. પર્યાય. પા. પાલીને. સિ. સર્વ કાર્ય સીદ્ધ થાશે મુક્તિ જાશે. ત. તીવારે. સે. તે. ક. કૃષ્ણ. વા. વાસુદેવ. અ. અરીહંત. અ. અરીષ્ટનેમીને. અં. સમીપે. એ. એ અર્થ. સો. સાંભલીને. નિ. વિમાશી. હ. હર્ષ. તુ. સંતોષ પામે. અ. અસ્ફોટ કર્યો, હર્ષ કરીને. તિ. ત્રીહુફાળે ઉદક્યો ઉદકીને. સીં. સીંહનાદ કરે કરીને.

હે કૃષ્ણ તું બારમો જીન થાઇશ એમ કહ્યો. તે સાંભલીને શ્રીકૃષ્ણ હરખ્યા, નાચ્યા. કુદ્યા, ત્રીપદી છેદી, સીંઘનાદ કીધો, પોતાના મન થકી આનંદ પામ્યા, પણ જીન ધ્રવ્ય જાણીને કોઇ ગણધરે, સાધુએ, શ્રાવકે, દેવતાએ, વાંદ્યા નહીં. પ્રસંસ્યા નહીં. તો ધ્રવ્ય નીખેપો કેમ વંદનીક હોવે?

૨ વલી ઠાંણાગ સુત્ર નવમેઠાણે શ્રીમાહાવીરે સભા મધ્યે કહ્યો જે, શ્રેણીક રાજા મુજ શરીખો જીન પ્રથમ થકી થાશે આઉખો, ઔગાહણા, પરીવાર, પરૂપણા, મુજ સરખી કરશે એમ કહ્યો. પણ તે સમયે સાધુ, શ્રાવકે, ગણધરે, દેવતાએ, કોઇએ વાંદ્યા નહીં. તો ધ્રવ્ય નીખેપો વંદનીક કીમ હોવે?

૩. વલી જ્ઞાતા અધ્યયન આઠમે અરણક શ્રાવક મીથુલાનગરીએ ગયા. કુંભરાજાને કુંડલનો જોડો આપ્યો, પીણ અંતેઉર મધ્યે મલ્લીનાથ સ્વામી

ત્રણ જ્ઞાન ખ્યાયક સમકીત સહીત ચોસઠ ઇંદ્રના પુજનીક હતા, તેહને જાણે છે. તો ધ્રવ્ય નીખેપાને વાંદવા કીમ ન ગયા? તથા કોઇ સાથે વંદણા પોહો-ચાડી પીણ કીમ નહીં? તથા કુંડલ જીન જાણીને ભેટ કેમ કીધાં નહીં? તો ધ્રવ્ય નીખેપો વંદનીક કીમ હોવે?

૪. વલી છ રાજા મોહનઘરમાં આવ્યા, ત્યાં મલ્લીનાથ સ્વામીને સાક્ષાત જીન જાણ્યા, પોતાને જાતી સમરણ પામ્યાના, ઉપજવાના, કારણીક જાણ્યા, પણ વંદના કીધી નહીં, તો ધ્રવ્ય નીખેપો વંદનીક કીમ હોવે?

૫. વલી મલ્લીનાથ સ્વામીની પ્રતિમાને સ્થાપના નીખેપો જાણીને પોતાને જાતી સમરણનું તથા ચારીત્રનું કારણીક જાણીને વાંદીએ નહીં. તો સ્થાપના નીખેપો પણ વંદનીક કીમ હોવે?

૬. સમવાયંગ મધ્યે વર્ત્તમાન ચોવીશ જીનના ભાવ નીખેપાના ધણી જીનના નામ ગણધરે લીધા તીહાં કહ્યો.

**उसभ्न मजीयं च वंदे जिणं च चंदपहं वंदे धम्मो संतं च वंदामी वंदे मुनीसुवयं नेमिजिणं च वंदामी.**

**અર્થ.**—ઉ. રીખભદેવ સ્વામી. મ. અજીતનાથ સ્વામી. વં. વાંદુછું. જી. રાગ દ્વેષના જીતનાર. ચ. વલી. ચં. ચંદ્રપ્રભુ સ્વામી. વં. વાંદુછું. ધ. ધર્મનાથ સ્વામી. સ. સાંતીનાથ સ્વામી. ચ. વલી. વં. વાંદુછું. વં. વાંદુછું મુ. મુનીસુવ્રત સ્વામી. ન. નમીનાથ સ્વામી. ચ. વલી. વં. વાંદુછું

એ વંદે શબ્દ કહ્યો, અને આવતી ચોવીશીના જીન થાણહાર છે. શ્રે-ણીક, કૃષ્ણાદીકના જીવ તેહના નામહીજ કહ્યા, પીણ વંદે શબ્દ ન કહ્યો. હજીસુધી અવૃતી અપચખાણી વરતેછે તે માટે, તો ધ્રવ્ય નીખેપો વંદ-નીક કીમ હોવે?

૭. વલી ભગવતી શતક નવમે ઉદેશે બત્રીશમે ગંગેય આણગારે શ્રી માહાવીરને ધ્રવ્ય જીન જાણ્યા, તીહાં લગે વાંદયા નહીં. પછે ભંગજાલ પુછી નિઃસંદેહ થયો, સાક્ષાત ભાવનીખેપે કેવલી જાણ્યા, પછે વાંદયા તે પાઠ લખેછે.

**तप्पभिइंचणं से गंगेय श्रणगारे समणं**

# भगवं माहावीरं पच्चन्नि जाणइ सव्वनुण सव्वंदरसी.

**અર્થ.**—ત. જે સમયને વીષે ભગવંત અનંત રોક્ત વરક્ત કહ્યું તે-હીજ સમય પ્રભૃતિ કહેતાં આદે દેઇને તે ગંગેય અણગાર ભગવંત શ્રી માહાવીર પ્રતે જાણે. ઇ સર્વ વસ્તુના જાણ, સર્વ વસ્તુના દેખણહાર.

તો દ્રવ્ય નીખેપો વંદનીક કીમ હોવે?

૮. વલી શ્રીતીર્થંકર દેવ ઘરવાસે હોવે, છકાયને આરંભે વરતે તીહાં લગે સાધુ, શ્રાવક, વાંદે નહીં અવરતી માટે, તો દ્રવ્ય નીખેપો વંદનીક કીમ હોવે?

૯. જુવો જેઃ દ્રવ્યનિખેપા મધ્યે ત્રણ ગ્નાન ખાયક સમકિત, કેટલાએક અતિશય છે. તેહેને સાધુ, શ્રાવક, વાંદે નહીં. તો થાપનાનિખેપા મધ્યે ગ્નાન, દરશન, ચારીત્રનો એકહી ગુણ નહીં, તે વંદનિક કીમ હોવે? તથા દ્રવ્ય ગુરૂ દ્રવ્યનિખેપે વરતેછે, તે પણ સિદ્ધાંત મધ્યે અવંદનિક કહ્યા છે.

૧. ઉપાસગદસાંગ મધ્યે સાતમે અધ્યયને સકદાલ કુંભાર સમકિત પામ્યા પછી સાધુના વેશ સહીત ગોસાલાને પોતાને ઘેર આવ્યો દેખ્યો, તો પણ વાંદ્યો નહીં. લીંગ સાધુનો છે, પણ ગુણ નહીં તે માટે.

૨. તથા સીલંગરાજ રૂષીના શીષ્ય ચારસેં નવાણું ગુરૂનો આચાર સીથલ જાણીને મુકી ગયા, પણ દ્રવ્યગુરૂ જાણીને પાસે ન રહ્યા.

૩. તથા જમાલીના સાધુ જમાલીને મીથ્યાતી જાણી દ્રવ્યગુરૂને મુકી ભાવગુરૂ શ્રી મહાવીર પાશે આવ્યા.

૪. તથા ગોસાલે ભગવંતને તેજુલેસ્યા મુકી, તે દેખીને ગોસાલાના શીષ્ય દ્રવ્યનિખેપાનો ગુરૂ ગોસાલો તેહને મુકી ભગવંત પાશે આવ્યા, તો દ્રવ્યનિખેપાના ગુરૂ વંદનિક કીમ હોવે?

૫. તથા સાધુ ચારીત્રીયો સાધુને વેસે હોય અને આરંભ, પરીગ્રહ, વિષય, કષાય, સેવે તેહેને સાધુ, શ્રાવક, વાંદે નહીં, તો દ્રવ્યનિખેપો વંદનિક કીમ હોવે? એમ અનેક સુત્ર સાખ જાણવી. ભાવનિખેપા વિના વંદનિક ન હોવે. જો દ્રવ્યનીખેપો ગુણ વિના વંદનિક નહીં તો થાપના નીખેપો નિર્ગુણ વંદનીક કીમ હોવે?

૧૦. જીમ પાષાણના લાડુ કર્યા, થાપના લાડુની કેરાવી, પીણ ભુખ ન ભાંગે, સ્વાદ ન આવે. તેમજ પથ્થરના ઘોડા. નર, નારી. વનસ્પતિ.

જેટલી વસ્તુની થાપના થાપે તેણે તે વસ્તુની ગરજ ન સરે. માતાને અભાવે માતાની થાપના, ભરથારને અભાવે ભરથારની થાપના કીધી; બાલકને દુધની ગરજ ન સરે, સ્ત્રીને ભોગની ગરજ ન સરે. એક પથ્થરના ત્રણ ખંડ (કટકા) કીધા; એકની ગાય કરી, એકનો વાઘ કર્યો, એકનો દેવતા કર્યો: ગાય દુધ ન દેવે, વાઘ મારે નહીં, દેવ તારે નહીં. તો થાપના નિખેપો કથનમાત્રહીજછે, પણ ગુણ રહીત, માટે ગરજ ન સરે તે વીચારજો.

૧૧. તથા હીંસાધરમી કહેછે જે: દ્રવ્યનિખેપો અવંદનિક કહોછો, પણ સુત્ર મધ્યે જુઓ, ગર્ભમાં રહ્યા તીર્થંકરને તથા તીર્થંકરના મૃતક શરીરને ઇંદ્રે વાંદ્યા છે, તો અવંદનિક કીમ હોવે? તેનો ઉત્તરઃ—જંબુદ્વીપ પન્નતી મધ્યે છપન દીસાકુમારી જન્મ મહોચ્છવ કરવા આવી. તીહા જીત આચાર કહ્યો છે. તે પાઠ લખેછે.

**उपन्ने खलु न्नो जंबुद्दीवेर न्नगवं तिथयरे तं जीयमेयं तीत पच्चुपन्न मणागयाणं अहोलोग वथवाणं अठन्हांदिशाकुमारिणं महातारीयाणं न्नगवउं तिथयरस्स जम्ममहिमा करित्तए.**

**અર્થ.**—ઉ. ઉપના. ખ. નિસ્ચે. ભો. ભોઇતિ, આમંત્રણે. જં. જંબુ દ્વીપનામા દ્વીપને વિષે ભ. ભગવત. તિ. તીર્થંકર. તં. તે ભણી. જી. જીત આચાર છે. એ. એહ. અ. અતીતકાલ થયા. પ. હવણાં વર્त्तમાન કાળેછે. અ. અનાગત કાળે થાશે. અ. અધાલોકની. વ. વસનારી. અ. આઠ દિસા કુમારીકા. મ. મોટી રૂધીની ધણીઆણી, ભગવંત તીર્થંકરનો. જ. જન્મ મહોચ્છવ મહીમા. ક. કરવાનો આચાર છે.

ઇમ સર્વે ઇંદ્રે પણ વીચાર્યો. વળી એહીજ સુત્ર મધ્યે રૂખભદેવ સ્વામીના નિર્વાણ સમયે ઇંદ્રે ઇમ વીચાર્યો જે.

**परिनिव्वुए खलु जंबुद्दीवेर न्नरहेवासे**

**उसमे अरहा कोसलीए तंजीयमेयं तीय च्चुप्पन्न मणागयाणं सक्कणंदेविंदाणं देवरायातीणं तिथयराणं परिनिवाणं महिमं करित्तए.**

**અર્થ.**— **પ.** પરિનીવૃત મોક્ષ પોહોતા. **ખ.** નિશ્ચે. **જં.** જંબુદ્વીપ નામા દ્વીપને વિષે. **ભ.** ભરતક્ષેત્રે. **ઉ.** ઋષભદેવ સ્વામી. **અ.** અરીહંત **કો.** કોસલીક. **તં.** તે માટે જીતઆચાર છે. **એ.** એહ અતીત. **પ.** વર્તમાન. **અ.** અનાગત કાળના. **સ.** સૌધર્મેંદ્ર. **દે.** દેવતાનો ઇંદ્ર. **દે.** દેવતાનો રાજા હુઇ. **તી.** તીર્થંકરનો **પ.** પરી નિર્વાણ. **મ.** મહીમા કરે.

ઇમ સર્વે ઇંદ્રે વીચાર્યો, તો એ પણ વ્યવહાર મધ્યે ગણ્યો. પણ દ્રવ્ય નિક્ષેપાની ભક્તિ નિર્જરા હેતુ ન ગણી. જો નિર્જરા હેતુ હોવે તો, જીતવ્યવહાર મધ્યે કીમ કહે? જીમ અનાર્ય પુરૂષ માંશ ભક્ષણ ધરમ જાણીને મુકે તેહને ધરમ હોવે. અને વાણીયા પોતાના કુળઆચારના લીધા માંશ ભક્ષણ નથી કરતા. પણ તે કાંઇ ધરમખાતે નથી. કુળઆચારની રીતે મુક્યો છે. પણ વૃતનો લાભ નહીં. તથા મનુષ્ય કુસીલનો ત્યાગ કરે. ધરમ જાણીને તો તેહને ધરમ થાય. અન મુક્યે, અપવાસ પચખ્યે, લાભ થાય, પણ અણુત્તરવાસી દેવતા તેત્રીશ હજાર વરશે આહાર કરેછે. પણ તે માટે નોકારસીનો પણ લાભ નથી. એહનો એહવોજ જીતઆચાર છે. તે માટે જીત વ્યવહાર ધરમ મધ્યે ન ગણાય. તથા રાજા, શ્રાવક, સમદ્રષ્ટીએ શ્રી ભગવંતને તથા સાધુને વંદણા કીધી, તીહાં જીતવ્યવહાર નથી કહ્યો. તથા એહીજ ભગવંતને ભાવે વાંદવા આવ્યા. તીહાં જીતવ્યવહાર નથી કહ્યો. અને દેવતા નમોથુણં કહેછે તે પણ જીતવ્યવહાર મધ્યેજ છે. જે દેવલોકની પ્રતિમા આગળે તથા ગર્ભમાં રહ્યા તીર્થંકરને નમોથુણં કહેછે, પણ સાક્ષાત ભગવતને વાંદવા આવ્યા, તીહાં ભગવંત હજુર કોઇએ નમોથુણં કહ્યે થકે સું પાપ લાગત? પણ કોઈ દેવતાને ઈ ચાલ જીત વ્યવહાર એવોજ જણાયછે. તથા તીર્થંકર મુક્તિ ગયા પછે ઇંદ્ર ત્રણ થુભ કરાવે. તે પણ ઇંદ્રનો જીતવ્યવહાર છે. જો થુભ કરાવ્યે ધર્મ હોવે તો. કોઈ રાજાએ તથા શ્રાવકે કીમ ન કરાવ્યાં? પીણ ઇમ જાણજો જે દેવતાની

કરણી જીતવ્યવહાર મધ્યે છે. પણ મનુષ્ય શ્રાવકે ક્યાંઈ દ્રવ્ય નિખેપો વાંધ્યો નથી કહ્યો. તે વીચારી જોજો.

૧૨. વળી હીંસ્યાધરમી કહેછે જે, થાપના નિખેપા મધ્યે તો શ્રી વિતરાગનો ગુણ નથી. પણ આપણે ધ્યાનનું કારણ છે, તે માટે વાંદીએ છીએ. તેનો ઉતર. જો પ્રતિમા દેખેજ શુભ ધ્યાન આવે તો મલ્લીનાથ સ્વામીનો રૂપ દેખી છ રાજા કામવ્યાપ્ત કેમ થયા? ઉપસમભાવ તો મલ્લીનાથ સ્વામીના ઉપદેશ થકી ઉપનો છે. જો પ્રતિમા દેખે તો સુભધ્યાન આવે, તો એટલા અનાર્ય મનુષ્ય પ્રતિમાને ખંડીત કરેછે, તેહને સુભધ્યાન કાં ન ઉપજે? માટે દયાથી દ્વેશ મુકી વિચાર કરો.

## १३. नमुनो देखीने नाम सांभले कहेछे. ते उत्तर.

વળી હીંસ્યાધરમી કહેછે જે, નમુનો દેખીને ભગવતનો નામ સાંભળેછે, તે માટે થાપના વાંદીએ છીએ. તેનો ઉત્તરઃ સુત્ર ઉત્રાધ્યયન, અઢારમે છેતાલીશમી ગાથામાં કહ્યો છે જેઃ—

**करकंडु कलिंगेसु ॥ पंचालेसुय दुम्महे**
**नमीराया विदेहेसुं ॥ गंधारेसुय नग्गई ४६**

**અર્થ.**—ક. કરકંડુક રાજા. ક. કલીંગ દેક્ષને વીખે. પં. પંચાલ દેશને વીખે. દુ. દુમ્મહ રાજા બુઝયો. ન. નમી રાજા વીદેહ દેશને વિષે બુઝયો, ગંધાર દેશને વીખે. ન. નિગઈ રાજા બુઝયો. ૪૬.

૧. કરકંડુરાજાએ કલીંગ દેશનો રાજ મુક્યો. વૃખભ દેખી બુઝયો.
૨. દુમુખ રાજાએ પંચાલ દેશનોરાજ મુક્યો. થંભો દેખીને બુઝયો.
૩. નેમી રાજાએ વિદેહ દેસનો રાજ મુક્યો. ચુડી દેખીને બુઝયો.
૪. નિગઇ રાજા ગંધાર દેશનો રાજ મુક્યો. આંબાનો વૃક્ષ દેખી બુઝયો.
૫. વલી એકવીસમે અધ્યયને સમુદ્રપાલ ચોર દેખીને બુઝયો.

એ પાંચ જણ પાંચ વસ્તુ દેખીને બુઝ્યા, પણ ૧ વૃખભ, ૨ થંભ, ૩. ચુડી, ૪. આંબો, ૫ ચોર, એ પાંચને પોતાના જાતી સમરણ ઉપજવાના તથા સંજમ લેવાના ઉપગારી કારણ જાણીને કોઇએ ૧ વૃખભ, ૨ થંભ. ૩. ચુડી, ૪ આંબો, ૫ ચોર, એ પાંચને વાદયા નહીં, તો કીમ

બીજા વાંદશે? વૈરાગ્ય ઉપજવાનો નિસ્ચે કારણ તો પોતાનો ખયોપસમછે, અને બાહાય કારણ તો અનેકછે. ભરથેશર આરીસા ભવનમાં કેવલગ્નાન પામ્યા, તે માટે કાંઇ આરીસા ભવનને વાંદયો, પુજ્યો, નહીં. તે માટે બાહય કારણ વંદનીક નહીં, જીમ છ રાજા મોહનઘર મધ્યે મલ્લીનાથની પ્રતિમા. દેખી, તથા મલ્લીનાથને દેખ્યા, પોતાના સંજમના, જાતીસમરણના, કારણીક જાણીને પ્રતિનાથને તથા મલ્લીનાથને વાંદ્યા કહ્યા નથી. એ સુત્રસાખ જાણવી. તથા પ્રતિમાને ધ્યાનને કારણ જાણીને જીનમારગી વાંદે, તો રાજગ્રહી, ચંપા, આલંબીઆ, તુંગીયા, હથીણાપુર, દ્વારકાં વનીતા, ઇત્યાદીક નગરીના કોટ, ખાઇ, ચૌહટા, રાજભવન, વૈસ્યાના વર્ગ, લઇ વખાણ્યા વર્ણવ્યા, તો તે નગરી મધ્યે ઘણા શ્રાવકના વર્ગ, રહીતા હુતા. રાજા પણ ભગવંતના પરમ ભક્તિવંત હુતા. તો તે નગરીમાં દેહરાં કીમ ન વરણવ્યાં? જક્ષના દેહરાં ઠામ ઠામ કહ્યાં, તો જીનના દેહરાં કીમ ન કહ્યાં? તથા ભગવંતને વીરહે આનંદ, સંખ, પોખલી, પ્રમુખ શ્રાવકે ચીત્રામની પ્રતિમા પણ પુજી નથી કહી. આજ પ્રતિમા વાંદવા માટે સંઘ કાઢોછો. તો સાક્ષાત ભગવંત વિત્તરાગને વાંદવા માટે કોઇએ શ્રાવકે સંઘ કીમ ન કાઢયા? તેહને ધનની સી ખોટ હતી? તથા સુબાહુ કુમાર વિપાક સુત્રમાં તથા ઉદાઇ રાજા ભગવતીમાં એમ ભાવના ભાવી કે, જો ભગવંત ઇહાં આવે તો હું વાંદુ, પણ ઇમ કેણેઇ ચીતવ્યો નહીં જે, સંઘ કાઢીને વાંદવા જાઇએ તો પ્રતિમા વાંદવી કીહાં રહી?

કેટલાએક દયાના દ્વેશી કહેછે જે, પ્રતિમા ભગવંતનો નમુનોછે. તે વાત કીમ મીલે? ઉવવાઇ સુત્ર મધ્યે કહ્યોછે જે, થીવર ભગવંત કેહવાછે.

**अजिणा जिण संकासा जिणाइव अवित्तहं वागरेमाणाः**

**અર્થ.**—અ. પરમ. અ. રાગ દ્વેશ જીત્યા નથી, પણ જી. જીત્યા એહવા જીન વિત્તરાગ. સ. સરીખાછે. જી. જીન વિત્તરાગનીપરે. અ. સાચાછે. **વા.** ઉત્તર પડુત્તર કહેતાં થકાં.

ઇમ સાધુને વીરદ કહ્યો, પીણ પ્રતિમાને अजिणा जिण सकासा કહેતા પરમ રાગદ્વેખ જીત્યા નથી. પણ જીત્યા એહવા જીન વિત્તરાગ સરખાછે, એહવો નથી કહ્યો.

ભગવંતે દેવાનંદા બ્રાહ્મણીને કહ્યો જે, मग अम्मगा પીણ કીહાંઇ ઇમ નથી કહ્યો જે, मम पडीमा તો નમુનો કેહેનો હુસ્યે?

વલી નમુનો તો કેહેનો નામછે જે, ઘણી વસ્તુ પડી હોવે, તે માંહીથી થોડીસી દેખાડે તે નમુનો કહીએ, પણ વસ્તુ ફેર હોઇ તો નમુનો નહીં, જેમ સોનાનો નમુનો તે સોનો, પણ પીતલ, તો નહીં. આંબાનો નમુનો તે આંબો, પણ આકડો તો નહીં. હાથીનો, નમુનો તે હાથી પણ ગર્દભ (ગધેડો) તો નહીં. અસ્ત્રીનો નમુનો તે અસ્ત્રી પણપુતલી તો નહીં. રતનનો નમુનો તે રતન, પણ કાંકરો તો નહીં. એમ ઘણાં દ્રષ્ટાંતછે. તીમ જ્ઞાન, દર્શન, ચારીત્ર, ગુણ સહીત સાક્ષાત વિત્તરાગદેવ તેહનો નમુનો તે સાધુ, જ્ઞાન, દર્શન, ચારીત્રવંત તે, પણ જ્ઞાનાદીક ગુણહીણ પ્રતિમા તે નમુનો નહીં. સાધુનો નમુનો તે સાધુજ, પણ ગોસલા, જમાલીમતી, પાસથા, વેષધારી, નિઃનવ તે નમુનો નહીં, ગુણ રહીત માટે. અને વેષ સરખા તેથી સમદ્રષ્ટી, શ્રાવક, તેહને વંદણા કરે નહીં. તો શ્રીવિત્તરાગના ગુણ વીના વિતરાગની પ્રતિમા કીમ વંદનીક થાય?

## ૧૪. नमो बंभीए लीवीए कहेछे. तेनो उत्तर.

હીંસ્યાધરમી કહેછે જે, ભગવતીને ધુરે नमो बंभीए लीवीए એહવો પાઠ છે. તેહનો અર્થ નમસ્કાર હોવે. તે ઉત્તર. બ્રાહ્મીલીપીકને તીહાં ઇમ કહેછે જે, અઢાર લીપી અક્ષરની સ્થાપના તે રૂખભદેવ સ્વામીએ પોતાની પુત્રી બ્રાહ્મી પ્રતે શીખાવે તે રૂખભદેવનેજ નમસ્કાર થયો. એટલે લીપીકર્મનો સીખાવણહાર તેહીજ લીપી કહીએ. જીમ અનુજોગદ્વારે પાથાનો જાણ પુરૂષ તેહીજ પાથો, તીમ લીપીનો જાણહાર, સીખાવણહાર, તેહીજ લીપીક તેહને નમસ્કાર થયો. એણે ભાવ નય પ્રમાણે રૂખભદેવનેજ નમસ્કાર શુધર્મ સ્વામીએ કીધો. મુલ અર્થ તો એહછે. અને કેટલાએક ઇમ કહેછે જે, લીપી વિધ્યાન અઢાર ભેદે સ્થાપના અક્ષર તેહને નમસ્કાર કીધો. થાપના નીખેપો ઠરાવવા માટે ઇમ અર્થ કહેછે, પણ એ વાત સુત્ર વીરૂદ્ધછે. તે કીમ જે, જીનાગમ સીદ્ધાંતવાણી સુધર્મ સ્વામી છતાં સીદ્ધાંત અક્ષરરૂપ થાપનાઇ કાહાં હતા? વીર નીર્વાણ પછે નવસેંહ એંસી વરસે પુસ્તકારૂઢ જ્ઞાન થયોછે,

તો અક્ષર સ્થાપના શુધર્મ સ્વામીએ કીહાંથી વાંદયા? વલી ભાખ્યારૂપે, લી-ખત થાપનારૂપે, અક્ષર આકાર વંદનીક માનો, તો અક્ષર લીપીમાં જેટલાં પુસ્તક લખ્યાણા તે સર્વ અક્ષરસંજ્ઞા તમારે વંદનીક થાશે. કુરાણ, કીતાબ, પુરાણ, વેદ, જોતીષ, વૈદક, વિકથા, વાર્તા, મંત્ર, જંત્ર. તંત્ર, લોક સામુદ્રીક, ઓગણત્રીશ પાપસુત્ર, એ અક્ષર, સ્થાપના માટે સર્વ વંદનીક થાસ્યે, પણ તેહને તો શ્રીવિત્તરાગે ઓગણત્રીશ પાપ સુત્ર કહીયા, પણ તુમારે તો વંદનીક થાસે. તેહને વાંદતા કીમ નથી? પાપસુત્ર ઇમ કહ્યાછો તે વીચારી જોજો. વંદનીક તો એક ભાવસુત જીન વચન દ્વાદસાંગી સીદ્ધાંતછે. સેષ મતના ગ્રંથ અવંદનીકછે.

## १९. जंघाचारण विद्या चारणनो उत्तर.

હીંસ્યાધરમી કહેછે જે, ભગવતી સતક વીસમે ઉદેસે નવમે જંઘાચારણ, વિદ્યાચારણ, સાધુએ પ્રતિમા વાંદીછે એમ કહેછે, તે પણ એકાંત જુઠું આ-લેછે-સીદ્ધાંત મધ્યે કહ્યોછે જે, જંઘાચારણ, વિદ્યાચારણ, સાધુ લબધી ફોરવીને પ્રથમ માનુષોત્તર પર્વતે જાય. પછે નંદીશર આઠમે દ્વિપે જાય. પછે રૂચકદ્વિપ પંદરમે જાય, એ વાત સાચીછે, પણ ઠાણાંગ સુત્રે ચોથે ઠાણે માનુષોત્તર પર્વતે ચાર દીશે ચાર કુટ કહ્યાછે. તે ભવનપતિના ઇંદ્રના આવાસ કહ્યાછે, પણ પ્રતિમાને કાજે સીદ્ધાયતન કુટ મુલગોજ નથી કહ્યો, તો પ્રતિમા માનુષોત્તર પર્વતે કીયાંથી? અને વાંદસે કીયાંથી? તે પાઠ ઠાણાંગ સુત્રના ચોથા ઠાણાના બીજા ઉદેસા થકી લખ્યોછે.

**माणुसुत्तरसणं पव्वयस्स चउदिसिं च-त्तारिकुडा पन्नत्ता तंजहा रयणे१ रयणुंचय २ सव्वरयणे३ रयणसंचए४.**

**અર્થ.**—મા. માનુષ્યોત્તર પર્વતને. ચ. ચાર દીસે. ચ. ચાર. કુ. કુટ સીખર. પ. કહ્યા. તં. તે કહેછે. ર. રતન કુટ ૧. ર. રતનનો ચય કુટ ૨. સ. સર્વ રતન કુટ ૩. ર. રતન સંચય કુટ ૪.

૧. એહના અર્થ મધ્યે પણ ઇમ કહ્યો જે, ૧ અગ્નીખુણને વીએ રતન કુટ ગુરૂલવેણુ દેવનો આવાસ ભુત. ૨. અને નૈરૂત્યખુણાને વીએ રતનનો-ચયકુટ. (ગ્રંથાતરે એહનો નામ વેલંબસુખદ નામ બીજો) તીહાં વાયુ-કુમારનો વાસછે. ૩ તથા ઇસાનખુણાને વીએ. સર્વ રતનકુટ તે વેણુ-દાલી નામે સુવર્ણકુમારના ઇંદ્રનું આવાસ ભુત કુટછે. તથા વાવ્યખુ-ણને વીએ રતનસચ્ચય કુટ એહનો બીજો નામ પ્રભંજન કુટ વાયુકુમારના ઇંદ્રનો આવાસ ભુતછે. એ ભાવ દ્વિપસાગર પન્નતિ મધ્યે સંગ્રહણી ગા-થાની અનુસારે કહ્યોછે ઇહાં ચાર કુટ ચાર દીસી માટે કહ્યાછે, પણ કોઇએ ગ્રંથે પુર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષીણે પ્રત્યેક પ્રત્યેક ત્રીણ ત્રીણ કુટ કહ્યા.છે તે એક એક દેવતા અધીષ્ટીતછે.

पुव्वेण तिन्नि कुडा ॥ दाहिणउ तिन्निर अवरेणं ॥ उत्तरउं तिन्नि भवे ॥ चउदिशि माणुस्स नग्गस्स. ॥ १ ॥

સુત્રપાઠે ચાર કુટ કહ્યા, તીહાં પણ સીદ્ધાયતન કુટ ન કહ્યો. વલી-દ્વિપ-સાગર પન્નતિ મધ્યે સંગ્રહણાનું.

दक्षीण पुव्वेणं रयणकुडं गुरुलस्सवेणु देवस्स सव्व रयणंच पूव तरेणं तेवेणुदा-लीस्स रयणस्स अवर पासे तिन्नि विसम-छिउणं कुडाइं वेलंब सुहयं सया होई सव्व रयणस्स अवरेणं तिन्नि समय छिउण कु-डाइ कुडं पन्नंजणस्सर्उ पन्नंजण आढियं होइ वृत्तौइहवंतु स्छानकानुरोधेन चतारि-युक्ता तथा अन्यान्ययिद्वादससंति पुर्व द-

क्षिणा परोतरासुत्रिणी द्वादशांपिचैकैकदेवाद्दिष्टतानिति इतिस्छानगंवृत्तौ.

મુલ સુત્રે ચ્યાર કુટ કહ્યા, વૃતિ મધ્યે બાર કુટ કહ્યા. તે મધ્યે ચ્યાર દીસીના ચ્યાર કુટ મધ્યે ભવનપતિની દાઢા બાર કુટ વીદીશના કહ્યા, તીહાં પણ એક એક દેવતાનો વાસ કહ્યો, પણ સીદ્ધાયતન માનુખોત્તર પર્વતે ન કહ્યો, તો સીદ્ધાયતન કુટમધ્યે ન હોવે એણે શુત્રે માનુખોત્તર પર્વતે પ્રતિમા મુલથીજ નથી તો પ્રતિમા વાંદી કીહાંથકી?

૨. વલી રૂચક પર્વતે પણ ચાલીશ કુટ દીશાકુમારીના કહ્યાછે. સીદ્ધાંત જંબુદ્રિપ પન્નતી માંહે પીણ સીદ્ધાયતન કુટ રૂચક દ્રિપે સીદ્ધાંત માંહે કહ્યો નથી, તો રૂચકદ્રિપે પ્રતિમા કીહાંથી વાદી?

૩. વલી નંદીશર દ્રિપે પ્રતિમા કહીછે, તે પણ નંદીશર દ્રિપને સભુતલાને વીષે તો નથી કહી. અંજનગીરી પર્વત ચોરાસી હજાર જોજન ઊંચોછે. તે ઉપર ચ્યાર સીદ્ધાયતનછે તીહાં તો જંઘાચ્યારણ, વિદ્યાચ્યારણ, ગયા નથી કહ્યા. ને તુમે એમ જાણોછો જે, પ્રતિમા વાંદીછે તહીં. चेइयाइ वंदीतए એ પાઠ ઉપર કહ્યોછે, પણ જો પ્રતિમા વાંદી પુજી હોત તો પ્રત્યક્ષપણે वंदइ नमंसइ પાઠ જોઇ એ વંદે શબ્દે તો ગુણગ્રામ કરવા અને नमंसइ સબ્દે નમસ્કાર કરવો તે તો नम्मंसइ સબ્દ તો છેજ નહીં. વલી वंदमाण जाइजा દસવીકાલીક પાંચમે અધ્યયને બીજે ઉદેસે કહ્યોછે જે, ગુણગ્રામ કરતોથકો સાધુ ગૃહસ્થ પાસે જાયે નહીં. એ સાખે वंदइ સબ્દે ગુણગ્રામ કરવાનો અર્થછે. જો પ્રતિમાને પ્રત્યક્ષ દેખી હોવે તો नमंसइ સબ્દ કીમ ન કહ્યો? તથા चैइत्य वंदणा નમોથુણં કીમ ન કહ્યું? અને તમે ઇમ કહોછો જે, ચેઇ સબ્દે પ્રતિમા નથી તો ચેઇ શબ્દે શું વાંદ્યો? તે ઉત્તર. સાધુની એ રીતીછે જે, આહાર, નિહાર, વિહાર કાર્ય કરી આવે ઠેકાણે આવી બેસે તેહને સમોસરણ સમોસર્યા કહીએ. અને ઇરીયાવહી પડીકમે તે ઇરીયાવહી પડીકમતાં લોગસ્સ કહે, તે લોગસ્સ મધ્યે શ્રીવીત્તરાગના ગુણછેહીજ તેહીજ ચૈત્ય સબ્દે અરીહંતને વાંદે એ પરમાર્થ. ઘણા જેવંતા જીન કેવલી વાંદ્યા તે માટે બહુ વચને चेइयाइ. બહુ વચને વાંદ્યા કહીએ. ઇહાં લોગસ્સ કહીતાં પ્રતિમા વિના ઘણા અરી-

હંતરૂપ ચૈત્યવંદણા એ મધ્યે સ્યો સંદેહ રહ્યો? વળી માનુષોત્તર પર્વતે સીદ્ધાયતન કુટ નથી, પ્રતિમા પણ નથી, તીહાં પણ ચેઇયા વંદઇ એ પાઠ છે. તીહાં ચેઇ સબ્દે શું વાંદ્યો? તો ઇમ જાણજો, જે પ્રતિમા વીન્યા ચૈત્ય શ્રી વિત્તરાગ કેવલીછે તેહજ વાંદ્યાછે. તીમ નંદીશરદ્વિપે, અને રૂચકદ્વિપે પણ અરીહંતનેજ વાંદ્યાછે માનુષોત્તર, નંદીશર, રૂચકદ્વિપે વંદણાના શબ્દમાં કાંઇ ફેર નથી. જીહાં પ્રતિમાછે તીહાં પણ ચેઇયા વંદઇ એ પાઠછે, અને પ્રતિમા જ્યાં નથી ત્યાં પણ ચેઇયા વંદઇ એ પાઠછે. કાંઇ ફેર નથી, તો ઇમ જાણજો જે, ત્રણે ઠામે ચૈત્ય વંદ્યા એ તે ચૈત્ય વાંદ્યાછે. શ્રી વિત્તરાગ તો જીહાં રહીને વાંદીએ તીહાં રહ્યા વંદાએ તો જાણજો સર્વત્ર વિત્તરાગ ચૈત્ય હીજ વાંદ્યાછે. જો પ્રતિમા માટે ચૈત્ય કહેસો તો નંદીશર દ્વિપે. આ પાઠ મીલસે જે તીહાં પ્રતિમાછે તે માટે. પણ માનુષોત્તર પર્વતે અત્રે મુલથીજ પ્રતિમા ને સીદ્ધાયતન નથી તીહાં. ચેઇયાઇ વંદઇ પાઠ કીમ મલસે? અને ચૈત્ય શબ્દે વિત્તરાગ વાંદ્યા એ અર્થ તો સર્વ ઠામે મલસ્યે. તો ઇમ જાણજો જે, ચૈત્ય શબ્દે શ્રીવિત્તરાગહીજ વાંદ્યાછે. જીહાં સાધુ આવે, તીહાં સમસર્યા કહીએછીએ અને ચોવીસં સ્તવન કરે તે ચૈત્ય વાંદ્યા કહીએ. વલી એ જંઘાચારણ, વિદ્યાચારણ, પ્રતિમા વાંદવા, જાત્રા કરવા, ગયા, એમ કહેછે તે એકાંત જુઠું કહેછે. તે કેમ જે, જો જાત્રા કરવા ગયા હોવે તો જંઘાચારણ રૂચકદ્વિપથકી પાછા વલ્યા, તીવારે નંદીશરદ્વિપે આવ્યા, તીહાંથી પોતાને ઠામે આવ્યા કહ્યા, પણ માનુષોત્તરના ચૈત્ય કીમ ન વાંદ્યા? તથા ઊંચા પંડગવન જાઇને પાછા વલ્યા, તેવારે નંદનવને આવ્યા તીહાંથી પોતાને ઠામે આવ્યા, તો સોમનસવને અને ભદ્રસાલવનની પ્રતિમા વાંદવા કીમ ન ગયા? પીણ ઇમજ જાણજો જે, પ્રતિમા વાંદવા નથી ગીયા, પણ ચારીત્રમોહેનીને ઉદે અસંવુડ અણગાર થઈ લબધી ફોરવી સકષાયપણે એ પ્રમાદનો થાનક સેવ્યો. વલી પોતાને ઠામે આવ્યા તીહાં પણ કહ્યો જે, ઇહાં ચેઇયાઇવંદીતે. જો મુની ગામ, નગર, વન, પર્વતને વીષે જીહાં હતા તીહાં પાછા આવ્યા પોતાને ઠામે તીહાં કીયા ચૈત્ય હતા તે વાંદ્યા? પીણ એમ જાણજો જે પોતાને ઠામે આવ્યા તીહાં ઇર્યાપંથીક પડીકમી તે મધ્યે ચોવીસંસ્તવ કહ્યો જે તેહીજ શ્રીવિત્તરાગરૂપ, ચૈત્ય વાંદ્યા વિત્તરાગ ચૈત્ય તો જે ઠામથકી રહીને વાંદીએ તીહાંથી વંદાય, અને પ્રતિમા તે મુનીરાજના સ્થાનક મધ્યે કીહાંથી? તે વીચારી જોજો. વલી એહીજ ઉપદેશને છેડે કહ્યો જે,

**तस्स ठाणस्स अणालोइय अप्पडीकंते कालं करेई नथी तस्स आराहणा.**

એ સ્થાનક લબધી ફોરવીને ગયા તે કાર્ય આલોયા વીના નીંદ્યા વીન્યા કાલ કરે તો વીરાધક કહ્યા, પીણ શ્રી જીનપ્રતિમા જીનશરીખી તેહને વાંદવા જાતાં કાલ કરે તો વીરાધક કીમ હોવે? અને મોહનીને ઉદે અ-સંવડપણાના કાર્યકરી દ્વિપ, સમુદ્ર, જોવા ગીયા ચક્ષુઇંદ્રીના વીષયના પ્રેર્યાથકા. તેણે કારણે વીરાદ્ધક સુખે હોવે.

વળી હીંસ્યાધરમી કહે, એ પ્રાયશ્ચિતનો ઠામ કહ્યો, તે પ્રતિમા વાંદવા ગયા તે માટે તથી કહ્યો. જાતાં આવતાં અજતના થઇ હોવે તે માટે, આલોયણા કહેછે. તે ઉત્તર: તુમે કહોછો જે, સંઘ્રાદીકને કારણે ચક્રાવર્તિનો સૈન્યચુરે, તો પણ માહા લાભ છે. ધરમ કારજ કરતાં હીંસ્યા છે તે પાપ નહીં લાગે તો એ સાધુ ગગનચારીને છકાય મધ્યે કેહી કાયની હીં-સ્યા લાગી? અને માહાફળ ઉપરાજયો તે મધ્યે એ હીંસ્યાનો, પ્રમાદનો, દુષ-ણ શ્યાંનો ગણાય? એ વાર્તા તુમે અસત્ય કહી. જો પ્રતિમા વાંદવા ગયા હોવે તો તમારે મતે વિરાદ્ધક કહ્યા ન જોઇએ. વળી ભગવતી મધ્યે કહ્યો છે જે; આલોયણ લેવા મુની ચાલ્યો, તે વચમાં કાલ કરે તો આલોયણના ભાવા થકી આરાધીકહીજ કહીએ. તીમ જીનપ્રતિમા વાંદવાને ભાવે ચાલ્યો તે નિશ્ચે આરાધીકજ કહીએ. પ્રમાદ, અજયણાનો ફળ ઇહાં શ્યામાટે ગણાય?

વળી હીંસ્યાધરમી કહે; પ્રતિમાને તો ચૈત્ય કહીએ, પણ અરીહંતને ચૈત્ય કીહાં કહ્યા છે? તેનો ઉત્તર. ભગવતી, ઉવવાઈ, રાયપસેણી, ઠાણાંગ, પ્રમુખ ઘણે ઠામે સાધુને ચૈત્ય કહ્યા છે તે પાઠ લખેછે.

**तिखुत्तो आयाहीणं पयाहीणं वंदामी नमंसामी सक्कारेमि सम्माणेमि कल्लाणं मंगलं देवयं चेइयं पजुवासामी.**

**અર્થ.**—તી. ત્રણવાર. આ. આદાન એટલે બે હાથ જોડીને જમણા કાનથી ડાબા કાન સુધી. પ. પ્રદક્ષીણા કરીને. વં. વાંદુંછું એટલે પગે લાગુંછું.

ન. નમસ્કાર કરૂંછું મસ્તક નમાડીને. સ. સત્કાર દઊંછું. સ. સન્માન દઊંછું. ક. કલ્યાણકારી. મં. મંગલકારી. દે. ધર્મદેવ સમાન. ચે. જ્ઞાનવંતની. પ. સેવા કરૂંછું મન, વચન, કાયાએ કરી.

એ પાઠ મધ્યે કલ્યાણં કહેતાં કલ્યાણકારી પ્રત્યે, મંગલં કહેતાં મંગળીક પ્રતે, ચત્તારી મંગલં, સુત્રમધ્યે સાહુ મંગલં કહ્યા છેજ, દેવયં કહેતાં ધર્મદેવ પ્રત્યે, ચેઇયં કહેતાં જ્ઞાનવંત પ્રત્યે એ દ્બીતીચ્યા વિભક્તિના વચન જાણવા.

વળી સમવાયંગ સુત્ર મધ્યે, ચોવીસ જીનને કેવળજ્ઞાન ઉપનો, જે વૃક્ષ હેઠે તે વૃક્ષને પણ ચૈત્યવૃક્ષ કહ્યા. જ્ઞાન ચૈત્યની નેશ્રાયે. તે હવે સમવાયંગ સુત્રનો પાઠ ચોવીસમે સમવાયેથી લખેછે.—

**एणस्सिणं चउविसाए तिथकराणं चोवीसं चेइय रुखा पन्नता तंजहा निग्गोह सतिवन्नेय साले पीयए पीयं गुछतो हंसरीसेय नागरुखे सालेपीलख रुखेय१ तिंदुयं पाडलं जंबु आसथि खलु तहेव दहिवन्ने उदीरुखे तिलएय अंबगडरुखे असोगेयर२ चंपग बहुलेय तहा वडसिरुखे तहेव धवरुखे सालेय वद्धमाणे चेइयरुख जिणवराणं३**

અર્થ.—ચોવીસ ચૈત્યવૃક્ષ હુવા જે વૃક્ષ હેઠે કેવળજ્ઞાન ઉપનો તે વૃક્ષને ચૈત્યવૃક્ષ કહીએ. ઇત્યર્થઃ તે કેહા શ્રી આદિનાથને ન્યગ્રોધ તે વટ વૃક્ષ હેઠે કેવળ જ્ઞાન ઉપનો. ઇમજ અનુક્રમે ચોવીશે જાણવા. નિગ્રોધ ૧. સત્તવન ૨. પ્રીયા ૩. પીયંગુ ૪, છત્ર ૫. સરસડો ૬. નાગ ૭. માલતી ૮. પીલુ ૯. ટીંબરૂ ૧૦. પાડલ ૧૧. જાંબુ ૧૨. પીપલો ૧૩. નીશ્ચે તેમજ, દધીવર્ણ ૧૪. નંદી ૧૫. તીલક ૧૬. આંબો ૧૭. અશોક ૧૮. ચાંપો ૧૯. બકુલ ૨૦ તીમજ વેતસ ૨૧. તીમજ ધાવણી ૨૨. સાલ ૨૩. વર્ધમાન ૨૪. એ ચૈત્યવૃક્ષ ચોવીસ જીનવરના જાણવા. એ હેઠે કેવળજ્ઞાન ઉપના માટે.

એ જ્ઞાનની નેશ્રાયે વૃક્ષને ચૈત્ય કહ્યા. તો જ્ઞાનવંત અરીહંતને તથા સાધુને ચૈત્ય કહીએ તે મધ્યે સ્યો સંદેહ? તે માટે જંઘાચારણે પણ ચૈત્ય શબ્દે વિત્તરાગ, તીર્થંકર, અરીહંત, કેવળજ્ઞાની, પ્રત્યે વાંધા છે. પ્રતિમા વાંદી કહેસ્યો તો માંનુઓત્તર પર્વતે પ્રતિમા નથી ત્યાં શું કહેશો? અને પાઠ તો ત્રણે ઠામે સરખા છે, અધિકો ઓછો નથી. જીહાં પ્રતિમા છે ને જીહાં પ્રતિમા નથી તીહાં પાઠ ફેર નથી, તે માટે પ્રતિમા વાંદી કહેછે તે સુત્ર વિરૂદ્ધ કહેછે.

## १६. आणंद श्रावकना आलावानो अर्थ.

હીંસ્યાધરમી કહેછે જે, આણંદ શ્રાવકે પ્રતિમા પુજી, વાંદીછે, તે એકાંત જુઠું કહેછે. ઉપાસગદસાંગે અધ્યયન પેહેલે પાઠછે તે કહેછે.

**नो खलु मे भंते कप्पई अजपभिईय अणउछियाणियावा अणउछियादेवयाणवा अणउछियापरीगाहियाणिवा अरीहंतचेइयाइं वंदितएवा नमंसित्तएवा पुव्विआणालवंते आलवित्तएवा संलवित्तएवा तेसिं असणंवा पाणंवा खाइमंवा साइमंवा दाउवा अणुपदाउवा.**

અર્થ.—નો. નહીં. ખ. નિસ્ચે. મે. મુઝને. ભં. ભગવંત. નો. ક. ન કલ્પે. અ. આજ પછી. અ. અન્યતિર્થિ. અ. અન્યતિર્થિના દેવ. અ. અન્યતિર્થિના ગ્રહ્યા આચાર્યા. અ. અરીહંતના ચૈત્ર ભૃષ્ટાચારી સાધુ. વં. વાંદવા. ન. નમસ્કાર કરવો. આ. બોલાવવો. સા. વારંવાર બોલાવવો. તે. તેહને. અ. અસન. પા. પાણી. ખા. ખાદીમ સુખડી. સા. સાદીમ મુખવાસ. દા. ગુરૂહેતે ધર્મની બુદ્ધિએ દેવા. અ, આજ્ઞાકરી દેવરાવવો.

ઇમ ભગવંતના મુખ આગલે આણંદ શ્રાવકે અભીગ્રહ કીધો, જે આજ પછી મુજને ન કલ્પે. ૧ અન્યતીર્થિ સાકયાદીકને. ૨ અન્યતિર્થિ-

ના દેવ અનેક પ્રકારના ઇશ્વરાદીકનેં. ૩ અન્યતિર્થિયે ગ્રહ્યા અરીહંતના ચૈત્ય. અન્યતિર્થિથકી મીનતા શ્રધાયે કરી પાસથા, વેષધારી, ગોસલામતી, જમાલીમતી, જેહનો લીંગ તો સાધુનોછે, પણ જીનમારગથકી. શ્રધા ભૃષ્ટ જીનઆગ્ના બાહીર એહવા સાધુરૂપ ચૈત્ય એ ત્રણ જણને ૧ વાંદુ નહીં. ૨ બોલાવ્યા પેહેલાં બોલું નહીં. ૩. અણસણાદીક દાન આપું નહીં, કોઇ देवाभि उगेणवा (દેવતાને પરવસ પડયે) ઇત્યાદીક કારણે વાંદવા પડે, બોલાવવા પડે, અસણાદીક દેવા પડે, તો આગાર, પણ નીર્જરાહેતુ જાણું નહીં, તેણે કરી સમ્યક્ત સુદ્ધ, એહવો અભીગ્રહ લીધો હવે મુઝને કલ્પેસું.

**कप्पई मे समणा निग्गंथा फासुयं एसणिजेणं असणं पाणं खाइमं साइमं वथ पडिग्गहं कंबल पायपुछणेणं पाडीहारिय पीढ फलग सिजा संथारएण उसहन्नेसजेणं पडिलान्नेमाणे विहरीत्तए.**

**અર્થ.**—ક. કલ્પે. મે. મુઝને. સ. શ્રમણ. નિ. નિગ્રંથ. ફા. ફાસુક. એ, એખણીક લેવા જોગ્ય. અ. અન. પા. પાણી. ખા. સુખડી મેવાદીક સા. મુખવાસ. વ. વસ્ત્ર. પ. પાત્રા. કં. કંબલ. પા. આગલે માંડવાનું. તથા રજોહરણનો પુંછણો. પી. બાજોઠ. ફ. પાટીયું. સી. સ્થાનક સં. દર્ભાદીક સંથારો. ઉ. ઓખધ કીરીયાતાદીક. ભે. વર્ણાદીક ગોલી. પ. તેહને વિહરાવવું નીત્યમેવ એહવા મનના અભીગ્રહ.

કલપ્યામધ્યે તો દેવ અરીહંત તે તો શ્રીમાહાવીર, અને ગુરૂ સાધુ, એ બેહુને વાંદવા, બોલાવવા, ને પ્રતિલાભવા. કલપે તે કહ્યા. હવે સ્વયમત ગ્રહીત પ્રતિમા વાંદવી કલ્પે તો ઇહાં પ્રતિમા કહેત. પણ તે તો સુત્ર મધ્યે છેજ નહીં. રાખ્યા બોલમધ્યે તો પ્રતિમા ન કહી, અને વોસવ્યામધ્યે પણ પ્રતિમા નથી કહી. જીનમતના દેવ, ને ગુરૂ, વાંદવા રાખ્યા અને અન્યમતના દેવ, ગુરૂ, વોસરાવ્યા. જીનમતના ઢીલસાધુ તે પણ વોસરાવ્યા એ અર્થ છે.

હવે હીંસ્યાધરમી કહેછે જે, વોસરાવ્યામધ્યે અન્યતિર્થિએ ગ્રહ્યા ચૈત્ય

વાંદુ નહીં, તે પ્રતિમા આશ્રી કહ્યોછે એમ કહેછે, એ વાત સુત્ર વીરૂદ્ધ કહેછે. તે કેમ જે, જીનની પ્રતિમા બેઠી પદમાસણે, એ વલી આયુદ્ધ, અસ્વારી, અસ્ત્રી, રહીતછે. અને અન્યમતીની પ્રતિમા સંજોગી, આયુદ્ધ, અસ્ત્રી, અસ્વારી, સહીતછે. તે રીત આજ સુર્બલોકછે, તે પણ જાણેછે જુદી જુદી ઓલખેછે, તો અન્યતિર્થિની પ્રતિમાને ઠામે જીનમતની પ્રતિમા ને કીમ માંડશો? તથા બ્રહ્મા, વિસ્નુ, મહેશ, ગણેશ, માતા, હનુમાન, ખેત્રપાલ, ઇત્યાદીકશું જાણશે જીનપ્રતિમા આવી જુદી પડે. તે તો વી-ચારતા નથી, તે માટે પ્રતિમાનો અર્થ ન મીલે. વલી જો પ્રતિમાનો અર્થ કરશો તો તીહાં ઇમ કહ્યો છે જે, ૧ અન્યતિર્થિને. ૨ અન્યતિર્થિના દેવને. ૩ અન્યતિર્થિએ ગ્રહ્યા ચૈત્યને ૧ વાંદુ નહીં ૨ બોલાવું નહીં ૩ દાન દીધું નહીં એ ત્રણ બોલ નીષેધ્યા, તો જુવો ચૈત્ય સબ્દે પાસથા, વેષધારી, નીઃનવ, ઉપર તો એ ત્રણ બોલ મીલે, જે બોલાવ્યા બોલે, દાન દીધું લ્યે, પણ ચૈત્ય શબ્દે પ્રતિમા હોવે તો, બોલાવી કેમ બોલે, તથા દાન કીમ લે તે કહો? પણ હીંસ્યાધરમીના મનમાં એ વાત જે અન્યમત ગ્રહીત પ્રતિમા નીષેધીએ તો પોતાની ગ્રહી પ્રતિમા માનવા ઠહીરે. પણ એ વાત સુત્ર ન્યાયે ઠહરી નહીં તે વીચારી જોજો.

વલી હીંસ્યાધરમી કહેસે જે, જીનપ્રતિમા બોલે નહીં. દાન લેવે નહીં, તે માટે પ્રતિમા અર્થને વીષે નીષેધોછો, તો અન્યતિર્થિના દેવ કીહાં બો-લાવ્યા બોલે, દાન દીધાં લ્યે, તે ઉત્તર. જીનના દેવ બોલેછે, દાન લ્યેછે, તો બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, ગણેશ, માતા, હનુમાન, નારદ, આહાર લેતા કે ન લેતા? સ્વયમેવ જીવતા હતા તીવારે અહાર લેતા, તે વીચારી જોજો. અન્યતીર્થિના દેવ ઉપર તો સુખે એ ત્રણ બોલ ઠહરેછે, પણ પ્રતિમા ઉપર ન ઠહરે તથા જે પ્રતિમાને પોતાના દેવ કરી અન્યતિર્થિએ માન્યા તેહને તુમે દેવ કરી ન માનો તથા અન્યતિર્થિના દેહરામાં રહી જીનપ્રતિમા તે તમે ન માનો હામફેર માટે, તો તુમારો બાપ કાર્ય વીશેષે ચંડાલને ઘેરે બેઠો હોય તે વેલા એ તમારો બાપ ખરો કે નહીં? જો એ તમારો બાપ તો તે તમારો દેવ. વલી અન્યતિર્થિને દેહેરે ગઇ પ્રતિમા તે અવંદનીક થઇ, તો સાધુ અન્યતિર્થિના આશ્રમમાં ઉતર્યા તે વેલા ગુરૂ કરીને માનો કે નહીં? જો ચંડાલને ઘેરે બેઠાને બાપ માનો, મઠમાં ઉતર્યા સાધુને ગુરૂ કરી માનો, તો અન્યતિર્થિને દેહેરે ગઇ પ્રતિમાને દેવ કરી કીમ ન માનો?

વલી અન્યતિર્થિયે ગ્રહ્યા ચૈત્ય શબ્દે પ્રતિમા માનસો, તો દ્રવ્યલીંગી, પાસથા, નિઃનવ વેષધારી, વીટલસાધુ, ક્યા બોલમધ્યે વોસરાવ્યા ઠહરાવશો એ પણ અવંદનીકછે, જો કહેસે અન્યતિર્થિમાં ગણીએ તો બોટા પડે ભગવતી સતક પેહેલે પન્નવણા પદ વીસમે से लेगी दंसण वावनग સમ-કીતના વમનહાર પીણ સયલીંગી કહ્યા, પણ અન્યતિર્થિમાં નથી કહ્યા, અને અન્યતિર્થિના દેવમાંતો નથીજ, પછે અન્યતિર્થિ ગ્રહ્યા ચૈત્યમાંજ પણ ગણાસે તો નહીં, તો ચોથો બોલ સુત્રપાઠે દેખાડો? વલી સ્વયમતના ગ્રહ્યા ચૈત્ય, દેહરા. પ્રતિમા, આણંદ શ્રાવક, વાંદે તે પાઠ દેખાડો, તે વીચારજો.

## १७. अंबड श्रावकना आलावानो अर्थ.

જેમ સમકીતની વીધ આણંદ શ્રાવકે કહીછે, તેહીજ રીત સર્વ શ્રાવક સંખ, પોખલી, પ્રમુખછે કોઇ વાતનો ફેર નથી તે ઉપરાંત ઉવવાઇ સુત્રમાં અંબડ શ્રાવકને અધીકારે એહવો પાઠ છે જે.

**अमंडस्सणं परीवायस्स नोकप्पई अउछिएवा अणउछियादेवयाणिवा अणउछिय परीग्गहियाणिवा अरीतंहचेइयाइं वंदित्तएवा नमंसित्तएवा जावपजुवासिएवा णणथअरीहंतेवा अरीहंत चेइयाणिवा.**

**અર્થ.**—**અ.** અમડ સંન્યાસીને. **નો.** ન કલ્પે. **અ.** અન્યતિર્થિ સક્યાદીક. **અ.** અન્યતિર્થિના દેવ હરી, હરાદીક. **અ.** અન્યતિર્થિયે ગ્રહયા અરીહંતના ચૈત્ય ભૃષ્ટસાધુ. **વં.** વાંદવા. **ન.** નમસ્કાર કરવા. **જા.** જાવત પુજા કરવા જાવત શબ્દમધ્યે ઉપરના બોલ લેવા.

એટલો પાઠછે જે, ન કલપે. ૧ અન્યતિથિ. ૨ અન્યતિર્થિના દેવને. ૩ અન્યતિર્થિયે ગ્રહયા ચૈત્યને. ૧ વાંદવા. ૨ બોલાવવા. ૩ દાન દેવા એ ત્રણ બોલતો આણંદની પેરેજછે. અને કલ્પે તે મધ્યે અરીહંત તે તો દેવ અને અરીહંતના ચૈત્ય તે સાધુ ગુરૂ એ બે વાંદવા અરીહંત તે દેવ

અને ચૈત્ય તે જ્ઞાનવંત અરીહંતના સાધુ એ બે કલ્પે. એટલે કલપ્યામાં પણ આણંદની પરેજ ઠહર્યો, તીહાં શ્રમણ નીગ્રંથ કહીને ગુરૂ રાખ્યા ઇહાં અરીહંત ચૈત્ય કહીને ગુરૂ રાખ્યા. એટલે દેવ, ગુરૂ, ને વાંદવા રાખ્યા. ઇહાં હીંસ્યાધરમી કહેછે જે, પ્રતિમા રાખી ચૈત્ય શબ્દે તે ન મીલે. કેમજે અરીહંત તે પણ દેવ અને પ્રતિમા તે પણ દેવ, તો ગુરૂ વાંદવાનો ત્રીજો પાઠ કીહાંછે? તે તો નથી. એ લેખે અંબડને સાધુ ગુરૂ છે કે નથી? જો ચૈત્ય શબ્દે પ્રતિમા તો ગુરૂ વાંદવાનો ત્રીજો પાઠ દેખાડો? અને અંબડ સાધુને વાંદેછે. અસનાદીક આપેછે બારવૃત સુત્ર પાઠે કહ્યાંછે. તુમે તો પ્રતિમાને દેવ કરી માનોછો તો ગુરૂ સાધુનો પાઠ કીહાં? પણ મીથ્યાત્વ મોહનીકર્મને ઉદયે ખોટો અર્થ સુઝેછે, જે વસ્તુ, શ્રાવકને કલ્પે તે આણંદની પેરે જાણવી તે વીચારી જોજો.

## ૧૮- सात क्षेत्रे धन कढावे, ववरावे. तेहनो उत्तर.

વલી હીંસ્યાધરમી કહેછે જે, સાત ખેત્રે ધન વાવરવો. તે એકાંત સુત્ર વીરૂદ્ધ કહેછે. સાત ખેત્રે ધન વાવરવો તે કીયા સુત્રમાં કહ્યોછે એમ પુછવો. તથા આણંદાદીક શ્રાવકે વૃત આરાધ્યા, પડીમા આદરી, સંથારા કીધા, તે સર્વ સુત્રમાં કહેછે, પણ ધન કેટલો વાવર્યો તથા કેટલે ક્ષેત્રે વાવર્યો તે સુત્રથી કહો તો પ્રમાણ. તથા સંઘ કાઢ્યા, તીર્થ જાત્રા કીધી, દેહરા કરાવ્યા, પ્રતિમા પ્રતિષ્ઠિ, ઇત્યાદીક આણંદ, સંખ, પોખલીને, અધીકારે કહ્યો હોવે તો સુત્ર મધ્યે દેખાડો. શ્રી માહાવીર સ્વામીયે ગૌતમસ્વામી આગલે કેટલા ખેત્ર કહ્યાં તે કહો. તુમે સાત ખેત્ર કહોછો. તે ૧ દેહરો, ૨ પ્રતિમા, ૩ પુસ્તક, ૪ સાધુ, ૫ સાધવી, ૬ શ્રાવક, ૭ શ્રાવીકા, એ સાત ક્ષેત્ર કહોછો, તે શ્રીવિત્તરાગના પરૂપ્યા નથી. સ્યા માટે જે, પુસ્તકનો લખવો તો શ્રીમાહાવીર સ્વામી નિર્વાણ કેડે નવસેં-એંસી વરશ થયોછે, તો આગલે પુસ્તક નીમતે ધન કાઢવાનો સ્યો પ્રયો-જન હતો? એ વીરૂદ્ધ.

વલી સાધુ, સાધવીને, કાજે ધન ખરચી આહાર, ઉપધ્ય, ઉપાશ્રય, કરાવે તો તે સાધુ, સાધવીને, કામે ન આવે તો સાધુ, સાધવીને, કાજે ધન સ્યાને કાઢે? દસવીકાલીક સુત્રે છઠે અધ્યયને અડતાલીશમી ગાથામાં કહ્યોજે,

**पिंड सिजं च वथंच ॥ चउथं पाय मे व य ॥ अकप्पियं न इछेजा ॥ पडिगाहिंज कप्पियं. ॥ ४८ ॥**

**અર્થ.**—પેહેલે બોલે. પી. આહાર. બીજે બોલે. સી. થાનક, પાટ, પાટલા, સંથારો, વલી ત્રીજે બોલે. વ. વસ્ત્ર, પછેડી, ચલોટા, મુહપતિ; ચ. વલી. પ્રતે પ્રમુખ. ચ. વલી ચોથે બોલે. પા. પાત્રા, પડીગ્રહ, ઉડગ, પ્રમુખ. એ. એ. ય. વલી અ, વલી કલ્પનીક દાંડો પ્રમુખ સંજમ નિર્વાહ. અ. અકલ્પનીક. ન. નવાંછે તથા નવાચે નહીં. પ. લીયે ક. કલ્પનીક.

એમ આચારંગ, નિસિથ, કલ્પ, ઘણે સુત્રે મુલનો આણ્યો આહારાદીક નીશેધ્યોછે, તો સાધુ, સાધવી, તે ધનને સ્યું કરે? એ પણ ખેત્ર વીરૂદ્ધ કહોછો.

શ્રાવક, શ્રાવકા, જે પુન્યવંત હોવે તે પણ બેરાતનો દાન લ્યે નહીં, રાંક, કંગાલ, દીન, અનાથને, અંતરાય પાડે નહીં. દેહેરાં પ્રતિમા આગલે હતાં નહીં, તો તેહને કાજે ધન કાઢીને સ્યું કરે? તુમારે મતે આગલે દેહેરાં પ્રતિમા હતાં એમ માનોછો, તો કહો આણંદાદીક શ્રાવકે ન્યાત જમાડી, પરદેસી રાજાયે દાનસાલા માડી, શ્રીકૃષ્ણે સંજમની દલાલી કીધી, સેણીક રાજાયે અમરપડો ફેર્યો, કોણીક રાજાયે વધામણી દીધી, પીણ કેટલો ધન કાઢી દેહેરાં પ્રતિમા કરાવ્યાં તે પાઠ સુત્ર મધ્યે દેખાડો. નહીં તો એ સાત ખેત્ર નવાં કલપીને મુરખ લોકોના ધન લુટોછે. તે ચૌહટીના ચોર થાઓછો. એ સાત ખેત્રના નામ લઇ દેખાડેછે તે એકાંત સુત્ર વિરૂદ્ધ કહેછે.

---

## १९. द्रुपदीए प्रतीमा पुजी कहेछे. ते उत्तर.

હીંસ્યાધરમી કહેછે જે, દ્રુપદીએ પ્રતિમા પુજીછે, તેહનો ઉત્તર સુત્ર પ્રમાણે કહેછે. સર્વ સુત્ર મધ્યે જોતાં. સાધુ, સાધવી, શ્રાવક, શ્રાવીકા, સમદ્રષ્ટીએ, કીહાંઇ વિત્તરાગની, પ્રતિમા કરી પુજી કહી નથી. રાજગ્રહી, ચંપા, મથુરાં, વાણીઅગ્રામ, તુંગીયા, આલંભીયા, સાવથિ, દ્વારકા

વનીતા, હથીણાપુર, ઇત્યાદીક નગરીયુંને બાહીરે જક્ષના દેહેરાં કહ્યાછે, પણ શ્રીવિત્તરાગના દેહેરાં કહ્યાં નથી. એક ધ્રુપદીએ પરણવાને અવસરે પ્રતિમાને પુજી કહી, તો પણ બાધાભવ મધ્યે એકવાર પુજી કહીછે. પદ્મોત્તર રાજાને ઘેરે સા હરણ થયો તીહાં આંબીલ સહીત છઠ છઠ પારણાએ તપ કીધો, પણ તીહાં પ્રતિમા પુજી કહી નથી.

૧ તે ધ્રુપદીયે પુર્વભવે ધર્મરૂચીને કડુઓ તુંબડો આપ્યો એ અયુક્ત.

૨. પછે સુકમાલકાને ભવે ભીક્ષુકને ભરતાર કીધો એ અયુક્ત.

૩. પછે સંજમ લેઇને અવનીત પાસથી થઇ એ અયુક્ત.

૪. પછી નગરી બાહાર, આજ્ઞા લોપીને આતાપના લીધી એ અયુક્ત.

૫. પછે પાંચ ભરતારનો નીયાણો કીધો એ અયુક્ત.

૬, પછે સંજમ વીરાધી વેસ્યા દેવાંગના પણે ઉપની એ અયુક્ત.

૭. પછે પાંચ ભરતાર વર્યા જગત નીંદનીક કાર્ય કીધો તે અયુક્ત.

એહવા અયુક્તની કરણહારી, મીથ્યાદ્રષ્ટી નીયાણા સહીત તેણે પ્રતિમા પુજી. તે પુજાને ભલામણ પીણ અવૃતી સુરીયાભ દેવતાની દીધી, પણ આણંદ, કામદેવ, સંખ, પોખલી, શ્રાવકની ભલામણ સ્યામાટે ન દીધી? આણંદાદીકની ભલામણ સ્યાને દેવે?

૧ ધ્રુપદીયે પ્રતિમા પુજી તે વેલા સમદ્રષ્ટી નહીં. ૨ શ્રાવકા પણ નહીં. ૩ ધ્રુપદીના માતા પીતા પણ સમદ્રષ્ટી નહીં ૪ ધ્રુપદીએ પ્રતિમા પુજી તે પ્રતિમા તિર્થંકરની પણ નહીં. ઘરમાં દેહરાશર પણ નહીં એ ચાર બોલ સીદ્ધાંતની સાખે વીચારવા તે કહેછે.

૧. પ્રથમ તો દ્રુપદી શ્રાવકા નહીં, જો શ્રાવીકા હોય તો પાંચ ભરતાર કીમ વરે? સર્વ સંસારની રીતે અસ્ત્રીને એક એક ભરતાર હોયછે, તીમ દ્રુપદી પણ એક ભરતાર જાણતી હતી, પણ એમ જાણતી ન હતી જે માહરે પાંચ ભરતાર થાસે. તીવારે પુરવભવના નીયાણાની પ્રેરણાયે કરી પાંચ ભરતાર વર્યા તો વીચારી જોજો, ધ્રોપદીએ શ્રાવકના વૃત લીધાં ત્યારે ભરતાર દસ વીસ મોકલા રાખ્યા હતા? અને જ્યારે ભરતારની મર્યાદા નથી ત્યારે શ્રાવકા કેમ કહીએ. એણે ન્યાયે ધ્રોપદી શ્રાવકા નહીં. તથા બાલપણામાં શ્રાવકના વૃત લીધાં પણ કહ્યાં નથી.

૨. વલી ધ્રુપદી સમદ્રષ્ટી પણ નહીં. દસાસુતખંધ સુત્રને દસમે અધ્યયને નીયાણાના ભાવ કહ્યા, તે મધ્યે મનુષ્યના કામ ભોગનો નીયાણો કરે

ઉત્તકૃષ્ટા રસના નીયાણાનો ફલ એ જે, નીયાણાના કરણહાર કેવલી પરૂપ્યો ધર્મ કાંને સાંભલવો પણ ન પામે. અને મજીમરસ જઘન્યરસનો નીયાણો હોવે તો વંછીત ભોગ મલ્યા. પછી સમકીત વૃત પામે, પણ જીહાં લગે નીયાણાનો ફલ ઉદય ન આવે ત્યાં લગે સમકીત વૃત કાંઇ ન પામે. વલી નીયાણા બે પ્રકારનાછે. ૧ એક ધ્રવ્ય પ્રત્યય, બીજો ભવ પ્રયય, તે વાસુદેવ ચક્રવર્તિનો, નીયાણાના ઉદે જાવ જીવ લગે વૃત ઉદ ન આવે તે ભવ પ્રયય નીયાણો, કહીએ અને બીજો ધ્રવ્યપ્રત્યય નીયાણો તે જેણે ધ્રવ્ય વાંછયો તે મીલ્યો તીવારે તે ધ્રવ્ય પ્રત્યય નીયાણો પુરોથીયો, પછે દેસવૃતી સર્વવૃતી સુખે આવે તે ધ્રવ્યપ્રત્યય નીયાણો કહીએ, તે ભણી એ ધ્રુપદીને ધ્રવ્યપ્રયય નીયાણોછે, જે પાંચ ભરતારરૂપ ધ્રવ્ય મીલ્યા તીવારે ધ્રવ્યનીયાણો પુરો થીયો. પણ પરણી નહીં ત્યાં લગે નીયાણાનો ઉદે હતો. સયંબરા મંડપ મધ્યે સર્વ રાજાને મુકીને પાંચ પાંડવ વર્યા તીહાં પાઠ મધ્યે કહ્યોછે જે.

## पुव्वकय नियाणेणं चोइजमाणी.

અર્થ.—પુ. પુર્વકૃત પાછલા ભવના કીધાં. ની. નીદાંનને. ચો. પ્રેરી હુતી, પુર્વકૃત નીદાનની પ્રેરીથકી પાંચ પાંડવ પાશે આવી એ પાઠછે, તો ઇમ જાણજો જે નીયાણાના ઉદયસહીત જીવ વરતે, તીહાં લગે સમકીત તથા વૃત કીહાંથકી હોસ્યે? એ લખે ધ્રુપદી પરણ્યા પેહેલાં એકાંત મીથ્યાદ્રષ્ટી જાણવી.

૩. વલી ધ્રોપદીના માતા, પીતા, પણ મીથ્યાત્વીછે. ઘેરે દેહરાંછે, પ્રતિમા પુજીછે, એમ જે કહેછે તે વાત સુત્ર વીરૂદ્ધ કહેછે. તે કીમ જે ધ્રુપદાને પીતાએ શ્રીકૃષ્ણ પ્રમુખ સયંબરા મંડપમધ્યે અનેક રાજા તેડાવ્ય. તેહને કાજે છ આહાર નીપજાવ્યા. તે મધ્યે મદ્ય, માંસ, ઘણો નીપજાવ્યો. જો જીનમારગી હોવે તો, અને ઘરમાં દેવઘરો હોવે તો તથા પુજા જીનતીપરે હોવે તો ક્રોડાગમે ત્રસજીવ મારીને મદ્ય, માંસ, કીમ નીપજાવે? જીનમારગી હોવે તો મદ્ય, માંસ, ખાવે નહીં ત્રસજીવને હણે નહીં હણાવે પણ નહીં. એ જીનમારગનો લક્ષણછે. અને ધ્રુપદ રાજાએ માંસ ભોજન નીપજાવ્યો સુત્રે કહ્યોછે તે પાઠ લખેછે.

## विउलं असणं पाणं खाइमं साइमं सुरंच मजंच महुयंच मसंच सिंधंच पशन्नंच

सु बहु पुप्फ वथ गंध मल्लालंकारं च वासुदेव पामोखाणं रायसहस्साणं आवासेसु साहरह तेवि साहरंति.

અર્થ,—વી. વિસ્તીર્ણ. અ. અસન. પા. પાણી. ખા. સુખડી મેવાદીક. સા. મુખવાસ. સુ. સુરા. મ. મદીરા. મ. મહુડાનો દારૂ. મં. માંસ. સીં. સીંધુ. પ. પ્રસન એ મદીરાની જાતી. સુ. અતિ. બ. ઘણા. પુ. ફુલ. વ. વસ્ત્ર. ગં. ગંધ. મ. માલા. અ, અલંકાર. વ. વાસુદેવ. પા. પ્રમુખ. રા. રાજાના સહસ્ત્ર. આ. આવાસનેવીષે. સા. મુકો. તે. તે પણ સા. તીમ મુકે.

એમ સેવકને કહ્યો અને એ કામ સેવકે કીધો. જીહાં સમદ્રષ્ટીના ઘર હોવે તીહાં મદ, માંસના, ગૌરવ કીમ હોવે? સુત્રમધ્યે મદ, માંસ, ઘણે ઠાંમે નીષેધ્યાછે. સમદ્રષ્ટીને ઘરે ચ્યાર આહાર હોવે, પણ છ આહાર હોવે નહીં. એણે મેલે ધ્રુપદ રાજાનો શર્વે ઘર મીથ્યાદ્રષ્ટી જાણવો,

૪. વલી હીંસ્યાધરમી કહેછેજે, પ્રતિમા તો શ્રીવિત્તરાગની હતી ખરી, જીનપડીમા કહી બોલાવીછે તે માટે. તે ઉત્તર કહેછે.

तएणं सा दोवई रायवरकन्ना जेणेव मजणघरे तेणेव उवागछई२त्ता न्हाया कयबलीकम्मा कयकोउयमंगल पायछित्ता सुध प्पावेसाइं मंगल्लाइं वथाइं पवर परिहिया मजणघराउं पडीनिखमई२त्ता जेणेव जिणघरे तेणेव उवागछई२त्ता.

અર્થ.—ત. તિવારે. સા. તે. દ્રો. ધ્રુપદી. રા. રાજવરકન્યા. જે. જીહાં. મ. સ્નાનનુંઘર. તે. તીહાં. ઉ. આવે આવીને. ન્હા. ન્હાઇ ક. કીધા બલીકર્મ પીઠી પ્રમુખ વીલેપન કર્યા. ક. કૌતક મંગલીક પાણીની

અંજલી ભરી કોગલા કર્યા. પા. આભ્રણ પેહેરી તીલક ભસ કરી. સુ. સુદ્ધ નિર્મલ. પા. ઉત્તમ. મં. મંગલીક. વ. વસ્ત્ર. પ. પ્રધાન પ. પેહેર્યા. મ. મંજન જે નાહવાનાં ઘરથકી. પ. નીકલે નીકલીને. જે. જીહાં. જી. જક્ષનુંઘર. તે. તીહાં. ઉ. આવે આવીને.

ઇહાં તીથયર ઘર નથી કહ્યો, જીણ શબ્દે તો સર્વે ચાર જાતના દેવતા આવ્યા, અને તીથયરે મધ્યે તો એક તીર્થંકરહીજ આવ્યા, તે તીર્થંકરને ઘર ન હોવે તો તીથયરે ઘરે સ્યાને કહે.

जिणघरं अणुप्पवेसईरत्ता जिणपडीमाणं आलोयं पणामं करेईरत्ता लोमहथंपम्हजत्ता एवं जहा सुरियाभो जिणपडीमाऊं अचेई तहेव भाणियव्वं जाव धुवंडहईरत्ता वामजाणु अचेईरत्ता दाहिणंजाणुं धरणितलं सिनियईरत्ता तिखुत्तो मुधाणं धरणितलं नियर्येईरत्ता इसी पचुणमइरत्ता करयल जाव तिकट्टु एवंवयासी नमोथुणं अरीहंताणं भगवंताणं जाव संपत्ताणं वंदइ नमंसईरत्ता.

અર્થ.—જી. જીનના ઘરમાંહી પ્રવેશ કરે કરીને. તે પ્રતિમાને જોઇને પ્રણામ કરે વાંદે નમસ્કાર કરે નમસ્કાર કરીને મોર પીંછની પુંજણીસું પુંજે પુંજીને ઇમ જીમ સુરીયાભ દેવે જીમ જીનપ્રતિમાને પુજી તીમ પુજે તીમ સર્વ કહેવું. જાવત ધુપ ઉખેવે ઉખેવીને. ડાબા પગનો ઢીંચણ ઉંચો રાખે રાખીને જમણા પગનો ઢીંચણ ધરણી તલે નમાડે ભૂંઇ નમાડીને. તી. ત્રણવેળા. મુ. મસ્તક. ધ. ભૂમીતલે. ની. લગાડે લગાડીને. ઇષત લગારેક માથું ભૂંઇ નમાડે નમાડીને કરયલ હાથ જોડી જાવત

ઇમ કરી ઇમ કહે. ચૈત્યવંદન કરે નમસ્કાર હિકાર વચનાલંકારે અ-
રીહંતપ્રતે ભગવંત જ્ઞાનમય આત્માછે જેહનો જાવત પ્રાપ્ત મુક્તિ પોતા
સીમવાંદે નમસ્કાર કરે નમસ્કાર કરીને.

એટલો પાઠ જ્ઞાતા મધ્યેછે અને જીહાં સુરીયાભો.

जिणपडीमाऊ अचेइ तहेव नाणियव्वं जाव धुवंडहई.

અર્થ.—જી. જીનપ્રતિમાને જાવત ધુપ ઉખેવે એટલા લગે સુરીયા-
ભની ભલામણમાં પાઠછે તે લખેછે.

जिणपडीमाणं लोमहथं पमजइ२त्ता जिणपडीमाऊ सुरही गंधोदएणं न्हाणेई सरस गोसीस चंदणेणं गायाइं अणुलिप्प ई२त्ता जिणपडीमाणं अहियाइं देवदुसा जुयलाइं नियंसेई२त्ता अग्गोहिं विरेहिं गंधेहिं अचेई पुफारुहणं मलारुहणं चुनारुहणं वथारुहणं आनरणारुहणं करेई२त्ता आसत्तोसत्त विपुलवट्ट व ग्धारिय मल्लदांम कलावं करेई२त्ता जिणपडीमाण पुरतो अछेहिं सएहंहि रययामएहिं अछरसोहिं तंदुलेहिं अठठ मंगलए आलिहई२त्ता तंजहा सोथीय जाव दप्पण तयाणं तरंचणं चंदप्पह रयण विमल मणीरयण नत्ति चित्ता

## कालागुरु पवर कुंदरक तुरुक धुव मघम-घंत गंधु धु अमाणचिठंति.

અર્થ.—જી. જીનપ્રતિમાને. લો. મોરપીંછની પુંજણીએ કરી. પ. પુંજે પુંજીને જીનપ્રતિમા સું. સુગંધે. ગં. ગંધોદકે. ન્હા. સ્નાન કરાવે. સ. આર્દ્ર. ગો. ગોસીર્ષ. ચં. ચંદને કરી. ગા. ગાત્રપ્રતે અ. લેપ કરે જી. જીનપ્રતિમાને. અ. મુહઘાં દે. દેવદુષ. જુ. જુગલ વસ્ત્ર. ની. પેહેરાવે પેહેરાવીને ૫. પુ. ફુલ ચઢાવે ૯. મ. માલા ચઢાવે ૭. ચુ. ચુર્ણ વાસખેપ ચઢાવે. વ. વસ્ત્ર ચડાવે ધજા બાંધે ૧૧ આ. આભરણ ચઢાવે. ક. કરીને આ. ઉપર ચંદ્રવા બાંધે હેઠે ભૂમીકા લગે. વી. વીસતીર્ણ વાટલા લંબાયમાન. મ. ફુલની. દ. દામ. ક. કરે કરીને. જી. જીનપ્રતિમાને. પુ. આગલે. અ. નિર્મલ. સે. ધન લઈ. ર. રૂપામય. અ. હુકડી વસ્તુ તે માંહિ પ્રતિબીંબ એહવે. તં. તંદુલે કરી. સા. સાથીયો. જા. જાવત સબ્દે આઠ કહેવા. દ. આરીસો. ત. તીવાર પછી. રં ચંદ્રપ્રભા. ર. વૈદુર્યરતનમય. વિ. નિર્મલ છે. મ. મણીરતનની. ભ. ભાંતિ. ચી. ચીત્રીત છે. કા. કૃસ્નાગુરૂ. ૫. પ્રધાન. કું. ચીડગુંદ. તુ. સીલારસ. ધુ. ધુપ. મ. મઘમઘાયમાન. ગ. ઉત્તમ ગંધ તેણે કરી.

એટલો પાઠ રાઇપસેણીમાં સુરીયાભે પ્રતિમા પુજી તે રીતને ભલાવ્યો. એટલે સુરીયાભની પ્રતિમા અને દ્રુપદીની પ્રતિમા એકશરખી અને પુજા પણ એકશરખી જાણવી. શુરીયાભે પણ પ્રતિમાને વસ્ત્ર પેહેરાવ્યા અને દ્રુપદીએ પણ પ્રતિમાને વસ્ત્ર પેહેરાવ્યાં અને આજ હીંસ્યાધરમી પ્રતિમાને વસ્ત્રજ નથી પેહેરાવતાં, ને કહેછે જે તીર્થંકરની પ્રતિમાને વસ્ત્ર હોવે નહીં એ લેખે સુરીયાભની, દ્રુપદીની પ્રતિમાને વસ્ત્ર હોવે નહીં. એ લેખે સુરીયાભની, દ્રુપદીની, પ્રતિમા તે કેહેની ઠહરી, એણે તો વસ્ત્ર પહીરાંવ્યાં સુત્ર પાઠે કહ્યોછે.

વલી ગ્નાતા અધ્યયન બીજે ભદ્રાસાર્થવાહીએ નાગ, ભુત, વેસમણને પુજવા આલી તે પુજા વીધી લખી છે.

## जेणामेव नागघरएय जाव वेसमणघ-

रएय तेणेव उवागछईरत्ता तथणं नाग पडीमाणंय जाव वेसमण पडिमाणंय आलोए पणामं करेईरत्ता पचुणमईरत्ता लोमहथगं परामुसईरत्ता नागपडीमाऊ जाव वेसमण पडीमाउय लोमहथेणं पमजईरत्ता उदगधाराए अझुखईरत्ता पम्हल सुकमालाए गंधकासाईए गायाइ लुहेईरत्ता महरिहंच पुफारुहणंच वथारुहणंच मलारुहणंच गंधारुहणं चुन्नारुहणं आभरणारुहणं करेईरत्ता जाव धुवडहईरत्ता.

અર્થ.—જે. જીહાં ના. નાગના ઘર છે. જા, જાવત જક્ષના. વે, વેસમણના ઘર છે, તે, તીહાં. ઉ. આવે આવીને. ત. તીહાં. ના. નાગની પ. પ્રતિમાને. જા. જાવત. વે. વેસમણની પ. પ્રતિમાને. આ. દર્સનાદીકે. પ. નમસ્કાર કરે કરીને. પ. થોડોસ્યો કોટ નમાડી નમાડીને. લો. મોરપીંછની પુંજણીએ. પ. લેઇ લેઇને. ના. નાગપ્રતિમાને. જા. જાવત. વે. વેસમણની. પ. પ્રતિમાને. લો. મોરની પુંજણીએ. પ. પુંજી પુંજીને. ઉ. ઉદકની ધારાએ. અ. અભીષેક કરે પખાલે પખાલીને. પ. પછે નિર્મલ. સુ. સુંહાળાં વસ્ત્રને. ગં. રાતી સુગંધ સાડી તેણે. ગા. ગાત્ર. લુ. લુહે લુહીને. મ. પછે મુહઘાં. પુ. ફુલ પહીરાવે. વ. વસ્ત્ર પહીરાવે. મં માલા પહીરાવે. ગં. સુગંધ ચડાવે. ચુ. ચુર્ણ ચડાવે આબીરાદીક છાંટે. આ આભ્રણ પહીરાવે. ક. કરે કરીને. જા. જાવત. ધુ. ધુપ ઉખેવે ઉખેવીને

એ સર્વ પુજાનો પાઠ નમોથુણં ત્તીના દ્રુપદી, સુરીયાભ જેહવો જાણવો.

હવે જંબુદ્વિપપન્નતીમધ્યે ભરતેસરચક્રીએ ચક્રને પુજ્યો. તે વિધિ લખી છે.

नरहेराया जेणेव आउधघरसाला ते-
णेव उवागछई२त्ता चक्करयणंस्स आलोए
पणामंकरेई२त्ता जेणेव चक्करयणे तेणेव उ-
वागछइ२त्ता लोमहथयं परामुसई२त्ता च-
क्करयणं पमजई२त्ता दिव्वाए उदगधाराए
अझुखेई२त्ता सरसेणं गोसीस चंदणेणं अ-
णुलिप्पई२त्ता अग्गेहिं वरेहिं मल्लेहिं गं-
धेहिं अचणिई२त्ता पुप्फारुहणं मल्लारुहणं
गंधारुहणं वणारुहणं चुनारुहणं वथारुह-
णं आन्नरणारुहणं करेई२त्ता अथेहिं सुन्हे-
हिं सेएहिं रययामएहिं अथरस तंदुलेहिं
चक्करयणंस्स पुरऊ अठठ मंगलाइं आलि-
हई२त्ता तं सोथियं सिरिवथ नंदियावत्त
वद्दमाणग न्नद्दासण मछ कलस दप्पण
अठ मंगलाइं आलिहित्ता काउणकरेइ उ-
वयारं किंतं पाडल तिलिय चंपक असोग
पनाग चुयमंजरी नवंमालिया बउल ति-
लय कणवीर कुंद कुंजय कोरंटे पत्तटमणग
वर सुरहि सुगंध गंधियस्स कयगाहथग-

हियलप्पझठ विप्पमुकस्स दसद्धवणस्स कुसम निगरस्स तथचित्तं जाणुस्सेहपमाणमित्तं उहिं नियरकरेत्ता चंदप्पनंहवइर वेरुलिय विमल दंडं कंचण मणि रयण नत्तिचित्तं कालागुरु कुदरुक्क धुव गंधु तमणुंविरुधंच धुमवट्टि वेरुलिय मइ कडुछुयं गहय पयत्ते धुवं दहईरत्ता सत्तठपयाइं पच्चोसकईरत्ता वामंजाणुं अचेइ जाव पणामं करेईरत्ता आउधघरसालाउ पडीनिखमईरत्ता.

**અર્થ**—ભ. ભરથ રાજા. જે. જીહાં. આ. આઊધ ઘર. સા. સાલા છે. તે. તીહાં. ઉ. આવે આવીને. ચ. ચક્રરતનને. આ. દીઠાથકા. પ. પ્રણામ કરે કરીને. જે, જીહાં. ચ. ચક્રરતન છે. તે. તીહાં. ઉ. આવે આવીને. લો. મોરપીંછની પુંજણી. પ. લઇ લઇને. ચ. ચક્રરતન. પ. પુંજે પુંજીને. દી. દીવ્ય. ઉ. પાણીની ધારાએ કરી. અ. સીચે સીચીને. સ, સરસ રસ સહીત, ગો. ગોસીર્ષ. ચ. ચંદને. અ. લીપે લીપીને. અ. અગ્ર ઉત્તમ. વ. પ્રધાન. ગં. સુગંધ વસ્તુએ કરી. મ. ફુલની માલાએ કરી. અ. અર્ચા પુજા કરે, પુ. ફુલના આરોપણ ચઢાવીવો. મ. ફુલની માલાનો આરોપાણ. ગ. ગંધદ્રવ્યે આરોપણ. વ. વાના આરોપણ. ચુ. ચુર્ણ, ગંધ, પુડી આરોપણ. વ. વસ્ત્ર લુંગડાં તેહનું આરોપણ. આ. આભરણ ઘરેણાનું આરોપણ. ક. કરે કરીને. અ. નિર્મલ. સુ, સુલક્ષણ સકોમલ. સે. સ્વેત ઉજલાં. ર. રજત રૂપામય. અ. અત્યંત સ્વચ્છ ફટીકની પરે એહવા. તં. તંદુલે કરીને. ચ. ચક્રરતનને. પુ. આગલે. અ. આઠ આઠ. મં. મંગલીક. આ. આલીખે કરે. તં.

તે કીહાં. સો. સાથીઓ ૧. સી. શ્રીવછ ૨. નં. નંદાવર્ત્ત. ૩ વ. વર્ધમાન સરાવસંપુટ ૪. ભ. ભદ્રાસન ૫. મ. મછ ૬. ક. કલસ ૭. દ. દર્પણ ૮. અ. આઠ. મં. મંગલીક. આ. કરે કરીને. કા. કરે. ઉ. ઉપચાર. કીં. તે સ્યો ઉપચાર. પા. પાટણ વૃક્ષના ફુલ. તી. તીલક વૃક્ષના ફુલ. ચં. ચાંપાના ફુલ. અ. અશોક વૃક્ષના ફુલ. પુ. પુણાગ વૃક્ષના ફુલ. ચુ. આંબાની માંજરી. ન. નવમાલતીના ફુલ. બ. બઊરસીરીના ફુલ. તી. તીલક વૃક્ષના ફુલ. ક. કણયરના ફુલ. કુ. કુંદ વૃક્ષના ફુલ. કું કુજ્યકુંવાના ફુલ. કો. કોરટ વૃક્ષના ફુલ. પ. દમણાના ફુલ. વ. પ્રધાન. સુ સુરભી. સુ. સુગંધ. ગં. ગંધીત એહવો. ક. હાથે કરી ગ્રહવા માંડયા અને ગ્રહ્યા નહીં અથવા કરતલમાંહીથી પડયા એહવા તેણે કરી. વી. કચ્યલ થકી મુક્યા થકાં વીસતાર્યા. તથ. તીહાં ચક્રરતનને યોગ્ય કરે જે પ્રથવી પ્રદેશ તેહને વીષે. ચી. ચીત્રસંયુક્ત જાણસ્સે. ઢીંચણ સમાન ઢગ કીધા. દ. પાંચ વર્ણના. કુ. ફુલના ની. સમોહના. ત. તીહાં આશ્ચર્યકારી. જા. ઢીંચણસુધી એતલે પ્રમાણ માત્રે. ઉ. અવધી મર્યાદાઇ ફુલનો વિસ્તાર કરીને. ચં. ચંદ્રકાંત રતન. વ. વજ્રહીરા. વે. વૈદુર્ય રતનનો. વિ. નિર્મલ. દં. દંડ છે જેહનો એહવો. કં. સુવર્ણ. મ. મણી. ર. રતનેકરી. ભ. ભાતીસ્યુ ચીતર્યો એહવો. કા. કૃસ્નાગુરૂ. કુ. કુંદરુ તેહનો. ધુ. ધુપ. ગં. મહા ગંધે કરી ઉત્તમ તેણે કરી. અ. અનુવિધચ્યાગ એહવી. વે. વૈદુર્યરતનમય એહવો ક. ધુપનો કડુછો. ગ. લઇને. પ. ઉદ્યમવંત થકો. ધુ. ધુપપ્રજે. દ. દહે. ધુપ કરીને. સ. સાત આઠ પગલાં. પ. પાછો ઉસરે પાછો ઉસરીને. વા. ડાબું ઢીંચણ. અ. ઊંચુ કરે. જા. જાવત. પ. પ્રણામ કરે કરીને આ. આઉધઘર. સા. સાલામાંહીથી. પ. નીકલે નીકલીને.

હાહાં પણ ચક્ર પુજવાની વીધી પણ નમોથુણં વીન્યા દ્રુપદી, સુરીયાભની, પુજા જેહવી પુજા જાણવી.

હવે વીસ્તાર સહીત કુણીક રાજાએ શ્રીમાહાવીરને કીમ રીતે વાંધા, પુજ્યા, તે વીધી ઉવવાઇ સુત્રથકી લખી છે.

## चंपाए नयरीए मझंमझेणं निग्गछईर त्ता जेणेव पुणभद्देचेईए तेणेव उवागछईर

त्ता समणस्स ज्ञगवउ महाविरस्स अदुर-सामंते छत्ताझिए तिथयराइ सेसेपासाई२ त्ता अन्निसेकं हथि रएणाउ पच्चोरुहई२त्ता अवहटु पंचराइ कुकुहाइं तंजहा खगं१ छत्तं२ उप्फेसं३ वाहणाउ४ वालवीयणं ५ जेणेव समणे ज्ञगवं महावीरे तेणेव उवागछइ२त्ता श्रमणं ज्ञगवं माहावीरं पंचविहेणं अन्निगमेणं अन्निगछंति तंजहा सचित्ताणं दव्वाणं विउसरणयाइं अचित्ताणं दव्वाणं अविउसरणयाइं एगसाडियं उत्तरासंग करणेणं चखुफासे अंजलिपग्गाहणं मणसोएगत्त ज्ञाव करणेणं श्रमणं ज्ञगवं महावीरं तिखुत्तो आयाहिणं पयाहिणं करेई२त्ता वंदइ नमंसई२त्ता तिविहाए पजुवासणाए पजुवासंति तंजहा काइयाए वाइयाए माणसीयाए तावसं कुइयं ग्गाहथपाए सुस्सुसमाणे अन्निमुहे विणएणं पंजलिउडा पजुवासंति वाइयाए जंजंन्नगवं वागरइ एवमेयं ज्ञंते अवितहमेयं ज्ञंते अ-

# सांदिठमेयं भंते पडीछिमेयं भंते इथीयपडी-छीमेयं भंते सेजहाय तुझेवयह अपडीकु-लमांणे पजुवासंई माणसीयाए महयांसं-वेगं जणईरत्ता तीव्वधम्माणु रागरत्ते प-जुवासई ॥ इति. ॥

**અર્થ.**—કોણીક રાજા. **ચં.** ચંપા. **ન.** નગરીને. **મ.** મધ્ય ભાગે (વીચાલે.) **ની.** નીકલે નીકલીને. **જે.** જીહાં. **પુ.** પુર્ણ ભદ્ર ચૈત્ય છે. **તે.** તીહાં. **ઉ.** આવે આવીને. **સ.** શ્રમણ. **ભ.** ભગવંત. **મ.** માહાવીરના. **અ.** અતી વેગલા નહીં અતી ઢુકડા નહીં. **છ.** છત્ર આદ દેઇ. **તી.** તીર્થંકરના **સે.** અતીસય. **પા.** દેખે દેખીને. **અ.** પાટનો. **હ.** હાથી. **ર.** રતનને. **પ.** હેઠો ઉતરે ઉતરીને. **અ.** અલગા મુકે. **પં.** પાંચ રાજાના. **કુ.** ચીન્હ. **તં.** તે કહેછે. **ખ.** ખડગ ૧. **છ.** છત્ર ૨. **ઉ.** મુગટ. ૩. **વા.** મોજડી ૪. **વા.** ચામર. ૫. **જે.** જીહાં. **સ.** શ્રમણ. **ભ.** ભગવંત. **મ.** માહાવીર. **તે.** તીહાં. **ઉ.** આવે આવીને. **સ.** શ્રમણ. **ભ.** ભગવંત. **મ.** માહાવીર દેવને. **પં.** પાંચ પ્રકારે. **અ.** સાહમા. **અ.** જાવાની વીધી સાચવીને સાહમા જાયે **તં.** તે કહેછે. **સ.** સચીત ફુલ તંબોલાદીક દ. ધ્રવ્ય. **વી.** અલગા મુકે ભંજે. **અ.** અચીત. દ. ધ્રવ્ય આભરણાદીક. **અ.** અતિત્ય જે પાશે રાખે. **એ.** એક પનાનું વસ્ત્ર તેણે. **ઉ,** ઉત્તર દીસને ડાબે ખંભે ઉચ્યા કરે. **ચ.** ભગવંતને ધ્રષ્ટી ગોચર દેખે. **અં.** બે હાથ જોડીને. **મ.** મનનો એકાગ્ર. **ભા.** ભાવ. **ક.** કરવે કરી. **સ.** શ્રમણ. **ભ.** ભગવંત. **મ.** શ્રીમાહાવીરને. **તી.** ત્રણવાર. **આ.** જીમણા પાસાથી માંડીને. **પ.** પ્રદક્ષણા કરે કરીને. **વં.** સ્તુતિ કરીને નમસ્કાર કરીને. **તી.** ત્રણ પ્રકારે. **પ.** સેવાઈ **પ.** સેવા કરેછે. **તં.** તે કહેછે. **કા.** કાઇયાની ૧. **વા.** વચનની ૨. **મા.** મનની ૩. **તા.** પ્રથમ તો સંકોચ્યાછે. **અ.** અગ્ર હાથ પગના. **સુ.** ભલી સેવા કરતો થકો. **અ.** સનમુખ સાહમો. **વી.** વીનય કરે. **પં.** બે હાથ જોડીને. **પ.** શેવા કરેછે. **વા.** વચનની. **જં.** જેજે ભગવંત. **વા.** ઉચરે કહે. **એ.** એમજ તુંમારો વચન. **ભં.** હે પુજ્ય. **અ.** જુઠો ન હોઇ તુમારો વચન. **ભં.**

હે પુજ્ય. અ. સંદેહ રહીત. એ. એ તુમારો વચન. ભં. હે પુજ્ય. પ. હે પુજ્ય વીસેસ વાંછુંછું એ તુમારૂં વચન. ભં. હે પુજ્ય. ઈ. ઇછુંછું વીસેખ વાંછુંછું. એ તુમારૂં વચન. ભં. હે પુજ્ય. સે. તીમજ તુ. તુમે કહોછો તેમ. અ. અણઉથાપતો. પ. સેવા કરતો. મા. મનને. મ. મોટા વૈરાગ્ય. જ. ઉપજાવે ઉપજાવીને. તી. તીવૃ આકરો ધર્મના રા. રાગભાવ તેણે રાતો પ. સેવા કરેછે

ઇહાં શ્રીવિત્તરાગ વાંદવાની વીધી કોણીક રાજાએ સાચવી. પણ સાવજ પુજા કાંઇ કરી નહીં. સુરીયાભ, દ્રોપદી, ભદ્રાસાર્થવાહી, ભરતેશરની, પુજા પ્રતિમા સંબંધી સરીખી સ્થાપ થાઇ. પ્રથમ ૧ મોરપીંછથકી પુંજી, ૨ ન્હવરાવી, ૩ ચંદન લીપ્યો, ૪ વસ્ત્ર પહીરાવ્યા, ૫ સુગંધ દ્રવ્યે અરચી, ૬ ફુલ, ૭ ફુલમાલા, ૮ ચુર્ણ, ૯ વસ્ત્ર આભ્રણ, એ પાંચ વસ્તુ મુખ્ય આગલ ચડાવી. ૧૦ ફુલ માળા વીખેરીયે, ૧૧ ચોખાના આઠ મંગલીક આલિખ્યા, ૧૨ ધુપ ઉખેવ્યો, એટલા બોલ સુરીયાભનીપરે પ્રતિમા આગલે દ્રુપદીએ કીધાં, ભદ્રાએ જક્ષ આગલે કીધાં, ભરથેશરે ચક્ર આગલ કીધાં. હવે તેહની રીતે પ્રતિમા આગલે તમે પણ કરોછો. જીનપ્રતિમા જીન સરખી પણ કહોછો. તો તુમથકી તો રાજા કણિક ભક્તીવંત ઘણો હતો, અને પ્રતિમાથકી અધીક શ્રીભગવંત હતા તો તેણે તમારીપરે સાવદ્ય પુજા કીમ કીધી નહીં? પીણ ઇમ જાણજો જે, ભગવંત અને ભગવંતની પ્રતિમાની પુજા એકસરખી કહી હોત તો જાણત જે, દ્રુપદીએ ભગવંતની પ્રતિમા ભગવંતની રીતે પુજી તે માટે એ પ્રતિમા ભગવંતનીજ છે, પણ પુજા વીધી તો નાગ, ભુત, જક્ષ, વેસમણ, ચક્રરતનની પરે કરી. તો ઇમ જાણજો જે એ પ્રતિમા ભગવંતની ન હોયે, જે આરંભ પરીગ્રહ સહીત વીખય, કખાય સહીત જીન છે અવીધનાણી તથા વીભંગઅનાણી દેવતા જીન કહીએ તે જીનની પ્રતિમા જાણજો.

તીવારે હીંસ્યાધરમી કહેશે જે, પુજાની વીધી ભગવંત કોણીકથકી જુદી પડી, પણ જીણપડીમા કહીછે, પણ નાગ, ભુત, જક્ષ, વેસમણપડીમા, નથી કહી. તેહનો ઉત્તર. શ્રીઠાણાંગજી સુત્રને ત્રીજે ઠાણે કહ્યોછે જે.—

**तउ जिणा पन्नंता तंजहा उहिनाणजिणा मणपजवनाणजिणा केवलनाणजिणा**

# तउ केवली पन्नत्ता तंजहा उहिनाणकेवली मणपजवनाण केवली केवलनाण केवली तउ अरहा पन्नता तंजहा उहिनाण अरहा मणपजवनाण अरहा केवलनाणअरहा.

**અર્થ.**—ત. ત્રણ. જી. જીન. ૫. કહ્યા. તં. તે કહેછે. ઉ. અવધી-જ્ઞાન સહીત તે અવધી જીન કહીએ. મ. મનપર્જવજ્ઞાની જીન. કે. કેવલજ્ઞાની જીન. ત. ત્રીણ. કે. કેવલી. ૫. કહ્યા. તં. તે કહેછે. ઉ. અવધી જ્ઞાન કેવલી. મ. મનપર્જવ જ્ઞાની કેવલી. કે. કેવલ જ્ઞાની કેવલી. ત. ત્રણ. અ. અરીહંત. ૫. કહ્યા. તં. તે કહેછે. ઉ. અવધી જ્ઞાની અરીહંત. મ. મનપર્જવ જ્ઞાની અરીહંત. કે. કેવલ જ્ઞાની અરીહંત.

ઇહાં અવધનાણીને પણ જીન કેવલી અરીહંત કહ્યા છે, પણ કેવલ-નાણી કેવલી, કેવલનાણી અરીહંત, કેવલનાણી જીન ત્રણેને તો સચીત વસ્તુ પુષ્પ, ચંદન વીલેપન, ધુપ, દીપ ઇત્યાદીક પાંચ ઇંદ્રીના ભોગ કલ્પે નહીં. જે દીવસથકી અણગાર થીયા તે દીવસથકી વોસરાવ્યા છે તેહની ભક્તી કોણીક રાજાએ કીધી તેજ રીતે થાય પણ દ્રુપદીની રીતે ન થાય. અને મનપર્જવ નાણી કેવલી, મનપર્જવનાણી અરીહંત, મનપર્જવનાણી જીન એ ત્રણ તો સર્વ વીરતી સાધુ હોવે. તેહને પણ સચીત વસ્તુ આરંભ સહીત ભક્તિ ન કલ્પે. જે દીન થકી અણગાર થીયા તે દીનથકી વોસરાવ્યા છે. હવે તીર્થંકર, સાધુ, કેવલીની ભક્તિ સાવદ્ય કરણી કરી કોઇએ કીધી હોવે તો સુત્ર મધ્યે દેખાડો. જેહવા પુરૂષ હોવે તેહવી ભક્તિ પણ હોવે.

રાઇપસેણી મધ્યે ત્રણ આચાર્ય કહ્યા. ૧ કલાચાર્યા, ૨ સીલ્પાચાર્ય, ૩ ધર્માચાર્ય, તે મધ્યે કલાચાર્ય, સીલ્પાચાર્યની ભક્તિપણે હોવે કહી, તીહાં-સ્નાન કરાવવો, ભોજન કરાવવો, ઘણો ધન આપવો કહ્યો. અને ધર્માચા-ર્યની ભક્તિ કરવી કહી ત્યાં સ્નાન, ભોજન, ધન આપવો ન કહ્યો. જે વીરતવંતને ન કલ્પે તે માટે તેહને તો वंदइ नमंसइ ન સુઝતો અસ-ણાદીક ચઉદ પ્રકારનો દાન દેવો કહ્યો. તીમ જેહવો પુરૂષ હોવે તીમ તે-હની પ્રતિમા પણ તેહવીજ હોવે. અને તેહની ભક્તિ પણ તેહવીજ હોવે.

દ્રુપદીએ પુજા કીધી તે શ્રીવિત્તરાગની પ્રતિમા ન હોવે વિત્તરાગને સાક્ષાત પણે કોઇ શ્રાવકે દ્રુપદીની પરે પુજ્યા નહીં કહ્યા. તો ભગવંતથકી પ્રતિમા મોટી કીમ જાણી? એ પ્રતિમા ભગવંતની નહીં.

વલી તમે હમણાં પ્રતિમા પુજોછો, તેહને વસ્ત્ર નથી પહીરાવતા ઘરેણાં, પહીરાવોછો, અંગુરી ભક્તિ કરોછો, દીગંબર વસ્ત્ર ને આભુષણ એકેહી ન પહીરાવે. બોધની પ્રતિમાને ગલે જનોઇજ હોયછે. માથે સીખા રાખે છે તેમાં સાચી રીત તે કેહી? દેવતાને દ્રુપદીએ તો ઘરેણાંને કપડાં બેહુ પહીરાવ્યાં, તે પ્રમાણે તો તમારી પ્રતિમા નથી દીસતી. પ્રતિમા જે રીતે કરવી, પુજવી, તે રીત સુત્ર પાઠે હોવે તો બતાવો. ૧. તીવારે હીંસ્યા ધરમી કહેસ્યે જે, જીણઘર કીમ કહ્યો તે ઉત્તર.

૧. જંબુદ્વિપપન્નતીમધ્યે શ્રી.ઋખભદેવસ્વામીયે સંજમ લીધો તીહાં आगारीए अणगारिए पव्वइये કહ્યો જે, આગાર કહીતાં ઘર મુકીને અણગાર થીયા.

૨. ગ્નાતા મધ્યે મલ્લીનાથ સ્વામીએ સંજમ લીધો તીહાં आगाराउ अणगारीयं पव्वइए આ. ગૃહવાસ મુકીને અણગારપણું અંગીકાર કરે કહ્યો.

૩. આચારંગમધ્યે શ્રીમાહાવીરે સંજમ લીધો તીહાં आगाराउ अणगारियं पव्वइए કહેતાં ઘરવાસ મુકીને અણગારપણું અંગીકાર કરે એમ કહ્યો એમ સુત્રમધ્યે ઠામ ઠામ જેણે દીક્ષા લીધીઃ શ્રીવિત્તરાગે, ગણધરે, રાજાએ, શેઠે, સેનાપતીએ, ગાથાપતિએ, માહાબલ કુમારે, સુદર્શન શેઠે ઋખભદત્ત, દેવાનંદાએ, જેવંતી, મૃગાવંતી, ઉદાઇરાજા, કાર્તિકસેઠ. મેઘ કુમાર, થાવર્ચ્ચાપુત્ર, સેલકરાજા, સુખદેવ ઇત્યાદીક જેણે સંજમ લીધાં તીહાં કહ્યો. आगाराउ अणगारीयं पव्वइए કહેતાં જે ઘરવાસ મુકીને અણગારપણું અંગીકાર કરે. ઘર મુકીને નીકલ્યા એ લેખે કેવલનાણી જીન અને મનપર્જવનાણી જીન એ બે જીનને તો ઘર ન હોવે, જે કેવલી જીનને ઘર કહેછે તે માહા મુર્ખ, મંદબુદ્ધિ, ભારેકર્મિ જીવ દુર્લભબોધી જાણવા.

વળી રાજગ્રહી, ચંપા, તુંગીયા, આલંભીયા, સાંવરથિ પ્રમુખ ઘણે ઠામે શ્રી વિત્તરાગ તથા મુનીરાજ પધાર્યા તીહાં રાજા, શેઠ, સેનાપતિ પ્રમુખ વાંદવા ગયા તીહાં ઇમ કહ્યો જે, ચાલો હે દેવાણુંપ્રીયા ગુણસીલ, પુર્ણભદ્ર બાગ મધ્યે ભગવંત તથા સાધુ આવ્યા છે તેહને વાંદવા જાયછે; પણ

ઇમ કોઇએ ન કહ્યો જે, આલો જીનઘરે જાઇએ. તો એમ જાણજો જે ભગવંત કેવળીને ઘર ન હોવે. જે કહેછે તે એકાંત જુઠું કહેછે.

વળી સુત્રમધ્યે ઠામ ઠામ આચારંગ, ઠાણાંગજી, વૃત્તિકલ્પ મધ્યે જીહાં સાધુ રહે તે ઠામને "ઉવસય" કહેતાં અલ્પકાળના આશ્રયમાટે ઉપાશ્રય કહ્યો છે. પણ ક્યાંઈ જીનઘરે, મુનીઘરે એમ નથી કહ્યો. દસાસુતસ્કંધ મધ્યે પડિમાધારી સાધુને પણ ત્રણ જાતના ઉપાશ્રયમાં રહેવું કહ્યું. પણ ઘર નથી કહ્યું. એમ અનેક સાખ જાણવી. તે માટે દ્રુપદીને અધીકારે જીનઘરે કહ્યું. એ પાઠ સાચો છે. પણ કેવળનાણી જીન ન જાણવા. જે જીનને ઘર હોવે તે જીન જાણવા. ઘરવાસી જીન કેવળનાણી, મન-પર્જવનાણી જીન ન હોવે. જીનઘર તે અવધનાણીજીન ચાર ગતના જીવ, ચાર જાતના દેવતા તેહને ઘર હોવે. અવધનાણીજીનને સુત્ર મધ્યે ઘણા ઠામે ઘર કહ્યાં છે તે કહેછે. ગ્નાતા અધ્યયન બીજે કહ્યુ જે વીજય ચોર રાજગ્રહી નગરીમાં જેટલાં ઠામ જાણેછે તેમાંથી કહેછે.

**रायगिहस्स नगरस्स बहुणि अइग्नि-गमणाणिय निगमणाणिय पाणीगाराणि-य वेस्यागाराणिय तक्करठांणाणिय संघा-डगाणिय तियाणिय चउक्काणिय च्चरा-णिय नागघराणिय भूतघराणिय जखदे-उलाणिय.**

અર્થ—રા. રાજગ્રહી, **ન.** નગરમાં. **બ.** ઘણા, **અ.** પેસવાના મર્મ જાણે. **ની.** નીશરવાના મર્મ જાણે. **પા.** મદ્યપાનના. ઘર તેણે ઠામે. **વે.** વેસ્યાને ઘરે. **ત.** ચોરને ઠામે (ચોર રહેવાના ઘર.) **સં.** બે વાટ પડે. **તી.** તીન વાટ લાગે. **ચ.** ચાર વાટ એકઠી મીલે. **ચ્ચ.** ચાચરના ઠામ. **ના.** નાગ દેવના ઘર. **ભુ.** ભુતના ઘર. **જ.** જક્ષના દેહેરાં.

એમ અવધનાણી જીન, જક્ષ, ભુતના ઘર કહ્યા. વીજય ચોર જક્ષાદી-કના ઘર જાણેછે. ઇત્યાદીક ગ્નાતા સુત્રમાં ઘણા ઠામનો વીસ્તાર છે જે વી-

જય ચોર આટલાં ઠામ જાણેછે, તો તીર્થંકરના દેહેરાં નહીં જાણતો હો-વે? પણ એમ જાણજો જે તે કાલે રાજગ્રહીમાં તીર્થંકરના દેહેરાં નથીજ.

વળી ગ્નાતા બીજે અધ્યયને ભદ્રાસાર્થવાહી પુત્ર વંછા માટે પુજા કરવા ચીતવેછે, તીહાં પણ કહ્યોછેજે, जेणव नाग घरे जाव वेसमण घरे નાગના ઘર છે, જક્ષના, વેસમણના ઘર છે જાવ શબ્દમધ્યે એટલા દ્વાર કહ્યા. નાગઘર, ભુતઘર, જક્ષઘર, ઇંદ્રઘર, ખંધઘર, રૂદ્રઘર, સીવઘર, વેસમણઘર, તો ઇમ જાણજો જે અવધનાણી જીનને ઘર કહ્યાછે. જે દેવતાને ઘર તેહની પ્રતિમાને પણ ઘર. અને વિત્તરાગને ઘર નથી તો તે-ની પ્રતિમાને ઘર સ્યાને હોસ્યે?

વળી કોઈ કહે તીર્થંકર વીના બીજાને જીન કીહાં કહ્યો.છે. તે ઉત્તર. ૧ તીર્થંકરને જીન કહીએ. ૨ સામાન્યકેવલીને જીન કહીએ. ૩ અવધ-નાણીને જીન કહીએ. ૪ મનપર્જવનાણીને જીન કહીએ. ૫ બારમા ગુ-ણઠાણાવાલાને જીન કહીએ. ૬ ચઉદ પુર્વિને જીન કહીએ. ૭ જાવત દશ પુર્વિલગે જીન કહીએ. ૮ અગ્યારમા ગુણઠાણાવાલાને જીન કહીએ. ૯ આવતી ચોવીસીને જીન કહીએ. ૧૦ જીન નામે દ્વીપને જીન ક-હીએ. ૧૧ જીન નામે સમુદ્રને જીન કહીએ. ૧૨ કંદર્પને જીન કહીએ ૧૩ નાગયણ, કૃષ્ણને જીન કહીએ. ૧૪ બહુ ધનવંતને જીન કહીએ.

કંદર્પને જીન કહ્યો તે કીસા ગ્રંથની સાખે? હેમાચાર્ય કૃત હેમી નામ માલા અનેકાર્થિ. મધ્યે શ્લોક કહ્યો.

**वीतरागौजिनौचैव ॥ जिनसामन्यकेवली॥**
**कंदर्पौजिनोस्यात ॥ जिननारायणो ॥ १ ॥**

**અર્થ.**—૧ અરીહંત ઘાતીકર્મ જીત્યા તે માટે જીન. ૨ ઇમ સામા-ન્યકેવલી પણ ચાર ઘાતીકર્મ જીત્યા તે માટે જીન. ૩ કંદર્પ સર્વ જીવને વ્યાપ્યો તે માટે જીન વાસુદેવે ભુજાબલે ત્રણ ખંડ જીત્યા તે માટે જીન. પછે જેહવો અવસર પ્રસ્તાવ તેહવો અર્થ જાણવો.

વળી દ્રુપદી પરણવાને અવસરે નિયાણાના તીવ્ર ઉદય મધ્યે ભરતારની વાંચ્છા વિષયર્થિથકી પુજી છે. તે વેળા ચારિત્ર મોહનીનો ઉદય તિવ્ર છે. મીથ્યાત્વ દ્રષ્ટી છે તે મીથ્યાતને ઉદયે શ્રી વિત્તરાગ નિરાગી ઉપર ભાવભક્તિ નથી. તે માટે એને અવધનાણી જીનની પ્રતિમા જાણવી. તીવારે હીંસ્યા

ધરમી કહે અવધનાણી જીનની પ્રતિમા હોવે તો નમોથુણું કીમ કહે અવધનાણી મધ્યે તો નમોથુણુંના ગુણ કીહાંથકી. તેનો ઉત્તર. અવધનાણી મધ્યે તો નમોથુણુંના ગુણ કીહાંથકી એ વાત સાચી છે પણ અણઅરિહંતને મુર્ખલોકોએ અરિહંત કરી જાણ્યા છે, તીર્થંકર કરી માન્યા છે, અને નમોથુણું પણ કહ્યા છે તે સાખ સુત્રમધ્યેથી લખી છે.

૧. ભગવતી સતક આઠમે ઉદેસે પાંચમે ગોસાળાના શ્રાવક વખાણ્યા તીહાં કહ્યોછે જે:—

**इचेतेदुवालस्स आजीविय उवसग्गा अरिहं देवतागा अम्मा पीउसु सुसागा.**

**અર્થ.**—એમ એ બારે આજીવીક ગોસલાના મુખ્ય શ્રાવક કહ્યા. આ. ગોસાલાને અરીહંતની કલ્પનાએ કરી અર્હપણાથકી માતા પીતાની સુસુખાના કરણહાર.

અરિહંતની ભક્તિના કરણહાર કહ્યા. આણંદવત તેહને મને ગોસાળો અરિહંત છે. એ શ્રાવક ગોસાળાને નમોથુણું કહેછે કે નથી કહેતા? અરિહંત જાણ્યા તીહાં નમોથુણું નિયમા થયો.

૨. વળી સતક પંદરમે કહ્યું ગોસળો મંખલીપુત્ર સાવરથિ નગરીએ

**अणिणा जिणप्पलावी अणअरहा अरहप्पलावी अकेवली केवलीप्पलावी असवन्नु सव्वनु प्पलावी अजिणे जिणसद्दं प्पगा समाणे विहरई.**

**અર્થ.**—જીન નથી તેહવોથકી જીન છું એહવો પ્રલાપ કરે, અરિહંત નહીં અને અરિહંત છું ઇસો પ્રલાપ કરી કહે, કેવળજ્ઞાન નહીં અને મુખસો કહે કે કેવળી છું, સર્વ પદાર્થનો જાણ નહીં અને કહે હું સર્વ પદાર્થનો જાણ છું. અજીન થકો જીન છું ઇસો શબ્દ કહેતોથકો વિચરે.

અજીન, અણઅરિહંત, અકેવળી, અસર્વજ્ઞથકો જીન, અરિહંત, કેવળી, સર્વજ્ઞ કહેવાયછે તેના માનણહાર તિર્થંકર કરી માનેછે નમોથુણું કહેછે.

૩. વળી પંદરમે સતકે ગોસાલાનો અયંપુલ શ્રાવક ચીનવેછે જેઃ—

एवं खलु मम धम्मायरिय धम्मोवए-सए गोसाले मंखलीपुत्ते उपन्न नाण दंसणधरे जाव सव्वनु सव्वदरसी इहेव सावथीए नयरीए हालाहलीइं कुंनकारीए कुंनकारावणंसि आजीवियसंघस परिवुडे आजीविएसमएणं अप्पाणं नावेमाणे विहरइ.

અર્થ.—એ. એમ નિશ્ચે મારો ધર્માચાર્ય, ધર્મ ઉપદેશ દાતાર ગોસાલ મંખલીપુત્ર ઉ. ઉપના જ્ઞાન, દર્શણના ધરણહાર. જા. ઇત્યાદી સર્વજ્ઞ. સ. સર્વના દેખણહાર. ઇ. ઇહાંજ. સા. સાવરથિ નગરીને વિષે. હા. હાલાહલ. કુંભકારીનો. કું. કુંભાર આપણને વિષે. આ. આજીવક સંઘાતે પરવર્યો. આ. આજીવ સમર્ય શાસ્ત્રેકરી આપણા આતમાને ભાવતોથકો વિચરેછે.

તેહને કાલે સુર્ય ઉગતાં હું જઇને વાંદીશ. એ તો ગોસાળાને અરિહંત જાણેછે અને નમોથુણં પણ કહેછે.

૪. વળી ઉપાસગ સાતમે અધ્યયને સકદાલ કુંભારને દેવતા કહી ગયો.

एहितेणं देवाणुंपीया कल्ले इहं महामाहणे उप्पन नाण दंसण धरे तीय पडुप्पन्नामणागयजाणये अरहा जिणे केवली सव्वन्नु सव्वदरसी तिलोगं पेहिय महियए पुईए सदेव मणुस्सा सुरस्स लोगस्स अचणिजे वंदणीजे पुयणीजे सक्कारणीजे सम्माणणिजे कल्लाणं मंगलं देवायं चेइयं

जाव पजुवासणिजे सचकम्म संपया संपउत्ते तेणं तुम्नवं वंदिजाहि जाव पजुवासेजाहिं पाडिहारियेणं पीढ फलग सिजा संथारएणं उवनिमंते जाहि.

**અર્થ**—એ. ઇહાં આવશે. દે. હે દેવાનુંપ્રીયા. ક. કાલે. ઈ. ઈહાં. મ. મોહોટા માહાનુંભાવ. ઉ. ઉપના. ના. જ્ઞાન. દં. દર્સણ ચારીત્રનો. ધ. ધરણહાર. તી. અતિતકાળ. પ. વર્તમાનકાળ. અ. અનાગતકાળનો. અ. અરિહંત. જી. જીન. કે. કેવળી. સ. સર્વજ્ઞ જાણ. સ. સર્વ દર્સી. તી. ત્રીલોક. પે. દીઠો. મ. મહિત. પુ. પુજનિક. સ. દેવતા સહીત. મ. મનુષ્ય. અ. અસુર કુમારને. લો. લોકને. અ. અર્ચનિક, પુજનિક. વં. વંદનિક. પુ. પુજનિક. સ. સત્કાર કરવા જોગ્ય. સ. સન્માન કરવા જોગ્ય. ક. કલ્યાણકારી. મં. મંગળીક. દે. દેવસમાન. ચે. જ્ઞાનવંત. જા. જાવત. પ. સેવા કરવા જોગ્ય રૂડા કર્મના. સ. સત્ય કર્તવ્યરૂપ. સં. સંપદા. સં. સંયુક્ત. તે. તેહને. તુ. તુમ્હે. વં. વાંદજો. જા. જાવત. પ. સેવા જોગ્ય સેવા કરજો. પા. પાઢીઆરૂં. પી. બાજોઠ. ફ. પાટીયું. સી. સીજ્યા, પાટ અથવા સ્થાન. સં. સંથારોતૃણાદી. ઉ. સમીપ આવી આમંત્રજે.

ઇત્યાદિક એવીરીતે દેવતાએ સકદાલ કુંભારને કહ્યું તીવારે સકદાલે જાણ્યું, માહારા ધર્માચાર્ય ગોસાળો મંખલીપુત્ર એહવા ગુણવંત છે. તે કાલે આવશે એમ જાણ્યું. અને દેવતાએ તો શ્રી મહાવીરસ્વામી આશ્રે કહ્યું હતું. એ લેખે ગોસાળાના શ્રાવક નમોથુણં અણઅરિહંતને અરિહંત જાણીને કહેછે. એ ચાર સાખ સુત્રની.

૫. તથા છ દીસાચર આદિ દેઈ ગોસાળામતિ સાધુ પડીકમણું કરે તીવારે અરિહંત કેહેને જાણીને નમોથુણં કહેછે? ગોસાળાનેજ અરિહંત જાણીને કહેછે તથા ગોસાળાના શ્રાવક નમોથુણં ગોસાળાને અરિહંત જાણીને કહેછે.

૬. તથા જમાલીના શ્રાવક, સાધુ ભગવંતના પ્રતિનિક આવસ્યક કરતાં નમોથુણં કહેછે, તે કેહેને કહેછે? જમાલીનેજ કેવળી જાણીને કહેછે.

૭. તથા અનુજોગદ્વાર મધ્યે લોકોત્તર દ્રવ્યાસકના કરણહાર વખાણ્યા, તે ભગવંતની આગ્ના બારે છે અને એ ટંકના આવસ્યક કરેછે, ને ભગવંતે તેહને મીથ્યાદ્રષ્ટી કહ્યા છે. તે નમોથુણં કેહેને કરેછે તે પાઠ.

**जेइमे श्रमणगुण मुक्क योगी छकायनिरणुंकंपा हयाइंव उद्दामा गयाइव निरकुंसा घठामठा तुप्पोठा पंडुरपड पाउवणा जिणाणं श्रणाणाए सछंद विहरिउणं उभनकाल श्रावस्सयं उवठंति.**

અર્થ.—જે. જે એ પ્રત્યક્ષ. સ. સાધુના ગુણથકી. મુ. મુક્યાછે. જો. વ્યાપાર જેણે. છ. છકાયને વીસે ગઇછે અનુકંપા જેહની. હ. ઘોડાની પરે. ઉ. ચોકડા રહીત. ગ. હસ્તીની પરે. ની. ગુરૂની આગ્નારૂપ અંકુસ રહીત. ઘ. ઘસીછે માંખણે જંઘ જેણે. મ. મઠાર્યુછે સરીર મસતકે તેલાદીક જેણે. તુ. ચોપડયા હોઠ મદનાર્થે. પં. પંડુર ઉજલા. પા. ધોયા વસ્ત્ર. જી. પેહેર્યાછે જેણે. અ. તીર્થંકરની આણ આગ્નાયે. સ. પોતાને છાંદે. વી. વીચરીને. ઉ. પ્રભાતે સાંજે. આ આવસ્યકને અર્થે ઉ. ઉઠે.

૮. તથા અભવ્ય સાધુના વેસમાં રહ્યો નમોથુણં કહે. તે કેહને કહેછે? શ્રીવિત્તરાગને તો દેવ કરી જાણતો નથી, તો નમોથુણંનો સ્વામી કોણ? એમ અનેક સુત્ર સાખછે. જે અગ્નાન, મુર્ખ, મીથ્યાત્વના લીધા અજીનને જીન જાણે ને નમોથુણં કહે પણ વિત્તરાગપણે ઓલખ્યા વીના નમોથુણં કહ્યાનો લાભ નથી.

તથા કોઇએ પોતાના કુળદેવની પુજા સાવદ્ય આરંભ કરી કીધી, અને નમોથુણં તે આગળે કહ્યાં, તે કાંઇ નમોથુણં કહ્યામાટે તે કુળદેવની પુજા સમકિત ખાતે ન થઇ, તીમ દ્રુપદીયે નમોથુંણ કામદેવાદીક અવધનાણી જીન આગળે કહ્યો. તો કોઈ એ સાવદ્ય પુજાના વંછકને તીર્થંકર કેવળનાણી જીન જાણવા નહીં.

વળી એહીજ દ્રુપદી પરણ્યા પછી સમકિત પામી, સંજમ પામી, તીવાર પછી ક્યાંઈ પ્રતિમા પુજી કહી નથી. વળી પ્રતિમા તીર્થંકરની હોવે

તો લોમ હસ્તે કરી પુંજતી પ્રતિમાને સંઘટો કીમ કરે? જો તીર્થંકરની પ્રતિમા હોવે તો સ્ત્રી કીમ ફરસે?

વળી તમે કહોછો જે, જીનપ્રતિમા જીન સરખી. તો શ્રી વિત્તરાગે તો શ્રી ઉત્તરાધ્યયન સોળમે અધ્યયને તથા સમવાયાંગ નવમે સમવાયે, તથા પ્રસ્નવ્યાકરણ ચોથે સંવરદ્વારે, એમ બીજે પણ ઘણે સુત્રે બ્રહ્મચારીને એટલા બોલ વરજ્યા છે.

૧ સ્ત્રી સહીત સ્થાનક, ૨ સ્ત્રીની કથા, ૩ સ્ત્રીથકી એક આસને બેસવો, ૪ સ્ત્રીનો અંગ નિરખવો, ૫ સ્ત્રીનો શબ્દ સાંભળવો, ૬ સ્ત્રીનો ભોગ સંભાળવો, ૭ સ્ત્રીનો ફરસવો. એટલા બોલ વરજ્યા છે. વળી આઆરંગ, પ્રસ્નવ્યાકરણ, સમવાયંગે પચ્ચીશ ભાવના મધ્યે પણ સ્ત્રીનો ફરસ વરજ્યો છે. સાધુ, સાધવી, બ્રહ્મચારી, શ્રાવક, શ્રાવિકાને પણ એહીજ રીત પાળવી કહી છેઃ તો શ્રી વિત્તરાગ ત્રીલોકના સ્વામી, જગત ચીંતામણી વિશ્વભૂષણ, તેહને સ્ત્રી કીમ ફરસે? એ વાત નીપટ અયુક્ત છે.

૧. શ્રી વીરવર્ધમાનસ્વામીને દેવાનંદાયે પુત્રને સ્નેહે સામો જોયો સ્તને દુધ આવ્યો, પણ પુત્રનીજ બુધે ભગવંતને ફરસ્યા નહીં.

૨. વળી દેવકીરાણી છ અણગારને પુત્રને જાણી ઘણો સ્નેહ આવ્યો, સ્તનમાં દુધ આવ્યો; પણ મુનીને ફરસ્યા નહીં.

૩. વળી ઉવ્વાઇ સુત્રે કહ્યો. કોણીક પ્રમુખ પુરૂષે તો ભગવતની આગળે બેસીને ધર્મકથા સાંભળી. અને સુભદ્રા પ્રમુખ રાણીયે "ठीयाचेव पज्जुवासांति" ઉભીથકી ધર્મકથા સાંભળી. સ્ત્રી જાત ભગવતને આગળ બેસવો પણ ન પામે, તો ફરસવો કીહાંથી?

૪. ભગવતી સતક નવમે દેવાનંદા બ્રાહ્મણી ભગવતની માતાયે ઉભાં રહી ધર્મ સાંભળ્યો; પણ બેસવા પામ્યાં નહીં.

૫. ઇમ બારમે સતકે જેવંતી, મૃગાવંતી પણ એમજ.

૬. વળી ગણધર ગોતમાદીક "नाइदुरमणासन्ने आति नगीच नहीं" અતિ વેગળા નહીં અતિ ઢુકડા નહીં ઇમ બેઠા.

૭. ઇમ ઇંદ્ર, દેવતા, કોણીક રાજા, શ્રીકૃષ્ણ, આણંદ, કામદેવ, સંખ, પોખળી પ્રમુખ શ્રાવક તે પણ અદુરસામંતે (મર્યાદાયે) બેઠા, પણ ફરસ કીધો નહીં.

૮. તથા જેવંતી, મૃગાવંતી, ચેલણા, સીવાનંદા પ્રમુખ શ્રાવિકાં દુર

રહી, પણ તીલક કરવાને અડી નહીં. ઇમ કોણીકની રાણી પણ. એ લેખે જોતાં શ્રી વિત્તરાગના મારગમધ્યે સ્ત્રીનો સંગ યોગ્ય નહીં તો શ્રી જીનપ્રતિમા જીન સરખી તેહને સ્ત્રીનો સંઘટો કીમ જોઇયે? એણે મળે જોતાં, એ પ્રતિમા તીર્થંકરની નહીં.

વળી શ્રી વિત્તરાગને તથા સાધુને વાંદવા ગયા છે. શ્રી ભરથેશર, શ્રીકૃષ્ણ, કોણીક, ઉદાઈ રાજા, રાય પ્રદેસી, ચીતસારથી, આણંદ પ્રમુખ શ્રાવક તેણે પાંચ અભીગમ સાચવ્યાં તીહાં सचिताणं दवाणं विउसरणयाइं.

સ. સચીત ફુલ, તંબોળાદિક. દ. ધ્રવ્ય. વી. અળગા મુકે ભંજે.

સચીત ધ્રવ્ય દુરે કહ્યાં. જે રીત તીર્થંકરની તે રીત સાધુ વાંદવાની; તો તીર્થંકરની પ્રતિમાની રીત જુદી કીમ પડી? જીનપ્રતિમા જીન સરખી તો તુમે કહોછો. એ વાત કીમ મળી? તે માટે દ્રુપદીને અધીકારે એટલા બોલનો નિર્ણય કરજો.

૧ દ્રુપદીનો પીતા મીથ્યાદ્રષ્ટી. ૨ દ્રુપદી શ્રાવકાં નહીં. ૩ દ્રુપદી સમદ્રષ્ટી નહીં. ૪ અને પ્રતિમા પણ તીર્થંકરની નહીં. તે કેમ જે ૧ પ્રથમથી તો મોરપીંછથકી પુંજી. ૨ બીજે પુજા ભોગી દેવતાની પરે અભોગી દેવની કીધી. ૩ વળી જીન ઘરે કહ્યો. તે જીનરાજને ઘર હોવે નહીં. ૪ એ લેખે અવધનાણી જીનની પ્રતિમા કામદેવાદીકની જાણવી. જે જીનને ઘર હોવે, જે જીનને સ્ત્રી ફરસે, જે જીનને પુષ્પ, ચંદન, ધુપ, દીપ, સ્નાન ખપે તે જીનની પ્રતિમા જાણવી. અને અવધનાણી જીન; નાગ, ભુત, જક્ષ, વેસમણને તો સ્ત્રી સુખે ફરસ કરે. તે સાખ નંદી સુત્રે રોહાને અધિકારે છે. રાજાને પાંચ પીતા કહ્યા, તે મધ્યે રાણી વેસમણ દેવતાની પ્રતિમાને ફરસી. કામ સૌભાગ્યની અભીલાખથકી. તે માટે હે રાજા! તું વેસમણ દેવનો પુત્ર છે. એ અવધનાણી જીનને સ્ત્રી ફરસી, તે માટે દ્રુપદીની પણ વેસમણ દેવતાની પ્રતિમા જાણીએ. નમોથુણં કહ્યા માટે કોઇ તીર્થંકરની પ્રતિમા જાણે તે ઉપર તો અનેક સાખ સુત્રની છે.

વળી હીંસ્યાધરમી કહેસે દ્રુપદી નારદ આવ્યો ઉઠી નહીં, તે માટે સમદ્રષ્ટી કહીયે. તેનો ઉત્તર: દ્રુપદીને પરણ્યા પછી નિયાણો પુરો થયો છે, પછે તો સમકીત વ્રત સુખે પામે. એહનો અટકાવ નથી. પરણ્યા પછી નિયાણો પુરો થયો છે, તીવાર પછે ધરમ સુખે પામે, પણ પરણ્યા પહેલાં સમકિત વ્રત હતાં નહીં. કોઈ કહેસ્યે પરણ્યા કેડે દ્રુપદી સમકીત વ્રત

પામી તે કીસે ઠામે, કીયા ગુરૂ પાશે તે કહો; સમકીત તો કુંવારાપણા-નોજ હતો. પરણ્યા કેડે પામી હોય તો ગુરૂનો નામ ઠામ કહો. તે ઉત્તરઃ જો દ્રુપદીના ગુરૂના નામ ઠામનો નિર્ણય કરોછો તો પ્રતિમાનો તો નિર્ણય કરો, કે દ્રુપદીયે પ્રતિમા પુજી તે કીયા તીર્થંકરની, કોણે કરાવી, કેહેને વારે થઈ એટલો નિર્ણય કહો. અને સમકીતનો દ્રુપદીનો ગુરૂ પુછોછો તો શ્રીકૃષ્ણ, બળભદ્ર, સમુદ્રવિજય, ઉગ્રસેન, આદી શબ્દે જાદવ કીયા ગુરૂ પાશે સમ-કીત પામ્યા તે ગુરૂનો નામ વતાવો? તથા રાજેમતી માહાસતી સીળવંતા બહુસુયા ઉત્તરાધ્યયન બાવીસમે અધ્યયને કહી છે તે સંસારમાંથકી કીયા ગુરૂ પાસે બહુ સુત થઇ? તે ગુરૂનો નામ તુમેજ કહો. અને દ્રુપદીએ નારદનો વિનય ન કીધો અસંજતી જાણીને તે માટે સમકીતી કહોછો તે તો ભલું કર્યું છે, પણ શ્રીકૃષ્ણ સમદ્રષ્ટી હતા તેણે પંડુ રાજા-ની પરે નારદનો વિનય કર્યો છે. "વંદઈ નમંસઇ" પાઠ છે. તેણે નારદનો વિનય કીમ કીધો? એ પાઠ ગ્નાતા મધ્યે સોળમે અધ્યયને છે. જો લોકીક મીથ્યાત્વ સમદ્રષ્ટી કાર્ય વિશેષે સેવે તો પણ ધર્મ ન જાણે.

વળી જીનમારગની રીતે પાદોગમન સંથારો તામલી તાપસે તથા પુરણ તાપસે કીધો, પીણ કાંઇ જીનમારગી ન થયા. તથા ભરથેસરે ભરથખેત્ર સાધતાં તેર અઠમ પોસહ કીધા. પદમોત્તર રાજાએ દ્રુપદીને કાજે અઠમ કીધો પણ કાંઈ અગીયારમા વ્રતમાંહી ન ગણાય. સર્વ રીત જીન સરખી હોત તો જીન તીર્થંકરની પ્રતિમા જાણત. પીતાને ભુખ લા-ગ્યેથકે પુત્રનો ભક્ષણ કરે એ અયુક્ત કર્મ છે, તેમ તીર્થંકરના છોરૂ પુત્ર સમાન છકાયના જીવ તે તીર્થંકરની ભક્તિ કરવાને હણે, તે પણ અ-યુક્ત. એ ભક્તિ વિત્તરાગ માને નહીં.

વળી હીંસાધરમી કહેછે માનેછે. ઓઘનિર્યુક્તિની ટીકા ગંધહસ્તી આ ચાર્યની કીધી તે મધ્યે કહ્યો છે જે, દ્રુપદીને એક પુત્ર થયો તીવારપછી સમકીત પામી. એ પાઠ લખ્યો છે.

---

उंघनिर्युक्ताइ युक्तं इथीजणसंघट्ट ति-विहं तिविहेणं वजएसादु इतिवचनात् स्त्रि-विधि स्त्रिविधि नसाधुनां वर्जनीय साधो

श्राकल्प नीयं कर्मचरत सम्यक्त्त्वा भावात् द्रोपद्या श्रागमेखु श्रोयते लोम हथे परामुसई लोम हस्ते नपरामीश्रति परमाजय तीत्यर्थः तत्पर्माजिनन जिनस्पस्पर्सोजात जिनस्य श्रस्त्रीजन सपर्सेत श्रासातना स्यात श्रासातना सम्यक्त्त्वा भावात् एतए द्रौपदी न सम्यक्त धारणी संभाव्यते पुनः उंघनिर्युक्त चिरंत नटी कायां गंधहस्ता चार्येण युक्तं द्रौपद्या नृप पूत्रीका निदांन क्ततिर्भिनसार पंचस्या छत निदान भोजात वाजाएक पुत्रः पुनः पश्चात साधु सका समाप्प द्रव्यरं समक्त मारगो धरंतो.

એ ઓઘનિર્યુક્તિનો પાઠ અને ગંધહસ્તી આચાર્યકૃત ટીકાંથી ઉત્તર જોજો.

२० सुरियाभे तथा वजेपोलीये प्रातिमा पुजी कहेन्छे तेनो उत्तर.

કેટલાક હીંસાધર્મી કહેછે જે:—સુરિયાભ દેવતાયે અને વીજયપોલીયે પ્રતિમા પુજી છે. માટે અમે પણ પુજીયેછીયે. તેહનો ઉત્તર કહેછે. સુરિયાભ અને વીજયપોલિયાનો અધીકાર એકસરખો છે. તે માટે સુરિયાભનો અધીકાર રાયપસેણી સુત્રમધ્યેથી કહેછે.

૧. પ્રથમ સુરિયાભ દેવતાયે શ્રી માહાવીર દેવને અમલકંપા નગરીયે અંબસાલ વનમાં દીઠા તીહાં સાહમો જઇ નમોથુણં કહ્યો, તે ઠાણં સંપત્તાણં લગે કહ્યો. સેષ પદ કલીત છે. ૨. પછે ઇમ કહ્યો જે.

तं महाफलं खलु देवाणुप्पिया तहारुवाणं अरीहंताणं नगवंताणं नामगोयस्सवि सवणयाए किमंग पुण अन्निगमण वंदण नमंसण पडीपुछण पजुवासणयाए एगसवि आयरीयस्स धम्मीयस्स सुवयणस्स सवणयाए किमंग पुण विउलस्सअठस्स गहणयाए.

અર્થ. તં. તે. મ. મોટો ફળ. ખ. નિશ્ચે. દે. દેવતાને વાલો ત. તીર્થંકરને ગુણેકરી સહીત તેહનો. અ. અરીહંતનો. ભ. ભગવંતનો. ના. નામ ગોત્રનું તે રૂડાં ગોત્ર ને ગુણનિપન તેહનું પણ. સ. સાંભળવે કરી. કી. તેહનું સું કહીએ. પુ. વળી. અ. સાહમુ જાવું. વં. વાંદવું સ્તુતી. ન. પ્રણામનું કરવું. પ. પ્રસ્નાદીકનું વળી પુછવું. ધ. ધર્મ સંબંધી ને. સુ. સુ વચનનો. સ. સાંભળવો. કી. તેહનું સુ કહીવું. પુ. વળી. વી. વીસતીર્ણ. અ. અર્થને. ગ. ગ્રહીને.

ઇહાં વાંદવાનો, ઉપદેશ સાંભળવાનો મોટો લાભ કહ્યો. પીણ સુરિયાભે નાટીકનો મોટો લાભ ચીંતવ્યો નહીં. વાંદવો ને ઉપદેસ સાંભળવો તે ખયોપસમભાવ છે. ભગવતની આજ્ઞાનો કરતવ્ય છે. અને નાટીક ઉદય ભાવ છે. ભગવતની આજ્ઞા બાહારનો કરતવ્ય છે.

૩. વળી સુરીયાભે દેવલોકમાં રહી વંદણા કરી ને ઇમ કહ્યો.

एवं मे पच्चा हियाए सुहाए खमाए निसेसाए आणुगामियत्ताए नविस्सई.

અર્થ.—એ. એહ ભગવંતનું પદનાદીક મે. મુજને. પ. પરભવ જન્માંતરે. હિ. હીત ભણી પથ્યની પરે. સુ. સુખ ભણી. ખ. જોગતા ભણી રોગનો વિનાશ કરવા ઓષધનીપરે. નિ. મોક્ષ ભણી. આ. ભવની પરંપરા લગે એહ સુખનું કારણ કેડે. ભ. હુસ્યે. એમ કહી.

પેચ્ચા કહેતાં પરલોકને વીશે હીતકારી તથા અનુગામીક ફળ કહ્યું. પેચ્ચા શબ્દે પરલોક એ અર્થ ઘણે સુત્રે કહ્યો છે. ઉત્તરાધ્યયન નવમે અધ્યયને અઠાવનમી ગાથામાં પેહેલા બે પદમાં કહ્યું છે.

**इहंसि उत्तमो भंते॥ पेच्चाहोहिसिउत्तमो॥**

**અર્થ**—ઈ. એ ભવને વીષે. ઉ. પ્રધાન છો. ભં. હે પુજ. પે. પરભવને વિષે. હો. હોઈસ. ઉ. ઉત્તમ.

તથા પ્રસનવ્યાકરણે સંવરદ્વારે પેહેલે અધ્યયને पेचा भावियं आगमेसि भद्दे કહેતાં પે. પરભવને વિષે. ભા. સુખ ઉપજાવે. આ. આગમી કાળે. ભ. કલ્યાણનો કરણહાર એહવો પાઠ છે. તીમ ભગવંતને વંદણા કીધી, તે પરલોકનો અર્થ સીદ્ધપણો ગણ્યો.

૪. તીવાર પછી સુરિયાભે સેવક દેવને તેડીને ઇમ કહ્યું તુમે ભગવંત પાસે જાઓ. વંદણા કરી જોયણ પ્રમાણે પુંજો, પાણી છાંટો, પુષ્પ વૃષ્ટી કરો. दिव्वं सूरवराभिगमणजोग करेह કહેતાં દિ. પ્રધાન વીક્રીય. સુ. દેવતાને આવવા જોગ મંડલો. ક. કરો. પોતે જે દેવતાને આવવા જોગ ભોમકા કરો; પણ ઇમ ન કહ્યું જે, ભગવંતને રહેવા જોગ કરો. સ્યા માટે જે ભગવંત તો ફુલ, પાણી, ધુપ દીપના ભોગી નથી. એ આવણહારની શોભાછે. પછે સેવક દેવતાયે તીમજ કીધો. ફુલને અધીકારે હીંસ્યાધર્મી કહેછે જે "जलया थलया भासुर" જલજા તે (કમળના) ફુલ થલજા તે (જાઇ, જુઇનાં) ફુલ. તે સચીત ફુલની વૃષ્ટી માનેછે. વળી સમવાયંગ ચોત્રીસમે સમવાયે કહ્યો. "જલથલય" તે સચીત ફુલ માનેછે. તેહનો ઉત્તરઃ જેવારે સુરિયાભને સેવકે પુષ્પની વૃષ્ટી કીધી તીહાં અને પાણીની વૃષ્ટી કીધી તીહાં કહ્યુંછે.

**अन्न वद्दलं विउवईत्ता पुष्फवद्दलं विउवईत्ता**

**અર્થ.**—અ. સેવક દેવતા. પુ. ફુલનું વાદળ. વિ. વિકુર્વે. વીક્રે કીધાનો પાઠ છે. જીમ જન્મ મહોચ્છવ કરતાં ઘણા દ્વીપ, સમુદ્રના ફુલ, માટી, પાણી આણ્યાં કહ્યાં છે, તીમ ઇહાં આણ્યા નથી કહ્યાં. અને જીહાં આણ્યાં કહ્યાં છે તીહાં સચીતહીજ જાણવા. તીહાં. अभवद्दलं पुष्पवद्दलं विउव्वई. કહેતાં અ. સેવક દેવતા. પુ.. ફુલનું વાદળ. વી. વીકુર્વે. એહવો

પાઠ નથી કહ્યો અને જીહાં अमवद्दलं पुप्पवद्दलं विउव्वई. કહેતાં અ. સેવકદેવતા. પુ. ફુલનું વાદળ. વી. વીકુર્વે. કહ્યું ત્યાં અચીતહીજ છે, તે માટે અચીત ફુલ, પાણી, વીક્રે વાદળ કરી વરસાવ્યાં. અને ચોત્રીસમે અતીશયમધ્યે "જલથલજ" કહ્યું. તે પણ અતીશય મનુષ્ય દેવતાના કીધા નથી થાતા; ભગવંતના પુન્ય પ્રભાવથકી સ્વભાવે પ્રગટ થાયછે. સ્વભાવી વીસ્સાપુદગળનો પરિણામ જાણવો જીમ જુગળીયાંનાં કલ્પવૃક્ષની પરે. તથા કોઇ બોલ દેવતાકૃત હોવે તો પણ અચીત હોવે. જો સમોસરણમધ્યે સચીત ફુલ, પાણી, હોવે તો રાજા, શેઠ સેનાપતી, વાંદવા ગયા હતા.તીહાં પાંચ અભીગ્રહ સાચવ્યાં તેમધ્યે સચીત્ત ધ્રવ્ય દુરે કીમ મુક્યાં? જો સચીતનો સંઘટો અયુક્ત છે તો વર્જવા કહ્યાં. વળી ભગવંતને ૧. ચવન, ૨ જનમ, ૩ દીક્ષા. ૪ કેવળ, ૫ નિર્વાણ કલ્યાણ કહીએ. તે મધ્યે જે કલ્યાણ ભગવંતને અવીરતી મધ્યે થયો છે તીહાં સચીત અચીત બેહુ ધ્રવ્ય હોવે કોઇનો અટકાવ નહીં. સ્યામાટે જે તદા ભગવંત પાંચ આશ્રવ સહીતછે. અને કેવલ મહોચ્છવને સમે ભગવંત વીરતી છે, તો જુવો સ્નાને, વીલેપન, વસ્ત્ર, આભુષણ, પુષ્પ, ઇત્યાદિક કાંઇ વસ્તુ ભગવંતને સંઘટાવી નહીં. "वद्दलंविउवइ" કહ્યું તે સંસાર અવસ્થાના મહોચ્છવ મધ્યે નથી કહ્યું એટલો ફેર છે. વળી દેવકૃત વસ્તુ તો અચીત હોવે. જો સચીત હોવે તો બીજા સાધુને સચીત સહીત થાનક કીમ કલ્પે? વૃતિકલ્પ પેહેલે ઉદ્દેસે કહ્યું ધાન, પાણી, અગ્ની, આહાર, ઓષધ, આભ્રણ, સહીત થાનકે. રહેવા ના કહી છે તે માટે એ ફુલ, પાણી સચીત નહીં. તથા કોણીક પ્રમુખ વાંદવા ગયા તીહાં પાણી, ફુલનો આરંભ કીવો માર્ગ છંટાવ્યા, પણ સમોસરણ. મધ્યે છંટકાવ્યા નથી કહ્યા. અને નગર સીણગાર્યા, આરંભ કીધો તે પોતાને છાંદે; પણ ભગવંતની આજ્ઞા નથી. વળી કોણીક રાજા માર્ગમાં જળ છાંટી ફુલ વીખેર્યાં તે માંહાથી ભગવંતને કામ શું આવ્યું તે કહો. એ વસ્તુ ભગવંતને ભોગ આવી નથી. એ માંહી ભગવંતની ભક્તિ કાંહી નથી. પોતાની રૂદ્ધી વીસ્તારી એ પોતાની શોભા, પોતાની મોટાઇ છે. વળી જલજ થલજ શબ્દ તો ઓપમા વાચક છે જે જલજ થલજના સરખાં ફુલ. તવારે હીંસાધરમી કહેશે; જો જલજ થલજને ઓપમાવાચક શબ્દ જાણો તો જલજાઇવ એહવો શબ્દ જોઇએ તે ઇ શબ્દ તો નથી તુમે ઉપમાવાચક શબ્દ કીમ જાણ્યો તે ઉત્તર.

ઉત્તરાધ્યયન ત્રેવીસમે અધ્યયને કહ્યું. "पासंडा कोउ गा मीया" પા. પાષંડી અન્યદર્શની. કો. કૌતુકી. મી. મૃગ પશુ સરખા અજાણી પરપાષંડી.

ઇહાં પાષંડી કૌતુકી મૃગ જેવા એ ઓપમા દીધી ને "मीयाइंवाइम" નથી કહ્યું પીણ મૃગઇવમૃગા જાણવા. તથા દશવિકાલીક નવમે અધ્યયને બીજે ઉદેસે સાતમી ગાથાના ચોથા પદમાં અવનિત શીષ્યને કહ્યું. छागा ते विगलेंदीया છાગા બોકડા સરીખા તથા ઢંકાણીછે શરીરની સોભા એહવા અવનીત વી. ઓડીલા ઇંદ્રીય જેહની.

छागाइव નથી કહ્યું છાગા શબ્દે બોકડા સરખાજ જાણવા. તીમ જલજા તે જલજ સરખા પણ નતુ જલજા ઇમજ જાણજો, પણ સચીત નહીં વલી ઉત્રાધ્યયન બારમે છત્રીશમી ગાથામાં હરકેસીમુનીને દાન દીધા પછી કહ્યું.

**तहियं गंधोदये पुप्फवासं ॥ देवा तहिं वसुधारायवुठा ॥ पहियउ दुदुंन्निउ सुरेहिं॥ आगासे अहोदाणंचगुठं ॥ ३६ ॥**

**અર્થ.**—ત. તે જગ્નપાડાને વીષે. ગં. સુગંધ પાણીનો. પુ. ફુલનો. વા. વરસાદ વુઠયો. હી. પ્રધાન. ત. તીહાંજ. વ. ધ્રવ્યની ધારા પુન્ય. પ. વજાડીયો. દુ. દેવ દુંદભીયો દેવતાએ. આ. આકાશને વીષે. અ. આશ્ચર્ય દાન દીધું નિઘેષી કીધો દેવતાયે.

ઇહાં ગંધોદકની વૃષ્ટી કહી, તે વૈક્રે વીનાં ગંધોદક કીમ હોવે? સભાવે તો સુધોદક કહીએ એ પાણી વીક્રીછે કે સચીતછે? ઇમ સર્વત્ર જાણવો. દેવકૃત વસ્તુને અચીતહીજ જાણવી. વલી ભગવતી શતક ચઉદમે ઉદેશે બીજે કહ્યું ચાર જાતના દેવતા વૃષ્ટી કરે જન્મ કલ્યાણદીક અવશરે તીહાં શેવક દેવને કહેછે. પછે જેહનો એ હવાલો હોય તે દેવતા વરસાવે. એ પ્રગટ પાઠ વૈક્રે કરી વરસાવ્યાનોછે, તીમ પુષ્પ, પાણી, સુરીયાભને સેવકે વરસાવ્યો, તે પણ વૈક્રે વાદલ કરી વરસાવ્યો, તે માટે અચીત કહ્યો.

૫. વલી સુરીયાભ પોતે વાંદવા આવ્યો, ભગવંતને વંદણા કીધી, તીવારે ભગવંતે છ બોલ કહ્યા.

**१पोरणामेयदेवा २जीयमेयंदेवा ३कि-**

# यमेयंदेवा ४ करणीजमेयंदेवा ५ आचिन्न-मेयंदेवा ६ अनणुन्नायमेयंदेवा

**અર્થ.**—પો. જુદા નહીં એ કાર્ય ચીરંત દેવતાયે પણ એ કાર્ય કીધો ૧. જી. તુમ્હારો એ આચરણ ૨. કી. તુમારૂં એહ કરતવ્ય કરવા જોગ્ય કાર્ય કીધો ૩. ક. તુમારી એહ કરણી છે ૪. આ. આચરવા જોગ્ય છે. ૫. અ. મેં અને અનેરે તીર્થંકરે પણ અનુઆજ્ઞા દીધી ૬.

એ છ બોલ વંદણા કરવા આશ્રી કહ્યા છે, પણ નાટકની આજ્ઞામાટે નથી કહ્યા સ્યા માટે જે, આગળ સુરિયાભ કહેસ્યે જે ગૌતમાદી શ્રમણને બત્રીશવીધ નાટીક દેખાડું?

# एयमठं नो आढाई नो परिआणाई तुसं-एणं संचीठइ

**અર્થ**—એ. એહવા વચન પ્રત્યે. નો. આદર નો દેઈ. નો. અનુ-આજ્ઞા પણ ન દેઈ. તુ. અણબોલ્યાથકાં. સં. રહે.

અણબોલ્યા રહ્યા, પણ આજ્ઞા નથી દીધી. નાટકની કરણી સાવદ્ય માટે. તીવારે કહેસ્યે નાટકમાં આરંભ જાણેછે, તો ભગવંતે નાટકમાં ના કહી? તે ઉત્તર. સુરિયાભ સાથે દેવતા ઘણા છે તેહને પોતપોતાને ઠામે નાટીક જુદાં જુદાં થાયછે. જીહાંલગે સુરિયાભ નાટક બાંધેછે, અને ભગવંત સુરિયાભનો નાટક નીષેધેછે. તીવારે સર્વ પોતાને ઠામે જાય જુદાં જુદાં નાટક થાય, હીંસા ઘણી વધે, તે માટે સુરિયાભનો નાટક નીષેધ્યો નહીં. એ અર્થ રાઇપસેણીની ટીકા મધ્યે છે. તે જોજો. અને નાટીકમધ્યે કર્મ નિર્જરા હોવે તો આણંદ, કામદેવ, કોણીક રાજા, કૃષ્ણ પ્રમુખે સાક્ષાત ભગવંત આગળ કાં ન કીધાં? વળી તુમે કહોછો જે, રાવણ અષ્ટાપદ ઉપર પ્રતિમા આગળ નાટીક કરતાં તીર્થંકર ગોત્ર બાંધ્યો. અને જ્ઞાતા આઠમે અધ્યયને વીસ સ્થાનકે જીવ તીર્થંકરપદ ઉપરાજે, તે મધ્યે તો નાટીક કરતાં તીર્થંકરગૌત્ર બાંધે ઇમ ન કહ્યું.

૬. વળી સુરિયાભ દેવતાયે ભગવંતને પુછ્યું.

**अहणं नंते सुरीयान्नेदेवे किं नवासिधिए किं अनवासिधिए समदीठीए मिछदीठीए परीतसंसारीए अणंतसंसारीए सुलनबोहीए दुलनबोहीए आराहए विराहए चरीमे अचरीमे.**

અર્થ.—અ. હું. ભં. હે ભગવંત. સુ. સુરિયાભ દેવ. કિં. સું. ભ. ભવ્ય. કિં. કે. અ. અભવ્ય. સ. સમદ્દષ્ટી. મી. કે મીથ્યાદ્દષ્ટી. પ. તુચ્છ (થોડો) સંસારી. અ. કે અનંત સંસારી. સુ. સુર્લભબોધી (જીન ધર્મની પ્રાપ્તિ સોહલી છે. દુ. કે દુર્લભબોધી. આ. જીનધર્મનો આરાધીક. વી. કે વીરાધીક. ચ. દેવનો છેલો ભવ એજ તે ચરીમે. અ. ઘણા ભવ હુઇ તે અચરીમે.

તીવારે ભગવંતે છ બોલ ભલા કહ્યા. એ લેખે સુરિયાભવિમાને બાર જાતના જીવ સુરિયાભપણે ઉપજતા જાણજો. વળી ભગવતી સતક બારમે ઉદ્દેસે સાતમે છાલીના વાડાનું દ્દષ્ટાંત કહ્યું છે; સો બકરીનો વાડો તે મધ્યે "अया सहस्सं परिवयेजा" એક હજાર બકરી ભરી છ માસ લગે વાડામાં રાખી તે બકરીને ઉચ્ચાર, પાસવણ, ખેળ, જલ, સંઘાંણ, વીત્ત, પીત્ત, શુક્ર, શ્રોણીત, સીંગ, મુખ, હાથ, પગ, પુંછ, વાળ, ખુરીયે કરી સર્વ વાડાની ભુમી ફરસાણી? હંતા ગોયમાં, પણ કોઇક આકાશ પ્રદેશમાત્ર ભોમકા અણફરસી પણ રહી, પણ,

**एयंसिए महालयंसि लोगंसि लोगस्सय सासयं नावं संसारस अणादियं नावं जीवस्स नीचनावं कम्मबहुत्तं जम्मणं मरणं बहुलं पडुच नथीकेइ परमाणु पोग्गले मेते विपएसे जथणं अयं जीवेणं जाएणवा मएवा ए जीवे.**

અર્થ.—એ. એહને વિષે એવડા મહાલય લોકને વીષે છે કો પરમાણુ પોગળામે તે વીપએસે ઇત્યાદિક પુર્વોક્તિ અભીલાએ કર્યા સંબંધ મહાત્વ-પણાથકી લોકને કીમ રહ્યો ઇસી આસંકા ટાળવાને કહેછે. લો. લોકના સાસ્વતા ભાવ પ્રત્યે આશ્રઇને વળી સંસારના અનાદી ભાવ પ્રત્યે આશ્રીને જીવના નિત્યભાવપ્રત્યે આશ્રીને કર્મના બહુલપણાથકી કર્મને બહુલપણે જન્માદિકને અલ્પપણે ઉકતાર્થ ન હુએ એટલા માટે કહ્યું. જન્મ વળી જનમ, મરણ, બાહુલ્ય આશ્રીને. ન. નહીં કેઇ પરમાણુ પુદગળ માત્ર પણ પ્રદેશ જે પ્રદેશને વિષે એહ જીવ જન્મો નહીં મુવો પણ નથી.

સર્વ લોક ઉપજી, મરીને ફરસી મુક્યો છે; પ્રદેશમાત્ર ભોમકા પણ વીણ ફરસે રહી નહીં.—ચોરાસી લાખ નરકાવાસા, સાતક્રોડ બોહોત્તેર લાખ ભવન, પાંચ થાવર, ત્રણ વિગલેંદ્રિ, તીર્યંચ, મનુષ્યના અસંખ્યાતા આવાસ, ચોરાસી લાખ સતાણું હજાર ત્રેવીસ વેમાન, એટલે ઠામે (પાંચ અનુત્તર વેમાન વરજી સેષ સર્વ ઠામે) સર્વ જીવ ભવ્ય, અભવ્ય સર્વ ઉપજી ચુક્યા છે. असई अदुवा अणंत खुत्तो એકેકે ઠામે એકેક જીવ અનંતીવાર ઉપનો. એ લેખે સુરિયાભ વિમાને પણ સર્વ જીવ ભવ્ય, અભવ્ય પ્રમુખ બાર બોલવાળા જીવ અનંતીવાર ઉપજી ચુક્યા છે. તીવારે સુરિયાભ દેવતાયે પણ જાણ્યું, જે માહારે વિમાને બાર બોલના જીવ સુરિયાભપણે ઉપજેછે, તેમધ્યે હું કેવો છું, એમ નિશ્ચય કરવાને પુછ્યું છે. વલી ત્રીછેલોકે અસંખ્યાતા દ્વીપ, સમુદ્ર છે. પચવીસ ક્રોડાક્રોડ કુવાના ખંડ જેટલા છે, તેથી ચોગણા પોલીયા છે. તે સર્વે વિજયપોલીયા જેવા છે. તીહાં પણ સર્વ જીવ વીજય પોલીયાપણે અનંતી વાર ઉપજી ચુક્યા છે. તીવારે વિજય પોલીયાનીપરે સર્વે જીવે પ્રતિમા પુજી છે. પણ પ્રતિમા પુજ્યાથકી સર્વ જીવ ભવ્ય, અભવ્ય સમદ્રષ્ટી થયા નહીં. તે વિચારી જુઓ.

વળી જીવાભીગમમધ્યે પડીવતી કહ્યો છે જે,

सोधमीसाणे सुणंनंते कप्पेसु सव्वेपा-णा सव्वेनूया सव्वेजीवा सव्वेसत्ता पुढवी-काइयत्ताए जाव वणस्सइकाइयत्ताए देव-त्ताए देवीत्ताए आसण सयण जाव नंड म-

त्त वगरणत्ताए उवन्न पुव्वा हंता गोयमा असइ अदुवा अणंतखुत्तो सेवेसुकप्पेसु एवं चेवणवरी नोचेवण देवीत्ताए जाव गेविजवा अणुतरोववातिए सुविएधं नोचेवणं देवत्ताए देवीत्ताए सेत्तंदेवा.

અર્થ.—સુધર્મા, ઇસાન દેવલોકે અહો ભગવંત સર્વ પ્રાણી, સર્વ ભુત, સર્વ જીવ, સર્વ સત્વ પૃથ્વિકાયપણે, જાવત વનસ્પતિકાયપણે, દેવતાપણે, દેવાંગનાપણે, સિંહાસન, સજ્યા જ્યાન ભાંડ, ઉપગરણપણે, ઉપના છે. અતીતકાળે. ઇતિ પ્રશ્નઃ ત્યારે ભગવંત કહેછે. હા ગૌતમ વારંવાર નિસ્ચે અનંતી અનંતી વાર ઇમ સર્વ દેવલોકે ઉપના છે. પણ દેવાંગનાપણે તીહાં નથી ઉપના. જે કારણે ત્યાં દેવાંગના નથી. પાંચ અણુત્તર વેમાને પણ પૃથવ્યાદિકપણે અનંતીવાર ઉપના છે, પણ દેવતા અને દેવાંગનાપણે, તીહાં નથી ઉપના. જે કારણે તીહાં દેવાંગના નથી. અને દેવતા પણ તીહાંના એકાવતારી પ્રમુખ છે. તે ભણી દેવતાપણે પણ સર્વ જીવ સંસારી નથી ઉપના. એટલે દેવતા પુરા થયા. ઇહાં પણ સર્વ જીવ વીમાનીક દેવતાપણે ઉપજી ચુક્યા કહ્યા. કાંઈ ભવ્ય, અભવ્ય બાર બોલમધ્યે ટાલ્યો નહીં. વળી ભગવતી સતક બારમે ઉદેસે સાતમે કહ્યો.

अयणं भंते जीवे चोसठीए असुरकुमारावास सयसहस्सेसुएगमेगंसी असुरकुमारावासंसि पुढवीकाइयत्ताए जाव वणस्सइकायत्ताए देवत्ताए देवीत्ताए आसण सयण भंड मत्तोवगरणताए उववन्न पुछाहंतागोयमाजाव अणंतखुत्तो सव्व जीवाविणं भंते एवं चेव.

**અર્થ.**---એહ હે ભગવંત ચોસઠ અસુરકુમાર આવાસ સત સહશ્રને વિષે એક એક અસુરકુમારના આવાસને વિષે પૃથ્વિકાયપણે, ઇમ જાવત વનસ્પતિકાયપણે, દેવપણે, દેવીપણે, આસન, સયન, ભંડ, માત્ર, ઉપગરણપણે ઉપના પુર્વે. ઇતિ પ્રસ્નઃ ઉત્તર. હા ગૌતમ અનેકવાર, અથવા અનંતવાર સર્વ જીવપણે. હે ભગવાન ઇત્યાદીક પ્રશ્નઃ ઉત્તર. ઇમહીજ અનંતવાર કહેવો.

એવં જાવ થણીયકુમારેસું પછે પૃથવ્યાદીક જાવત મનુષ્યનો સુત્ર પણ ઇમજ પુછયો.

## वाणव्यंतर जोइसीय सोहम्मीसाणेय जहा असुरकुमाराणं.

**અર્થ.**—વાણવ્યંતર, જયોતષી, વૈમાનીકમાંહે સુધર્મા, ઇશાન, લગે એહને વિષે અસુરકુમારને કહ્યું તેમ કહેવું.

પછે ઇમજ ત્રીજા દેવલોકથકી જાવત બાર દેવલોક, નવ ગ્રીવેકલગે પણ અનંતીવાર ઉપનો, પણ नो चेवणं देवीत्ताए નહીં નીશ્ચે દેવીપણે ઉપનો ઇ શા માટે જે ઇશાન દેવલોકલગેજ દેવી ઉપજે તે માટે.

ઇમ અણુત્તર વિમાનને વિષે પ્રથવ્યાદીકપણે ઉપનો. नो चेवणं देवताए देवीताए નહીં અણુત્તર વિમાનને વિષે દેવતાપણે અનંતીવાર ઉપજે અને દેવીપણે તો સર્વથાજ ન ઉપજે, ઇસાનલગેજ દેવીના ઉપપાઠ માટે.

એમ લોકાંતિકપણે પણ છકાયપણે ઉપનો. असइ अदुवा अणंतखुत्तोः ॥ અનેકવાર. ઇત્યર્થઃ અથવા અનંતીવાર. ઇત્યર્થ.

ઇહાં ભવ્ય, અભવ્યાદિક બાર બોલના સર્વ જીવ ઉપના કહ્યા. એ આળાવો મોટો છે, તે સુત્રથકી જોજો. ઇમ ઇહાં પરમાર્થ માત્રહીજ થોડો લખ્યો છે.

૭. વલી હીંસાધરમી કહેછે જે, સુરિયાભ દેવતા નવો ઉપજયો તીવારે સામાનીક દેવતાયે આવીને કહ્યું, તુમ્હે સીદ્ધાયતનમધ્યે જઇને એક સો આઠ જીનપડીમાને અને સુધર્મિ સભામાં જીનદાઢાને પુજો. એ તુમને પહેલાં કરવા જોગ્ય. એ તુમને પછે કરવા જોગ્ય એ તમને.

पुव्वि पच्छा हियाए सुहाए खमाए निसेसाए आणुगामियत्ताए नविस्सइ ॥

**અર્થ.**—પુ. પુર્વે. પ. તથા પછે પણ. હી. હીતકારી. સુ. સેખતાભણી. ખ. જોગતાભણી. નિ. શ્રેયકલ્યાણકારી. આ. પરંપરાએ સુખભણી. ભ. હુસ્યે.

ઇમ કહ્યું તે જુઓ એ દેવતાયે પણ પ્રતિમા પુજવી વતાવી છે. તે ઉત્તર. સુરિયાભાદીક બત્રીસ લાખ વિમાન પ્રથમ દેવલોકે છે, તે સર્વ વિમાનની એક રીત છે. વિમાન એ પ્રત્યે પાંચ પાંચ સભા છે, એક એક સીદ્ધાયતન છે, એવં છ છ વસ્તુ સર્વ વિમાનમધ્યે છે. જીવારે દેવતા નવો ઉપજ્યો, તીવારે એકેકવાર રાજઅભિષેક કરતાં સર્વ પ્રતિમા પુજેછે. તે સમદ્રષ્ટી, મીથ્યાદ્રષ્ટી, ભવ્ય, અભવ્ય સર્વ ઉપજે તે સર્વ પુજેછે સર્વ ઉપજતી વેળાએ સર્વ દેવતાને પોત પોતાના સામાનીક દેવતા ઇમજ કહેછે જે, પ્રતિમા અને દાઢા પુજો. ઇહાં કાંઈ એમ નથી જે, સમદ્રષ્ટી હોવે તેહીજ પુજે ને મીથ્યાતી ન પુજે. જીતવ્યવહાર માટે સર્વ પુજેછે. જીમ મનુષ્યલોકમધ્યે સમદ્રષ્ટી હોવે તેતો તીર્થંકર અને સાધુને વાંદેછે. અને મીથ્યાતી હોવે તે, ઘોર, મસીત, મીરાં, પીર, ઠાકોરદ્વારા, વિષ્ણું, મહેશ, ગણેશ, માતા, હનુમાન, ખેત્રપાલાદીકને પુજે. અન્યમતી મનુષ્ય હોવે તો જીનમતના દેવતા ગુરૂને વાંદે, પુજે નહીં. એમ મનુષ્યલોકની રીત. જૈન, સીવ, મુસલમાનનાં દેહરાં પણ જુદાં જુદાં છે. તેમ દેવલોકમધ્યે મત મતનાં દેહરાં જુદાં જુદાં છે નહીં. સમદ્રષ્ટી અને મીથ્યાદ્રષ્ટીને પુજવાને પુજવાનો સીદ્ધાયતન એકહીજ છે. તેહનાં દેહરાં જુદાં કહ્યાં હોવે તો સુત્રસાખ દેખાડો. સમદ્રષ્ટી મીથ્યાદ્રષ્ટીના ધર્મ વ્યવહાર તો જુદા છે, અને લોકવ્યવહાર એક છે. જીમ મનુષ્યલોકમાં સ્નાન, દાતણ, ભોજન, વસ્ત્ર, ભૂક્ષણ, વાહન, સયન, ભોગ, વિલાશ, સમદ્રષ્ટી મીથ્યાદ્રષ્ટીના એકછે, અને ધર્મવ્યહવાર જુદા જુદા છે, તીમ દેવતામધ્યે લોકવ્યહવાર જીતઆચાર સમદ્રષ્ટી, મીથ્યાદ્રષ્ટીનો એકજ છે, અને જીન વંદન પ્રમુખ ધર્મવ્યહવાર જુદા જુદા છે, અને સમદ્રષ્ટી દેવતાથકી મીથ્યાદ્રષ્ટી દેવતા અસંખ્યાતા ગુણા અધીકા છે. સમદ્રષ્ટી મીથ્યાદ્રષ્ટીના વીમાન મધ્યે સીદ્ધાયતન એક શરખા છે. મીથ્યાતીના વીમાનમાં ઘોર, મ-

સીત, ઠાકરદ્વારા તો નથી કહ્યા. જે,, તે વીમાન બે પ્રતે સીદ્ધાયતન અને પ્રતિમા તો સુરીયાભના જેહવી છે, તેહને ભવ્ય, અભવ્ય, સમદ્રષ્ટી, મીથ્યાદ્રષ્ટી, સર્વ એકરીતે પુજે છે. એમાં ધર્મકરતવ્ય સ્યાનો થયો? અને પ્રતિમા પુજે એટલા સમદ્રષ્ટીજ થાય તો વીજયપોલીયાદીક અસંખ્યાતા પોલીયા સર્વ વીજયપોલીયાનીપરે પ્રતિમા પુજે છે, તે તમારે મતે સર્વ સમદ્રષ્ટી થાસે. અને સર્વ જીવ વીજયપોલીયાપણે અનંતીવાર ઉપજ્યા છે, તો પ્રતિમા પુજ્યા માટે અનંતભવ કેમ કરવા પડ્યા? સમકીતવંતને અનંતા ભવ હોય નહીં. એ સુત્રસાખ છે, અરણુક શ્રાવક, કામદેવ શ્રાવકને પરીસહ દીધા તે દેવતા. તથા ગોશાળામતી, જમાલીમતી, નાસ્તીકમતી એહવા મીથ્યાતી દેવતા જીનમારગના દ્વેખી; તે પણ ઉપજતી વેળાએ જીતઆચારમાટે સીદ્ધાયતનની પ્રતિમા પુજેછે. મસીત, ઠાકુરદ્વાર પુજતા નથી, ને તે છે પણ નહીં. એ સીદ્ધાયતનની પ્રતિમા તીર્થંકરની હોવે તો મીથ્યાતી કીમ પુજે? એ કુલાચાર જીતવ્યવહારમધ્યે પ્રતિમાની પુજા જાણવી. પણ સમકીતખાતે નહીં. એકલા સમદ્રષ્ટી દેવતા પુજતા હોવે તો ધરમખાતે થાય, પણ સર્વ સમકીતી, મીથ્યાતી, ભેળી પુજે તીવારે ધર્માચાર સ્યાનો?

૮. વળી એ પ્રતિમા તીર્થંકરની નહીં, તે કીમ જાણીયે તે સીદ્ધાંતની સાખ લખી છે. પ્રથમ સુરિયાભ દેવતાને રાજ્યભીષેક થયો તીવાર પછે વ્યવસાય સભામધ્યે આવ્યો તીહાં "धमीये सथे वाएति" એહવો પાઠ છે જે, ધર્મશાસ્ત્ર વાંચ્યા, એ ધર્મશાસ્ત્ર છે, પણ કુળધર્મની રીત સમંધીયા છે પણ આચારંગાદીક દ્વાદશાંગ પ્રવચન નથી. તે કીમ જો આચારંગાદીક. દ્વાદશાંગી હોવે તો મીથ્યાતી, અભવ્ય કીમ વાંચે? કીમ સદહે? અને જીન વચન સાચાં કેમ જાણે? અને વાંચવા તો સર્વ પડેછે. અને મીથ્યાતીના ઓગણત્રીસ પાપશ્રુત કીહાંઈ જુદાં પણ કહ્યાં નથી, જે સમદ્રષ્ટી આચારંગાદીક વાંચે અને મીથ્યાતી કુરાન, પુરાન વાંચે તેમ તો નથી. જેટલા બાર બોલવાળા ઉપજે તે સર્વ એહીજ ધર્મશાસ્ત્ર વાંચેછે, તે માટે એ ધર્મશાસ્ત્ર તે પણ લોકીક કુળરીતના જાણવાં. વળી હીંસાધરમી કહેછે જે, શ્રાવક, સમદ્રષ્ટી સીદ્ધાંત વાંચે તો અનંત સંસારી થાય. હવે એહના કહ્યા લેખે જુઓ. જો આચારંગાદીક ધર્મશાસ્ત્ર હોવે તો સમદ્રષ્ટી દેવતા સીદ્ધાંત વાંચીને અનંત સંસારી સ્યાને થાય? તે માટે એ

ધર્મશાસ્ત્ર તે કુલરીતના. છે. જીમ મનુષ્યમંધ્યે બોહોંતેર કળાના શાસ્ત્ર તથા અર્થ, ધર્મ, કામ, સામ. દંડ, ભેદ ઇત્યાદીક ગ્રંથ તે સરખા જાણવા. સમ દ્રષ્ટી, મીથ્યાદ્રષ્ટીને સર્વેને કામ આવે મનાય તેહવા છે. એ પ્રતિમા અને એ શાસ્ત્ર એક ખાતે છે. અનંતા જીવ અનંતીવાર દેવતા થઇને એ પ્રતિમા પુજી, એ પુસ્તક વાંચ્યા પણ સમકીત કોઈ પામ્યો નહીં.

૯. પછે એ પુસ્તક વાંચીને "धम्मीयं ववसाइयं गिन्हिजा" ધ. કુળ- ધર્મ સબંધ. વ. વ્યાપાર. ગિ. ગ્રહે. એહવો પાઠ છે.

એ ધર્મનો વ્યાપાર કહ્યો એ પદ પણ સમુચ્ચય છે. ઇમ નથી જે પ્રતિમા પુજી તે ધર્મવ્યવસાય. સમુચ્ચય પદમધ્યે પ્રતિમા, પુત્તળી, થાંભા, હથીયાર, તોરણ, પોલી, ખડગ, પુસ્તક બત્રીશવાનાં પુજ્યાં; તે સર્વે ધર્મવ્યવસાય ગ્રહ્યા કેડે પુજ્યા છે, તે માટે ધર્મવ્યવસાય પદ તે પણ સાધારણ પાઠ છે. ઉઠીને ઇશાનખુણે સીદ્ધાયતનમધ્યે ગીયો. જીહાં એક સો આઠ જીણ- પડીમા છે તીહાં આવ્યો, તે પ્રતિમાને શરીર ચરચ્યો તે સુત્રથકી કહેછે.

૧. વીજયદેવતાની પ્રતિમા જીવાભીગમમધ્યે વરણવી તીહાં रीठमयामंसु રીષ્ટરતનમે દાઢી કહીછે. રાયપસેણીમાં સુરીયાભે પુજી તેને દાઢી ન કહી તે ફેર.

૨. कणगामया चुचुआ તે કનકમય સ્તનછે. એ સ્તન જુગલ કે- હને હોવે. શ્રીઉવવાઇમધ્યે શ્રી વિત્તરાગનો શરીર વખાણ્યો તીહાં સ્તન જુગલ મુલથીજ કહ્યો નથી. તીર્થંકર, ચક્રવર્તિ, બલદેવ, વાસુદેવ, ઉત્તમ પુરૂષ, સામંત, ઘોડો, એટલાને સ્તન હોવે નહીં તે માટે જીન તીર્થંકરની પ્રતિમા હોવે તો સ્તન હોવે નહીં.

૩. વલી એ પ્રતિમાને પાશે બે બે ચામરધારની પડીમા, એક એક છત્ર- ધારની પડીમા, અને મુખ્ય આગલે બે બે નાગપડીમા, બે બે જક્ષપડીમા, હાથજોડીને વીનય કરતી રહેછે એ નાગ, ભુત, જક્ષની. પડીમા કહેના પરીવારમધ્યે હોવે? તીર્થંકરને પાસે તો સુત્રમધ્યે ઠામ ઠામ કહ્યો છે જે, इसीपरीसाए जइपरीसाए કહ્યોછે જો એ પ્રતિમા પાસે ગણધર, સાધુની પ્ર- તિમા હોત તો તો જાણત જે પ્રતિમા તીર્થંકરની ખરી પણ તે તો નથી તો ઇમ જાણજો જે, કોઇ ભોગીદેવ કામદેવાદીકની છે. વલી પણ આજે હીંસ્યાધરમી પ્રતિમા કરાવેછે તેહને પાસે કાઉસગીયા સાધુની પ્રતિમા કરાવે છે, પણ નાગ, ભુત, જક્ષની, પ્રતિમા નથી કરાવતા. એ બે પ્રતિમા મધ્યે કહી સાચી ને કહી જુઠી? માટે એ પ્રતિમા નાગ. ભુત. જક્ષ,

ઠાકુર, વેસમણ, ખેત્રપાલ, મહેશ, કામદેવાદીકની જાણવી એ વીશેષ.

૪. વલી સુરીયાભે પુજતાં પહીલાથકી लोमहथेणं पमजइ કહ્યા છે જે, મોરપીંછની પુંજણીયકી પુંજી કહી. જીમ દ્રુપદીયે, ભદ્રાસાર્થવાહીયે, જક્ષની પ્રતિમા મોરપીંછથકી પુંજી તે રીતે, અને ઠાણાંગસુત્ર પાંચમે ઠાણે ત્રીજે ઉદેશે કહ્યા છે જે.

**कप्पई निगांथाणवा निगांथीणवा पंच रयहरणाइं धारीत्तएवा परिहरित्तएवा तं-जहा उन्नए१ उट्टिए२ सांणए३ पच्चापि-चिए४ मुंजापिच्चिए ५.**

**અર્થ.**—ક. કલ્પે. નિ. નિગ્રંથ. નિ. નિગ્રંથીને. પં. પાંચ. ર. રજોહણા. ધા. ધારવા, પ. રાખવા. તં. તે કહે છે. ઉ. કંબલ ઉનનો ૧. ઉ. ઉંટના રોમનો. ૨ સા. સરણનો ૩. પ. તૃણ વીશેષ કુટીત તેહનો. ૪ મુ. મુંજનો કુટીત્તનો.

એ મધ્યે ભીંડી તથા મુંજના રજોહરણા અપવાદે રાખવા કહ્યા, પીણ મોરપીંછ રાખવાની ના કહી તો જીનમારગમધ્યે મોરપીંછ નીષેધ્યો છે. અતી સુકમાલ છે, તો પણ અન્યતિર્થિથકી મલતો વેષ થાય તે માટે નીષેધ્યો છે. જુઓ સાધુને મોરપીંછ રાખવાની ના કહી, તો સાધુના સ્વામી ભગવંતને શરીરે મોરપીંછનો પુંજવો કીહાંથકી? અને ભગવંતને તો મુલથીજ રજોહરણો નથી, તો ભગવંતની પ્રતિમાને મોરપીંછ કીમ કલ્પે? એ લેખે પણ શ્રી વિત્તરાગની એ પ્રતિમા નહીં.

૫. વલી સુરીયાભે પ્રતિમા પુજી તીવારે પ્રથમથકી પ્રતિમાને નવરાવી પછે अहयाइं देवदुस जुइयलाइं नियसेइ२त्ता કહેતાં અ. મુહર્યાં દે. દેવદુષણ. જુ. જુગલ વસ્ત્ર. નિ. પહીરાવે પહીરાવીને.

એ પાઠ છે, જે જીનપ્રતિમાને ચીગટરહીત ઉંદરની ચાંચરહીત એટલે અખંડ વસ્ત્રનો જોડો પહીરાવ્યો ઇમ પાઠ બોલ્યો, અને તીર્થંકર તો અચેલ છે. વસ્ત્ર પહીરે નહીં, તો તીર્થંકરની પ્રતિમાને ધોતીજોડો કીમ પહીરાવ્યો? એ લેખે તો પ્રતિમા કયા જીનની ઠહરી આ-

ભ્રણ ને વસ્ત્ર તો એક રીતે છે. જો કલ્પે તો એહુને ને ન કલ્પે તો એકુહીને ન કલ્પે. અને હીંસ્યાધરમી આજ પ્રતિમાને પુજે છે, તે પણ વસ્ત્ર નથી પહીરાવતા; તો દેવતા ભગવંતને અચેલ જાણીને વસ્ત્ર કીમ પહીરાવે? પીણ ઇમ જાણજો જે, એ પ્રતિમા વસ્ત્રના પહીરણહાર દેવતાની છે, પણ ભગવંતની નહી. વલી હીંસ્યાધરમી કહેસે જે, એ તો વસ્ત્ર ભગવંતને મુખ્ય આગલે મુક્યા છે. તે ખોટું કહેછે. મુખ્ય આગલ વસ્ત્ર મુક્યા તે તો वथारूहणं પાઠ જુદો છે. वन्नारूहणं चुन्नारूहणं पुफारूहणं वथारूहणं आभरणारूहणं કહેતાં વ. વાના આરોપણ, ચુ. ચુર્ણ વાસખેપ ચઢાવે. પુ. ફુલ ચઢાવે. વ. વસ્ત્ર ચડાવે. આ. આભ્રણ ચઢાવે તેમાં આવ્યો પણ ઇહાં તો देवदुसा जुयलीयं नियंसेइ२त्ता કહેતાં દે. દેવદુષણ. જુ. જુગલ વસ્ત્ર. ની. પહીરાવે પહીરાવીને.

કહ્યો નિયંસ્યા પહીરાવ્યા કહ્યા છે. એમ આભ્રણ ચઢાવ્યા તે જુદાં અને પહીરાવ્યાં તે પણ જુદાં. એ વસ્ત્ર આભ્રણ બે વસ્તુ ભગવંતને અજોગ્ય તીમ ભગવંતની પ્રતિમાને પણ અજોગ્ય. વલી હીંસ્યાધરમી કહેશે જે, ભગવંતને તો એ બે વસ્તુ અજોગ્ય છે, પણ ભક્તિવંતની ભક્તિ છે, જે સાર વસ્તુ હોવે તે પ્રતિમાને ભગવંતને નીમીતે કરેજ. તે ઉત્તરઃ જો ત્યાગી પુરૂષની ભક્તિ ભોગવડે થાય તો સ્ત્રી કેમ ન ચઢાવ્યો? સર્વ ભોગમાં સ્ત્રી પ્રધાન છે. જેમ વસ્ત્ર, આભુક્ષણ, તેમ સ્ત્રી. એ પણ તમારે ભક્તિને ખાતે ગણજો, પણ એહવી ભક્તિ જીનમાર્ગમધ્યે નથી કહી તે જાણજો.

૬. વળી પ્રસ્નવ્યાકરણ પાંચમે અધ્યયને આશ્રવદ્વારે દેવતાના ચૈત્ય, દેવકુલ, પરીગ્રહમધ્યે કહ્યા છે, તે પાઠ લખ્યો છે.

**एवंचते चउविहा सपरिसावि देवा ममायंति भवण वाहण जाण विमाण सयणासणाणिय नाणा विह वथ भुसणाणी पवर पहरणाणिय णाणामणी पंचवण दिवंच भायणविहं णाणाविहं कामरुवे वेउव्विय**

अथर गणसंघाते दिव समुद्दे दिसाउ वि-
दिसाउ चेइयाणिय वणषंडे णीयवणसंडे
पवते गाम नगराणीए आरामुं जांण कांण-
णाणीय कुव सर तलाग वावि दिहिया दे-
वकुल सन्न पव्वा वसहीमा इयाइं बहुका-
ई कित्तणाणिय परिगेन्हवा परिग्रहं विपुलं
दव्व सारं देवावि सइंदगा नव्वित्तिं उतु-
व्विउवलन्नंति.

**અર્થ.**—**એ.** એણીપરે. **તે.** તે દેવતા. **ચ.** ભવનપત્યાદીક ચાર પ્રકારના. **સ.** પરીખ્યદા સહીત એ પુર્વે કહ્યા તે. **દે.** દેવ તે. **મ.** માહારા એહવી મમતા કરે એટલા બોલ ઉપરે તે કયા તે કહેછે. **ભ.** ઘર ૧. **વા.** અશ્વાદીક. ૨ **જા.** સકટાદીક. ૩ **વિ.** વિમાન. ૪ **સ.** પલ્યંકાદીક. **સ.** સીંઘાસનાદીકપ્રતે મમતાકરે. ૬ **ના.** નાનાપ્રકારના. **વ.** વસ્ત્ર. ૭ **ભુ.** ભુષણપ્રતે. ૮ **પ.** પ્રધાન. **પ.** હથીયારપ્રતે મમતાકરે ૯. **ણા.** નાનાપ્રકારના મણી ૧૦. **પ.** પાંચવર્ણે. **દિ.** પ્રધાન. **ભા.** ભાજન. ૧૧ **ના.** નાનાપ્રકારના. **કા.** કંદર્પાવતારરૂપ, ૧૨ **વે.** વેક્રીયકીધા એહવા. **અ.** અપસ્છરાના ૧૩ **ગ.** સમોહ તેહનાવૃતપ્રતે. **દી.** દ્રિપ. ૧૪ **સ.** સમુદ્રપ્રતે. ૧૫ **દી.** ચાર દીસાપ્રતે ૧૯. **વી.** ચાર વિદીસપ્રતે. ૨૩ **ચે.** ચૈય પ્રતિમાપ્રતે અન્યતીર્થિની પ્રતિમા પણ પરીગ્રહમધ્યે. ૨૪ **વ.** વનખંડે ૨૫. **પ.** પર્વત. ૨૬ **ગા.** ગામ. ૨૭ **ન.** નગરપ્રતે. ૨૮ **આ.** આરામ. ૨૯ **ઉ.** ઉધ્યાનન. ૩૦ **કા.** કાંનનવનપ્રતે ૩૧ **કુ.** કુપ. ૩૨ **સ.** સરોવર ૩૩. **ત.** તલાવ. ૩૪ **વા.** વાવ. ૩૫ **દી.** દીર્ધિકા. ૩૬ **દે.** સીખરબંધ દેહરાં ૩૭ **સ.** સભા. ૩૮ **પ.** પર્વ. ૩૯. **વ.** તાપસના આરામ. ૪૦ **આ.** એ આદ દેઇ. **બ.** ઘણા પદાર્થપ્રતે. **કી.** એમ કહે જે એ માહરા માહરા એમ મમતા કરે. **પ.** ગ્રહીને એવા. **પ.** પરીગ્રહને પરીગ્રહ કહેવાછે. **વી.** વીસતીર્ણ. **દ.** દ્રવ્યે કરી. **સા.** પ્ર-

ધાન એહવા પરીગ્રહને આદરીને. દે. દેવપણ સ. ઇંદ્રસહીત દેવ. ન. ત્રપતિ ન પામે. ઉ. કીં દેવા.

એ પાઠ મધ્યે જે જે વસ્તુ કહી તે તે વસ્તુને દેવતાને પરીગ્રહમધ્યે કહી તેમધ્યે દેવકુળ, પ્રતિમા તે પણ પરીગ્રહમધ્યે ગણ્યા છે. તે પરીગ્રહ પુજ્યે ધર્મ ન હોવે. હીંસાધરમી કહેસ્યે, પુર્ણભદ્રાદીક જક્ષ છે. તેહની પ્રતિમા તે જક્ષની પરીગ્રહ ખાતે છે, સેપ્પ પ્રતિમા પરીગ્રમાં નહી. તે ઉત્તરઃ જો ત્રીછાલોકે વ્યંતરની પ્રતિમા છે, તે પ્રતિમા પરીગ્રહમધ્યે કહેસ્યો તો ઇહાંતો "चउवीहावीदेवा" કહ્યા છે. ઇંદ્ર સહિત તેહની પ્રતિમા ત્રીછાલોકમાહીં કીયાં છે? અને કુણ પુજેછે? અને "दीवसमुदेचेइयाणीयं" કહ્યું તે કીયા વ્યંતરની પ્રતિમા છે. તુમે તો સર્વ દ્વીપ, સમુદ્રની પ્રતિમા તીર્થંકરની માનોછો. ઇહાં તો તે પણ ભેળી આવી છે, અને દેવલોકમધ્યે વિમાનદીક પ્રતિમા છે, તે પણ વિમાનવાસીને પરીગ્રહખાતે છે. તે કીમ. પોત પોતાના વિમાનની સર્વ પુજેછે. કોઇ બીજાની નથી પુજતા. અને સુરિયાભને સામાનીકે પુજ્યાનો કહ્યો છે, તેણે પણ સુરિયાભવિમાનના સીદ્ધાયતનની પ્રતિમા સુરિયાભદેવને પુજતી કહી દેખાડી. અને તેણે પણ તેહીંજ પુજી. અન્ય થાનકની—મેરની, નંદીશરદ્વીપની પુજવી વતાવી નથી. પહીલા જીતઆચારમાં પુજવાની છે તે વતાવી એટલે પોતાની કરી વતાવેછે તે માટે પરીગ્રહખાતેજ કહીં અન્યતીર્થંકરને જન્માદીક મહોચ્છવ કરતાં સર્વ ઇંદ્ર ભેળા થયા છે તે કીમ ભગવંત તો ભરથ, ઇરવત, મહાવીદેહના જેટલા છે તે કાંઈ દેવતાના પરીગ્રહમાંહી નથી. અને પ્રતિમા તો જેહની હદ મર્યાદા વિમાનમાંહી આવી તે પુજે. તે માટે પરીગ્રહખાતે કહી અને તીર્થંકર, સાધુ કોઈની હદમધ્યે કહ્યા પણ નથી. વળી હીંસાધરમી કહે, સુરિયાભની પ્રતિમા તીર્થંકરની નહીં. એહવું તુમ્હે સાથકી. જાણ્યું. તે ઉત્તર. એ પ્રતિમાના લક્ષણ છો ભગવંતથકી જુદાં પડ્યાં. ૧ પ્રથમ ડાઢી. ૨ સ્તન. ૩ મોરપીંછ. ૪ નાગ, ભુતનો પરિવાર. ૫ કપડાં પહીરાવ્યાં, ૬ આભુષણ પહીરાવ્યાં. તેણે કરી જાણ્યું જે, એ પ્રતિમા ભગવંતની નહીં. એ છો બોલ વીરૂદ્ધ. અને દ્રુપદીની પ્રતિમાને પછે સાતમો અસ્ત્રીનો સંઘટો એ સાત વીરૂદ્ધ. વળી હીંસાધરમી કહેસ્યે, જીનપ્રતિમા વિત્તરાગની નથી તો "धुवदाउणजीणवराणं" કીમ કહ્યું. તે ઉત્તર. જો જીનવર ધુપ, સુગંધ લેવે તો સુરિયાભે પ્રત્યક્ષ ભગવંતને ધુપ

કીમ ન કીધો? તે કહો. જે ધુપ સુગંધના ભોગી દેવ તે જીનવરની પ્રતિમા જાણવી. એવં પ્રસ્ન આઠ થયાં. તીવારે હીંસાધરમી કહેશે જે, તીર્થંકરની પ્રતિમા નથી તો સુરિયાભે નમોથુણં કીમ કહ્યું? તે ઉત્તર. સુરિયાભનમોથુણં ધર્મખાતે નથી. કુળાચાર વ્યવહાર સાથે છે. નમોથુણં ત્રણ પ્રકારે કહેછે. ૧ લોકીકરીતે. ૨ કુપ્રાવચનીકરીતે. ૩ લોકોત્તરરીતે.

૧ લોકીક તે લોકીક દેવ ગુરૂ દેવ ગુણરહીતને આગળે નમોથુણં કહે. જીમ દ્રુપદી પોતે મીથ્યાતી અને નીયાણાસહીતથકી ભોગીદેવની પ્રતિમા આગળે, નમોથુણં કહ્યું, તે. જેમ ઓશવાળ માહાજન આગે પોકરણા ભોજક ચોવીસ જીનના નામ સુણાવે. પણ પોતે સદહે નહીં. આજીવકા અરથે કહે. તેમ જાણવું એમાં ધર્મ નથી.

૨. કુપ્રાવચનીક તે ગોસાળા, જમાળીના શીષ્ય, શ્રાવક ગોસાળા, જમાલીને નમોથુણં કહે તે કુપ્રાવચનીક. તથા અનુજોગદ્વારે દ્રવ્યાસકના કરણહાર ભેખધારી તથા દીગંબર નમોથુણં કહે તે સર્વ કુપ્રાવચનીક.

૩. લોકોત્તર નમોથુણં તે સાધુ, શ્રાવક, શ્રી વિત્તરાગને ઓળખી, ગુણ જાણીને કહ્યું તે એકાંત મુક્તિ હેતુ જાણવું.

જીમ સુરિયાભે પ્રતિમા આગે નમોથુણં કહ્યું તીમ અસંખ્યાતા વીજયદેવતા, અસંખ્યાતા વીજયંતદેવતા, અસંખ્યાતા જયંતદેવતા, અસંખ્યાતા અપરાજીતદેવતા, એકેકને ઠામે અનંતા થયા. અને અનંતા થાસે. સમકીતી, મીથ્યાતી, ભવ્ય, અભવ્ય, તે સર્વ નમોથુણં કરે અસંખ્યાતા ભવનપતી, અસંખ્યાતા વ્યંતર, અસંખ્યાતા જયોતષી, અસંખ્યાતા વિમાનીક, તે સર્વ સુરિયાભની રીતે પ્રતિમા પુજે, ડાઢા પુજે, ધર્મશાસ્ત્ર વાંચે, ભવ્ય, અભવ્ય સર્વ દેવતાની એ કરણી છે. તે માટે લોકીકરીતમાં નમોથુણં ગીણાય. જો એકલા સમદ્રષ્ટીજ પુજા કરે તો સમકિતખાતે હોવે તો, વળી પ્રતિમાની પુજા ધર્મખાતે હોવે તો, મનુષ્યલોકે રાજા, સેઠ, સેનાપતી, શ્રાવકે પ્રતિમાપુજી ઘરમાંમાંડી, દેહરાં કરાવ્યાં, સંઘ કાઢ્યા કીમ ન કહ્યા? દેવતાયે પ્રતિમા આગળે નમોથુણં કહ્યું. ગર્ભમાં રહ્યા અવિરતી તેહને નમોથુણં કહ્યું. પણ સાક્ષાત કેવળી ભગવંતને વંદણા કરવા આવ્યો. તીહાં નમોથુણં ન કહ્યું. તો સું પ્રતિમાથકી ભગવંત ઉતરતા હતા? પણ દેવતાની જેહવી રીત કુળાચાર જીતવ્યવહાર છે તીમ કરેછે. ઇહાં ધર્મ કર્મનો વીચાર કાંઇ ન રહ્યો.

૧૦ વળી સુરિયાભે પ્રતિમાને નમોથુણં કહ્યું તે ઇહલોક ખાતે છે, પણ પરલોક ખાતે નથી. તેહની સાખ ભગવતી સતક બીજે ઉદ્દેસે પેહેલે છે તે ખંધક સન્યાસીયે શ્રી માહાવીરસ્વામીપ્રત્યે કહ્યું જીમ કોઇ ગાથાપતી ઘરબળતો દેખી ધનકાઢે તે ઇમજાણે એ સમે.

निछारीएसंमाणे पुव्वि पछा हियाए सुहाए खमाए निसेसाए अणुगामीयत्ताए नविसई ॥

**અર્થ**—નિ. નીસ્તાર પામ્યા એ માહરો આત્મા અને કેડેસું નીકળ્યાથકાં. **પુ**. પહીલા. **પ**, અને પછે. **હિ**. હીતને કાજે. **સુ**. સુખને કાજે **ખ**. ક્ષમાને કાજે. **ની**. મુક્તિ હેતુ. **અ**. અનુગામીકપણે. **ભ**. હુસ્યે.

એ ધન કાઢયોથકો મુજને પહીલાં અને પછી હીતકારી પ્રમુખ થાશે. એણે દ્રષ્ટાંતે ખંધક કહેછે, લોકમધ્યે આદીપ્ત પ્રદીપ્ત, જરા, મરણરૂપ અગ્ની લાગી છે, તે માંહીથી સાર ભંડ હું માહારો આત્મા કાઢુંછું એ આત્મા સંસારથકી કાઢેથકે મુજને.

पचो हियाए सुहाए खमाए निसेसाए अणुगामीयत्ताए नविस्सई ॥

**અર્થ**.—પ. પરભવ જન્માંતરે. **હિ**. હીતભણી પથ્યનીપરે. **સુ**. સુખભણી. ખ. જોગતાભણી રોગનો વિનાસકરવા ઓષધનીપરે. **નિ**. મોક્ષભણી. **અ**. ભવની પરંપરાલગે. એહ સુખનું કરણ કેડે. **ભ**. હુસે.

પેચા કહેતાં પરલોકે હીતાયે પ્રમુખ થાશે ઇહાં હીયાયે પ્રમુખ પાંચ બોલ તો સરખા છે, પણ ધન કાંઢયો તીહાં "पुवी पछा" કહ્યું જે, એ લોકમધ્યે એ ધન કાઢયોથકો પહીલાં અને પછી ધન "हीयाये"પ્રમુખ પાંચ બોલ થાશે અને સંજમ લેતાં પાંચ બોલ તો તેહીજ પહીણ પેચા કહેતાં પરલોકને વિષે "हीयाये"પ્રમુખ થાશે ઇમ કહ્યો. એહવા શબ્દના ફેર છે. વીમ સુરિયાભે ભગવંતને નમોથુણં કહ્યો તીહાં "पेचाहीयाए"પ્રમુખ પાંચ બોલ કહ્યા. સંજમ લેતાં ખંધકે કહ્યા તીમ. અને પ્રતિમા પુજવી, સામાનીક દેવતાયે વતાવી તીહાં "पुवी पछा हीयाए" પ્રમુખ પાંચ બોલ

કહ્યા. ધન કાઢવાના આલાવાનીપરે. એણે લેખે ખંધકનો સંજમ અને સુરિયાભનો ભગવંતને નમોથુણં પરલોકખાતે, અને ધનકાઢવો અને પ્રતિમા પુજવી ઇહલોક ખાતે થીયો એહ પરમાર્થ.

૧૧, વળી હીંસાધરમી કહે, પ્રતિમા પુજી તીહાં "निसेसाए" કહ્યોછે તે નીસેષ શબ્દનો અર્થ મોક્ષનું હેતુ ઇમ કહ્યો છે. તે માટે તે પ્રતિમાની પુજા મોક્ષ હેતે થઈ. તે ઉત્તર. ભગવતી સતક પંદરમે ચોથા રાફડાને ફોડતાં એક પુરૂષે વરજ્યા તે પુરૂષ રાફડાના ફોડણહાર પુરૂષનો.

हियकामए सुहकामए पछकामए निसेसियाए ॥

अस्यार्थटीकायां हितकामए हिंइहहित मपायाज्ञावं सुहकामए त्तिसुखमादनंरुपं पथकामए त्तिपथमिवपथ्यं आनंद कारणं वस्तु अणुकंपएत्ति अनुकंपाया वरतित्यानुकंपाकः निसेयसिएतिनिःश्रेयंसयंन्मोक्षमिछति तिनिश्रेयिकः

હીતનો વાછક આનંદરૂપ તેહનો વાંછક પથ્યનીપરે પથ્ય તેહનો વાંછક મોક્ષનો વાંછક. ઇહાં નીશ્રેસ સબ્દે મોક્ષ અર્થ કીધો ઇહાં મોક્ષનો અર્થ કારણ સું હતો? ખંધકને અધીકારે નિશ્રેય કહ્યો, ધન કાઢતાં તીહાં. ધન કાઢવામાં મોક્ષનો અર્થ સ્યો હતો? પ્રત્યક્ષ ધન તો ઇહલોકનો અર્થ છે. તીમ સબ્દ સરખો પણ ભાવાર્થ વીચારવો. જો પ્રતિમાની પુજા મોક્ષનો અર્થ હોવે તો ભવ્ય, અભવ્ય, પુજણહાર સર્વ મુક્તિ જાય તે તો નથી. વલી કોઇ કહેશે, અભવ્ય દેવતાયે પ્રતિમા પુજી તેહની સાખ કીહાં છે. તે ઉત્તરઃ સીદ્ધાંતમધ્યે તો અભવ્યજીવ સર્વ દેવલોકે ઉપના. તીહાંની સ્થીતી રાખવામાટે સર્વજણે પ્રતિમા પુજી છે, એ સુત્રસાખ. ઇમ..કરતાં પ્રત્યક્ષ પાઠ જોવો હોય તો ઓઘનિર્યુક્તિની ટીકામધ્યે તમે માનોછો તેમધ્યેજ કહ્યો છે જે.

हव्वंमि जिणहराइ तिवाख्या द्रव्यलिंगि परिग्रहिता निचैत्यानिसम्यक्तदृष्टी नसंन्नाविता निइतिकस्मातजस्मात द्रव्यलिंगी मिथ्यादृष्टी लातूंयद्यैवंत हिंदिगंबरसंमंधी निचैत्यानि श्रद्यैतत्सत्यंतर्हि स्वर्गलोके षुसश्वितानि चैत्यानि सुर्यान्नाद्यादेवा सम्यगदष्ठय प्रपूज्यंते ततूचैत्यानिसंगमकवत् श्रन्नव्यदेवा मदीयंमदीयं मितिबहुमानात् प्रपूज्यंते पुर्वापरं विरुद्दं नस्यात् नतुसुर्याद्या देवा स्वर्गलोके षुसास्वतानि चैत्यानि प्रज्युंते ततूकल्प स्थितिवशानुरोधात् श्रतूएव विरुध नसंन्नवति.

ઇમ કહ્યું ઇહાં અભવ્ય સંગમક દેવતાની પુજા પ્રતિમા સુર્યાભાદીક દેવતા કીમ પુજે. તીવારે કહ્યો દેવતાની સ્થીતીમાટે પુજે સ્થીતીનો કલ્પ એહવોજ છે એ તત્વ. એ લેખે અભવ્યસરખા તે પણ પ્રતિમા પુજે ધર્મબુદ્ધિ રહીત છે, તો પણ જીતવ્યવહારમાટે પુજે તો હવે લોકીક રીત ઠહરી કે ધર્મરીત ઠહરી તે વીચારી જોજો.

## ૧૧. डाढा पुजी कहे छे. तेहनो उत्तर.

૧૨. વલી હીંસ્યાધરમી કહે છે, સુરીયાભે, વીજયપોલીયે જીનડાઢા પુજી છે. ડાઢાને લીધે સુધર્મિસભામધ્યે ભોગ ભોગવતા નથી, તે માટે ડાઢાની પુજા મુક્તિ હેતે છે. તે ઉત્તરઃ ડાઢાનો પુજવો સમકીત ખાતે નથી.

धम्मीयसथे १ जिणपडीमा २ जिणदाढा ३ એ ત્રણ એક ખાતેછે. ડાઢાને પણ ભવ્ય, અભવ્ય, સમદષ્ટી મીથ્યાદષ્ટી, સર્વ પુજે છે સર્વને ભવનમધ્યે, વિમાનમધ્યે, ચાર જાતના દેવતાને સરવેને છે. અનંતા તીર્થંકર મુક્તે ગયા તેહેને ચાર ચાર ડાઢા હતી અને તેહના લેણહાર પણ ચાર જણા છે. ૧ સક્રેંદ્ર ૧ ઇસાન. ૩ ચમરેંદ્ર. ૪ બલેંદ્ર એહીજ લ્યેછે. તેહને દાબડામાં ઘાલી પુજે છે, એ ડાઢા ધરમ જાણીને લ્યે તે ધર્મ, પણ કુલધર્મ જીતવવહારરૂપ જાણીને લ્યે ઇહાં શ્રુત, ચારીત્રરૂપ ધર્મ જાણીને લેતા નથી. જો ધર્મ જાણીને લેતા હોવે તો અચ્યુ ઇંદ્ર તે ઇંદ્રાદીક સર્વથકી મોટા છે તે કાં લેતા નથી? એહને કોણ વરજી શકે? પણ જેહને લેવાનો જીતવવહાર છે તેહીજ લેવે છે અને તેહીજ રીતે લ્યે છે. ઉપરની જમણીડાઢા સક્રેંદ્ર લ્યે, હેઠલી ડાબીડાઢા ઇસાનેંદ્ર લ્યે, હેઠલી જમણીડાઢા ચમરેંદ્ર લ્યે, હેઠલી ડાબીડાઢા બલેંદ્ર લ્યે, એ રીતે લ્યે છે. એ ચાર ડાઢા ઉદારીક પરીણામ છે. અસંખ્યાત કાલ ઉપરાંત રહે નહીં, અને હોવે પણ ચાર ઇંદ્રને વીમાને છે અને ડાઢાની પુજા તો સક્રાદી ઇંદ્ર તથા સુરીયાભાદીક સામાનીક તથા વીજયાદીક પોલીયા તથા અસંખ્યાતા ભવનપત્યાદીક સર્વ પુજે છે તે સર્વને જીનડાઢા કીહાંથી આવી? પણ ઇમ જાણજો જે સાસ્વતા પુદગલ ડાઢાને આકારે પરીણામે છે ડાઢાને આકારે તેહને પુજેછે એહનો નામ તે જીનડાઢા છે પણ કાંઇ લેઈ જાય તે સદાકાલ રહે તથા સર્વ ઠામે હોવે ઇમ નથી, જીમ જમાલી, મેઘકુમારે દીક્ષા લીધી તેવારે માતાયે મસ્તકના કેસ લીધા એ સમે अपच्छिमे दरसणे भविस्सई એ મોહનીકર્મનો ઉદ્યે તીમ એ પણ મોહની એ કર્મજનીત જીતઆચાર માટે લ્યે. એ ડાઢાનો લેવો તથા પુજવો ધર્મખાતે નથી. જો ધર્મખાતે હોવે તો, દેવતા ડાઢા લઇજાય તીવારે મનુષ્ય, શ્રાવક, સમદષ્ટી રખ્યા તો લીયે? પણ એમાં કાંઇ ધર્મખાતે નથી. દેવતાનો જીતવ્યવહાર છે તે લીયેછે. જો ડાઢાપુજાયે કેવળીપરુપ્યો ધર્મ હોવે તો ભવ્ય, અભવ્ય, સમદષ્ટી, મીથ્યાદષ્ટી સર્વ કીમ પુજે? અભવ્ય મીથ્યાદષ્ટીને જીનમાર્ગની રૂચી ન હોવે અને મનુષ્ય લોકનીપરે દેવલોકમાં દેવતા પણ સમદષ્ટી, મીથ્યાદષ્ટી બે જુદા જુદા છે પીણ જીનમાર્ગિના પુસ્તક જુદા જુદા નથી. અને જીનમાર્ગિ સીદ્ધાંત વાંચેછે, અને અન્યમાર્ગિ કુરાન, પુરાન વાંચેછે તીમ તો નથી. સર્વને धम्मीसथे એક છે. તે લોકીકમાર્ગે સર્વને માનવાજોગ સરખો છે,

૧ પ્રતિમા પણ મનુષ્યલોકમાં સીત ને મુસલમાન જુદા જુદા છે. પણ દેવલોકમાં સમદષ્ટી, મીથ્યાદષ્ટીના દેહેરાં જુદાં જુદાં નથી. વીમાન એ પ્રતે એક એક સીદ્ધાયતન, જીનપડીમા છે તેહીજ છે તેહને સર્વ પુજે છે.

૨ વળી મનુષ્યલોકે પોતપોતાના ગુરૂના અંગ પુજવા યોગ્ય જાણેછે. જીનમતિ તથા અન્યમતી. તીમ દેવલોકમાં જીનમતી જીનડાઢા પુજેછે, અને અન્યમતી અન્યદેવની ડાઢા પુજેછે એમ તો નથી. સર્વ એહીજ જીનડાઢા પુજે છે.

૧ તે માટે જે કામ સમદષ્ટીજ કરે તે કામ તો લોકોત્તર ખાતે.

૨ અને જે કામ એકલા મીથ્યાતીજ કરે તે કુપ્રાવચનીક મીથ્યાતખાતે.

૩ અને જે કામ સમદષ્ટી, મીથ્યાદષ્ટી, બેહુ કરે તે લોકીક જીતવ્યવહાર તથા પોતાના સ્વાર્થહેતે જાણે. પાપ પણ કરવો પડે તે લોકીક રીત. તીમ એ ડાઢા સમકીતી, મીથ્યાતી સર્વ પુજે તીવારે લોકીકકરણી ઠહરી. એ ત્રણ વસ્તુ અનંતેજીવે, અનંતીવાર પુજી; પણ સમકીતી થયો નહીં.

વળી સુધર્મિસભામાંહી દેવતા ભોગ નથી ભોગવતા તે ડાઢાનો મહીમા છે, એમ કહેછે. તેનો ઉત્તર. જ્ઞાતા સોળમે અધ્યયને કૃષ્ણ વાસુદેવને પણ સુધર્મિસભા કહી છે. તીહાં જીનડાઢા છે નહીં. તે માટે સું સુધર્મિસભામધ્યે ભોગ કરતા હુસ્યે? કદાપી ન કરે, ઇહાં ડાઢાનો મુરતબ દેખાડયો તે ભલું, પણ જીનપડીમા, રાજસભા, દરબાર, બાજાર, હાટ પ્રમુખ ઠામે. જીનડાઢા નથી તે માટે સું ભોગ કરેછે? ભોગ તો ભોગને ઠામે હોવે પણ તેહીજ સુધર્મિસભામાં ડાઢા છે. તીહાં બેઠા દેવતા ચારે ભાષા બોલેછે. તથા સાવદ્યભાષા જીવ વીરાદ્ધનારૂપ ભાષા બોલે છે. તથા સર્વ ઇંદ્ર, સુધર્મેંદ્ર સભામાં બેઠાંથકાં હાસ્ય, વિનોદ, વિલાસ, તૃકટાક્ષ, કામચેષ્ટા, નાટીક, નીરીક્ષણ, ગીત, શ્રવણ ઇત્યદીક તો કરેછે, તે સંસારી જીવનો છાંદો છે. એમાં ભવ્ય, અભવ્ય, સમદષ્ટીને સરખો આચાર છે. એમાં મુક્તિનો કારણ કોઈ નથી.

૧૩. તથા સર્વજીવ દેવતાપણે ઉપના તેણે વીધીપુર્વક પુસ્તક પ્રતિમા, ડાઢા પુજી છે. ભવ્ય, અભવ્ય, સમદષ્ટી, મીથ્યાદષ્ટી જુદા ન પડ્યા. જીતઆચાર માટે. તીવારે હીંસાધરમી કહેછે જે, વિમાનના અધિપતિયે પ્રતિમા પુજી છે તે તો એકાંત સમદષ્ટી હોવે, મીથ્યાતી વિમાનના અધિપતિપણે ઉપજે નહીં, તે વાત સુત્રવિરૂદ્ધ કહેછે. સુત્રમધ્યે તામલીતાપસ બાળતપસી

પુરણ બાળતપસી મીથ્યાત્વી; કાળકરી ઇસાનેંદ્ર, ચમરેંદ્રપણે ઉપના કહ્યા. તેણે પોતાની સ્થીતી જીતઆચાર માટે પ્રતિમા પુજી હોસે કે નહીં પુજી હોવે? અને સમકીત તો પછે પામ્યા છે ને પ્રતિમા તો ઉત્પાતસીજામાંહીથી ઉઠતોથકો પુજેછે. તે માટે ઇમ નથી જે સમદ્રષ્ટીજ પુજે. વળી હરીભદ્રસુરીનો કીધો અભવ્યકુલક છે, તેમધ્યે ઇમ કહ્યુછે, જે ઇંદ્રપણે, સામાનીકઇંદ્રપણે, ત્રાયત્રીસકપણે, લોકપાળપણે, પરમાધામીપણે, તથા પ્રતિમા થાય તે પાષાણપણે, પ્રતિમાના ભોગના ફળ, પાણીપણે એટલામધ્યે અભવ્ય જીવ ઉપજે નહીં એહવું કહ્યું છે. તેનો ઉત્તર.

૧ ઇંદ્રપણે ન ઉપજે, વીમાનનાધણીપણે ન ઉપજે, તો બારમા દેવલોકના ઇંદ્રથકી પણ નવગ્રીવેકના દેવતા અધિકા છે. અહીમીંદ્ર છે તે મધ્યે અધીકી જયોતી, કાંન્તિ, પુનાઈ ચોસઠ ઇંદ્રથકી પણ અધીકી છે; તે મધ્યે અભવ્ય અને મીથ્યાદ્રષ્ટી ઉપજતા સુત્રમધ્યે કહ્યા છે. ભગવતી સતકમધ્યે સર્વ જીવ નવગ્રીવેકપણે અનંતીવાર ઉપના કહ્યા છે, તે માટે ઇહાં નવગ્રીવેકસુધી અભવ્યનો ઉપજવો ઇમ કહ્યો તે વીચારી જોજો.

૨ તથા તમારેજ મતે આવસ્યકનીવૃતિ બાવીસ હજારી હરીભદ્રસુરીની કીધી તે મધ્યે સામાયકે નામ અધ્યયનની ટીકા મધ્યે અભવ્ય, સંગામા દેવતાનો અધિકાર છે જે, શ્રી માહાવીરને ઉપસર્ગ કરવા આવ્યો તીહાં પેહેલાં સક્રેંદ્ર બોલ્યો, માહાવીરને કોઈ ચળાવી ન સકે. તેવારે સંગામો અભવ્ય દેવતા સક્રનો સામાનીક છે તે બોલ્યો.

**अहं संगामो नाम सोहम्म कप्पवासी देवो सक्कसामाणीउ सोजणीइ देवराया अहोरागे नउल्लवई कोमाणुसो देवो न चालीसई अहं चालेमि नाहे सक्कोतं जवारेति मांजाणिहिति परनिसाए जगवं तवोकम्मं करेति एसो आगतो**

ઇહાં સંગામો દેવતા સામાનીકઇંદ્ર સક્રેંદ્રનો કહ્યો. અને અભવ્ય કહ્યો.

૩. વળી સંદેહદોલાવલી ગ્રંથ છે તેહની વૃતિમધ્યે કહ્યો.

**मन्वेवंतर्हि संगमकःप्राय माहा मीथ्यादिष्टी देवे विमान स्छंसिद्धायतनं प्रतिमा अपीनातनमिति चेतुनन्येत्पच्येषुदि संगमं वत् अन्नव्य अपीदेवा मदियमिति बहुमाना तूकल्प स्थितिवसानुरोधात् तदन्नूत प्रन्नावाद्वांन कदाचीत असमंजसक्रिया आरभ्यते॥**

એ સંગામો દેવતા અભવ્ય કહ્યો છે. ઇંદ્રનો સામાનીક કહ્યો. સામાનીક દેવતા ઇંદ્રસરખા વિમાનનો ધણી ઉપજતીવેળા સુરિયાભનીપરે પ્રતિમાડાઢા પુજે. પોતાની કલ્પસ્થિતી માટે. એ સાખ.

૪. વળી સીદ્ધાંતસાખ જુઓ. અભવ્ય અને મીથ્યાદષ્ટી સામાનીકદેવતાંપણે ન ઉપજે તો શ્રી મહાવીરપ્રત્યે સુરિયાભે કીમ પુછ્યું જે, સ્વામી હું ભવ્ય, અભવ્ય, સમદષ્ટી, મીથ્યાદષ્ટી ઇત્યાદીક બાર બોલ કીમ પુછ્યા? જો સુરિયાભવિમાને મીથ્યાદષ્ટી, અભવ્ય, ન ઉપજે તો, સંદેહ સ્યાનો ઉપનો? જીમ અનુત્તરવિમાને અભવ્ય, મીથ્યાદષ્ટી, ન હોવે. તેનો ઉત્તર. જો પ્રતિમા પુજતાં સમદષ્ટી હોવે તો સુરિયાભે ઉપજતી વેળાજ પ્રતિમા પુજી છે. પછે ભગવંતપાસે વાંદવા તો આવ્યો છે પ્રતિમા પુજતાંજ સમદષ્ટી ને ભવ્ય તો થઇ ચુકયો, સંદેહ ન રહ્યો. તો વળી ભગવંતને પુછવાનું સું કારણ હોવે? તીવારે હીંસાધરમી કહેસ્યે જે, એણે જાણતાંથકાં પણ નિઃસંદેહ થાવામાટે પુછ્યું, એમ કહે. તેનો ઉત્તરઃ જો જાણતો નિઃસંદેહ થાવામાટે પુછે તો મનુષ્યલોકમાં ગણધર, સાધુ, શ્રાવક, સમદષ્ટી, રાજા, સેઠ, સેનાપતિ પોતાના જીવઆશ્રી. તથા બીજા મનુષ્યઆશ્રી એ બાર બોલ ક્યાંઇ પુછ્યા કહ્યા નથી. જીહાં તીહાં બાર બોલની પુછા દેવતા આશ્રીયજ છે. સક્રેંદ્રના બાર બોલ ગૌતમે પુછ્યા ભગવતી સતક સોળમે ઉદેસે બીજે. ઇસાનેંદ્રના બાર બોલ ગૌતમે પુછ્યા. સનતકુમારના બાર બોલ ગૌતમે પુછ્યા ભગવતી સતક ત્રીજે ઉદેસે પેહેલે. સુરિયાભે પોતે પુછ્યા રાયપ-

સેણીમધ્યે. ઇમ જાવ શબ્દમધ્યે બાર બોલની પુછા ઘણે ઠામે કહી છે, પણ ગણધર, સાધુ, શ્રાવક, મનુષ્યના પુછ્યા નથી. એટલામાટે ઇમ જાણજો જે વિમાનના ધણીપણે પણ બાર બોલવાળા ઉપજે છે. તે સર્વ પ્રતિમાને, ડાઢાને પુજેછે. તે માટે પ્રતિમા, ડાઢાની પુજા સંસારહેતે જીતઆચારમાં જાણવી, પણ સુત્ર, ચારીત્રધર્મમધ્યે નહીં,

૧૪. વળી હીંસાધરમી કહેછે જે, પ્રતિમાની પુજા દેવતાને ધર્મખાતે છે. તેનો ઉત્તર. પ્રતિમા તો ભગવંતના શરીરથકી જુદી છે, પણ સાક્ષાત ભગવંતનો શરીર તેહનો મહોચ્છવ દેવતાના જીતઆચારમધ્યે કહ્યો છે, તો પ્રતિમાની પુજા ધરમવ્યવહારમધ્યે ક્યાંથકી થાશે? તેહની સાખ જંબુદ્વીપપન્નંતીમધ્યે છપન દિસાકુમારી આવી તીહાં જીતઆચાર કહ્યો તે પાઠ.

**उपन्ने खलु भो जंबुद्दीवेर भगवं तिथयरे तं जीय मेयं तीय पच्चुपन्न मणागयाणं अहोलोगं वथवाणं अठन्हं दिसाकुमारीणं भगवउ तिथयरस्स जम्मण महिमं करित्तए:**

**અર્થ.**—ઉ. ઉપનો. ખ. નીસ્ચે. ભો. ભો! ઇતિ આમંત્રણે. જં. જમ્બુદ્વીપ નામા દ્વીપને વિષે. ભ. ભગવંત. તિ. તિર્થંકર. તં. તે ભણી. જી. જીતઆચાર છે. એ. એહ. અ. અતીતકાળ થયો. પ. હવણા વર્ત્તમાનકાળ છે. અ. અનાગતકાળે થાશે. અ. અધોલોકની વસનારી. અ. આઠ દિશાકુમારી. ભ. ભગવંત. તી. તીર્થંકરનો. જ. જન્મમહોચ્છવ (મહીમા). ક. કરવાનો આચાર છે.

વળી રૂષભદેવસ્વામી નીરવાણસમયને અધીકારે કહ્યું જે: જંબુદ્વીપપન્નંતી મધ્યે સુક્રેંદ્રે એમ વીચાર્યું જે.

**परिनिवुए खलु जंबुद्दीवेर भरहेवासे उसभे अरहा कोसलीये तंजीयमेयं तीयपच्चुप्पन्न मणागयाणं सक्काणं देविंदाणं देवरायाती**

णंतिथगराणंपरिनिव्वाणंमहिमं करीत्तए॥

**અર્થ.**—પ. પરીનીવૃત મોક્ષ પુહોતા. ખ. નીશ્ચે. જં. જંબુદ્વીપ નામા દ્વીપને વિષે. ભ. ભરતખેત્રે. ઉ. રૂષભદેવ. અ. અરીહંત. કો. કોસલીક. તં. તે માટે જીતઆચાર છે. અ. એહ અતીત. પ. વર્ત્તમાન. અ. અનાગત કાળના. સ. સુધર્મેંદ્ર. દે. દેવતાનો ઇંદ્ર. દે. દેવતાનો રાજા હોય તે. તી. તીર્થંકરનો. પ. પરીનીર્વાણ. મ. મહીમા. ક. કરે.

એમ સર્વ ઇંદ્રને વીચારણા સક્રનીપરે. જો સાક્ષાત જીનના સરીરનો મહોસ્છવ જીતવ્યવહારમધ્યે કહ્યો છે, તો પ્રતિમાની પુજા ધર્મવ્યવહારમધ્યે ક્રીહાંથી થાશે? જન્મમહોસ્છવ, દીક્ષામહોસ્છવ, નિર્વાણમહોસ્છવે અનેક ક્રોડ દેવતા આવે તે સર્વ જીતવ્યવહારમધ્યે ગણ્યા. જીતવ્યવહાર જીહાં કહ્યો તીહાં સમદષ્ટી, મીથ્યાદષ્ટી, ભવ્ય, અભવ્યનું શું કારણ કહ્યું. અને સક્રસુરીયાભ દદુરદેવતા પ્રમુખ સહીત જે ભગવંતને વાંદવા આવ્યા તીહાં જીતવ્યવહાર ન કહ્યો, તો ઇમ જાણજો જે દેવતા જે જે કરતવ્ય કરે નમોથુણં, પુજા, જનમમહોસ્છવ, દીક્ષામહોસ્છવ, નિર્વાણમહોસ્છવ, ડાઢા લેવી, થુભ કરાવવાં, એ સર્વ કામ જીતવ્યવહારના છે. જો ધર્મવવસાયના હોવે તો મનુષ્ય, શ્રાવક, સમદષ્ટી, રાજા, શેઠ, સાર્થવાહાદીક ક્રીમ ન કરે?

હીંસ્યાધરમી કહેછે રૂષભદેવ સ્વામી તથા નવાણુભાઈ મુક્તિ ગયા તેહના ચૈત્ય થુભ ભરથેશરે કરાવ્યા ઇમ કહેછે. તે વાત ખોટી છે. જંબુ-દ્વીપપન્નંતીમધ્યે રૂષભદેવનો થુભ એક દેવતાયે કીધો ભરથેસરનો નામ પણ નથી. અને ત્રેવીસ તીર્થંકરના થુભ ઇંદ્રે કીધાં. પોતાના જીતઆચાર માટે પીણ કોઈ મનુષ્ય શ્રાવકે કીધાં નથી. કહ્યાં. વળી ઇંદ્રસરખે ગર્ભમાં રહ્યા તીર્થંકરને નમોથુણં કીધાં, પ્રતિમા આગળ કીધાં પણ શ્રી વિત્તરાગને વાંદવા આવ્યા તીહાં સાક્ષાત ભગવંતને નમોથુણં કોઈ દેવતાયે ન કીધો તો સું પ્રતિમાથકી ભગવંત ઉતરતા હતા? પણ દેવતાનો જીતવ્યવહાર એહવોજ જણાયછે તથા ભગવતી સતક સતરમે ઉદેસે બીજે કહ્યું જે,

जीवाणंभंत्ते किंधम्मेठिया अधम्मेठिया धम्माधम्मेठिया पुछा गोयमा जीवाधम्मे-

विठिया अधम्मेविठीया धम्माधम्मेविठीया नेरइयाणंपुछा गोयमा नेरइया नोधम्मेठिया अधम्मेठिया नो धम्माधम्मेठिया एवं जाव चउरिंदियाणं पचंदिय तिरिखजोणीयाणं पुछा गोयमा नोधम्मेठिया अधम्मेठिया धम्माधम्मेठिया मणुसा जहाजीवा वाणमंतर जोइसिय वेमाणीया जहा नेरइया.

**અર્થ.**—જીવ હે ભગવંત સું ધર્મનેવિષે રહ્યા કહીયે, અથવા અધર્મને વિષે રહ્યા કહીયે. અથવા ધર્માધર્મનેવિષે રહ્યા કહીયે? ઇતિ પ્રસ્નઃ ઉત્તરઃ હે ગોતમ જીવ ધર્મનેવિષે રહ્યા કહીયે. અધર્મનેવિષે પણ રહ્યા કહીયે. ધર્માધર્મનેવિષે પણ રહ્યા કહીયે. નારકી હે ભગવંત ઇત્યાદી પ્રસ્નઃ ઉત્તરઃ હે ગોતમ નારકીને સર્વવીરતીના અભાવથકી ધર્માસ્તિક નહીં, અધર્માસ્તિક કહીયે. દેસવીરતીના અભાવથકી ધર્માધર્માસ્તિક પણ નહીં એમ જાવત ચઉરેંદ્રિલગે કહેવા. પચેંદ્રિ ત્રીર્યંચજોનીકનો પ્રસ્ન કીધો. ઉત્તરઃ હે ગોતમ ધર્મનેવીષે રહ્યા ન કહીયે અધર્મસ્થીત કહીએ ધર્માધર્મનેવીષે પણ દેસવીરતીના સભાવથકી મનુષ્ય જીવ જીમ કહ્યા તીમ કહેવા. વાણવ્યંતર, જયોતીષી, વેમાનીક, જીમ નારકી કહ્યા તીમ કહેવા.

એ લેખે દેવતાને ભગવંતે અધર્માસ્થિતિ કહ્યા તે કરતવ્યરૂપ ધર્મ નથી. સમ્યકત આશ્રીત સુભજોગ આશ્રી દેવતા ધરમી કહીયે. અને રાયપસેણી મધ્યે પુસ્તક વાંચીને દેવતા ઉઠયો તીવારે "धम्मीयं ववसाइ गीन्हीजा" કહ્યું એ પાઠ ઉપર હીંસાધરમી કહેછે જે, પ્રતિમા પુજી તે ધર્મવીવસાય મધ્યે છે. તે ઉત્તર. એ ધર્મવ્યવસાય ગ્રહ્યો કહ્યું. તે પ્રતિમા પુજવાઆશ્રીજ નથી કહ્યું. એ ધર્મવ્યવસાય ગ્રહ્યો તીવાર પછે જે જે વસ્તુ પુજી તે પોતાના જીતઆચારની વિધ તે સર્વે ધર્મવ્યયસાયમધ્યે આવી તોરણ, ખડગ, પ્રમુખ પુજયા તે ધર્મવ્યવસાય ગ્રહ્યા કેડે તથા પુસ્તક વાંચ્યા કેડે

પુજી તે વસ્તુ તો ધર્મવ્યવસાયમધ્યે ગણસો તો પુસ્તક પુજવો વાંચવો એ સ્યામાં ગણવો? ધર્મવ્યવસાય કહ્યો તેમધ્યે તો શ્રી ઠાણાંગ દસમે ઠાણે દસ પ્રકારે ધર્મ કહ્યો છે.

**दसविहे धम्मे पन्नंत्ते तंजहा गामधम्मे नगरधम्मे रठधम्मे पासंडधम्मे कुलधम्मे गणधम्मे संघधम्मे श्रुयधम्मे चरीत्तधम्मे अथिकायधम्मे ॥**

**અર્થ**—દ. દસ પ્રકારે. ધ. ધર્મ. પં. કહ્યા. તં. તે કહે છે. ગા. ગ્રામ તે લોકનું સ્થાનક તેહનો ધર્મઆચાર તે સ્થિતિ ગ્રામ ગ્રામ પ્રતિ જુજુઇ અથવા ગામ ઇંદ્રિય ગ્રામ તેહનો. ૧ ન. નગરધર્મ તે નગરાચાર તે નગર પ્રતિ જુજુઇ. ૨ ર. રાષ્ટ્રધર્મ તે દેસાચાર. ૩ પા. પાખંડધર્મ તે પાખંડીનો આચાર. ૪ કુ. કુલધર્મ તે ઉગ્રાદીક કુલનો આચાર ૫. ગ. ગણધર્મ તે ગચ્છધર્મ ગચ્છાચાર. ૬ સં. સંઘધર્મ તે ચતુરવિધિ સંઘ તેહનો ધર્મ. ૭ સુ. સુતધર્મ તે આચારાંગાદીક દ્વાદસાંગીનો ધર્મ દુરગતી પડતાં જાણી પ્રાણીને ધરે તે ભણી ધર્મ. ૮ ચ. ચારીત્રધર્મ તે પાંચ માહાવૃત ૯ આ. અસ્તિકાયધર્મ તે ધર્માસ્તિકાયાદીકનો સ્વભાવધર્મ. ૧૦

એહ વાવી, હથીયાર, પ્રતિમા, ડાઢા, પ્રમુખ પુજ્યા, તે સર્વ કુલધર્મ રીત મધ્યે તે માટે धम्मीयं ववसाय કહ્યો, પણ કાંઇ શ્રુતધર્મ શ્રધારૂપ ધરમ નહીં. એ ચારીત્રની કરણીરૂપ પણ ધર્મ નહીં. ચારીત્રે ધર્મ અનુષ્ટાન પાલવા વીરતીરૂપ, તે તો દેવતાને છે નહીં, અને શ્રુતધર્મ તો શ્રધારૂપ, છે, કર્તવ્યરૂપ નહીં, અને શ્રુતધર્મમધ્યે એહ વાવી, હથીયાર, પ્રતિમા, ડાઢા, વૃક્ષ, વાવડી, પુજવા કહ્યા નથી, જો સુતધર્મમધ્યે એહવા બોલ પુજવા કહ્યા હોવે તો, મનુષ્ય, રાજાદીક શ્રાવકે કેમ ન પુજ્યા? શ્રુત, ચારીત્ર, ધર્મના સ્વામી તો મનુષ્ય છે, તે તો પુજતા નથી. તથા સુરીયાભ શ્રી માહાવીર સ્વામી પાસે આવ્યો તીહાં ફુલ. પાણી, વસ્ત્ર, આભ્રણથકી પ્રતિમા પુજી તીમ માહાવીરને પુજ્યા કીમ નહીં? પ્રતિમા આગલ કહ્યું છે જે,

धुवंदाउण जीणवराणं તીવારે સાક્ષાત જીનવરને ધુપ કીમ દીધો નહીં? તે કહો તીવારે કહીસ્યે જે, પહીલાંથી સેવક દેવતા આવ્યા તેણે માંડલો પુંજ્યો, છાંટ્યો, વરસાવ્યો, ધુપ્યો એટલા કામ કીધા છે. તે ઉત્તર: તીહાં તો ઇમ કહ્યું છે જે માંડલો સોધ્યો, વરસાત કર્યો, ધુપ ઘટીજેઓ दीवं-सुराभी गमनजोगं करेह કહેતાં દેવતાને આવવા જોગ્ય કરો. ઇમ કહ્યો, પણ ઇમ નથી કહ્યું જે, ભગવંતને રહીવા જોગ્ય કરો. એ ચઉદ પ્રસ્નોત્તરે કરી એક સુરીયાભનો પ્રસ્ન કહ્યો.

२२. चीत्रामणनी पुत्तळी न जोवी कहेछे. तेनो उत्तर.

હીંસ્યાધરમી કહે છે જે, દસવિકાલીક આઠમે અધ્યયને કહ્યો છે જે.

चित्तभित्तिं ननिझाए ॥ नारीवा सुअलंकियं भखरंपिव दठुणं ॥ दिठिपडीसमाहरे ॥५५

અર્થ.---ચી. ભિતે આલેખી સ્ત્રીના રૂપને. ન. જોઇયે નહીં તો. ના. સચેતની સ્ત્રીને. વા. અવધારણે. સુ. અલંકાર પહીરી વેસે કરી સહીત સ્ત્રીને કીમ જોઇ સહીજે નજરે દ્રષ્ટે. ભ. સુર્યને. અ. જીમ. દ. દેખીને. દી. આંખીને. પ. પાછી વાલે તીમ સ્ત્રીથી દ્રષ્ટી પાછી વાલે.

એ ગાથામાં એમ કહ્યું જે, ભીતે ચીત્રી અસ્ત્રી તે જોવે નહીં કામ રાગ ઉપજે તે માટે. હવે જીમ પુત્તળી દીઠે રાગ ઉપજે તીમ પ્રતિમા દીઠે વૈરાગ ઉપજે તે માટે પ્રતિમા વાંદી નીકલી છે. તેનો ઉત્તર: પ્રસ્નવ્યાકરણ મધ્યે પાંચમે સંવરદ્વારે તો પ્રતિમા અને પુત્રી બહુ જોવી નીષેધી તે પાઠ.

बितियं चखुइदिएणं पासिय रुवाणि मणुन्न भद्दकाइं सच्चित्ताचित्त मीसगाइं कठे पोथय चित्तकम्मे लेपकम्मे सेलय दंतकमेय पंचाहिंवणेहिं अणेग संठाण संठि-

याइंचीए गंथिम वेटिम पूरिम संघाइ मणि मल्लाइं बहु विहाणिय अहियं नयण मण सुहकराइं वणखंडे पव्वएय गामागर नगराणिय खुडीय पुष्करिणी वावी दीहीय गुंजालिय सर सरपंतिय सागर बिलाविंति य खाइय नदी सर तलाग वप्पिण फुल्लुप्पल पउम परिमंडियाभिरामे अणेग सउण गण मिहुण विचरिंते मंडव विविह भवण तोरण चेइयः विन्नूसिये पुव्व कय तव प्पभाव सोहंगा संपउत्ते नड नट्टग जल्ल मल्ल मुठिय वेलंबग कहक पावक लासग आइख लंख मंख तुणइल्ल तुंबवीणिय तालायर पगरणाणि य बहुणि सुकरणाणि अणेसुय एवमाइएसुय रुवेसु मणुन्नभद्दएसु नतेसु समणेण सज्जियव्वं नरज्जियव्वं नगज्झियव्वं नमुज्झियव्वं एविणिग्घाय मावज्जियव्वं नलुभियव्वं नतुसियव्वं नहासियव्वं नसइंच मइंच तथ कुजा ॥

અર્થ.—બી. બીજી ભાવનાનું સ્વરૂપ. ચ. ચક્ષુઇંદ્રીયે કરી. પા. દેખીને. રૂ. રૂપ કહેવાં છે રૂપ. મ. મનોજ્ઞ. ભ. કલ્યાણકારી. સ. સચીત.

**અ.** અચીત. **મી.** મીશ્ર તે ક્યા રૂપ. **ક.** પોઠીયાને વીખે રૂપ તથા કાષ્ટના ૧. **પો.** વસ્ત્રને વીખે રૂપ વસ્ત્રના રૂપ ૨. **ચી.** ચીત્રામ રૂપ. ૩ **લે.** માટીનો રૂપ ૪. **સે.** પાખાણના રૂપ ૫ **દં.** દાંતના રૂપ ૬ **પં.** પાંચ વર્ણે કરી. **અ.** અનેક સહીત. **સં.** સંસ્થાણે આકારે. ૬ **સં.** સહીત. ૭ **ગં.** માલાને ગુંથીને નીપાયા. ૮ **વે.** વીટી દડાવત. ૯ **પુ.** ભરી નીપજાવ્યો પીતલની પ્રતિમા ૧૦ **સં.** અનેક વર્ણ એકઠે નીપજાવ્યા પંચવર્ણિ ફુલ માલાવત. ૧૧ **ઈ.** એ. **મ.** માલા. **બ.** ઘણા પ્રકારના. **અ.** અત્યંત. **ન.** નયણને. **મ.** મનને. **સુ.** સુખના ઉપજાવણહાર રૂપ. **વ.** વનખંડ વનખંડાદષદા ૧૨. **પ.** પર્વત. ૧૩ **ગા.** ગામ. ૧૪ **આ.** આગર. ૧૫ **ન.** નગર. ૧૫ ૧૬ **ખુ.** જલાશ્રય ૧૭ **પુ.** કમલ સહીત વાટલી વાવ. ૧૮ **વા.** ચોખુણી વાવ. ૧૯ **દી.** લાંબી વાવ. ૨૦ **ગુ.** વાંકી નીકી. ૨૧. **સ.** સરોવર. ૨૨ **ને.** એક સરોવરમાંહીથી બીજે સરોવરે પાણી જાય એહવી પંક્તિ ૨૩ **સા.** સમુદ્ર. ૨૪. **બી.** ધાતુ ખાણવાની પદ્યતિ. ૨૫ **ખા.** ખાઇ. ૨૬ **ન,** નદી. ૨૭ **સ.** અણખણ્યા તલાવ. ૨૮ **ત.** ખણ્યા તલાવ. ૨૯ **વ.** કયારા **ફુ.** વિકસ્યા. **ઉ.** નીલોત્પલં. **પ.** બીજા પદ્મકમલ તેણે કરી. **પ.** મંડીત. **અ.** સોહામણા જલના આશ્રય છે. **અ.** અનેક ૩૦. **સ.** પંખીના. **ગ.** સમુહ તેહના. **મી.** સ્ત્રી, પુરૂષના જોડલાં તેણે કરી, **વી.** વ્યાપ્યા છે તેણે. **મં.** માંડવા. ૩૧ **વી.** નાના પ્રકારના. **ભ.** ભવન ઘર. ૩૨. **તો.** તોરણ. ૩૩ **ચે.** પ્રતિમા. ૩૪ **વી.** વસ્ત્રાદીકના વિભૂષાદીક સહીત. **પુ.** પુર્વભવે. **ક.** કીધાં. **ત.** તપ. **પ્ર.** તેહના જે પ્રભાવે કરી. **સો.** સોભાગે. **સં.** સહીત. **ન.** નટવા. **ન.** નચાવણહાર. **જ.** જલ. **મ.** મલ. **મુ.** મુઠીક. **વે.** વેલંબક. **ક.** કથક. **પ.** પ્લવગ. **લા.** લાસક. **આ.** આખ્યાતક. **લં.** લંખ. **મં.** મંખ. **તુ.** તૃણઇલ્લ. **તું.** તુંબની વિણા. **તા.** તાલાચર. એટલાની. **પ.** કરવાં. **ય.** વલી. **બ.** ઘણા. **સુ.** રૂડાંકર્મ. **અ.** એથી અનેગ. **એ.** એ આદી દેઇને. **રૂ.** રૂપને વીખે. **મ.** મનોજ્ઞ. **ભ.** કલ્યાણકારી. **ન.** તે રૂપને વીખે. **સ.** સાધુયે. **ન. સ.** સંબંધ ન કરવો. ૧ **ન.** રાગ ન ધરવો. **ન.** ગૃદ્ધ થાવું નહીં. ૩ **ન.** મોહ ધરવો નહીં. ૪ **ન.** વ્યાઘાત અંતરાય. **ન. આ.** ન કરવો. ૫ **ન.** લોભ ન કરવો. **ન.** સંતોષ ન પામવો. **ન.** હસવું નહીં. **ન.** સાંભારવો. **મ.** વીચારવો. **ત.** કુ. ન કરે.

એ પાઠ મધ્યે એમ કહ્યું, એટલા પદાર્થ જોવાં નહીં. પુર્વે જોયા હોવે તે સંભારવા પીણ નહીં, તે મધ્યે ચૈય તે પ્રતિમા અને દેવકુલ તે દેહરાં તે પણ ભેલાં કહ્યાં, તો પ્રતિમાને વાંદવી કીહાં રહી? એટલી વસ્તુ જોતાં કરમ બંધનો કારણ કહ્યો, અને સ્ત્રીની પુત્તળી દીઠે રાગ ઉપજે તે તો સુત્રમાં પાઠ છે, પણ પ્રતિમા દીઠે વૈરાગ ઉપનો તથા ઉપજે એવો સુત્ર પાઠ દેખાડો. અને પુત્તળીનો એઠો લઇ પ્રતિમા ઠેરાવો તે તો ઠહીરે નહીં, સ્યા માટે જે પુત્તલી દીઠે રાગ ઉપજે એતો અંતકાલનો ચાલ જીવનો છે. મોહની કર્મવાલાને રાગ ઉપજે એ ઉદ્ય ભાવ છે, અને વૈરાગ ઉપજવો તે તો અપુર્વ વાત છે. ખયોપસમ ભાવ હોવે તો ધર્મબુદ્ધિ ઉપજે કાંઇ વસ્તુ દીઠે વૈરાગ્ય ઉપજે? એમ કરતાં પ્રત્યેક બુધી થયા તેહને બાહ્ય કારણ દેખી જ્ઞાન ઉપજયો, સંજમ લીધો, તે માટે કાંઇ બાહ્ય કારણને વાંધો નથી, ભરથેશરે અરીસાભવને વાંદ્યો નહીં, કરકંડુયે વૃખભને વાંદ્યો નહીં, દુમુહ રાજાયે થંભને વાંદ્યો નહીં, નમી-રાજાયે ચુડીને વાંદી નહીં, નીગાઇ રાજાયે આંબાને વાંદ્યો નહીં ખયોપ સમ જોગ બાહ્ય કારણ દેખી જ્ઞાન ઉપજે પીણ બાહ્ય કારણ વંદનીક નહીં. તે માટે પ્રતિમા દેખી કોઇ બુઝયો, જ્ઞાન પામ્યો, સંજમ લીધો. તે વાત સુત્રમાં ક્યાંય કહી નથી.

## ૨૩. देहेरां, प्रतिमा करे मंदबुधीया दक्षीणदिसना नारकी थाय.

હીંસ્યાધરમી કહે, દેહેરા, પ્રતિમા કરાવે, ભરાવે પુજાયે, બારમે દેવલોકે જાય તે વાત સુત્ર વીરુદ્ધ કહેછે. ભગવંતે રાજા શ્રેણીકને કહ્યું ચાર બોલમધ્યે એક કાર્ય કરે તો તુમે નરકે ન જાય. કાલીકશોકરીક ભેંસા ન મારે, કપીલા સાધુને દાન દેવે, પુણીયો શ્રાવક સામાયક તુમને આપે, તું નોકરસી માત્ર પચખાણ કરે, તો નારકી ન જાય એમ કથા મધ્યે કહે છે, પીણ દેહેરાં પ્રતિમા કરાવ્યે પ્રતિમા પુજાયે, દેવલોકમધ્યે જાય, નારકી ટલે એ કીમ ન કહ્યું? એમતો કોણીક, કુષ્ણાદીકને પણ નારકી ટાલવી સહીલ હતી. પણ એ મધ્યે લાભ દીઠો નહીં.

વળી પ્રશ્નવ્યાકરણ પ્રથમ આશ્રવદ્વારે કહ્યું. એટલે કાજે પ્રથવીનો આરંભ કરતો મંદબુધી કહીયે ને ફલ કાલે દક્ષીણદીસીની નારકીએ જાય તે પાઠ.

इमेहिं विविहेहिं कारणेहिं किंते करिसण १ पोखरिणी २ वावि ३ वप्पिण ४ कुव ५ सर ६ तलाग ७ चिनि ८ वेति ९ खोइ १० आराम ११ विहार १२ थुन १३ पागार १४ दारं १५ गोपुर १६ अट्टालग १७ चरिय १८ सेतु १९ संकम्म २० पासाय २१ विकप्प २२ नवण २३ घर २४ सरण २५ लेण २६ आवण २७ चेइय २८ देवकुल २९ चित्तसन्ना ३० पव्वा ३१ आयतणा ३२ वसह ३३ नूमिघर ३४ मंडवाणयकए ३५ नायण ३६ नंडो ३७ वकरणस्स ३८ विविहस्स य अठाए पुढविं हिंसंति मंदबुधिया.

અર્થ --ઈ. એ કહીમું તે. વી. નાના પ્રકારને કા. કારણે કરીને ઇંદ્રીને હણે છે. કી. કોણ તે કારણે કહે છે. કં ખેત્ર ખેડવાને અર્થે કરસણાદીક સર્વ પદાર્થ ૪ બોલ મધ્યે આવે તે એ હલનો ખેડણહારો ૧ ખેત્ર ખેડાવણહારો ધણી. ૨ હણાઈ પૃથવ્યાદીક ત્રસ જીવ. ૩ ભોજનાદીકને અર્થે ૪. એ મધ્યે આર્ય, અનાર્ય, જાતીના સર્વ આવ્યા એમ સઘળે ઠામે ૪ બોલ વીચારવા કરણહાર ૧, કરાવણહાર ૨. અનુમોદનાર ૩. મંદબુધીયા ૩ અર્થે કરવા, કોઈ બોલ અર્થે કામે, કોઈ ધર્મિ ૩ એ ત્રણ અર્થના ધણી મંદબુધીયા [ માઠીબુધીનાં ધણી ] કહ્યા. અંતરંગ રલીયાયત થાય. ઘણું જે ભલું જાણે છે તેમાટે. એમ સર્વ ઠામે એ ૪ વીચાર કરવા ૧. પો. પોખરણી કમળસહીત ૨. વા. વાટલી કમળ સહીત ૩. વ.

ચૈત્રાદિકના ક્યારા ૪. કુ. કુવા ૫. સ અણખણ્યા સરોવર ૬. ત. ખણ્યા તળાવ ૭. ચી. વૃતકની ધરતી ખણવી ૮. વે. વેદીકા કોરડી ૯. ખા. નરગની ખાઈ ૧૦. ય. વળી. આ. વાડી ૧૧. વિ. ક્રીડાના થાનક તથા બોધાદીકના થાનક ૧૨. થુ. મૃતકના પગલાં ૧૩. પા. ગઢ ૧૪. દા. બારણા ૧૫. ગો. ગોલકપાટ ૧૬. અ. ગઢ ઉપલા કોઠા ૧૭. ચ. ગઢ નગર ચલ્યો ૮ હાથનો માર્ગ ૧૮. સે. પાજ ૧૯. સં. ઉતરવાનો માર્ગ તથા પગથીયાં. ૨૦. પા. રાજાના મંદીર. ૨૧ વી. ઘરના ભેદ. ૨૨ ભ. ચોસાલા ઘર ૨૩ ઘ. સામાન્ય ઘર. ૨૪ સ. તૃણાના ઘર. ૨૫ લે. પર્વત ઉપર ઘર. ૨૬ આ. હાટ ૨૭ છોધાલ્યા. ચે. શ્રી વૃત્તો. ચે. પ્રતિમા. ૨૮ દે. સીખરબંધ પ્રાસાદ દેહરાં. ૨૯ ચી. ચીત્રામણની સભા. ૩૦ ૫. પર્વ. ૩૧ આ. દેવના થાનક. ૩૨. વ. તાપસાદીકના થાનક. ૩૩ ભૂ. ભૂંઇરાં. ૩૪ મં. ગૃહ આગલ માંડવો એ પુર્વોક્ત સર્વ વસ્તુને અર્થે. ૩૫ તથા વલી ભા. ધાતુના ભાજન. ૩૬ ભં. માટીના પાત્ર. ૩૭ ઉ. ઘરવખરા ઉખલ મુસલાદીકને અર્થે એ ૩ બોલને અર્થે. ૩૮ તથા વિ. એમ વીવીધ પ્રકારને. ય. વલી અ. અનેક પ્રકારને અર્થે. પુ. પુથવીકાયને. હી. હણે. મં. માઠી બુધીના ધણી.

એ પાઠ મધ્યે દેહેરા, પ્રતિમા, કરાવે તે પણ ભેલા મંદબુદ્ધિયા કહ્યા. જો સુમદીષ્ટી પણ એટલા માહીલા કેટલાએક કામ કરે છે સ્વારથના લીધા પણ તે આરંભને અનુમોદતા નથી. સંસારહેતુ જાણે છે, તેણે કરીને મંદબુદ્ધિયા નથી. નિર્મળ બુદ્ધિ છે, અને ધર્મને અરથે તો સમદષ્ટી આરંભ નજ કરે. જો આરંભમાં ધર્મ જાણે તો સમદ્રષ્ટીપણોજ જાય. તથા આરંભમાં ધર્મ જાણે તો સાધુને આધાકરમી આહાર કાં ન આપે? મોલ્યે (વેચાતી) આણી પણ નથી આપતા તે માટે મંદબુદ્ધિ નથી, અને દેહેરાં, પ્રતિમા, તો પહીલાં આણંદાદીક શ્રાવકેજ કરાવ્યા નહીં, તો બીજા સાને કરાવે?

વળી હીંસ્યાધરમી કહેસ્યે. મંદબુદ્ધિયામાં ચેઇ, દેવકુલ કહ્યા તે, તથા પાંચમે આશ્રવદ્વારે દેવતાના ચૈત્ય પરીગ્રહમધ્યે કહ્યા છે તે તથા પાંચમે સંવરદ્વારે ચેઇ, દેવકુલ, જોવા નીષેધ્યા તે. એ ત્રણે ઠામે દેહરાં પ્રતિમા. અન્યદેવના જાણવા પણ જીનપ્રતિમા ને દેહેરાં નહીં. સ્યામાટે જે ત્રણ ઠામે દેવકુલ કહ્યાં છે, તે માટે અને જીનના દેહેરાને તો સીદ્ધાયતન કહ્યા છે, એ બોલીમાં ફેર ઘણો છે. તે ઉત્તરઃ જ્ઞાતા અધ્યયન બીજે નાગઘરે,

જક્ષઘરે, ભુતઘરે, વેસમણઘરે, એ દેવતાના ઘર તેહને ઘર કહ્યાં છે તીમ દ્રુપદીના દેહરાંને પણ જીણઘરેજ કહ્યો છે, સીદ્ધાયતન નથી કહ્યો, તીર્થંકરના દેહેરાને સીદ્ધાયતન કહેસ્યો તે નહીં ત્યારે સીદ્ધાયતન, દેવકુલ, દેવાલય એ સર્વ રહીવાનાજ ઘર કહીએ. ઇહાં દેવકુલ અને સીદ્ધાયતનનો ચોજ કરે તે મુર્ખ, પણ પરમાર્થ એકજ છે. જીનના દેહેરાં તે સીદ્ધાયતન અને અન્યદેવના દેહરાં તે દેવકુલ કહીસ્યો, તો ધ્રુપદીને અધીકારે જીનઘરહીજ કહ્યોછે, સીદ્ધાયતન નથી કહ્યો, એ લેખે દ્રુપદીયે પ્રતિમા પુજી તે અન્યદેવની હસે, તે વીચારી જોજો.

## २४. साधु प्रतिमानी वयावंच करे कहे छे. तेनो उत्तर.

હીંસાધરમી કહે છે પ્રસ્નવ્યાકરણ ત્રીજા સંવરદ્વારમાં કહ્યું જે, સાધુ પ્રતિમાનો વયાવંચ કરે. એ વાત સુત્ર વિરૂદ્ધ કરે છે. ત્રીજા સંવરદ્વારનો પાઠ.

**अहे केरीसए पुणाइ आराहए वय मीणं जे से उवही भत्त पाण संगहणदाण कुशले अच्चंतबाल१ दुब्बल २ गालांन ३ वुद्ध ४ खमगे ५ पवत्ति ६ आयरिय ७ उवज्झाय ८ सेहे ९ साहम्मीए १० तवस्सी ११ कुल १२ गण १३ संघ १४ चेइयठेय निजरठी वेयावच्चं अणिसियं दसविहं बहुविहं करेति**

અર્થ.—અ. હવે પ્રસ્તઃ અદત્ત ન લાગે અને વૃત આરાધે તે કહેછે: કે. કેહવો સાધુ. પુ. વળી અલંકારે. આ. આરાધે. વ. વ્રત. ઈ. એ ત્રીજાને. જે. જે. સે. તે સાધુ. ઉ. વસ્ત્રાદીક. ભ. ભાત અને. પા. પાણી દેવાને પરને. સં. નિર્દોષી લેવાને. દા. ગુર્વાદીકને દેવાને વિષે. કુ. ડાહ્યો તે આરાધે. અ. આઠ વરશ ઉપલો બાળ ૧. દીલે દુબળો ૨. ગા. દેખખીણ પડ્યા ૩. વુ. ગરઢા ૪. ખ. માસખમણાદીકનો કારક ૫. સીખને પ્ર-

વરતાવે ૬. આ. ગણાધી ૭. ઉ. ઉપાધ્યાય સુત્રપાઠી ૮. સે. નવદીક્ષિત ૯. સા. એકસરખી સમાચારી સાધર્મિ ૧૦. ત. વોથ છઠીઓ ૧૧. કુ. સંધાડો ૧૨. ગ. ગણો સંઘાડો ૧૩. સં. સંઘ સમુદાય ને ચાર તીર્થ સર્વ સાધુનો ૧૪. ચે. જ્ઞાનનો અર્થિ સાધુ. ની. નિર્જરાનો અર્થિ સાધુ. વે. વેયાવચ્ચને કરે. અ. નેશ્રા રહિત હોય તીમ. દ. દશ પ્રકારે આચાર્યાદી સબંધની. બ, અસન, પાણી જાવ ઓષધરૂપ વેયાવચ્ચ. ક. કરે.

એ પાઠ મધ્યે તો ઇમ કહ્યું જે, કેવો સાધુ ત્રીજો વ્રત આરાધે તે કહેછેઃ પ્રતિતકારી ગ્રહસ્થના ઘરથકી ઉપધ્ય, ભાત, પાણી એ ત્રણ વસ્તુ આણીને બાળ, દુર્બળાદીક ચઉદ જાતના સાધુને આપે, તે સાધુ ત્રીજાવ્રતને આરાધે એ દસ પ્રકારની વેયાવંચ સ્યાને કાજે કરે? चेइयठे (જ્ઞાનને અર્થે;) निजरठे (નિર્જરાને અરથે.) એ બે જાતના કુલને અરથે ચઉદને દશની વયાવચ્ચ કરે. એ શુદ્ધ અરથ જાણવો. દસવીહ કહી તે ઠાણાંગ દશમે ઠાણે તે પાઠ.

**दस विहे वेयावचे पनंते तंजहा आयरिय वे०१ उवझाय वे०२ थेर वे०३ तवसीय वे०४ गीलानवे०५ सेहवे०६ साहम्मी वे०७ कुलवे०८ गणवे०९ संघ वे० १०**

અર્થ—દ. દસ. વિ. પ્રકારે. વે. વેયાવચ્ચ તે. પ. કહ્યો છે. તં. તે કહેછે. આ. આચાર્યનો વેયાવચ્ચ આહારાદીકે કરે ૧. ઉ. ઉપાધ્યાયનો વેયાવચ્ચ ભાત પાણી આપે ૨. થે. થીવરનો. ૩ ત. તપસીનો. ૪ ગી. મંદવાડીયાનો. ૫ સે. નવા શીષ્યનો ૬. સા. સાધર્મિકનો ૭. કુ. કુલ તે એક ગુરૂનો પરીવાર. એક ગણ તે ઘણા ગુરુનો તથા સંઘાડાના સર્વ સાધુનો ૮. ગ. ગણ. ગચ્છનો ૯. સં, ચતુરવિધ સંઘનો ૧૦. એ દસનો વયાવચ્ચ કરે.

ઇહાં પ્રતિમાની વેયાવચ્ચ કરવાનો નામ નથી. વળી ભગવતી સતક બારમે ઉદેસે બીજે એહીજ દશ ભેદ વેયાવચ્ચ કહી, તીહાં પ્રતિમાનો નામ પણ નથી. વળી ઉવવાઇ સુત્રે દશ પ્રકારની એહીજ વેયાવચ્ચ કહી, પણ પ્રતિમાની વેયાવચ્ચનું ઠામહીજ નથી. વળી વ્યવહાર સુત્રમાં દસ પ્રકારની વયાવચ્ચ કહી. તે પણ એહીજ દસ ભેદ. તીહાં પણ પ્રતિમાની વેયાવચ્ચનું નામ નથી. સુત્રમાં પ્રતિમાનો નામ નથી, તો પ્રસ્નવ્યાકરણમાં પ્રતિમાની

વેયાવંચ કીહાંથી આવી? અને बहुवीहं શબ્દ કહ્યો, તે એટલા માટે જે ચાર સુત્રે દશ દશ ભેદે વેયાવંચ કહી. અને ઇહાં ચઉદ ભેદ કહ્યા તે માટે બહુવીહં કહી. તથા સીંહે અણગારે રેવતીના ઘરથકી બીજોરાપાક આણી આપ્યો, શ્રી ભગવંતને તથા ગણી ગણાવછેદકની વ્યવહારસુત્રમાં વેયાવંચ કહી તે આચાર્ય શબ્દથકી જુદા શબ્દ છે, તે માટે ચઉદ નામમાં એ નામ ન આવ્યાં. તીવારે બહુવીહં કહ્યો. તેમાં સર્વ આવ્યા. હવે ચઉદની વેયાવંચ સ્યાથકી કરે તે પૂર્વે ત્રણ બોલ કહ્યા છે જે सेउवहीं भत्त पाण संगहणदाण कुसले ઓષધ્ય, ભાત, પાણીથકી ચઉદની વેયાવંચ કરે. તે હવે જુઓ કે એ ઉપધ્ય, ભાત, પાણી પ્રતિમાને સ્યે કામે આવે? અન ખાતી નથી, પાણી પીતી નથી, ઉપધ્ય ઓઢતી, પેહેરતી, બીછાવતી નથી. ઇહાં પ્રતિમાની સી વયાવંચ કરે તે વીચારી જોજો.

## ૨૯. नंदीसुत्रमां सर्व सुत्रनों नोंध तथा प्रकरणना वीरुद्ध.

હીંસાધરમી કહેછે તુમે તો સુત્ર થોડાં માનોછો જે મધ્યે પ્રતિમા ઘડાવવી, ભરાવવી, પુજવી, પ્રતીષ્ટવી, સંઘ કાઢવો વીગેરે એહવાં કાર્ય કીધે લાભ થાય તે અધીકારના ગ્રંથ છે તે તુમે નથી માનતા, પ્રતિમાના અધીકાર માટે. એમ કહેછે તે ઉત્તર. જંઘાચારણ, વીદ્યાચારણ ૧ સુરીયાભ ૨, વીજે પોલીયો ૩, દ્રુપદી ૪. ચેયની વેયાવંચ કરે ૫, ચોત્રીશ અતીશય ૬, આણંદ ૭, અંબડ ૮, ચમરેંદ્ર ૯, કયબલીકમ્મા ૧૦. એટલે ઠામે તમે પ્રતિમા ઠરાવોછો, તે સુત્ર ભગવતી, રાયપસેણી, જીવાભીગમ, ગ્નાતા, પ્રસ્નવ્યાકરણ, સમ્વાયંગ, ઉપાસગદશા. ઉવવાઈ, એ સુત્ર તો અમે માનીએ છીએ. પ્રતિમાની બીકે મુક્યા તો નથી.. એ વાત તમે ખોટી કહી જે પ્રતિમા માટે સુત્ર થોડાં માનેછે. પણ એમ છે જે નંદી સુત્રમાં જે જે સીદ્ધાંતના નામ કહ્યા તે કહેછે. **તેમાં પ્રથમ ઉત્કાલીક સુત્રના ૨૯ નામ.** દસવીકાલીક, કપ્પાયકપ્પીયં, ચુલકપ્પસુયં, મહાકપ્પસુયં, ઉવવાઈ, રાયપ્રસેણી, જીવાભીગમ, પન્નવણા, મહાપન્નવણા, પમાયપમાયં, નંદી, અનુજોગદ્વાર, દેવેદસ્તવ, તંદુલવૈયાલીયા, ચંદ્રવિજ્ય, સુરપન્નંતિ, પોરસીમંડલ, મંડલપ્રવેસ, વિજાચારણવિણીછીય, ગણીવીજા, ઝાણવિભત્તિ, મરણવિભત્તી, આયવિસાહી, વૈરાગસુય, સંલેખાણ, વ્યવહારકપ્પ, ચરણવિહી,

આઉરપચ્ચખાણ, મહાપચ્ચખાણ. હવે કાલીક સુત્રના ૩૧ નામ. ઉત્રાધ્યયન. દસાસુતખંધ, વૃતિકલ્પ, વ્યવહાર, નિસીથ, માહાનિસીથ, રૂષીભાષીત, જંબુદ્વીપપન્નતી, દ્વીપસાગરપન્નંતી, ચંદપન્નંતી, ખુડીયાવિમાણપવિભંત્તિ, મહલીયાવિમાણપવિભત્તિ, અંગચુલીયા, વંગચુલીયા, વિવાહચુલીયા, અરૂણોવવાઈ, વરૂણોવવાઈ, ગુરૂલોવવાઈ, ધરણોવવાઈ, વેસમણોવવાઈ, વેલંધરોવવાઈ, દેવીંદોવવાઈ, ઉઠાણસુયં, સમુઠાણસુયં, નાગમરીયાવણીયા, નિરયાવલીયા, કપ્પીયા, કપ્પવેડસહયા, પુપ્ફીયા, પુપ્ફચુલીયા, વન્હીદસા. એવં સાઠ. એક આવસ્યક એકસઠ ને બારે અંગ એવં બોહોંતેર તથા તોહોંતેર સુત્રના નાંમ નંદીસુત્રમાં કહ્યા છે. તે માંહેથી વીછેદ ગયા તે તો ગયા હમણાને સમયે સુત્ર બત્રીસ છે; તે તો અમે માનીએ છીએ. તે ઉપરાંત હીંસાધરમી આજ પીસતાલીસ આગમ માનેછે, તે બત્રીસથકી તેર અધીકાં માનેછે. તે મધ્યે દેવંદથુઓ, તંદુલવેયાલીયા, ગીણીવીજા, મરણવિભત્તિ, આઉરપચ્ચખાણ, માહાનીસીથ, માહાપચ્ચખાણ, ચંદવીજ. એ આઠના નામ તો નદીસુત્રમાં છે. પણ એ ગ્રંથ મુળગાં નથી. તે કેમ જો મુળગા હોવે તો આચાર્યના કીધા કીમ કહેવાય? આચાર્યના જોડ્યા છે તે માટે પછે જોડાણા જાણજો. તીમ દ્વાદસાંગી ભગવંત ગણધરની કહી થકી છે, તેમાં કોઈ આચાર્યે કર્યાં, એવું નામ કોઈ સીદ્ધાંતમાં નથી. તે માટે એ આઠ ગ્રંથના નામ તો મુળગાં રહ્યાં, પણ ગ્રંથ આચાર્યે જોડ્યા છે. તીમ માહાનસીથ નામ તો આગલો છે, પણ આઠે આચાર્યે મળીને બાંધ્યો છે, સેખ સુત્ર તેર માંહીલા રહ્યા તે કોણ? તેના નામ. કચઉસરણપઈનો. ભત્તપઈનો, સંથારપઈનો, જીતકલ્પ, પીંડનિર્યુક્તિ.

એ પાંચ નામ તો મુદલ કોઈ સુત્રમાં સાખમાત્ર પણ નથી, તો તેહને સુલ જાણીને કીમ પ્રમાણ કીજે. એ પીસતાળીસ. વળી માહારૂઠીણભાવના, ચારણભાવના તેયનીસગ્ગેણં, આસીવિસભાવના, દીઠીવીસભાવના. એ પાંચ સુત્રના નામ વ્યવહારસુત્રમાં છે. એ ૫ અને ૭૨ પુર્વલા મળી ૭૭ થયાં. વળી ઠાણાંગ દસમે ઠાણે દસ સુત્રના નામ કહ્યાં તે. કર્મવિપાકદશા તે તો વિપાકસુત્ર, ઉપાસગદશા તે ઉપાસગઅંગમાં આવ્યું, અંતગડદસા તે આઠમો અંગજ, અણુત્તરોવવાઈદસા તે નવમો અંગ, પ્રશ્નવ્યાકરણદશા તે દશમો અંગ, આયારદસા તે દસાસુતખંધ. ૧ બંધદસા. ૨ દોગંધીકદસા. ૩ દીર્ઘદસા. ૪ સંખેવીયદસા. એ ચારના નામ તથા ગ્રંથ અપ્રસીદ્ધ છે.

એવં બ્યાસી નામનો સુત્રમાં નામ સાખ પામીએછીએ. સર્વાળે ચોરાસી કહેછે, પણ ત્રેવીસ નામ તો લાભતાં નથી. તે માંહીંથી જે પુર્વલા ગણધરકૃત હોવે તેટલાનો પ્રમાણ છે. સેખના કીધાં તે એકાંત સુદ્ધ નહી. સુદ્ધાસુદ્ધ મીશ્ર હોવે તે સીદ્ધાંત સરખા કરી કીમ મનાયે? તીવારે હીંસાધરમી કહે જે જો કેડલા આચાર્યના કર્યા ગ્રંથને સીદ્ધાંત કરી ન માનો તો દસવિકાલીકસુત્ર સીયંભવઆચાર્યની કીધી કીમ માનોછો શુત્ર ગણોછે। सीयंभव गणहरा जणिपडीमा दंसणेण पडीबुधा એ પાંચમે આરે થયો છે. તે ઉત્તરઃ દસવિકાલીક તો ભગવંત થકાની છે. નંદીસુત્રમાં સાખ છે. જો પાંચમે આરે થઈ હોવે, તો નંદીસુત્ર ચોથા આરાનો તેમાં નામ પહીલાંથી કીમ ઘલાય?

વલી હીંસ્યાધરમી કહે છે જે, પન્નવણા તો પાટ ૨૩મે સામાચાર્ય થયા તેણે કરી છે, તે પણ જુઠો કહેછે. જો ત્રેવીશમે પાટે થઈ હોવે તો, ભગવતી ભગવંતને ગૌતમની કરી તેમાં પન્નવણાના છત્રીશ પદની ભલામણ કીમ દીધી? જો પછે થઇ છે તો નંદીસુત્રમાં ચોથેઆરે નામ કીંમ નોંધાણો? સામાચાર્યે વિસમૃત અધીકાર કાઢીને લઘુરૂપ કીધી છે, પણ નવો આલજુલ કાંઇ ઘાલ્યો નથી. તે માટે પન્નવણા તો પુર્વલાં છે. તથા હીંસ્યાધરમી કહે છે, નંદીસુત્ર દેવવાચકનો કર્યો છે, એ પણ ખોટો કહેછે. નંદીસુત્ર ગણધરકૃત છે. નંદીમધ્યેજ નંદીનો નામ છે. નંદીસુત્રને ધુરે પંચાસ ગાથા છે, પાંચમા આરાના આચાર્યના નામની એ ગાથા દેવવાચક કૃતછે, પણ નદીસુત્ર તો પુર્વલો છે તથા લઘુસુત્ર નીસીથ વિસાખાગણીની કીધી કહે છે, તે પણ અસત્ય કહે છે. નંદીસુત્રે નામ નસીથનોછે. ઇમ પુર્વાચાર્યના માન વધારે છે, જે સુત્ર આચાર્યે કર્યા છે તે મૃખા કહે છે.

વળી જીતકલ્પગ્રંથને છેદસુત્ર કહે છે, તેનું નામ નંદીસુત્રમાં સાખ માત્ર પણ નથી તેમાં પોતાનો મત દ્રઢ કરવાને એહવા પાઠ જોડયા છે, તે કહે છે.

से भयवं तहारुवं समणं वा माहाण वा चेइ घरेगछेजा हंता गोयमा दिने२ गछेजा से भयवं जठ दिने न गछेजा तउ पायछितं हवेजा भयवं किं पायछित्तं हवेजा गोयमा

पमायं पडुच्च तहारुवं समणं वा माहाणं वा जो जिणघरं न गच्छेजा अहवा दुवालस समं पायच्छितं उवदंसेजा से नयवं समणो वासगस्स पोसहसालाए पोसहिए पोसह बंभयारी किं जणहररं गच्छेजा हंता गोयमा गच्छेजा से नयवं केणठेणं गच्छेजा गोयमा नाण दंसण ठयाये गच्छेजा जे केइ पोसहसालाए पोसह बंभयारी जो जिणहरे न गच्छेजा तो पायच्छितं हवेजा गोयमा जहा साहु तहा नाणियवं छठे अहवा दुवालस समं पायच्छितं उवदंसेजा ॥

એહવા કલ્પીત પાઠ જોડયા છે, શ્રાવક પ્રમાદે શ્રી ભગવંત તથા સાધુને વાંદી ન સક્યો તો તેહનો પશ્ચાતાપ કરે, પીણ પ્રાયશ્ચીત તો કોઇ સુત્રમાં કહ્યો નથી. તથા વૃત્તિકલ્પ, વ્યવહાર, નિસીથ, આચારંગમાં સાધુના આચાર વખાણ્યા તથા પ્રાયશ્ચીતની વીધીયું વરણવી તીહાં દેહરે ન ગયાનો તો પ્રાયશ્ચીત કોઇ સુત્રે કહ્યો નથી, તો જીતકલ્પ પ્રકરણ જોડીને તેમાં ઘાલ્યો. તથા પ્રાયશ્ચીત લઘુમાસ, ગુરૂમાસ, લઘુચૌમાસી, ગુરૂ ચૌમાસી, લઘુછમાસી, ગુરૂછમાસી, એહવે નામે પ્રાયશ્ચીતની સંજ્ઞા બાંધી છે, પણ ઉઘાડો ઉપવાસ, છઠ, અઠમ, આંબલ, એકાસણા, ચોલા, પચોલા કહ્યો નથી, પણ સુત્રસીલીના અજાણ, મીથ્યાદ્રષ્ટી નવા પાઠ જોડે; પણ ઉઘડયાવગર ન રહે. તથા અભવ્યકુલક ગ્રંથ ભરૂચક મધ્યે હરીભદ્રસુરી હતા જેણે ચઉદસેં ચમાલીસ બોધમતિને મંત્રને જોગે હોમ્યા. એહવા દયાવંત માહાત્મતના ધણી! તેહનો ક્રીયા છે તે કહેછે.

जेह अनव्य जिवेही॥नफासीया एवमाइ या॥ नावाइं दतंमणुत्तरसुरं॥सिलायनरना-र दतंच॥१॥ केवली गणहर हथे॥ पव्वजा तिथवछरंदाणं॥पवयण सूरी सुरत्तं॥लोग-तिय देव सामित्तं॥२॥ तयातिसग सुरतं॥प-रमहिम्मिय जुगल मणुयत्तं॥ संन्निन्नसोति तह॥पुव्वधराहार पुलायत्तं॥३॥मइ नाणाइं सुलद्धी॥सुपत्त दाण समाहि मरणंच॥चारण दुगमधुसिप्पिय॥ खिरासवारखीण ठाण-तं॥४॥ तिथयर तिथपडीमा॥ तणुपरी नो-गाइ कारणे॥ विपुणो पुढवाईय नावंमियं॥ अनव जीविहीं नहुपत्तं॥५॥ चउदस रयण त्तंपी॥नपत्तं पुणोवि विमाण सामीत्तं॥समत्त नाण संयम॥तवाइं नावन नाव दुग्गे॥६॥ अणुनवजुत्ता नत्ति॥जिणाण साहम्मियाण वाछलं॥नयसाहेति अनावो॥ संवेग तंनसु-परवं॥७॥ जिण जणणी जाया॥ जिणज-खादीवगा जुग्मप्पहाणा॥आयरीय पयाइं दसगं॥ परमथ गुण ढमपत्तं॥८॥ अणुबं

**धम्म हेतुर सरुवाउ॥तथ अहिंसा तिहां जि- णु दिठा॥ दव्वेणय भावेणय ॥ दुहावी ते सिंन संपत्ता ॥९॥ इति अभव्यकुलक ॥**

એમાં કહ્યું જે; અભવ્ય જીવ એટલાવાના ન પામે, તેમાં ઉપસમ ને ખાયકભાવ સંબંધી તે વસ્તુ ન પામે, ને ઉદયભાવાસુત્ર વસ્તુ તો પામે નારદપણો, પરમાધામી, જુગલીયો, તીર્થંકરની પ્રતિમાના ભોગમાં આવે પૃથ્વી, પાણી, વનસ્પતી તેમાં ચઉદ રતનમાં, વીમાનના ધણીમાં, સાસન દેવતા, સાસન દેવી, ચોવીસ જક્ષ, ચોવીસ જક્ષણી, અભવ્ય જીવ એટલા વાના ન પામે કહ્યું. અને સીદ્ધાતમાં તો એ સર્વ વસ્તુમાં ભવ્ય, અભવ્ય उववन्न पुवा असई अदुवा अणंतखुत्तो કહેતાં ઉપના છે. અતીતકાળે વા- રંવાર નિશ્ચે અનંતી અનંતી વાર. તો જે મુળસીદ્ધાંતથકી ન મળે એવા પ્રવર્ણ જોડ્યા તેહ ગ્રંથને સીદ્ધાંત કરી કેમ મનાયે? વળી હીંસાધર્મિ કહેછે.

**सुत्तं गणहर रइयं तहेव । पत्तेय बुद्धि रइयंच ॥ सुय केवलणा रइयं । अभिन्नदस पुविणा रइयं**

ગણધર, પ્રત્યેકબુદ્ધી, ચઉદ, ૧૩, ૧૨, ૧૧, ૧૦ પુર્વિ, એ સાતનો કર્યો તે વચન સુત્ર કહીયે. એ વાત તો ઠીક છે તે માટે પુર્વાચાર્ય પુર્વધર હતા તેહના જોડ્યાં ગ્રંથ પ્રમાણ જાણવા, તેનો ઉત્તરઃ હીંસાધરમી પુર્વધારી આચાર્યનો તો ઓઠો લીએછે, અને પછી તો વિના પુર્વધારીના કીધા ગ્રંથને પણ સુત્ર કરી પ્રમાણ માનેછે તે કીમ કર્મગ્રંથ, દીવાલીકલ્પ, સે- ત્રંજા માહાતમ, સંદેહદોલાવલી, સંધાચાર, વીવેક વિલાસ, ભરથેસરવૃતિ, જોગ શાસ્ત્ર, કલ્પકીરણા, ઈત્યાદીક ગ્રંથ વીનાપુર્વધારીના કીધાં પણ માનેછે. અને પુર્વધારીના કીધાં ગ્રંથ પ્રમાણ એ વાત સત્ય છે, પણ કેવળીની નેશ્રાયે કરી કીધાં હોયે ઉપયોગ સહીતપણે મુળસુત્રથકી વીખવાદ ન પડે તે પ્રમાણ છે સીદ્ધાંત ગણધરના કીધાં છે ભગવંતની નીશ્રાયથકી થયા, તેમાંહી સંદેહ નહીં. અને ટીકામાં ઠામ ઠામ સંદેહ પડ્યા ત્યાં તત્વનું કે-

વળી ગમ્ય કહ્યું, તે ઇમ જાણજો જે ટીકા નવી જોડી છે. ભગવંતને સન્મુખ નથી જોડાણી. અનેરા પુર્વધરના વચન પણ સંકા સહીત હોવે, સત્યાસત્ય બેહુ હોવે છદમસ્થપણા માટે છદમસ્થ પુર્વધર આગમ વ્યવહારી પણ ભાંષા ચુકેછે તે સાખ સુત્રથકી કહેછે.

૧. શ્રી તીર્થંકરદેવ છદમસ્થ હોવે ત્યાંલગે સુત્ર પરૂપે નહીં. કેવળપામ્યા કેડે પરૂપે. છદમસ્થપણામાં તીર્થંકરને પણ જોગ ૯ હોવે–ચાર મનના, ચાર વચનના, ને ઉદારીક તે માટે અસત્યના ભયથકી સુત્ર પરૂપે નહીં.

૨. શ્રી નેમનાથસ્વામીયે શ્રી કૃષ્ણ આગળે સોમલ બ્રાહ્મણનો નામ ન કહ્યો, જે કૃષ્ણને દ્વેષ ઉપજે તે માટે; એહવો કેવળીનો માર્ગ ઝીંણો છે. અને ધર્મગોખ આચાર્ય પુર્વધારી હતા; તેણે નાગેસરીને હેળાવી, નંદાવી, દુખી કરી. એ છદમસ્થપણાની ભૂલ.

૩. સુમંગલા સાંધુ અવધનાણી આગમ વ્યવહારી તે ચાર ઘોડા, રથ, સારથી ને વીમલવાહન રાજા એ છને બાળશે, અને ભગવંતના મુખઆગળે ગોસાળે બે સાંધુ બાળ્યા, પણ ભગવંતે મનોમાત્ર દ્વેષ ન કર્યો. એ સુમંગળા અણગારને છદમસ્થપણાની ભુલ. કોઈ કહેશે સુમંગળાસાંધુને પ્રાયસ્છીત કીમ ન કહ્યો. તે ઉત્તરઃ પ્રાયસ્છીત તો એવંતા મુનીને પણ નથી કહ્યો. પણ એ ઠામ પ્રાયસ્છીતનું ખરૂં કે અનુમોદવાનું તે વીચારો.

૪. કેસી કુમાર ચઉનાણી, ચઉદપુર્વિ તેણે પ્રદેસીરાજાને જડ, મુર્ખ, તુચ્છ કહ્યો, કઠીન ભાષા બોલ્યા. એ છદમસ્થપણાની ભુલ.

૫, ગોતમસ્વામી મૃગાલોઢીયાને દેખવા ગયા, એ છદમસ્તપણાનો ઉચ્છકભાવ તે છદમસ્થપણાની ભુલ.

૬. વળી ગોતમસ્વામીએ અન્યતિર્થિની પ્રસંસા તથા પરીચય કરવાના સમદ્દષ્ટીને તો પચખાણ કરાવ્યાં હતાં અને પોતે ખંધકને સાહમા ગયા આવવાનો અનુમોદ્યો. એ છદમસ્થપણાની ભુલ.

૭. ભગવતી સતક પચીસમે પુર્વધર કષાય, કુસીલ તથા નીયંઠાથકી પડવાઈ થાય એ છદમસ્થપણાની ભુલ.

૮. વળી પુર્વધરને પણ ભાષા ચારના જોગ કહ્યા. તે અસત્ય ને મીશ્ર ભાષા બોલાયછે તે છદમસ્થપણાની ભુલ.

૯. પુર્વધર આહારક શરીર કરે સંકા ઉપજે થકે, તે ભગવતી સતક સોળમે ઉદેસે આહારક શરીરને અધીકરણ કહ્યો છે. તથા પન્નવણા પદ

છત્રીસમે આહારક સમુદઘાત કરતાં પાંચ ક્રીયા લાગે તે આહારકલબ્ધી ફોરવે તે છદમસ્થપણાની ભુલ.

૧૦. પુર્વધર આહારકશરીરી અનંતા નીગોદમાં પામીયે, અસંખ્યાતા નારકીમાં પામીએ. એ છદમસ્થપણાની ભુલ.

૧૧. દિસાચરે પુર્વધરે ગોસાળાને અંગીકાર કીવો શીષ્ય થઈને રહ્યા એ છદમસ્થપણાની ભુલ.

૧૨. વળી દસવિકાલીક આઠમે અધ્યયને ગાથા ૫૦મી માં કહ્યું જે.

# आयारं पन्नंत्ति धरं ॥ दिठिवाय महिजग्गं ॥ वइ विखलियं नच्चा ॥ नं तं उवहसे मुणी ॥

**અર્થ.**—આ. આચારંગના ભણનાર. ૫. વિવાહ પન્નંતિ. ધ. ધરણહાર. દી. દષ્ટિવાદના. આ. ભણનાર સાધુ. વ. વચને કરી. વી. ખલાણાને. ન. જાણીને. તં. તે સાધુને. ન. ઉ. હશે નહીં. મુ. સાધુ.

આચારંગ ભગવતીનો જાણ, દ્રષ્ટી વાદનો જાણ, વચન બોલતાં ભુલે તો તેહનો હાસ્ય ન કરવો. એટલે ભુલપણે તો છે એ છદમસ્થપણાની ભુલ. એ સાખ શુત્રથકી તે માટે પુર્વધરનો વચન, ગ્રંથ, સર્વજ્ઞ સમીપે ગણધરના કહ્યા સરખો ન મનાય. અને પુર્વધરને કહ્યો अजाणा जीण-संकासा जीणाइवअहीत वागरेमाणा એહવા કહ્યા તે સત્ય, પણ જે જાણ્યા પદાર્થ છે કેવલી ભાખીત અને પુરા ધાર્યા છે ઉપયોગ સહીત બોલતાં જીન સરખાજ કહીયે. વળી હીંસ્યાધરમીને કહીએ જે. ભગવંત નિર્વાણ પછી એકહજાર વરશ લગે પુરવનો જ્ઞાન રહ્યો, પછી વીછેદ ગયો, સીલંગાચાર્ય, અભયદેવસુરી, મલ્યાગીરીસુરી, હરીભદ્રસુરી, એઓ ટીકાના કરણહાર ક્યા પુર્વધારી હતા? એટલાને પુર્વનો જ્ઞાન તો ન હતો અને તેહના જોડયા વૃત્તિ પ્રમુખ અનેક ગ્રંથ છે તે સીદ્ધાંત બરોબર કીમ હોવે? ટીકા તો સુત્રના શબ્દનો અર્થ છે, પણ કીહાંઈ મુલ સુત્રનો શબ્દ ન હોવે. તીહાં આલજુલ મતકલ્પનાનો ઘાલ્યો હોવે તે સંકાનો ઠામ જાણવો જીમ ચઉદમે સતકે સાતમે ઉદેસે ભગવતે ગૌતમને કહ્યો, જે તાહરે માહરે ઘણા કાળની પ્રીતી છે. ઇહાંથી ચવ્યા બેહુ તુલ્ય થાસું એવો અર્થ ટીકામાં પણ એહજ છે, પણ અષ્ટાપદ જાઓ, ભરથના કરા-

આ બાંબ વાંદો, એટલું ટીકામાં ઘાલ્યું તે ક્યા મુલસુત્રના શબ્દ ઉપરે? તીમ ટીકામાં અનેરા ગ્રંથમાં જેટલા અર્થ સીદ્ધાંતથકી મીલતા હોવે તે પ્રમાણ પણ ટીકા તથા અનેરા ગ્રંથ માનતાં સુત્રનો અર્થ વિઘટે તે ગ્રંથ અપ્રમાણ થાય. સીદ્ધાતના શબ્દ વીના ટીકામાં જે અર્થ ફેલાવ્યો તેહનો ધણી કોણ? વળી ટીકા તે અર્થાગમ છે ઇમ કહે છે, તે વાત ખરી છે, પણ મુળ શબ્દ હોવે તેહની તો ટીકા ખરી, પણ સીદ્ધાંતમાં મુળગો શબ્દ નહીં તે ટીકામાં અર્થ કીહાંથી આવ્યો?

વળી મુળસુત્ર તો ભગવંતના વારાના ગણધરના કર્યાં છે તે પછે કાળપ્રભાવે ઘટ્યાં છે, પણ જે રહ્યાં તે તો શુદ્ધ છે. પણ આગલી વારાની ટીકા કોઇ કેમ રહી નથી, ને આચાર્યને નવી જોડવી પડી તે માટે આગે વૃતિ, ચુર્ણ પુર્વે હતી કે ન હતી, સર્વ નવીજ થઇ છે?

આચારંગની, સુગડાંગની વૃત્તિ, સીલાંગાચાર્યે કીધી, સેષ નવ અંગની વૃત્તિ અભયદેવસુરે કીધી. નંદી, અનુજોગદ્વારની વૃત્તિ મલયાગીરી આચાર્યે કીધી, દસવિકાલીકની ટીકા હરીભદ્રસુરે કીધી, આવસ્યકની વૃતિ ભદ્રબાહુયે કીધી તો પુર્વકાળની ટીકા એકણી તુમારે સાખ ભરવા કીમ ન રહી?

હવે સીદ્ધાંત ગણધરકૃતથકી વૃત્યાદી પ્રકરણમાં કેટલાક પાઠ, અર્થ વિરૂદ્ધ પડેછે. તે માનતાં સુત્રની અસાતના થાયછે, તે કેટલાક બોલ નીચે લખેછે.

૧. ઠાણાંગસુત્ર મધ્યે સનતકુમાર ચક્રી અંતક્રીયા કરી મુક્તિ ગયા કહ્યા. અને આવસ્યકનીર્યુક્તિ મધ્યે ત્રીજે દેવલોકે ગયા કહેછે, ઠાણાંગની ટીકા મધ્યે પણ ત્રીજે દેવલોકે ગયા કહેછે એ સુત્રવીરૂદ્ધ.

૨. ઉવવાઇ, ભગવતી, પન્નવણામાં કહ્યું પાંચસેં ધનુષ્યની અવગાહણાથી ઉપર હોવે તે ન સીઝે. તેને જુગલીયો કહ્યો, સતક ચોવીસમે. અને આવસ્યકનિર્યુક્તિમાં મરૂદેવા સવા પાંચસેં ધનુષ્યનાં સીદ્ધ થયાં કહેછે એ વીરૂદ્ધ.

૩. સમવાયંગસુત્રમધ્યે રૂષભદેવ, ભરથ, બાહુબળ, બ્રાહ્મીસુંદરી, એ પાંચનો સરખો આઉખો ચોરાસી લાખ પુરવનો સુત્રપાઠે કહ્યો. અને આવસકનિર્યુક્તિમધ્યે કહેછે. રૂષભદેવ પોતે નવાણું પુત્ર ભરથ વીના અને ભરથના આઠ પુત્ર એવં એકસો આઠ ઉત્કૃષ્ટી અવગાહનાના ધણી એક સમયે સીદ્ધા તે ગાથા અવસકનિર્યુક્તિની નીચે મુજબ,

**उसभो सवस्स सुया। भरहेण विवजियानव**

**नउ। ग्नरहस्स वसुया सिद्धा। एगंमिसमयंसे**

હવે રૂખવદેવ ને બાહુબળ સરખા આઉખાના સાથે કેમ સીદ્ધા એ વિરૂદ્ધ,

૪. મલ્લીનાથસ્વામીને ચારીત્ર અને કેવળકલ્યાણ ગ્નાતા સુત્ર આઠમે અધ્યયને પોશ શુદ અગીયારસને દીન કહ્યો. અને આવસ્યકનિર્યુક્તિમધ્યે માગશર શુદ અગીઆરશ દીને કહે એ સુત્રવિરૂદ્ધ.

૫. આવસ્યકનિર્યુક્તિમાં કહ્યું સાધુ પંચકમાંહી કાળ કરે તો પાંચ પુતળાં ડાભના કરી ભેળાં બાળવાં. અને આજ ગ્રહસ્થ ભલા હોવે તે પણ ડાભના નથી કરતા નથી બાળતાં. વૃતિકલ્પસુત્રમાં તો એમ કહ્યું જે, સાધુ કાળ કરે ત્યારે વાંસની ઝોળી કરી સાધુ વનમાં પરઠીઆવે;

**दुन्निपदाविढषते॥ दन्नमया पूतला कायव्वा। समखितंमत्र्प्रइको॥ त्र्प्रवढ त्र्प्रभिन्न कायव्वो॥**

એ આવસ્યકનિર્યુક્તિ પારીઠાવણીયા સમીતની કહ્યું પુતળાં કરવાં. એ સુત્ર વિરૂદ્ધ. એ વચન પુર્વધરનાં ન હોય.

૬. ભગવતીમાં કહ્યું એક પુરૂષને ઉત્કૃષ્ટા પુત્ર હોવે તો પૃથક લાખ હોવે, પણ અધિકા ન હોવે. પ્રકરણમાં ભરથને સવા ક્રોડ પુત્ર કહ્યા. એ વીરૂદ્ધ.

૭. ગોસાળો ભગવંતનો અપરાધી બે સાધુનો મારણહારો પણ ભગવંતે માર્યો તો નહીં પણ મરવાની આગ્ના પણ ન કીધી. અને પુલાકનીયંઠાની ટીકા તથા સંધાચારની ટીકા મધ્યે કહ્યું જે,

**संघाइयाणकज्जे ॥ चुनीजा चक्कवट्टी सेनं ॥ पीकुविउमुणीमहप्पा॥ पुतायलद्धीसंपन्नो॥**

ચક્રાવર્તિની સેન્યાચુરવી, વિશ્નુકુમારનીપરે ધર્મઅપરાધીને મારવો. તે વિરૂદ્ધ.

૮. સુત્ર મધ્યે નારકી દેવતાને અસંઘણી કહ્યા છે, અને પ્રકરણમાં સંઘેણ માનેછે એ સુત્ર વિરૂદ્ધ.

૯. પન્નવણા તથા ભગવતીમાં પાંચ થાવરને એક મીથ્યત્વ ગુણઠાણો કહ્યો. અને કર્મગ્રંથ પ્રકરણે પેહેલો બીજો એ બે ગુણઠાણા માનેછે તે વિરૂદ્ધ.

૧૦. દસવિકાલીક આઠમે અધ્યયને અઠાવીસમી ગાથામાં કહ્યું જે,

अथं गयंमि आइचे । पुरथाय अणुगए ॥
आहारमइयं सव्वं । मणसाविनपथए २८

અર્થ.—અ. આથમેછતે. આ. આદિત્ય (સુર્ય) પુ. પુર્વ દીસ સુર્ય આણુઉગેછતે (રાત્રીએ). આ. આહારાદીકમાત્ર. સ. સર્વ. મ. મનેકરીપણ. ન. પ્રાર્થે નહીં. (એટલે રાત્રે કાંયે નહીં લીએ. નહીં રાખે. ૨૮.

કહ્યું અને વૃત્તિકલ્પની વૃત્તિમા, ચુર્ણમાં સાધુને રાત્રીભોજન કહ્યું તે પાઠ.

इंदाणी कप्पीया नणई आणायोगे दार गाहा आणाजोगेणं वाराइजत्तं जुंजे जागीलाण कारणेण वा अद्दापडी सेवणवा दुल्लज दव्वंटं तावा १ उत्तम मठ पडीवन्नो राइजत्तं जुंजेजा पउसकालेमी गछाणुं कंपीया एवा राइजत्तंणुणा सुतथ विसारएवा राइजत्ताणुं नाएसंखेवथो इदानी एकेक स्पद्दारेस्प विस्तारेण व्याख्या क्रीयते.

એ રાત્રીભોજન કરવો કહ્યો. તે મુત્ર વિરૂદ્ધ.

૧૧. તથા વૃતિકલ્પની ચુર્ણમધ્યે સાધુને કુસીલ શેવવા કહ્યા. એમ માહાનીસીથમધ્યે પણ કુશીલ શેવવા કહયા. અને ઠાણાંગ બીજે ઠાણે સીલ રાખવા માટે આપઘાત કરી મરવો કહ્યો તે પાઠ.

दोठाणाइं अपडी कुठाइं पनंते तंजहा वेहानसे गिद्दपठे.

અર્થ.—દો. બે મરણ આગલ કહીશ તે કારણ સીલાદીક રાખવાને નીમાતે નીષેધ્યા નથી. તં. તે કહે છે. વે. આકાશને વીષે ઉપનું તે વે-

હાર્યાસ તે ગલેપાસ લઇને મરે. ગી. ગંધ ફસવું છે જે મરણને વીષે તે ગ્રંધ સ્પટ અથવા ગ્રથને જે ભક્ષવા જોગ્ય જે સ્પષ્ટ ઉદરાદીક અથ્વા હાથી ઊંગ્રાદીકના તે માંહી પેસીને જે મહાસત્વના ધણી મરે તે ગંધ સ્પટ મરણે. તે માટે કુસીલ સેવવા કહ્યા તે સુત્ર વીરૂદ્ધ.

૧૨. ભગવતી મધ્યે છઠે અધ્યયને છઠો આરો બેસતાં વૈતાઢ્ય વરજી સર્વે પર્વત વીછેદ જાસ્યે કહ્યું પ્રકરણે કહ્યો સેત્રજો સાસ્વતો એ સુત્ર વીરૂદ્ધ.

૧૩. ભગવતી અધ્યયન આઠમે ઉદેશે નવમે કૃતમ વસ્તુની સ્થીતી સંખ્યાતા કાલની કહી. પ્રકરણે કહ્યા સંખેશ્વરા પારસનાથની પ્રતીમા આઠમા ચંદપ્રભવ જીનના વારાની છે એમ કહે છે તે શુત્ર વીરૂદ્ધ.

૧૪. ગ્નાતા અધ્યયન શોળમે પાચ પાંડવે સેત્રંજા ઉપર સંથારા કીધા. પ્રકરણમાં કહે વીસ ક્રોડ સાધુ સાથે સીદ્ધા એ સુત્ર વીરૂદ્ધ.

૧૫. ભગવતી મધ્યે ભગવંતને સાસને સાતસેં કેવળી સીદ્ધ કહ્યા. પ્રકરણે પંદરશે તાપસ કેવલી વધાર્યા એ શુત્ર વીરૂદ્ધ.

૧૬. ઠાણાંગ ચોથે ઠાણે માનુખોત્તર પર્વતે ચાર કુટ કહ્યા, ઇંદ્રના આવાસ તીહાં ચાર સીદ્ધાયતન માને છે એ સુત્ર વીરૂદ્ધ.

૧૭. સુત્રમાં સાધુ, સાધવીને મુલ્યે આણ્યો આહારાદીક ન કલ્પે કહ્યો. પ્રકરણમાં સાત ખેત્રમાં સાધુ, સાધવી ગણી એહને કાજે ધન કઢાવે તે વીરૂદ્ધ.

૧૮. શુત્ર માં રૂચકદ્રિપ પંદરમો કહ્યો પ્રકરણે તેરમો કહે છે તે વિરૂદ્ધ.

૧૯. શુત્રમધ્યે છપનઅંતરદ્રિપ જળથકી અંતરીક કહ્યા. પ્રકરણમાં ચાર ડાઢા ઉપર કહેછે. સુત્રમાં ડાઢાનો નામ પણ નથી. એ સુત્ર વિરૂદ્ધ.

૨૦. પન્નવણા પદ અઢારમે છદમસ્થ આહારકની બે સમયમી સ્થીતી કહી. પ્રકરણે ત્રણ સમા અણહારીક માને. સતક સાતમે ઉદેસે પેહેલે ચાર સમાની વીગ્રહગતી કહી, પ્રકરણે પાંચ સમા વિગ્રહ ઉત્કૃષ્ટી કહે. તે વિરૂદ્ધ.

૨૧. સમવાયંગમાં આચારંગનો માહાપરીન્ના અધ્યયન નવમો કહ્યો છે. પ્રકરણે સાતમો કહે એ સુત્રવિરૂદ્ધ.

૨૨. સમવાયંગે ચોપનમે સમવાયે ચોપન ઉત્તમ પુરૂષ કહ્યા. પ્રકરણે ત્રેસઠ માનેછે એ સુત્રવિરૂદ્ધ.

૨૩. પન્નવણામા સમુર્છિમ મનુષ્યને સર્વે પર્યાનો અપર્યાપ્તો કહ્યો. ને પ્રકરણમાં ત્રણ, સાઢીત્રણ પર્યા માને તે સુત્રવિરૂદ્ધ.

૨૪. ભગવતી સતક આઠમે ઉદેસે દસમે **सवं सवेण बंधइ** કહ્યું.

જીવ પ્રદેસે એકેકો કર્મ પ્રદેસ અનંતા અવિભાગ પલીચ્છેદથકી આવે-ષ્ટીત કહ્યો. સર્વ પ્રદેસે કર્મપ્રદેસ અનંતા છે. પ્રકરણે આઠ રૂચક પ્રદેસ ઉદેશ ઉઘાડા માને. એ સુત્ર વિરૂદ્ધ.

૨૫. ઉત્રાધ્યયન ૨૮મે છાંયા, તાપ, સબ્દ, અંધકાર, ઉદ્યોતના વીસસા પુદગળ લીધા ન આવે કહ્યો. પ્રકરણે ગૌતમે સુર્યકીરણ પકડી કહે. તે વિરૂદ્ધ.

૨૬. સુત્ર ઠાણાંગે અસીઝાય બત્રીસ કહી છે, પ્રકરણે આયોજને ચૈત્ર માસે નવ નવ દીન ઓળીના અસીજાઈ કહે. એ સુત્રવિરૂદ્ધ.

૨૭. અનુજોગદ્વારે ઉછેદાંઆંગુલથકાં પ્રમાણ અંગુલ હજારગુણો કહ્યો. એ લેખે ચાર હજાર ગાઉનો પ્રમાણું જોજન છે, પ્રકરણે સોળશેં ગાઉનો માને એ સુત્ર વીરૂદ્ધ.

૨૮. ભગવતી સતક સોળમે ઉદેશે છઠે, ઠાણાંગ દસમે ઠાણે, શ્રી માહાવીરના દસ સ્વપ્ના છદમસ્થપણાની છેલી રાત્રે દીઠા કહ્યાં. આવસ્યકે પ્રથમ ચોમાશે દીઠાં. કહે તેનાં ફળ વળી ઉત્પલ બ્રાહ્મણે કહ્યાં કહેછે, તે વિરૂદ્ધ.

૨૯. સંજમ આદરતાં સમયમાત્રનો પ્રમાદ ન કરવો. ઉતરાધ્યયન દસમે કહ્યું. અને ગણીવીજય પઈનામાં કહ્યું શ્રવણ, ધનીષ્ટા, પુનર્વસુ એ ત્રણ નક્ષેત્રમાં દીક્ષા ન લેવી કહેછે. તે ગાથા,

श्रवणे घणीठा पुनर्वसु नकारिजानिखमणं એ સુત્ર વિરૂદ્ધ.

૩૦, વળી ચાર નક્ષેત્રે લોચ વરજવો કહે છે એ સુત્રવિરૂદ્ધ.

कतियाही विसाहाहि मघाहि भरणीइ वा-
एएहिं चउरखेहिं लोकमाइ वजए.

३१ धणीठाहिं सयभिषासाइं ॥ सवणोय
पुणवसु॥ एएसुगुरु सुसुषा चेइयाणंच पूयणं

એ પાંચ નક્ષેત્રે ગુરૂની પુજા કરવી સેષ નક્ષેત્રમાં નહીં. જે લોકોત્તર-પક્ષે અને ધરમપક્ષે એ બે પજા છે તો પાંચ નક્ષેત્રનું શું કારણ? સ-દાએ કરવીજ. સીદ્ધાંત મધ્યે તો ગુરૂ, દેવની સેવા નીત્ય કરવી કહી છે. એ પાંચ નક્ષેત્ર કહ્યાં તે સુત્ર વિરૂદ્ધ.

૩૨. સુત્રમાં પાંચમે આરે છ સંઘેણ, છ સંઠાણ જંબુદ્વીપપન્નતીમાં કહ્યાં છે. અને તંદુલવેયાળીયાપઈનામાં પાઠ છે. એ સુત્રવિરૂદ્ધ.

आसीय आउसोपुव्विं मणुयाण छविहे संघयणे तंजहा वजरीसह संघयणे जाव सेवठ संघयणे संपइ खलु आउ सोमणुयाणं छेवठ संघयणे वठइ.

३३ आसीय मणुयाणं छविहे संगणे तंजहा समचरंसे जाव हुंडे संपइषलु आउसोमणु याणं हुंड संठाणे वठइं.

૩૪. ભગવતી સતક આઠમે ઉદેસે દશમે આરાધના અધીકારે આરાધકને ઉત્કૃષ્ટા પંદર ભવ કહ્યા. અને ચંદાવીજય પઈનામાં ત્રણ ભવહીજ કહ્યા. એ સુત્રવિરૂદ્ધ. એ ચંદાવીજય પઈનાની ગાથા.

आराहणो चउतासम्मं।काउणसुविहोकालं उकोसं तिन्निभवे ॥ गंतुणलाभि जिनिवाण।

૩૫. સુત્રમાં જીવને ચક્રવર્તિપણો ઉત્કૃષ્ટો બે વાર પામતો કહ્યો. અને માહાપચ્ચખ્ખાણ પઈનાની ચોસઠમી ગાથામાં અનંતવાર ઇંદ્ર, ચક્રાવર્તિ થયો ઇમ કહ્યો. એ સુત્રવિરૂદ્ધ. માહાપચ્ચખ્ખાણ પઈનાની ગાથા નીચે મુજબ.

इदंत्तंच क्कवट्टीतं तणाइ ॥ उत्तमाइ भोगाइं पन्नो अणंतखुत्तो ॥ नहुतितिउ तेवी ॥ १ ॥

૩૬. ભગવતી સતક ઉદેસે કહ્યું જે.

केवलीणं भंत्त हसेजवा उसुयाएजवा नोतिणठे समठे. કેવળીને હસવો, રમવો. ઊંઘવો, નાચવો, મોહણીજનીતકર્મ નહીં ઇમ કહ્યો ને પ્રકરણમધ્યે કહે કપીલકેવલીયે ભીલ (ચોર) આગલે નાટક કીધો કહે એ સુત્ર વીરૂદ્ધ.

૩૭. દસવિકાલીક પાંચમે અધ્યયને સાધુને વેસ્યાને પાડે જાવો ની-ષેધ્યો. ને પ્રકરણે કહે થુલીભદ્રે વેસ્યાને ઘરે ચોમાસો કીધો. તે સુત્રવિરૂદ્ધ.

૩૮. ભગવંત ગર્ભથી સાહરતાં આચારંગે કહ્યું જે साहरीजमाणे जाणइ અને કલ્પસુત્રમાં કહ્યું જે साहरीजमाणे नो जाणइ. એ વિરૂદ્ધ.

૩૯. ઘણે સુત્રે કહ્યો છે જે મંસઆહાર તે નારકીનો કારણ તથા સાધના બીરદ કહ્યાં. ઉવવાઇ, પ્રસ્નવ્યાકરણે ત્યાં अमज मंसासीए કહ્યા. અને ભગવતીની ટીકામાં કુર્કટ મંસ શબ્દે કુર્કટનો મંસ, મંજાર મંસ જેવો શ્રુયમાંણહીજ અર્થ સદહે ભગવંતે મંસ આહાર કર્યો કહે એ સુત્રવિરૂદ્ધ.

૪૦. આચારંગે मंसखलं वा मछखलंवा તીહાં મંસ અર્થ કરે તે વિરૂદ્ધ

૪૧. સુત્રમાં જીમ મંસ નિષેદ છે તીમ મદીરા પણ નીષેધ છે, અને ગ્નાતા પાંચમે સેલંગરાજ રૂષીયે મદ્યપાન કીધો એમ અર્થ કહે તે સુત્ર વિરૂદ્ધ.

૪૨. સુત્રમધ્યે મનુષ્યનો જનમ એકવારે એક જોનીથી હોવે તો પ્રથક જણનો હોવે કહ્યો અને પ્રકરણ મધ્યે સગરચક્રીને સાઠ હજાર બેટા એકેવારે જન્મા કહે છે. એ સુત્રવિરૂદ્ધ.

૪૩. સુત્રે કહ્યો સાસ્વતી પૃથવીનો દળ ઉતરે નહીં, અને પ્રકરણે કહે દળ સગર પુત્રે તોડયો ભવનપતિના ઘરમાં ગંગાનો પ્રવાહ ચાલ્યો તે વિરૂદ્ધ.

૪૪. સુત્રમધ્યે આચાર્ય, ઉપાધ્યાય, તીર્થંકરની તેત્રીશ અસાતના ટા-લવી કહી. અને પ્રકરણમાં પ્રતિમાની ચોરાસી અસાતના કહે એ વિરૂદ્ધ.

૪૫. ઉપવાસમાં પાણી વીના બીજો દ્રવ્ય ખાવા નીષેધ્યો છે. અને પ્રક રણે તમાકુ, હરડે, બેહેડા, આંબલીયા, દાડમના છોડા અણાહાર કહે તે વિરૂદ્ધ.

૪૬. સીદ્ધાંતમાં ભગવંતને सहसबुधाणं કહ્યા અને કલ્પસુત્રમધ્યે નિશાળે ભણવા મુક્યા કહે એ સુત્રવિરૂદ્ધ.

૪૭. સુત્રમાં હાડની અસઝાઇ કહી છે અને પ્રકરણમાં હાડકાના થા-પનાચાર્ય થાપે છે એ શુત્રવિરૂદ્ધ.

૪૮. સુત્રપન્નવણામાં બીજે પદે આઠસેજોજનની પોલાણમાં વાણવ્યંતર રહે છે ઇમ કહ્યો. અને પ્રકરણે એંસીજોજનની પોલ બીજી કહે તે વિરૂદ્ધ.

૪૯. જીનમારગી જીવ નરક જાવાને નામે પણ ભય પામેછે. અને પ્રકરણે કહે કે કોણીક રાજા સાતમીયે જાવા માટે કારમા રતન કર્યા તો કોણીકરાજા સમદીષ્ટી જીનવચનનો જાણ ને તેરમો ચક્રી કીમ થાશે? થા-વાની હુંસ કીમ કરે? એ સુત્ર વિરૂદ્ધ.

૫૦. કુર્માપુત્ર કેવલ પામ્યા કેડે છ માસ ઘરમાં રહ્યા કહે છે તે વિરૂદ્ધ.

૫૧. સુત્રમધ્યે સર્વ દાનમાં સાધુનો દાંન ઉતકૃષ્ટો લાભ કહ્યો. અને પ્રકરણમાં વિજયશેઠ, શેઠાણીને જમાડયે ચોરાસી હજાર સાધુને દાન દેવે તેહનો ફળ કહે એ સુત્રવિરૂદ્ધ.

૫૨. ભરથેશરે રૂષ્પભદેવનો ને નવાણું ભાઇના ૧૦૦ થુભ કરાવ્યા પ્રકરણમાં કહે છે એ સુત્રવિરૂદ્ધ.

૫૩. પાંડવે શેત્રંજા ઉપર સંથારા કીધા છે. અને પ્રકરણમાં કહે છે જે, શેત્રંજા ઉપર પંડવે ઉધાર કરાવ્ય.છે સુત્રમાં તો ઉધાર કરવ્યાં નથી કહ્યા ને દેહરા પ્રતિમા વાંધા પણ નથી કહ્યા જે પુદગલ ઉધાર કીધા કહે તં વિરૂદ્ધ.

૫૪. પાંચમ મુકી ચોથની સ્વંછરી કહે છે તે સુત્રવિરૂદ્ધ.

૫૫. સુત્રમાં ૨૪ જીન વંદનીક મોક્ષદાયક કહ્યા છે. અને વીવેકવીલાસમાં કહે એકવીસ તીર્થંકરની પ્રતિમા ઘરમાં માંડવી ત્રણની ન માંડવી. મલ્લીનાથ, નેમનાથ ને માહાવીર એ ત્રણને પુત્ર ન થયા તે માટે એહ લોક હેતે પુજા ઠહરી એ શુત્રવિરૂદ્ધ.

એહવા ગ્રંથ પોતાની મતીથકી કલ્પીને કર્યા તે સુત્ર પ્રમાણે કેમ મનાય વળી પ્રકરણ, લોકીક, કુરાણ, પુરાણ જેટલા ગ્રંથ સીદ્ધાંતસાથે મીલે આર્ય વચન હોવે તે પ્રમાણ. અને જે વચન સુત્રથકી વિઘટે એ અપ્રમાણ.

૫૬. આચારંગ શુત્રપાઠમાં પચીસ ભાવના પાંચ માહાવૃતની કહી. ને ટીકામાં પાંચ ભાવના સમકીતની વધારી તેમાં ઠામ ઠામ તીર્થભૂમીકાયે જાત્રા જાવું ઘાલ્યું. એ ક્યા પાઠ ઉપરે? પાંચ ભાવના વધારી તે સુત્ર વિરૂદ્ધ.

૫૭. કર્મગ્રંથ પ્રકરણમાં એક મોહનીકર્મ આશ્રી નવમા ગુણઠાણાલગે ફેર છે તે કર્મગ્રંથનો મત કહેછે.

પહીલે ગુણઠાણે સમકીતવેદની, સમમીથ્યાતવેદની. એ બેનો ઉદય નહીં. એ સેષ ૨૬નો ઉદય. મીથ્યાતમોહણી સમમીથ્યાત્વમોહની બે અનુતાનબંધીની ચોકડી એ છ વરજી સેષ ૨૨નો ઉદય. પાંચમે ગુણઠાણે ચોથાનીપરે છ તેહીજ ને અપચખાણીનો ૪ એવં દશ વર્જી ૧૮નો ઉદય. છઠે ગુણઠાણે. એ દસ પ્રકૃતિ અને ચાર પચખાણાવરણી. એ ચઉદ વરજી સેષ ચઉદનો ઉદય. સાતમે ગુણઠાણે છઠાનીપરે ચઉદનો ઉદય. આઠમે ગુણઠાણે ધુરલી પંદર પ્રકૃતિ વરજી સેષ તેરનો ઉદય. નવમે ગુણઠાણે સં-

જલ ચાર, વેદ ત્રણ એ સાત પ્રકૃતીનો ઉદય સેષ એકવીસનો ઉદય નહીં. ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪ મે ગુણઠાણે સુત્રવત છે.

હવે સીદ્ધાંતમાં પહેલે ગુણઠાણે એનો ઉદય કહ્યો. એ વિરૂદ્ધ. બીજે ત્રણ મોહની દર્શનનીનો ઉદય કહ્યો. એ વીરૂદ્ધ. ત્રીજે એનો ઉદય કહ્યો. એ વિરૂદ્ધ. ૩, ૪, ૫, ૬, ૭, ૮ ગુણઠાણે સમકીતવેદનીનો ઉદય કહ્યો. એ વિરૂદ્ધ. નવમે ગુણઠાણે ચાર સંજલના ત્રણ વેદ એ સાતનો ઉદય કહ્યો. એ વિરૂદ્ધ માટે સીદ્ધાંતમાં કહ્યું તેહીજ સત્ય જાણવું.

તથા ચુરણમાં કેટલાએક બોલ વિરૂદ્ધ છે. તે કહેછે.

૫૮. કણેરની કાંબ ફેરવી, મંત્રથકી સત્રુનામના માથાં પાડવાં. એ આચારંગની ચુરણમાં.

૫૯. તથા નસીથચુરણમાં હાથેવાહાલી (હથેલી) ખાણવી.

૬૦. મૈથુન સેવવાં. ૬૧. રાત્રીયે આહાર લેવો. ૬૨. અનંતકાયનો દાંડો લેવો. ૬૩. મંત્ર ભણવા. ૬૪. કેળાં આદી ફળ ખાવાં. ૬૫. કાચું પાણી પીવું. ૬૬. અદત્ત લેવું. ૬૭. ખાસડાં પેહેરવાં. ૬૮. પાન ખાવાં. ૬૯. લોહારની ધમણ ધમવી. ૭૦. ફુલ સુંઘવાં. ૭૧. સ્નાન કરવાં. ૭૨. અનંતકાયને ઝાડે ચડવાં. ૭૩. આધાકરમી આહાર લેવો. ૭૪. ઘૃતાદીક વાસી રાખવું. ૭૫. ઘાત પાડવી. ૭૬. નિધાન ઉઘાડવાં. ૭૭. અન્યલીંગીનો વેશ કરવો. ૭૮. થંભણીવિદ્યા પ્રજુંજવી. ૭૯. મૃષાવાદ બોલવું. એ બાવીશ ચુરણના. તે સુત્ર વિરૂદ્ધ છે.

૮૦. હવે ભાષ્યમાં આવસ્યકની ભાષા અઢાવીશહજારીમાં માહાવીરના ૨૭ ભવ કહ્યા. તેમાં કહ્યું જે મનુષ્ય મરી ચક્રવર્તિ થયો. એ સુત્ર વિરૂદ્ધ.

૮૧. ભાષ્યમાં અરીષ્ટનેમીને ગણધર અગીયાર કહ્યા. ને સીદ્ધાંતમાં અઢાર કહ્યા. એ સુત્ર વિરૂદ્ધ.

૮૨. પાર્શ્વનાથને સુત્રે ગણધર ૨૮ છે. ને નિર્યુક્તિયે ૧૦ છે. તે વિરૂદ્ધ.

૮૩. સાધુ ગ્રહસ્થપણામાં રહ્યા તીર્થંકરને વાંદે કહે. તે સુત્ર વિરૂદ્ધ.

૮૪. સંથાર પઇનાની ગાથા સાઢમી નીચે લખીછે.

**ગ્નાલુકીએ કરુણ ષજંતો॥ ઘોરવેયણતોવી॥**
**ગ્નારાહણા પવન્નો ઝાણેણ। ગ્નવંતી સુક્કુમાલો।**

૮૫. ચંદાવીજય પઇનાની ગાથા સાઢમી નીચે લખી છે.

उजेणीनयरीए अवंतिनामेण ॥ विस्सुउ आसी
पाउवग पवन्नो ॥ सुसाण मझिम एगंतो ॥

એવંતી સુકમાલના અધીકાર માટે એ પઈના ચોથા આરાના જોડ્યા કે પાંચમા આરાના જોડયા ?

એવાં એવાં પ્રકરણે અનેક વિરૂદ્ધ છે. તે જાણવામાટે થોડા લખ્યાં છે.

---

## २६. सुत्रमां श्रावक कह्या तेमां कोइये प्रतिमा पुजी न कही ते विषे.

સીદ્ધાંતમાં જે જે શ્રાવક શ્રાવીકાં થયાં તેનાં સર્વાળે નામ કહેછે.

૧ શ્રી આચારંગમાં–સીધારથ રાજા, ત્રીસલા રાણી. ૨. ૨ શ્રી સુયડાંગમાં–લેપ ગાથાપતી ૧. ૩ શ્રી ઠાણાગમાં–સુલસા ૧. ૪ શ્રી ભગવતીમાં–જયંતી, મૃગાવતી, સુદર્શનશેઠ, રૂખીભદ્રપુત્ર, ઉત્પલા, સંખ, પોખલી, ઉદાઈ રાજા, અભીચકુમાર, કાત્તિકસેઠ, મંડુક શ્રાવક, સોમીલ વીપ્ર, વરણનાગનતુઓ, ૧૩. ૫ શ્રી ગ્નાતામાં–પોટ્ટલા, સેલંગ રાજા, પંથક પ્રધાન પ્રમુખ પાંચસેં મંત્રીશર, સુદર્શન શેઠ, અરણ્યક શ્રાવક, કુંભ રાજા, પ્રભાવતી રાણી, જીતસત્રુ રાજા, સુબુધી પ્રધાન, નંદમણીયાર, તેતલી પ્રધાન, કનકધ્વજ રાજા, પુંડરીક રાજા, ૫૧૩. ૬ શ્રી ઉપાસગદસામાં–આણંદ, કામદેવ, ચુલણીપીતા, સુરાદેવ, ચુલસત્તક, કુંડકુલીઓ, સકડાલ પુત્તે, માહાસત્તક, નંદણીપીયા, તેતલીપીયા, સીવાનંદા, અગ્નીમીત્રા, ૧૨. ૭ અંતગડમાં–સુદર્સન, ૧. ૮. શ્રી વિપાકમાં–બાહુકુમાર, ભદ્રનંદીકુમાર, સુજાતકુમાર, સુવાસકુમાર, જીણદાસકુમાર, વેસમણકુમાર, માહાબળકુમાર, ભદ્રનંદીકુમાર, માહાચંદ્રકુમાર, વરદત્તકુમાર, ૧૦. ૯. શ્રી ઉવવાઇમાં–અંબડ શ્રાવક ને તેના સાતસેં શીષ્ય, ૭૦૧. ૧૦ શ્રી રાયપ્રસેણીમાં–રાયપ્રદેશી, ચીતસારથી, ૨. ૧૧. શ્રી જંબુદ્વીપપન્નતીમાં–શ્રેયાંસકુમાર, ભદ્રા, ૨. ૧૨. શ્રી નીરાવલીયામાં–સુભદ્રા, સોમીલ બ્રાહ્મણ, નિષેધ કુમાર, અનીવીહ કુમાર, વેહ કુમાર, પ્રક્તિકુમાર, યુક્તિકુમાર, દસરથકુમાર, દ્રઢરથકુમાર, માહાધનુષકુમાર, સતધનુષકુમાર, ૧૧. ૧૩. શ્રી ઉત્રાધ્યયનમાં–પાલક, ૧. ૧૨૭૦.

તથા રાજગ્રહી નગરી, ચંપા, દ્વારકાં, આલંભીયા, સાવથિ, વાણીગ્રામ, હથીણાપુર, પોલાશપુર, તુંગીયા, વનીતા એ આદી ઘણી નગરીમાં ઘણાં શ્રાવક શ્રાવિકાના વાસ છે. તીહાં દેહેરાં પ્રતિમા કહ્યાં નથી.

વળી ભરથેશર, બાહુબળ, શ્રેયાંસકુમાર, કૃષ્ણ વાસુદેવ, શ્રેણીક રાજા, કોણીક રાજા, બ્રહ્મદત્ત ચક્રી, પાંચ પાંડવ એ આદી રાજાનારાજા જીન-માર્ગના પ્રભાવીક થયા તીર્થંકરના ગાઢા ભક્તિવંત થયા. ધરમને સહાયના દાતાર થયા. કોઇયે સાધુને દાન દીધાં, કોઇયે સંજમ લીધા, કોઇયે અ-ગીયાર પડીમા આદરી, કોઇયે સામાયક પોસાહ કીધા, પ્રસ્ન પુછ્યાં, એ અધીકાર સુત્રમાં કહ્યા છે; પણ ધન ખરચી દેહેરાં, પ્રતિમા કરાવ્યાં, પુજ્યા, સંઘ કાઢ્યા તે અધીકાર સીદ્ધાંતમાં કહ્યા નથી. સુત્રમાં દેહેરાં, પ્રતિમા કરા-વ્યાની વિધી, પુજવાની વિધી પણ કહી નથી. પ્રતિમા પુજવી, દેહેરાં કરાવવાં, સંઘ કાઢવાના લાભ પણ સુત્રમાં કહ્યાં નથી. જો સુત્રમાં અં-કુરામાત્ર કહ્યું હોય તો પ્રકરણમાં ઘણો વીસ્તાર છે તે પણ પ્રમાણ થાય; પણ સુત્રમાં અંકુરામાત્ર, નામમાત્રહી નહીં તે કેમ પ્રમાણ થાય.

શ્રીભગવતી સતક ઉદેશે પાંચમે તુંગીયા અધીકારે તથા સુયગડાંગ સુત્રમાં મીશ્રપક્ષને અધીકારે તથા ઉવવાઇ સુત્રમાં શ્રાવકની નિત્યકરણીનો આળાવો.

अहिंगय जीवाजीवे उवलद्ध पुणपावा आसव संवर निजरा किरिया अहिगरण बंध मोख कुसला ॥१॥ असाहेजार देवा-सूर नाग सुवण जख रखस्स किंन्नर किं-पुरिस गुरुल गंधव महोरग्गा दिएहिं दे-वगणेहिं निग्गंथाउ पावयणाउ अणइक्कम-णिजाउ ॥३॥ निगंथे पावयणे निस्संकिया निकंखिया निवितिगिछा४ लद्धठा गहियठा पुछियठा अभिगयठा विणिछियठा५ अठामिं ज पेमाणुं रागरत्ता ६ अयमाउसो निग्गंथे पावयणे अठे अयंपरमठे सेसे अणठे ७ उ-

सिय फलीहा ८ एवं गुयंदुवारा ९ चियत तेउर परघरप्पवेसा १० बहुहिं सीलवय गुण वेरमण पचखाण पोसहोववासेहिं चाउद सठ मुदीठ पुणमासीणीसु पडीपुन्नं पोसहसम्मं अणुपालेमाणे ११ समणे निग्गंथे फासु एसणीजेणं असणं पाणं खाइमं साइमेणं वथ पडीग्ग कंबल पायपुछणेणं पाढीयारु पीढ फलग सेजा संथारएणं उसह भेसजेणं पडीलाभेमाणा आहापडीग्गहिएहिं तवोकम्मेहिं अप्पाणंभावेमाणा विहरंति ॥

અર્થ.—અ. જાણ્યા છે. જી. જીવ અજીવના. ઉ. લાધ્યા છે. પુ. પુન્ય પાપના ભેદ. આ. આશ્રવ સંવર. નિ નિર્જરા. કી. ક્રીયા. અ. અધીકરણ. બં. બંધ. મો. મોક્ષને વિષે. કુ. ડાહ્યા છે, એ જ્ઞાન ગુણ ૧. હવે દર્સનગુણ કહેછે. અ. કષ્ટ ઉપને દેવની સહાજને વિષે. દે. દેવ—જયોતષી, વિમાનીક, ભવનપતિ. ના. નાગકુમાર. સુ. સુવર્ણકુમાર. જ. જક્ષ. રા. રાક્ષસ. કીં. કીન્નર. કીં. કીંપુરૂષ. ગુ. ગરૂડ. ગં. ગંધર્વ. મ. મહોરગા. આ. આદી દહને. દે. દેવતાના સમુહ. નિ. નીગ્રંથના. પા. સીદ્ધાંતથકી. અ. અતિક્રમાવી (ચળાવી, ) ન શકે. નિ. નીગ્રંથના. પા. સીદ્ધાંતના નિ. સંકા રહીત છે. નિ. અન્યધર્મની વાંચ્છા રહીત છે. નિ. ધર્મના ફળ તે સંદેહરહીત છે. લ. લાધ્યા છે સુલના અર્થ જેને. ગ. ગ્રહ્યા છે. પુ. પુછ્યા છે અર્થ જેણે. અ. સન્મુખ થયા છે અર્થ જેને. વી. નિશ્ચે કર્યા છે. ય. અર્થ જેણે. અ. જીવ અજીવના પ્રદેશ. પે. ધર્મરૂપ રાગે રંગેકરી રંગાણા છે જેહને. અ. એહ ઓળખાવંત. નિ. નીગ્રંથનો ભાખ્યો. પા.

સીદ્ધાંત જીનમાર્ગ. અ. અર્થ (સાર) છે. અ. પરમ (ઉત્કૃષ્ટો) મોક્ષનો અર્થ છે. સેષ પુત્ર કલત્રાદી. અ. અનર્થ (અસાર) છે; એ દર્શનગુણ ૨. હવે ચારીત્રગુણ કહેછે—ઉ. ઊંચી. ફ. ફીજે ભોગળ. અ. ઉઘાડાં છે ઘરનાં બારણાં જેહનાં. ચી. પ્રતીત છે અંતેઉરને વિષે. પ. પારકા ઘરનેવીષે. ઘણા આચાર—સીયળવ્રત નીવરતવું, ત્યાગ, પોષહ, દેસાવગાસીક. ચા. ચઉદસ અ. આઠમ. ઉ. અમાવાસ્યા તથા કલ્યાણક તીથી. પુ. પુનમ ત્રણ. ચઉમાસા સંબંધીને વીષે પ્રતિપૂર્ણ આઠ પહર. પો. પોષા ભલીપરે અતીચાર રહિત. અ. પાળતાથકા. સ. શ્રમણ. નિ. નીગ્રંથને. ફા. અચીત દોષરહીત શુદ્ધ. અ. અન ૧, પા. પાણી ૨. ખા. સુખડી, મેવો ૩. સા. મુખવાસ ૪. વ. વસ્ત્ર ૫. પ. પાત્રાં ૬. કં. કાંબળીની જાત ૭. પા. રજોહરણે કરીને ૮. પા. પાઢીયારો (માગીલઇ પાછું દેવું) ૯. પી. બાજોઠ ૧૦. ફ. પાટીયાં ૧૧. સે. ઉપાશ્રય તથા પાટ ૧૨. સં. સંથારો (ડાભ તૃણાદીક) ૧૩. ઉ. ઓષધભેષધાદીક ૧૪. પ. પ્રતીલાભતા (વોહોરાવતા) થકાં. અ. યથાયોગ્ય (પોતાની શક્તિ પ્રમાણે) ત. તપસ્યા કરતાથકા. અ. આત્માને ભાવતાથકા જીનમતને વિષે વીચરે,

એ કરણીના કરણહાર નિત્યપ્રત્યે એહવી કરણી કરેછે તે શ્રાવક કહીયે. પણ દેહેરાં કરાવ્યાં નથી, પ્રતિમા પુજી નથી, તેમ સંઘ પણ કાઢ્યા નથી.

## ૨૭ सावद्य धरमकरणीमां जीन आज्ञा नथी ते विषे.

વળી સાવદ્ય કરતવ્ય સહીત ધરમકરણી હોવે તેમધ્યે ભગવંતની આજ્ઞા નથી, કરણહારની ઇચ્છા જાણવી તે કરતવ્ય.

૧. સુબુધી પ્રધાને જીતસત્રુ રાજાને બુઝવવામાટે પાણી સમાર્યો તે આપણી ઇચ્છા.
૨. શ્રી મલ્લીનાથ સ્વામીયે મોહનઘર કરાવ્યો તે આપણી ઇચ્છા.
૩. આણંદ શ્રાવકે ન્યાત જમાડી તે આપણી ઇચ્છા.
૪. કોણીક રાજાયે નગર સીણગાર્યો તે આપણી ઇચ્છા.
૫. ધર્મગોષ આચાર્યે નાગેસરીને હેળી તે આપણી ઇચ્છા.
૬. પ્રદેશીરાજાયે દાનશાળા મંડાવી તે આપણી ઇચ્છા.
૭. ચીતસારથીયે ઘોડાનો મીસ કર્યો પ્રદેશીને આણ્યો તે આપણી ઇ.

૮. સુરીયાભ દેવતાયે નાટીક કર્યો તે આપણી ઇચ્છા.
૯. અભયકુમાર, ભરથેશર, પદમોત્તર રાજાયે અઠમ કર્યા તે આ૦ ઇ૦
૧૦. દ્રુપદીયે પ્રતિમા પુજી તે આપણી ઇચ્છા.
૧૧. શ્રેણીકરાજાયે સેવકસાથે સાધુને થાનકની આજ્ઞા દેવરાવી તે આ૦
૧૨. કોણીકરાજાએ નીત્ય વધાઇ દીધી તે આપણી ઇચ્છા.
૧૩. દીક્ષા મોહોચ્છવ ઠામ ઠામ કીધા છે તે આપણી ઇચ્છા.
૧૪. શ્રીકૃષ્ણે દીક્ષાની દલાલીકાજે દ્વારકામાં પડહો ફેરવ્યો તે આ૦
૧૫. ઇંદ્રે તથા દેવતાયે જન્મ, દીક્ષા, નીર્વાણના મહોચ્છવ કર્યા તે આ૦
૧૬. દેવતા અઠાઇ મહોચ્છવ કરે તે આપણી ઇચ્છા.
૧૭. જંઘાચારણ પ્રમુખ સાધુ લબધી ફોરવે તે આપણી ઇચ્છા.
૧૮. અંબડ શ્રાવક સો સો ઘરે પારણો કરે તથા વાસો વસે તે આ૦
૧૯. ચમરેંદ્રે ભગવંતની નેશ્રાય કરી તે આપણી ઇચ્છા.
૨૦. સંખશ્રાવકે જમવો ભેલો પરઠયો તે આપણી ઇચ્છા.
૨૧. માહાસતક શ્રાવક સંથારામાં સ્ત્રીને કઠોર વચન બોલ્યા તે આ૦
૨૨. તેતલી પ્રધાનને પોટલ દેવતાયે માયા કરી સમજાવ્યો તે આ૦ ઇ૦
૨૩. તીર્થંકરને સવંછરી દાન આપ્યા તે આપણી ઇચ્છા.
૨૪. દેવતા પ્રતિમા ડાઢાઓ પુજે તે આપણી ઇચ્છા.

એમાં જીન આજ્ઞા નથી.

## ૨૮. द्रव्य नीखेपा विषे.

હીંસાધરમી કહે છે, તુમે ધ્રવ્ય નીખેપો વંદનીક ન જાણો ત્યારે રૂ-ખભદેવના સાધુને ચોવી સંસ્તવ આવસ્યક કીમ થાતો હશે તેવીસ તીર્થં-કર તો હજી થયા નથી તેહને ન વાંદે. ત્યારે ભાવનિખેપે તો રૂખભ-દેવહીજ એકને વાંદે ચોવી સંસ્છવા કીમ થાતો હશે, એમ ગુણરહી-ત ધ્રવ્યનીખેપો મનાવી પછે ગુણ રહીત થાપના મનાવે ઇમ વેખાસ કરે. તે ઉત્તરઃ સુત્રમધ્યે તો અનુજોગદ્વારમાં આવસ્યકના છ અધ્યયન કહ્યા છે.

सावज जोगवीरइं १ उक्कीत्तण २ गुणव-उंय पडीवत्ती ३ खलीयस्सयनंदणा ४ व-

**णातितिगछ ५ गुणधारणा चैव ६ ॥ १ ॥**

અર્થ.—સા. સાવજ વ્યાપાર પાપને વીષે મન જોગ, વચન જોગ, કાયજોગ તેહની વીરતી તે સમાયક. ૧ ઉ. તીર્થંકરના ગુણગ્રામ કરવાં નામ ભણવાં તે ચોવીસંથો ૨ ૫. ગ્નાન, દર્સન, ચારીત્ર ગુણવંતની ભક્તિ તે વાંદણારૂપ જાણવા. ૩ ખ. વ્રતને વીષે જે અતીચાર તેહનો આલોવવો તે પડીકમણારૂપ વંદે તુ ૪. આ. અતીચારરૂપ વૃણ જે ગુંબડો તેહની તિ. તિગીછા ઓખધરૂપ કાઉસગ ૫. ગુ. વૃતને વીષે મુલગુણ, ઉત્તર ગુણનું ધરવું તે પચખાણ ૬ એ છ આવસ્યક.

એ છ અધ્યયનના નામ છ કહ્યાં તેમાં ચોવીસંસ્તવના તો લોક કહેછે, એહનો નામ તો ઉતકીર્ત્તન કહ્યો છે. એ ઉતકીર્ત્તન જે તીર્થંકર હુવા છે કે હોવેછે તેટલાને વંદણા કરે. ચોવીશનો મેળ નથી. જે દ્રવ્યનીખેપો હોવે, ચારગતમાં હોવે, અવ્રતી, અપચખાણી હોવે તેહને વ્રતવંત, પાંચ છ ગુણઠાણાવાલો કીમ વાંદસે? અને ચોવીસ જીન વાંદ્યા વીન્યા ચોવીસંતો ન થાય તો માહાવીદેહ ખેત્રે તો ચોવીસનો મેળ નથી અનંતા થયા ને થાશે. વરત્તમાને તો વીજય દીઠ એકેક હોવે તીવારે ચોવીશનો મેલ ન આવે તે માટે ઉતકીર્ત્તન અધ્યયનમાં જે જીનરાજ વર્ત્તમાનપણે હોવે તેહને વાંદે. જો માહાવીદેહે એક જીન વાંદે ચોવીસ સંસ્તવ થાય, તો રૂખભદેવને વારે રૂખભદેવ વાંદ્યાથી ચોવીસંસ્તવ કીમ ન થાય? તે વીચારી જોજો, પણ દ્રવ્ય નીખેપો ઘાલવાનો ઠામ નથી રહયો.

---

## २९. स्थापना नीखेपा विषे.

હીંસ્યાધરમી કહે છે તુમે સ્થાપના નીખેપો ન માનો તો આચાર્ય, ઉપાધ્યાયના ઉપગરણને સંઘટો કીમ નથી કરતા? સુત્ર દસવિકાલીક નવમે અધ્યયને બીજે ઉદેશે અઢારમી ગાથામાં કહ્યું છે,

**संघट्टइता काएणं ॥ तहाउवहिणामवि ॥**
**खमेह अवरा हमे ॥ वएजन पुणो तिय १८**

**અર્થ.**—**સં.** સંઘટો કરીને. **કા.** કાયાએ કરી. **ત.** તીમહીજ અથવી. વલી. **ઉ.** ઉપધીનો સંઘટો થયો હોય તીવારે શીષ્ય એમ કહે. **ખ.** ખમો. **અ.** અપરાધ. **મે.** માહરો **વ.** વલી કહે નહીં કરૂં બીજીવાર **ઇ.** એ સંઘટાદીક અવીનય. **તિ.** વલી.

એમાં ઉપગરણને તથા આચાર્યને પગથકી સંઘટયા તીવારે ઇમ કહે, ખમો માહરો અપરાધ હવે હું નહીં કરૂં એ લેખે ઉપગરણ, પાટ, સીજ્યા, સંથારો, થાપનાની આસાતના ટાલવી કહી છે. તે ઉત્તરઃ એ ગાથામાં તો સત્ય કહ્યું છે, જે ઉપગરણ આચાર્યની નેશ્રાયમાં છે. જીમ શરીર પ્રયોગ પરણમ્યા પુદ્‌ગલ છે તીમ ઉપગરણ પણ પ્રયોગ પરીણમ્યા દ્રવ્યછે. તેહના ભોગમાં આવે છે. આચાર્ય ભાવનીખેપે છે, તીમ ઉપગરણ ભાવ નીખેપાના ભોગના છે શરીરની પરે. વળી કહ્યો ખમો અપરાદ્ધ વળી નહીં કરૂં, એ આચાર્યથકી પ્રતક્ષ વચન છે ઉપગરણ અચેતન ખમાવ્યો ને વાંદ્યો સું જાણે ? એ ઉપગરણની અસાતના ટાલી તે આચાર્ય સહીત ઉપગરણની અસાતના ટાલી છે. એ થાપના કહેવાય નહીં. થાપના તો કહીએ, જે આચાર્ય તો ગયા અને તેહના ઉપગરણની પછે અસાતના ટાલે તો થાપના કહીયે, પીણ આચાર્યના સયણ, આસણ શીષ્ય ન ભોગવે, અસાતના લાગે તે માટે. પછે આચાર્ય વીહાર કર્યા કેડે તેહીજ સયણાસણ શીષ્ય સુખે ભોગવે. જીમ ચંપાનગરીયે બાગમાં પ્રથવીશીલ્લાપટ છે તે ઉપર ભગવંતે બેસીને ઉપદેશ દીધો. એ ઉવવાઇ સુત્રમાં કહ્યો છે. પછે ભગવંતે વિહાર કીધો પછે તેહીજ પૃથ્વી સીલ્લાપટ ઉપર ગૌતમ, સુધર્મા સ્વામી સમોસર્યા તે બેઠા કે ન બેઠા ? જો ન બેઠા હોય તો ઉપગરણની અસાતના ટાલી કહીયે, અને બેઠા તીવારે તો ભગવંતની ભાવ નીખેપાની અસાતના ટાલી કહી. ઇમ આચાર્યના ઉપગરણની પણ જાણજો. તથા તમારે મતે ઉપગરણની, થાપનાની, મોટેરાના પગલાં થાપ્યા હોય તેહની અસાતના ટાલવી કહોછો. એ લેખે તો ગુરૂના છાંયડાની છાંયા પડે છે, તે ઉપર પણ પગ દેવો ન ઘટે, જે છાયા ગુરૂની ઠહરી તે માટે. તથા ગુરૂ કેડે શીષ્ય ચાલતો હોય તેહને ગુરૂના પગના છાંયા પડયા તે ઉપર પણ પગ દેવો ન ઘટે. જો મુવા ગુરૂના પગલાં પુજોછો, તો જીવતા ગુરૂના પગલાની તો આસાતના ટાલો, પણ એટલો વીવેક નથી.

३० धर्म अपराधीने मारे लाभ कहे छे. ते उत्तर.

વળી હીંસાધર્મિ કહેછે, ઉત્તરાધ્યયન બારમે ગાથા બત્રીસમીમાંહે બ્રાહ્મણના પુત્ર દેવતાયે માર્યા ત્યારે બ્રાહ્મણને હરકેસી મુનીયે કહ્યું જે,

**पुव्विंचइंहच अणागयं च ॥ मणंपदोसोन मे अथिकोइ ॥ जखाहु वेयावं पडियं करेति ॥ तम्हाहु एए निहया कुमारा ॥३२॥**

**અર્થ**—પુ. પુર્વકાળ, વર્ત્તમાનકાળ. અ. અનાગતકાળ. ચ. પુરણે. મ. પ્રદ્વેષ. મે. મુજને. અ. છે નહીં કોંઇ અલ્પમાત્રપણ. જ. જક્ષ જે ભણી. વે. વેયાવંચ. ક. કરેછે. તં. તે માટે. એ. તેમજ એ. નિ. હણ્યા. કુ. કુમાર.

જે મારે તો ત્રણ કાળમાં એ છોકરા ઉપર દ્વેષ નથી. પણ જક્ષ માહરી વેયાવંચ કરેછે તેણે એ કુંવર માર્યા. જુવો એ કામને હરકેસીમુનીયે વેયાવંચ કરી બોલાવી. તે માટે અપરાધીને હણતાં દોષ નહીં, એમ કરીને સાવદ્ય ભક્તિ ઠરાવેછે. તે ઉત્તર. એહવી મનુષ્યને માર્યે ભક્તિ જાણોછો, તો તુમારે મતે જું, લીંખ, ચાંચડ, માકડ, ડાંસ, વીછી, સર્પ, ક્ષુદ્રજીવ સાધુના ઉપગરણમાહીલા બાધાકારી હોવે તેહને તાવડે નાખવા, મારવા સુખે કલ્પે ખરા? અપરાધીને મારીને સાધુને સાતા ઉપજાવે તેહનો પાપ તો નથી, તો ક્ષુદ્રા પાણીને મારતાં શંકાયો કીમ છો? એહવી ભક્તિ તો અન્યતીર્થિ સુલભબોધી હોવે તે પણ નથી કરતા. દેખત પાપથી બીએછે. અને ગણધરે તો સુત્રમાં ભક્તિ કહી બોલાવી તે તો હરકેસીનું કહીણ કહ્યું છે જે હરકેસીયે એમ કહ્યુ. ને હરકેસીમુની તો છદમસ્થ છે. ચાર ભાષાના બોલણહાર છે માટે તે ભાષ્ય નીકળી. કેવળી ભગવંત એ કામને ભક્તિ ન જાણે. એહવી ભક્તિ જીનમારગમાં કરવી કહી હોય તો ગોસાળો જીવતો કેમ જાય? તે વીચારો. તથા આચારંગમાં કહ્યું સાધુ નાવાયે બેઠા છે અને નાવડાયો રીસાણોથકો પાણીમાં બોળે તો તે સમયે ભગવંતની આજ્ઞા એ છે જે,

**तं नो सुमीणे सीया दुमीणे सीया नो उ-**

चायय मणं नियछेजा नो तेसिंबालाणं घा-
याए वहाएसमुठेजा ॥

અર્થ.—તં. તે. નો. નહીં. સુ. ભલું મન કરે નહીં. તેમ. દુ. માઠું મન પણ કરે નહીં જે હું મરી જઇશ. નો. તેમ ઉંચા મનનો પણ વીચાર કરે નહીં. નો. તે બાળઅજ્ઞાની (નાખવાવાળો) તેની ઘાત પણ ચીતવે નહીં. વ. તેમ તેને પકડીને વદ્ધ કરૂં એમ પણ ચીતવે નહીં.

મનમાં પણ દ્વેષ ન આણવો કહ્યો. તેના પુત્રાદીકની ઘાત ન ચીંતવે તો પચેંદ્રી મારેથકે વિત્તરાગ ભક્તિ કરી કેમ જાણે? એ તો મીથ્યાતમોહની-કર્મનો ઉદયજ મારેછે, જે અનાર્યનીપરે જીવહીંસાંની સુગ ગણતાજ નથી.

---

## ૩૧. वीस वैहरमानना नाम विषे.

હીંસાધર્મિ કહેછે, તમે સુત્ર ૩૨ માનોછો તો કહો વીસવૈહરમાનના નામ ક્યા સુત્રમાં છે? ને તે સુત્રમાં નથી તો માનોછો કીમ? તે ઉત્તર. સીદ્ધાંત જમ્બુદ્વીપપન્નતીમધ્યે કહ્યું જે, જંબુદ્વીપમાં જઘનપદે ૪ તીર્થંકર હોયજ. ને અઢી દ્વીપમાં ૨૦ હોયજ. એટલું કહ્યું છે, તે વીસ સાસવતા હોવેજ. સેખના ભજના ને શ્રી મંદીર પ્રમુખ નામ કહેછે, તે તો સુત્રમાં નથી. અને સુત્રથકી મળતાં પણ નથી. તે કીમ. વીપાકસુત્રે સુખવિપાકમધ્યે બે અધ્યયને કહ્યું છે, ભદ્રનંદીકુમાર પુર્વભવે માહાવિદેહ ખેત્રમાં પુંડરગણી નગરીને વિષે જુગબાહુ જીનને પ્રતિલાભ્યા સંસાર પરીત કર્યો मणुसाओए निबधे इहंउपन्ने એમ માહાવીર સ્વામીયે ગૌતમને કહ્યું તે જીવે (ભદ્રનંદી કુમારે). માહાવીર પાશે સંજમ પણ લીધો ઈમ ઈહાં પુખલાવતીવજયમાં શ્રી મંદીરનામે તીર્થંકર તો નથી કહ્યા. જુગબાહુનામે કહ્યા છે. તુમે કહોછો મંદીરસ્વામી સતરમા, અઢારમા જીનના અંતરે જનમ્યા છે વીસમાને વારે દીક્ષા લીધી છે. આવતી ચોવીસીમાં મુક્તિ જશે, પણ એ લેખે નામ મળ્યો નથી. વળી વીસ નામ નિયમા એહીજ છે તેમ નથી. એ નામની ભજના છે. જ્ઞાની જાણે તે ખરૂં. વીસ નામ પરંપરાંથી કહેછે. એ વાતનો પક્ષપાત અમારે નથી તે જાણજો.

---

## ૩૨. चैत्थ शब्दे सुत्रमां साधु कह्या ते ठाम कहेछे.

૧. ચેઇયં શબ્દે તીર્થંકર તથા સાધુ કહ્યા છે. પ્રથમ તો શ્રી સુયગડાંગને બીજે સુતખંધે સાતમે અધ્યયને ગૌતમે ઉદકપેઢાલને કહ્યું.

**आउसंतो उदग्गा जेखलु तहारुवस्स समणस्सवा माहणस्सवा अंतिए एगमवि आयरियं धम्मियं सुवयणं सोचा निसम्म अपणो चेव सुहुमाए पडीलेहाए अणुत्तरं जोगखेम पयलम्भिएसमाणे सेविताावि तं अढाइ परीयाणइ वंदइ नमंसइ सक्कारेइ समाणेइ कल्लाणं१ मंगलं२ देवयं३ चेइयं४ पजूवासई**

**અર્થ.**—આ. અહો આઉખાવંત. ઉ. ઉદક. જે. જે નીશ્ચે. ત. તથારૂપ. સ. શ્રમણ. મા. બ્રાહ્મણની. અં. સમીપે. એ. એકપણે. આ. આર્ય. ધ. ધર્મસંબંધીયો. સુ. રૂડું વચન. સો. સાંભળીને. નિ. સમ્યક પ્રકારે હઇયે ધારીને. અ. આપણથકી. સુ. કુસાગ્રનીપરે તિક્ષણ બુદ્ધેકરી. પ. આલોચીને જુઓ. હું પણ એહવું પ્રધાન. અ. સર્વથી ઉત્કૃષ્ટ. જો. રૂડું મુક્તિ સાધવા જોગ્ય. પ. પદ લાધું એતાવતા એહથકી મેં એક પદ રૂડું લાધું. સે. તે પુરૂષને પણ. તા. પહીલો લોકીકપણે. તં. તે ઉપદેશનો દેણહારનો. અ. આદર કરે, પ. એ પુન્ય એ સું કરી જાણે. વં. તેહને વાંદે તેહને આગળે અંજળી કરે. ન. મસ્તક નમાડે. સ. વસ્ત્રાદી પડીલાભે. સ. અભ્યુસ્થાનાદીક સનમાન દઈ. ક. તથારૂપે મોટું કલ્યાણ નીપનું. મં. મંગળીક. દે. ધર્મદેવ. ચે. ચૈય મનને પ્રસ્નાકરી સાધુને. પ. સેવા કરે સામાન્ય લોક પણ હીતોપદેશ દાતારને પુજે કીસું કહેવો અનુત્તર ધર્મના ઉપદેશના દાતાર કોઇક વંદનાદીક વાંછે નહીં, તથાપી તેણે સાંભળનારે તે પરમાર્થોપકારીભણી યથાશક્તિ વિનયાદીક સમાસરવું.

ઇહાં ચાર નામ સાધુના તે માટે અત્ર ચૈત્ય શબ્દે સાધુ જાણવા.

૨. શ્રી ઠાણાંગ ત્રીજે ઠાણે પેહેલે ઉદ્દેસે સુભ દીર્ઘ આઉખા બાંધે તીહાં.

तहारुवं समणंवा माहाणंवा वंदीत्ता नमंसित्ता ससक्कारेत्ता सम्माणेत्ता कल्लाणं १ मंगलं २ देवयं ३ चेइयं ४ पुजवासीत्ता.

અર્થ.—ત. તથારૂપ. સ. શ્રમણ. મા. માહણને. વં. વાંદે. નં. નમસ્કાર કરીને. સ. વસ્ત્રાદીકે સત્કાર દેઈ. સ. સનમાન દેઈ. ક. કલ્યાણકારી. મં. મંગલકારી. દે. ધર્મદેવ, ચે. ગ્નાન સહીતછે. પ. શેવા કરે. ચૈત્ય સાધુ.

૩. ઠાણાંગ ત્રીજે ઠાણે ત્રીજે ઉદ્દેસે દેવતા થઇ ધર્માચાર્યને વાંદવા આવે

आयरिएतिवा१ उवझायातिवा२ पवातिएतिवा३ थेरेतिवा४ गणीतिवा५ गणधरेतिवा ६ गणावछेदतिवा ७ वंदामी नमंसामी सक्कारेमी समाणेमी कल्लाणं१ मंगलं२ देवयं३ चेइयं४ पजुवासामी ॥

અર્થ.—આ. ધર્માચાર્ય છે ૧. ઉ. ઉપાધ્યાય છે ૨. પ. ધર્મના પ્રવર્ત્તાવણહાર છે ૩. થે. થીવર સાધુ છે ૪. ગ. ગણી ગચ્છાધીપતી ૫. ગ. ગણધર તે ભગવંતના શીષ્ય ૬. ગ, ગચ્છનો અંસ કેટલાએક સમુદાય તે લેઈ વીચરે ૭. એ સાતને વં. વાંદુસ્યું. ન. નમસ્કાર કરૂં. સ. સત્કાર દઊં. સ. સન્માન દઊં. ક. કલ્યાણકારી. મં. મંગળકારી, દે. ધર્મદેવને. ચે. ગ્નાનવંત. પ. સેવા કરૂં એમ જાણીને આવે. અત્ર ચૈત્ય કેતાં સાધુજ.

૪. ચોથે ઠાણે વાંદવા આવે તીહાંપણ એ સાતને પાઠ એહીજ છે.

૫. ભગવતી સતક બીજે ઉદ્દેસે પેહેલે બંધકે એમ ચીતાવ્યું.

समणं भगवं महावीरं वंदीत्ता नमंसित्ता सक्कारेमी समाणेमी कल्लाणं मंगलं देवयं चेइयं पजुवासामी ॥

**અર્થ.**—સ. શ્રમણ. ભ. ભગવંત. મ. મહાવીર. વં. વાંદુંછું. ન. નમસ્કાર કરૂં. સ. સતકાર કરીને. સ. સનમાન કરીને. ક. કલ્યાણકારી. મં. મંગળકારી. દે. ધર્મદેવ. ચે. ગ્નાનવંત. પ. પ્રત્યે સેવા કરૂંછું. ઈહાં અરીહંત તે ચૈય. ખંધ કે પ્રતિમા નથી સંભારી.

૬. વળી ખંધકે પ્રત્યક્ષ ભગવંતને વંદના કીધી. ત્યાં પણ તે પાઠ છે.

૭. વળી સતક બીજે ઉદેસે પાંચમે તુંગીયાને શ્રાવકે એમ ચીતવ્યુ थेरे भगवंते वंदामी नमंसामी जाव पजुवासामी અત્ર થીવર ભગવંત તે ચૈય જાણવા.

૮.—૯. સતક અગીયારમે ઉદેસે નવમે સીવરાજરૂષી; તથા સતક અગીયારમે ઉદેસે અગીયારમે પોગલનામે પરીવ્રાજકે ઈમ કહ્યું.

**तंगछामीणं समणं भगवं महावीरं वंदामी जाव पजुवासामी एयंणे इहभवे परभवे हियाए जाव भवीस्सई ॥**

**અર્થ.**—તં. તે ભણી હું જાઉં. સ. શ્રમણ. ભ. ભગવંત. મ. શ્રી મહાવીરપ્રત્યે. વં. વાંદું. જા. જાવત. પ. સેવા કરૂં. એ. એ ટાણે. ક્ષમાને ઈણભવને વિષે તથા પરભવને વિષે ઇત્યાદી અણુગામીપતાયે હુસે. એટલાલગે કહેવો. અત્ર ચૈત્ય તે શ્રી મહાવીર જાણવા.

૧૦—૧૧. સતક નવમે ઉદેસે તેત્રીસમે રૂષભદત્તે દેવાનંદાને કહ્યું. સતક બારમે ઉદેસે બીજે જયંતીયે મૃગાવતીને કહ્યું તે પાઠ પણ એમજ.

૧૨. સતક અગીયારમે ઉદેસે બીજે આલંભીયા નગરીના શ્રાવકે ભગવંતને વાંદ્યા. તુંગીયા નગરીના શ્રાવકની પરે.

૧૩. સતક બારમે ઉદેસે પેહેલે સંખ શ્રાવકે આલંભીયાના શ્રાવકનીપરે વંદણા કીધી એ તેર ઠામ મળતા કહ્યાં.

एयंणि इहभवे परभवे हियाए जाव अणुगामीयत्ता ॥ એ લગે પુરા પાઠના આળાવા કહ્યા. તે ચાર ઠામે માહાવીરને ચૈય કહ્યા.

વળી સતક સોળમે ઉદેસે પાંચમે ગંગદત્ત દેવતાએ ચીંતવ્યું.

समणं भगवं महावीरं वंदामी जाव पजुवासामी ॥

૧૫. સતક ૮મે ઉદેસે દસમે સક્રેંદ્રે શ્રીમહાવીર વાંદ્યા ત્યાંય તે પાઠ છે.

૧૬. રાયપ્રદેસી અમલકંપા નગરીયે કહ્યા ,, ,, ,,

૧૭, અભીયોગી દેવતાયે કહ્યું તથા પોતે સયમેવ આવ્યા ,,

૧૮. સુરીયાભે તથા વિજયપોળીયે તેમજ અનેરા દેવતાયે પ્રતિમા પુજી, ડાઢા પુજી તથા અભીયોગી દેવતાયે પ્રતિમા પુજી વતાવી જે સીદ્ધાયતનમાં એક સો ને આઠ જીનપડીમા ને ડાઢાએ તુમને તથા સુરીયાભે વિમાનવાસી દેવતાયે अचणीजाउ वंदणीजाउ जाव पजुवासणीजाउ કહ્યું. તેમાં પણ कल्लाणं मंगलं देवयं चेइयं पजुवासणीजाउ કહ્યું તે દેખી ભુલવું નહીં. પુર્વભદ્ર જક્ષને પણ अचणीजाओ जाव पजुवासणीजाओ એટલા બોલ કહ્યા છે તે લાૈકીક સંબંધી કલ્યાણું પ્રમુખ જાણવા. તીમ પ્રતિમાના પણ ઇહ લોક સંબંધી કલ્યાણું પ્રમુખ જાણવા. પુર્વે સાધુ તથા ભગવંતની પરે કલ્યાણું પ્રમુખ લોકોત્તરપક્ષ જેવા નહીં તે કેમ જે ભવ્ય, અભવ્ય, સમદષ્ટી, મીથ્યાદષ્ટી સર્વે પુજેછે. તે માટે લાૈકીક કલ્યાણ.

૧૯. દસાસુતખંધમાં દસમા અધ્યયને રાજા શ્રેણીકે ચેલણાને કહ્યું,

**तहारुवाणं अरहंताणं नगवंताणं जाव वंदामी नमंसामी सक्कारेमी सम्माणेमी कल्लाणं मंगलं देवयं चेइयं पजुवासामी एयणं इहनवे परनवेइ हियाए ५ बोल ॥**

અર્થ.—ત, તથારૂપ, અ. અરીહંતને મહીમાવંતને. ભ. ભગવંતને. જા. જાવત. વં. આપણે સ્તવીએ. ન, આપણે પ્રણમીયે કાયાથકી. સ. આપણે સતકાર કરીએ. સ. આપણે સનમાન દઇએ. ક. કલ્યાણના હેત તે કલ્યાણ, મં. દુરીત ટાળે તે મંગળ. દે. દેવ છે. ચે. તે ચૈત્ય વીરચીત્ત પ્રસન્ન કહીએ એહવાને. પ. પર્યુપાસના તે સેવા કર્યે. એ. એ ભગવંતને વંદનાદીક આપણને ઈ. ઇહિ ભવને વિષે. પ. પર ભવનેવિષે. હી. હીત તે પથ્ય તેહનો સુખને અર્થે ર. ક્ષમાને અર્થે એટલે સંગતે. ૩. મોક્ષને અર્થે ૪. જાવત આનુગામીકર તે ભવની પરંપરાઇ સુખાનું બંધનો કારણ હોસે. એ પાંચ બોલ. અત્ર ચૈત્ય શ્રી મહાવીર.

૨૦ ઉવવાઇમાં ઘણા લોક એમ કહે. समणं भगवं महावीरं वंदामी

जाव पजुवासामी કહેતાં શ્રમણ ભગવંત શ્રી મહાવીરને આંપણે સ્તવીએ. જાવત પર્યુપાસના તે સેવા કરીએ. અત્ર ચૈત્ય તે શ્રી મહાવીર જાણવા.

૨૧. રાયપ્રસેણી મધ્યે केवासइसई અત્ર ચૈત્ય તે સાધુ જાણવા.

૨૨ વળી પ્રદેસીએ ધર્માચાર્યની ભક્તિ વખાણી તીહાં કહ્યું. જે जथेव धमारियं पासेजा तथेव वंदिजा जाव पजुवासेजा કહેતાં જીહાંહવે ધર્માચાર્યને દેખે તીહાં વાંદે જાવત પર્યુપાસના કરે. અત્ર ચૈત્ય તે સાધુ.

૨૩. ઉપાસગદશામાં આણંદે કહ્યું, અન્યતીર્થિના દેવ ૧, અન્યતીર્થિના ગુરૂ ૨. અન્યતીર્થિયે ગ્રહ્યા જીનના ચૈત્ય ૩. તે વાંદું નહીં. બોલાવું નહીં. દાન દઊં નહીં. ઇહાં અન્યતીર્થિયે ગ્રહ્યા ચૈત્ય તે સાધુ પણ પ્રતિમા નહીં. જો. પ્રતિમા ચૈત્ય હોવે તો બોલે કીમ? દાન લીએ કીમ? તે માટે ચૈત્ય તે સાધુ જાણવા.

૨૪. એમ ઉવવાઇમાં અંબડને અધીકારે ત્રણ બોલ વોસરાવ્યા. તે આણંદનીપરે તો રાખ્યા તે બોલ આણંદથકી જુદા કીમ પડે? તે માટે અરીહંત તે વાતે તો અરીહંત ને અરીહંતની પ્રતિમા એ બે દેવમધ્યે આવ્યા તો ગુરૂ (સાધુ) વાંદવાનો પાઠ કીહાં? તેમાટે અત્ર ચૈત્ય તે સાધુ.

એ ચોવીશ સાખ ચૈત્યની કહી. તેમાં અરીહંતને સાધુને ચઇત્ય કહ્યા. તે જ્ઞાનવંત માટે તે ભણી કહ્યા છે.

૨૫. જ્ઞાનને ચૈત્ય સમવાયંગે કહ્યો છે તે કહેછે. एए सिणं चोवीसाए तिथयराणं चोवीसं चेइ रुखा पन्नंता ચોવીસ ચૈત્યવૃક્ષ હુઆ. જે વૃક્ષ હેઠે કેવળજ્ઞાન ઉપનો તે વૃક્ષ ચૈત્યવૃક્ષ કહીએ. ઇત્યર્થ. તે ક્યા?

જે વૃક્ષહેઠે કેવળજ્ઞાન પામ્યા તે જ્ઞાનચૈત્યની નેશ્રાએ વૃક્ષને ચૈત્ય કહ્યાં.

૨૬. વળી સતક વીસમે ઉદ્દેસે નવમે चेइयाई वंदीतए કહ્યું. તીહાં શ્રી વિતરાગ ચૈત્યને વાંધા છે. માનુષોત્તર પર્વતે પ્રતિમાંના સીદ્ધાયતનના કુટ મુળથી નથી કહ્યા તે માટે.

૨૭. તથા ચમરેંદ્રને આળાવે अरीहंतेवा अरीहंतचेइयाणिवा अणगारेवा भाणी अप्पणो निसाए उढं उप्पयाति કહ્યું ઇહાં પણ "અરીહંતાણં ભગવંતાણં અણગારાણં" શબ્દે એકજ અરીહંતજ જાણવા પાછો સક્રેંદ્રે વીચાર્યો ત્યાં ચેઇ નામ મુળગોજ નથી. "અરીહંતાણં ભગવંતાણં અણગારાણં" શબ્દે એકજ અરીહંતજ જાણવા. પાછો સક્રેંદ્રે વીચર્યો ત્યાં

પણ એઇ નામ મુળગોજ નથી. એ ત્રણ શબ્દે અરીહંતજ. જો ચૈત્ય શબ્દે પ્રતિમાની નેશ્રાય હોય તો ચમરેંદ્રના ભવનમાં સાસ્વતી હતી. ત્રીછે-લોકે, દ્વીપ, સમુદ્રે પણ સાસ્વતી પ્રતિમા હતી, ઊંચું મેરૂપર્વતે પ્રમુખે તથા સુધર્મવિમાને સીદ્ધાયતનમાં નજીક હતી તેહને સરણે કીમ ન ગયો? પ્રતિમાની નેશ્રાય કરી નહીં.

૨૮. વળી ઉત્તરાધ્યયને વનવૃક્ષને પણ ચૈત્ય કહ્યો. અધ્યયન નવમે ગાથા નવમીના પેહેલા બે પદમાં मिहिलाए चइएवच्छे ॥ सियच्छायमणोरमे કહેતાં મીથીલા નગરીનેવિષે ઉદ્યાનમાંહે વૃક્ષ હતો, સીતળ છાંયા છે જેહનો તેવો, મનને રમણીક તથા ઉત્તરાધ્યયન ૨૦મે બીજી ગાથાના ચોથા પદમાં मंडी कुछिसी चेइए કહેતાં મંડી કુક્ષી નામા વનને વીષે.

૨૯. જ્ઞાનવંત માટે જક્ષને પણ ચૈત્ય કહ્યો. ઉવવાઇમાં પુર્ણભદ્રવ્યં-તરનું સ્થાનક છે.

## सच्चे सचोवाए बहु जणस्स अचणिजे वंदणिजे पुजणिजे सक्काराणिजे कल्लाणं मंगलं देवयं चेइयं पजुवासणिजे ॥

**અર્થ.**—સ. સાચા છે. સ. સાચો. ૫. ઉપાય છે. બ. ઘણા. જ. લોકને. અ, અરચવા જોગ્ય છે. વં. વાંદવા યોગ્ય છે. પુ. પુજવા યોગ્ય છે. સ. સત્કાર કરવા યોગ્ય છે. ક. કલ્યાણકારી. મં. મંગળીકનો કરણ-હાર. દે. પ્રત્યક્ષ દેવરૂપ. ચે. દેવતાની પ્રતીમા. ૫. સેવા કરવા યોગ્ય.

૩૦. આરંભને ઠામે પ્રતિમાને પણ ચૈત્ય કહ્યા છે.

૩૧ पुढवी हिंशंति मंदबुधिया કહેતાં પૃથ્વીકાયને હણે માઠીબુદ્ધીવાળા; તથા પાચમે આશ્રવદ્વારે ચૈત્ય પરીગ્રહમાં કહ્યા તીહાં; તથા પાંચમે સં-વરદ્વારે પ્રતિમા જોવી નીષેધી ત્યાં એ ત્રણે ઠામે પ્રતિમાને ચૈત્ય કહ્યા.

૩૨. દેવલોકમાં ચૈત્યવૃક્ષ કહ્યાં છે. તે પ્રતિમા નીશ્રત છે તે માટે.

એમ સીદ્ધાંતમાં ચૈત્ય શબ્દ ઘણા ઠામે કહ્યો છે. પછે જેહવો ઠામ હોવે તેહવો "ચૈત્ય શબ્દનો" અર્થ જાણવો.

## ૩૩. धर्म करणीना फल कहया ते विषे.

સીદ્ધાંતમાં દસ સમાચારીના ફળ ઉત્રાધ્યયન છવીસમે કહ્યાં. તીર્થંકરગોત્ર બાંધવાના વીસ પ્રકાર ગ્નાતા આઠમે અધ્યયને કહ્યાં, તપ, સંજમના ફળ તુંગીયા અંગીકારે કહ્યાં; તોંતેર બોલના ફળ ઉત્તરાધ્યયન ઓગણત્રીસમે કહ્યાં. તપસ્યાના ફળ ઉત્તરાધ્યયન ત્રીસમે કહ્યાં. પ્રવચન માતા પાળ્યાના ફળ ઉત્તરાધ્યયન ચોવીસમે કહ્યાં. બ્રહ્મચર્યના ફળ ઉત્તરાધ્યયન સોળમે કહ્યાં. દસ વેયાવંચના ફળ ઠાણાંગ, ભગવતી, ઉવવાઈ, વિવહારસુત્રે કહ્યાં, પણ પ્રતિમા ઘડાવ્યા, ભરાવ્યા, સંઘ કાઢવાના ફળ તથા વીધી કોઈ સુત્રે કહી નથી. જે તે મનુષ્ય લોકમધ્યે સુત્રમાં પ્રતિમા પુજી. એક દ્રુપદી કહોછો તે પણ નિર્ણય નથી કરતા કે; ક્યા તીર્થંકરની, કોણે કરાવી, ક્યે વારે કરાવી તે માંહીંનો નામ ઠામ પણ નહીં. અને પુજાની વિધી તે પણ અવિરતી દેવતાની ભળામણ દીધી. આણંદ કામદેવાદીક શ્રાવકની ભળામણ પણ નથી. પુજા પણ છકાયના વધ સહિત ભગવંતને ન કલ્પે તેહવી. વળી તુમે આજ પ્રતિમા પુજોછો તેને વસ્ત્ર, સ્ત્રીનો ફરસ નથી કરતા, જે અભોગી દેવની પ્રતિમા માટે. ત્યારે એટલું નથી વીચારતા જે સ્ત્રી, વસ્ત્રના તો ભગવંત અભોગી છે, તો સું ફુલ, પાણી, દીપ, ધુપના ભોગી છે? ભગવંતને તો એકે વસ્તુ ન કલ્પે, ત્યારે સું જાણીને પ્રતીમા પુજોછો? સાહમો ભગવંતને કલંક લગાવોછો. જે અભોગીને ભોગ કરાવોછો તે સારૂં કરતા નથી.

## ૩૪. महीया शब्दे फुलथी पुजा कहेछे ते विषे.

હીંસાધરમી કહેછે લોગસમધ્યે कीतीय वंदीय महीया પાઠ છે તે "મહીયા" શબ્દે ફુલથી પુજયા કહ્યા છે. એવો ખોટો અર્થ કહેછે. તે ઉત્તર.

એ લોગસના કરણહાર તો ગણધરદેવ છે; સાધુ, સાધવી, શ્રાવક, શ્રાવિકાંને સીખવવો સંજમી, વીરતી, સામાયક, પોષાના ધણી સાવદ્યકરણીનો ઉપદેશ ન દીયે. અને તુમે "મહીયા શબ્દે" ફુલપુજા કોના કહ્યાથી જાણી? ગણધરના કહ્યાથી જાણી છે? ગણધરને પુછે જે ફુલની પુજા કરૂં? તીવારે હા તથા ના સું કહે? જે કામ ગણધર પોતે ન કરે તે કામની બીજાને આગ્ના કેમ દીયે? ગણધરને તો નવ કોટીયે પચખાણ છે. સાવદ્ય-

કરણી ત્રીવધે ત્રીવધે કરવાના પચખાણ છે, ને મહીયા શબ્દે તો ભાવ-પુજા કહી છે. જે પુજાને ભગવંત સત્કારેછે તે કરવી કહી છે. અને ફુલથકી ભગવંતની પુજા ગણધરે બતાવી હોય તો પાંચ અભીગમ સા-ચવતાં સચીત વસ્તુ સમોસરણમાં આણ્યાંની ના કેમ કહે? તે વીચારજો.

## ૩૯. छकायना आरंभ निखेद्यानो आळावो.

શ્રી આચારંગને પ્રથમ સુતખંધે સસ્ત્ર પરીન્ના અધ્યયને છ ઉદેસા છે, તેમાં છકાયનો આરંભ નિખેધ્યો છે તીહાં એમ કહ્યું છે જે,

**तथ खलु नगवया परीन्ना पवेवेइ इमस्स चेव जीवीयस्स१ परिवंदणा२ माणण ३ पुयणाए४ जाइ मरण मोयणाए५ दुख पडीघायहेउ ६ ॥**

**અર્થ.**—ત. ત્યાં (કર્મબંધનના કારણને વિષે). ખ. નિશ્ચે. ભ. ભગવંત. પ. જ્ઞાનબુદ્ધીયે. પ. હીંસાયે કર્મબંધ, દયાયે કરે નિર્જરા. એ પ્રજ્ઞા કહી. ઈ. આણે. ચે. પુરણે. જી, જીવતવ્યના અર્થે ૧. પ. પ્રસંસાને અર્થે ૨. મા. માનવાને અર્થે ૩. પુ. પુજા સલાઘા પામવાને અર્થે ૪. જા. જન્મ. મ. મરણ. મો. મુકવાને અર્થે ૫. દુ. સંસારી દુઃખ. પ. ટાળવાને અર્થે ૬.

એ છ કારણે છકાયનો આરંભ કરેછે તેહને એ ફળ લાગશે જે,

तं से अहियाए तं से अबोहिए કહેતાં તે પૃથ્વીના આરંભ તે પુરૂષને અહીતનો અર્થ હોઈ, તે આરંભ તેને બોધબીજ અણપામવાનો અર્થ હોય. અહીતના કારણ થાસે. અબોધી તે મીથ્યાતનો કારણ થાશે. વળી.

एस खलु गंथे१ एस खलु मोहे२ एस खलु मारे३ एस खलु नीरए ४ કહેતાં એ પૃથવીનો આરંભ, નીશ્ચે કર્મબંધનું કારણ ૧, એ નીશ્ચે અજ્ઞાનપણાનું કારણ ૨, એ નીશ્ચે અનંત મરણનું વધારનાર ૩, એ પૃથ્વીનો આરંભ નીશ્ચે નરકનું કારણ ૪.

એ છ કારણની હીંસા કહી. તમે ધર્મહેતે હીંસા કરોછો તે છ કારણ માંહે છે કે બાહેર છે? સાતમું કારણ તો હીંસાનું ભગવંતે કહ્યું નથી.

એ લેખે પુજાની હીંસાના ફળ લાગે કે ન લાગે? અને સમદ્દષ્ટી સંસાર હેતે છ કારણમાં અર્થપાપ કરેછે, પણ પાંડુઆ જાણેછે તેણેકરી એહવાં ફળ ન લાગે. ને તમે તો પુજાહેતે આરંભ કરીને અનુમોદોછો આરંભ વધારવાના કામી છો. તમારી સી ગતી થાશે તે સુત્રન્યાયે વીચારી જોજો.

વળી એહીજ પાંચમે ઉદ્દેસે વનસ્પતિ ને મનુષ્યનો તુલ્યપણો કહ્યો તે.

**इमंपि जाइ धाम्मियं एयंपि जाइ धाम्मियं १ इमंपि वुढी धाम्मियं एयंपि वुढी धम्मयं २ इमंपि चित्तमं त्तयं एयंपि चित्तमं तयं ३ इमंपि छिन्नलो मितियं एयंपि छिन्नलो मितियं ४ इमंपि आहारगं एयंपि आहारगं ५ इमंपि अणिच्चं एयंपि अणिच्चं ६ इमंपि असासयं एयंपि असांसय ७ इमंपि चयावच्चयं एयंपि चयावच्चयं ८ इमंपि विपरिणाम धाम्मियं एयंपि विपरिणाम धाम्मियं ९ ॥**

**અર્થ.**—ઈ. જેમ મનુષ્યને શરીર. જા. જેમ જન્મને. ધ. સ્વભાવે જન્મા છે. એ. એ મનુષ્યનું શરીર. જા. જન્મનું. ધ. સ્વભાવ છે. ૧. ઈ. એ મનુષ્યનું શરીર. વુ. વૃદ્ધ સ્વભાવ પામેછે. એ. એ વનસ્પતીનું શરીર પણ વુ. વૃદ્ધ પામેછે, ૨. ઈ. ઈમ મનુષ્યનું શરીર. ચિ. ચેતનાવંત છે. એ. એમ એ પણ ચેતનાવંત છે ૪. ઈ. એ મનુષ્યનુ શરીર જેમ. છી. છેદ્યે. મિ. મુકાય. એ. તીમ એ પણ છેદ્યો મુકાય ૪ ઈ. એ મનુષ્યનું શરીર જેમ. આ. આહાર લીયે. એ. તેમ એ પણ આહાર લીયે ૫. ઈ, એ મનુષ્યનું શરીર અ. અનિત્ય અથીર. એ. એમ એ પણ અનીત્ય અથીર ૬. ઈ, એ મનુષ્યનું શરીર જેમ. અ. અસારવતું (ક્ષીણ ક્ષીણ આવાચી મરણ). એ. તેમ એ પણ અસારવતું ૭. ઈ. એ મનુષ્યનું શરીર જેમ. ચ. પુષ્ટ, અ. હીણું થાય. એ. તેમ એ પણ પુષ્ટ, હીણું
ચ. પુષ્ટ, અ. હીણું થાય. એ. તેમ એ પણ પુષ્ટ, હી-

ણું થાય ૮. ઈ. એ મનુષ્યનું શરીર જેમ, વિ. રોગાદીકે વણસવાનો સ્વભાવ છે. એ. તેમ એ પણ રોગાદીકે કરી. વિ. વીણસે. ૯.

એ આળાવે "ઇમંપી" કહ્યું તે વનસ્પતી આશ્રે અને "એયંપી" કહ્યું તે મનુષ્ય આશ્રે સરખું ઉપજવું, વધી પામવું, રોગપણું, વીણસવું, મરવું સરખું દેખાડ્યું. તે વૃક્ષ દેહરામાં ઉગ્યું હોય તો સાધુ હાથે છેદ છતાં દુષણ નહીં. એવું કહેતાં પરલોકનો ભય નથી ગણતા તે રૂડું નથી. વનસ્પતીનો સંઘટો કરે તો સુત્રમાં પ્રાયચ્છિત કહ્યું છે. અને તમે વૃક્ષને હણતાં પણ વીચારતા નથી. એહવા અધર્મ કરોછો.

## ૩૬. जीवदयासारु साधु खोटुं बोले कहेछे ते विषे.

હીંસાધર્મિ કહે સાધુને વિહાર કરતાં વચમાં કોઈ વટ્ટવા ગુરૂને પુછે જે તમે ક્યાંઈ મૃગાદીક દીઠાં? તીવારે આચારંગને ભાષાઅધ્યયને પેહેલે ઉદેસે કહ્યો છે જે, जाणेतिवा नोजाणांति नोवदेजा તીહાં ઇમ અરથ કરેછે જે જાણતોથકો (સાધુ) નથી જાણતો એમ દયાને અર્થે જુઠું બોલે, એ વાત સુત્રવિરૂદ્ધ કહેછે. સુત્રમાં તો પાંચે આશ્રવના ફળ સરખાં કહ્યાં છે. જીવ ઉગાર્યાનો જુઠો બોલ્યા એમાં સાધુને બીજુ વ્રત તો ન રહ્યું. સાધુ જુઠું બોલે નહીં. "જાણંતીવા" કહેતાં સાધુ જાણતોથકો મૃગાદીકને, "નોજાણંતી" કહેતાં જાણુંછું એમ "નોવદેજા" કહેતાં ન કહે, એટલે મૌન કરી રહે. તીવારે હીંસા ને જુઠું એ બે દોષ ટાળ્યા, ને બીજું વ્રત પણ પાળ્યું. એમ સુદ્ધ અર્થ જાણવો. .જુઠું બોલવાનું સું કામ છે. ને એમ સીદ્ધાંતના અર્થ ફેરવ્યે સ્યો લાભ છે? દસવિકાળીક ૭મે અધ્યયને પેહેલી ગાથામાં કહ્યું છે જે,

**पउन्हं खलु भाषाण । परीसंषाय पन्नवं ॥**
**दोन्हं तु विणयंसिखे । दोन भासे जसव्वसो**

અર્થ.—ચ. ચાર. બ. નીશ્ચે. ભા. ભાષાના સ્વરૂપને. પ. જાણીને. પ. પ્રજ્ઞાવંત સાધુ. દો. સત્યઅસત્ય ૧, અસત્ય ૨, એ બે ભાષાને તુ. પુરણ વી. બોલવાના ઉપયોગને. સિ. સીખે. દો. અસત્યીભાષાને ૧. સત્યા અસત્યા ૨. એ બે ભાષા ન બોલે. સ. સર્વથા પ્રકારે.

એમાં અસત્ય અને મીશ્રભાષા એ કારણે નીકારણે પણ બોલવી નિ-
ષેધી છે, વળી પન્નવણા અગીયારમે પદે કહ્યો જે,

# सरीर प्पन्नवा जाषा दोहि समएहि जास-
